BLUCHIP INVESTMENTS GJ VOL.33 ISSUE NO.12

SINCE 1992

# બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ્સ

ગુજરાતનું સૌપ્રથમ અદ્વિતિય ગુજરાતી આર્થિક સાપ્તાહિક

Price Rs. 60/-

13 TO 19 JANUARY 2025 | AHMEDABAD | Year : 33rd | Pages : 33 | Editor : Yogesh K. Shah

# અમદાવાદ સ્થિત કાબરા જ્વેલ્સ લિ.નો NSE-SME ઈસ્યુની તા.૧૫ જાન્યુ.એ થનાર ધમાકેદાર એન્ટ્રી : ઉડીને આંખે વળગે તેવા રિટર્ન માટે આ શેર આંખ મીંચીને અચૂક ભરી દેવાય

### ઈસ્યુ વિગત

| | |
|---|---|
| ઈસ્યુ ખુલશે | ૧૫ જાન્યુ. ૨૦૨૫ |
| ઈસ્યુ બંધ થશે | ૧૭ જાન્યુ. ૨૦૨૫ |
| શેર ફેસ વેલ્યુ | રૂ. ૧૦ |
| પ્રાઈસ બેન્ડ | રૂ. ૧૨૧ થી ૧૨૮ |
| ઈસ્યુ સાઈઝ | ૩૧,૨૫,૦૦૦ શેરો (૫.૪૦ કરોડ) |
| ફ્રેશ ઈસ્યુ | ૩૧,૨૫,૦૦૦ |
| લીસ્ટીંગ | એનએસઈ-એસએમઈ |
| પ્રિ ઈસ્યુ શેરહોલ્ડીંગ | ૭૩,૬૦,૦૦૦ શેર |
| ઈસ્યુ બાદ શેરહોલ્ડીંગ | ૧,૦૪,૮૫૦૦ શેર |
| માર્કેટ મેકર્સ | ૨,૯૦,૦૦૦ શેર |
| લીડ મેનેજર્સ | મારવાડી ચંદારાના ઈન્ટરમીડીયરીઝ બ્રોકર્સ પ્રા. લિ. |

### સંભવિત ટાઈમટેબલ

| | |
|---|---|
| એલોટમેન્ટ | ૨૦ જાન્યુ. ૨૦૨૫ |
| રિફંડ | ૨૧ જાન્યુ. ૨૦૨૫ |
| ડિમેટ ક્રેડિટ | ૨૧ જાન્યુ. ૨૦૨૫ |
| લીસ્ટીંગ | ૨૨ જાન્યુ. ૨૦૨૫ |
| UPI કટઓફ ટાઈમ | ૧૭ જાન્યુ. ૨૦૨૫ ૫ વાગ્યા સુધી |




## કે.કે. જ્વેલ્સ મક્કમ ગતિએ ઉંચી ઉડાન ભરવા સજ્જ

- કે.કે. જ્વલર્સના બે બિઝનેસ મોડેલમાંથી પહેલામાં કંપની વેન્ડર પાસેથી સીધા દાગીના ખરીદી માર્કેટિંગ કરે છે અને બીજા મોડેલમાં કંપની પોતાના ડિઝાઇન હાઉસમાં ખાસ ડિઝાઈન તૈયાર કરાવડાવીને દાગીના વેચે છે
- કંપની અલગ પ્રાઈસ રેન્જમાં અલગ પ્રકારના દાગીના તૈયાર કરાવે છે. રોજ પહેરવાના અને પ્રસંગો માટે અલગ દાગીનાઓ તૈયાર કરાવડાવે છે. રોજબરોજ પહેરવાના અને પ્રસંગે પહેરવાના દાગીના અલગથી તૈયાર કરાવડાવે છે.
- ૨૦૧૦માં જ્વેલરીના બિઝનેસ શરૂ કરીને ૧૫ વર્ષના ટૂંકા ગાળામાં છ શોરૂમ્સ ઊભા કરીને બિઝનેસને નવી ઊંચાઈ લઈ ગયા

જેમ્સ એન્ડ જ્વેલરી સેકટરની અગ્રણી કંપની અમદાવાદ સ્થિત કાબરા જ્વેલ્સ લિ. રૂ. ૧૦નો એક એવો ૩૧,૨૫,૦૦૦ ઈક્વીટી શેરો ઓફર કરીને રૂ. ૪૦ કરોડનું ભંડોળ ઉભું કરવા રૂ. ૧૦ની કિંમતો શેર રૂ. ૧૨૧ થી ૧૨૮ની પ્રાઈસબેન્ડની ઓફર કરવા તા. ૧૫ જાન્યુ.એ એનએસઈ-એસએમઈ ખાતે ધમાકેદાર એન્ટ્રી કરી રહેલ છે. અને આ ઈસ્યુ ૧૭ જાન્યુ.એ બંધ થશે. આ ઈસ્યુના શેરનો લોટ ૧૦૦૦ શેરોનો છે. માર્કેટમેકર્સ ગિરીરાજ સ્ટોક બ્રોકીંગ પ્રા. લિ. છે. અને તેના માટે ૨,૯૦,૦૦૦ શેરો ફાળવણી કરાઈ છે. કયુઆઈબી કેટેગરીમાં ૫૦ ટકા, હાઈનેટવર્થમાં ૧૫ ટકા અને રીટેલમાં ૩૫ ટકા શેરો અનામત રખાયા છે. આ શેરનું તા. ૨૨ જાન્યુ.એ એનએસઈ-એસએમઈ ખાતે લીસ્ટીંગ થનાર છે. કંપનીના લીડ મેનેજર્સ મારવાડી ચંદારાણા ગ્રુપની મારવાડી ચંદારાણા ઈન્ટરમીડીયટરીઝ બ્રોકર્સ લિ. છે.

દસ રૂપિયાની ફેસ વેલ્યુના ૩૧.૨૫લાખ શેર્સનો પબ્લિક ઈશ્યૂ લઈને આગામી ૧૫મી જાન્યુઆરીએ બજારમાં આવી રહેલી કાબરા જ્વેલ્સ લિમિટેડની કંપની કે.કે. જ્વેલ્સની સ્થાપના ૨૦૧૦માં કરવામાં આવેલી છે. કંપની છૂટક જ્વેલરીના બિઝનેસ સાથે સંકળાયેલી છે. ગોલ્ડ, ડાયમંડ અને સિલ્વરના દાગીનાના વેપાર સાથે સંકળાયેલી છે. ગોલ્ડ અને સિલ્વરના વાસણો, સિક્કાઓ, અને અન્યા કળાકૃતિઓનો કંપની વેપાર કરે છે. ગુજરાત રાજ્યના અમદાવાદ શહેરમાં જ તેનું પ્રોડક્શન યુનિટ ધરાવતી કંપની છે.કંપની ઈનહાઉસ ડિઝાઈનનું યુનિટ ધરાવે છે. તેની પાસે ૧૨૧ નિષ્ણાત કારોગરોની ટીમ છે. દાગીનાના માર્કેટમાં કંપની ૧૫ વર્ષનો અનુભવ ધરાવે છે. કે.કે. જ્વેલ્સના બ્રાન્ડ નેમથી કંપની એક્સક્લુઝિવ ડિઝાઈન સાથેની જ્વેલરી તૈયાર કરે છે. કંપની વીંટી, ઈયર રિન્ગ્સ, પેન્ડન્ટ્સ, બ્રેસેલટ્સ, ચેઈન્સ, નેકલેસ, બંગડીઓ અને લગ્ન વખતે પહેરવામાં આવતા તમામ પ્રકારના દાગીનાઓ બનાવે છે. કે.કે. જ્વેલ્સ બ્રાઈડલ, કે.કે.જ્વેલ્સ ડાયમંડ, કે.કે. જ્વેલ્સ સિલ્વર, કે.કે.જ્વેલ્સ ગોલ્ડ, કે.કે. જ્વેલ્સ અટારશી અને કે.કે. જ્વેલ્સ સિલ્વર સ્ટુડિયોના નામથી છ શૉ રૂમ્સ ચલાવે છે. કંપનીની ત્રણ ઓફિસ અને એક એક્ઝિબિશન સેન્ટર છે. તેમાંથી બે શૉરૂમ ભાડે લઈને મેનેજ કરવામાં આવી રહ્યા છે.

### અરજી કેવી રીતે કરશો

| | લોટ | શેર્સ | રકમ |
|---|---|---|---|
| રીટેલ મીનીમમ | ૧ | ૧૦૦૦ | ૧,૨૮,૦૦૦ |
| રીટેલ મહત્તમ | ૧ | ૧૦૦૦ | ૧,૨૮,૦૦૦ |
| HNI મીનીમમ | ૨ | ૨૦૦૦ | ૧,૫૬,૦૦૦ |

### પ્રમોટર્સ હોલ્ડીંગ

| | |
|---|---|
| ઈસ્યુ પૂર્વ | ૮૯.૧૨ ટકા |
| ઈસ્યુ બાદ | ૬૨.૫૫ ટકા |

### પરફોમન્સ ઈન્ડીકેટર્સ

| વિગત | વેલ્યુ |
|---|---|
| ROE | ૩૦.૨૫ ટકા |
| ROCE | ૧૮.૨૩ ટકા |
| ડેબ્ટ/ઈક્વીટી | ૨.૯૦ |
| RONW | ૫.૭૩ |
| બુકવેલ્યુ | ૩.૦૩ |
| પી/ઈ | ૧૦.૦૩ |

### હાઈલાઈટસ

- કંપની ૬ શો રૂમ, ૩ ઓફિસ અને એક એક્ઝીબીશન સેન્ટર ધરાવે છે.
- ઈનહાઉસ ડિઝાઈન પ્રોસેસ ધરાવે છે.
- પ્રમોટર્સ ૧૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે.
- કંપનીની નામના અને શાખ ખૂબ જ ઉંચી છે.

કંપની અલગ અલગ પ્રાઈસ રેન્જમાં અલગ અલગ પ્રકારના દાગીના તૈયાર કરાવે છે. દરેક પ્રકારના પ્રસંગો માટે અલગ અલગ દાગીનાઓ તૈયાર કરાવડાવે છે. રોજબરોજ પહેરવાના અને પ્રસંગે પહેરવાના દાગીના અલગથી તૈયાર કરાવડાવે છે. ગુજરાતીઓના ટેસ્ટને અનુકૂળ બને તેવી ડિઝાઈન વાળા દાગીનાઓ તૈયાર કરાવડાવે છે. હસ્તકળાના નમૂના બની શકે તેવી જ્વેલરી પણ કંપની બનાવડાવે છે. કસ્ટમર્સના ટેસ્ટ અને જરૂરિયાત પ્રમાણે દાગીના તૈયાર કરાવડાવે છે.

૨૦૧૦માં કાબરા એન્ડ માલપાની જ્વેલ્સ પ્રાઈવેટ લિમિટેડના નામથી આરંભ કનારી કંપની પહેલા માત્ર ને માત્ર ડાયમંડના બિઝનેસમાં હતી. ૨૦૧૬ની સાલમાં કંપનીએ ચાંદી મહેલના નામથી શૉરૂમ ચાલુ કર્યો હતો. કૈલાસ કાબરા તેના માલિક છે. તેમાં સિલ્વર-ચાંદીમાંથી બનાવવામાં આવેલી જુદી જુદી વસ્તુઓનો વેપાર કરવામાં આવી છે. ૨૦૧૭ની સાલમાં કંપનીએ અમદાવાદના શિવરંજની વિસ્તારમાં ગોલ્ડની બ્રાઈડલ અને જડતર જ્વેલરીનો શૉરૂમ ચાલુ કર્યો હતો. તેની સાથે જ ગોલ્ડ કુન્દન મીના જ્વેલરીનું કામકાજ પણ ચાલુ કર્યું હતું. ૨૦૨૧ની સાલમાં ગ્રાહકોને રિયલ ડાયમંડ મળી રહે તે માટે કે.કી. ડાયમંડનો શૉરૂમ ચાલુ કર્યો હતો. તેમાં ડાયમંડની જ્વેલરી અને છૂટક ડાયમંડનો પણ વેપાર કરવામાં આવે છે. ૨૦૨૨ની સાલમાં વધુ વિસ્તરણ કરીને કંપની એન્ટિક ગોલ્ડ જ્વેલરીનો શો રૂમ ગાંધીધામમાં ચાલુ કર્યો હતો. ત્યારબાદ પોલકા અને રિયલ ડાયમંડની લાઈટ જ્વેલરી માટે અટારસી નામથી શૉરૂમ ચાલુ કર્યો હતો. ૨૦૨૨માં જ

અનુસંધાન બીજા પાને...


### Financial Information (Amount in Lakhs)

| Period Ended | 30 Nov-24 | 31 Mar-24 | 31 Mar-23 | 31 Mar-22 |
|---|---|---|---|---|
| Assets | 16,942.59 | 14,056.17 | 11,307.33 | 7,401.16 |
| Revenue | 12,548.47 | 16,424.32 | 12,234.02 | 11,212.54 |
| Profit After Tax | 880.89 | 939.64 | 440.58 | 540.46 |
| Net Worth | 3,986.78 | 3,105.88 | 2,166.24 | 1,725.66 |
| Reserves and Surplus | 3,250.78 | 3,059.88 | 2,120.24 | 1,679.66 |
| Total Borrowing | 10,307.08 | 8,996.84 | 6,982.62 | 4,730.26 |

### કંપનીના પ્રમોટર્સ



કૈલાસ કાબરા કંપનીના મેનેજિંગ ડિરેક્ટર છે. કંપનીના પ્રમોટર પણ કૈલાસ કાબરા જ છે. અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાંથી તેમણે શિક્ષણ લીધું છું.જેમ્સ એન્ડ જ્વેલરી ઈન્ડસ્ટ્રીનો તેમને ૧૫ વર્ષનો અનુભવ છે. કંપની માટેની ખરીદી કરવાની જવાબદારી કૈલાસ કાબરા નિભાવી રહ્યા છે. જ્વેલરીની ખરીદી માટે કયા વેન્ડરની પસંદગી કરવી તે પણ તેઓ જ નક્કી કરે છે. તેમ જ માર્કેટિંગ માટેના પ્લાનિંગ પણ તેઓ જ કરે છે.



જ્યોતિ કાબરા તેના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને પ્રમોટર છે. ઈન્ટિરિયર ડિઝાઈનિંગમાં જ્યોતિ કાબરા ડિપ્લોમા ધરાવે છે. બેન્ગ્લોરની ડિઝાઈનિંગ સ્કૂલમાંથી તેણે ડિપ્લોમા કર્યો છે. જેમ્સ એન્ડ જ્વેલરીના સેક્ટરમાં જ્યોતિ કાબરા બાર વર્ષનો અનુભવ ધરાવે છે. જ્વેલરીની ડિઝાઈનની પસંદગી કરવાનું કામ જ્યોતિ કાબરા કરે છે.













**અનુસંધાન પહેલા પાનાનું...**

કંપનીએ સિલ્વર સ્ટુડિયો ચાલુ કર્યો હતો.

## બે બિઝનેસ મોડેલ

કંપની બે બિઝનેસ મોડલ પર ચાલી રહી છે. પહેલા મોડેલમાં કંપની વેન્ડર પાસેથી સીધા દાગીના મેળવીને માર્કેટિંગ કરે છે. તેમાં બહુધા સામાન્ય ડિઝાઈનના દાગીનાનો સમાવેશ થાય છે. બીજા મોડેલમાં કંપની પોતાના ડિઝાઇન હાઉસમાં ખાસ ડિઝાઈન તૈયાર કરાવડાવીને દાગીના વેચે છે. કસ્ટમરની પોતાની જરૂરિયાત પ્રમાણે પણ ડિઝાઈન તૈયાર કરી આપે છે. તેને માટે વિશિષ્ટ કુશળતા ધરાવતા કારીગરની પસંદગી કરીને તેને તે દાગીના બનાવવાની જવાબદારી સોંપે છે. આ તમામની સાથે ક્વોલિટી ચેક પર પણ ફોકસ કરવામાં આવે છે અને પેકેજિંગમાં પણ કોઈ જ કચાશ ન રહે તેની દરકાર કરવામાં આવે છે.

## પ્રેસિયસ અને સેમી પ્રેસિયસ સ્ટોનના દાગીના

કંપની ગોલ્ડ, ડાયમંડ, સિલ્વરના દાગીનામાં પ્રેસિયસ અન સેમિ પ્રેશિયસ સ્ટોનને જડીને તેનું પણ વેચાણ કરે છે. તેમાં વીંટીં, ઈયરરિન્ગ્સ, બ્રેસલેટ, ચેઈન, નેકલેસ, બંગળી અને લગ્ન માટેની કસ્ટમાઈઝ જ્વેલરીનો સમાવેશ થાય છે. દરેક કસ્ટમરને વિશેષ ગણીને તમની જરૂરિયાત, ટેસ્ટ અને સ્ટાઈલ પ્રમાણેના દાગીના તૈયાર કરી આપવાનું કામ કરે છે. રોઝ ગોલ્ડની, પ્લેટિનમની, લેબગ્રોન ડાયમંડની, ચાંદીની જ્વેલરી કંપનીતૈયાર કરી આપે છે. તેમ જ ચાંદીના વાસણો અને કળાત્મક વસ્તુઓ બનાવીને તેનું પણ માર્કેટિંગ કરે છે. મેરેજના દાગીના માટે અને અપર ક્લાસના દાગીના માટેના અલગ અલગ શૉરૂમ ઊભા કરવામાં વ્યા છે.

દાગીનાની યુનિક ડિઝાઈન એ કંપનીનો યુએસપી છે. માર્કેટ અંગેની કોઠાસૂઝને આધારે દાગીનાની અવનવી ડિઝાઈન તૈયાર કરવામાં આવે છે. તેને માટે માર્કેટનો સતત અભ્યાસ કરવામાં આવે છે.કસ્ટમર્સની પસંદગીનો ક્યાસ કાઢવામાં આવે છે. કસ્ટમર્સના ફીડબેક પણ મેળવવામાં આવે છે. તેને આધારે દાગીનાની નવી ડિઝાઈન તૈયાર કરવામાં આવે છે. કસ્ટમરની પસંદગી અને જરૂરિયાત પ્રમાણએ ડિઝાઈન તૈયાર કરવામાં આવે છે. કે.કે. જ્વેલ્સના વેડિંગ જ્વેલરીના શૉ રૂમમાંથી બ્રાઈડલ જ્વેલરી ખરીદનારાઓ માટે અલગથી પગલા સરમની કરવામાં આવે છે. એક કલાકના આ કાર્યક્રમમાં વધૂના પગલાં લેવાની સાથે તેમના પરિવારના સભ્યને નાસ્તોપાણી કરાવવામાં આવે છે. તેમ જ વધૂના પગલાંને ફ્રેમ બનાવીને તે પરણનારા યુવક-યુવતીના પરિવારને ભેટરૂપે આપવામાં આવે છે. તેનાથી કે.કે. જ્વેલ્સની ખ્યાતિમાં ખાસ્સો વધારો થયો છે.

કંપનીનું ટર્નઓવર વધી રહ્યું છે કારણ કે કંપનીની બ્રાન્ડ ઈમેજ મજબૂત છે.કંપની ક્વોલિટી પ્રોડક્ટ્સ આપે છે. કંપનીના પ્રમોટરનો અનુભવ મજબૂત છે. કંપનાના કામકાજનો ટ્રેક રેકોર્ડ પણ ઘણો જ સારો છે. કંપની દરેક રેન્જના પ્રોડક્ટમાં આવનવી ડિઝાઈન્સ આપે છે. ડિઝાઈનમાં સતત ઈન્નોવેશન-નવસંસ્કરણ કર્યા કરે છે. કંપનીના મેનેજમેન્ટનો બહોળો અનુભવ ઉપરાંત તેની પાસે કાર્યકુશળ કારીગરોની મોટી ફોજ છે.

## પ્રોડક્ટ્સનું માર્કેટિંગ-બ્રાન્ડિંગ

બિઝનેસ વધારવા માટે કંપની યુએસપી તરીકે ડિઝાઈનને આગળ કરે છે. કસ્ટમર્સ સાથેના તેમના સંબંધો ઘણાં જ સારા રહે છે. ઈન્વેન્ટરીનું મેનજમેન્ટ સતત સારી રીતે કરવામાં આવી રહ્યું છે. પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે. બ્રાન્ડના માર્કેટિંગ માટે સતત ઈન્વસ્ટમેન્ટ કરવામાં આવી રહ્યા છે. બ્રાન્ડ બિલ્ડિંગની પ્રક્રિયા સતત ચાલુ રાખવામાં આવી છે. ઓપરેટિંગ એફિશિયન્સીમાં સતત સુધારો કરવામાં આવી રહ્યો છે.

માર્કેટિંગ માટે બ્રાન્ડ અંગે કસ્ટમર્સની જાગૃતિ વધારવાનો સતત પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. કસ્ટમર્સ તેમના પ્રોડક્ટ્સ સાથે સતત સંકળાયેલા રહે તેવા પ્રયોસ થઈ રહ્યા છે. વેચાણ વધારવા માટેના પ્રયત્નોમાં સાતત્ય છે. વેચાણ વધારીને વધુમાં વધુ કસ્ટમર્સ સુધી પ્રોડક્ટ્સ પહોંચે તે માટેના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. કંપની તેના ડિસ્ટ્રીબ્યુશન નેટવર્કને વધુ વ્યાપક અને સંગીન બનાવવા સતત પ્રયાસ કરી રહી છે. ગોલ્ડ, ડાયમંડ અને સિલ્વર ઈન્ડસ્ટ્રીઝમાં અગ્રણી કંપની તરીકેનું સ્થાન અંકે કરવાની કંપનીની નેમ છે.

ભારતમાં સોનાની ડિમાન્ડ કાયમ રહે જ છે. દર વર્ષે અંદાજે ૭૭૫થી ૮૬૦ ટન સોનાની આયાત થયા જ કરે છે. આ જ દર્શાવે છે કે સોનાની ડિમાન્ડ સારી છે. માત્ર કોરોનાના બે વર્ષમાં સોનાની આયાત ૬૯૦ અને ૪૪૬ ટનની આસપાસની રહી હતી. ૨૦૧૪ પછીના બાકીના વરસોમાં સોનાની આયાત ૭૭૫ ટનથી માંડીને ૮૫૭ ટન સુધી થઈ છે.

**ભલામણ** : કંપની બજારમાં મોટું નામ અને શાખ ધરાવે છે. કંપનીના કામકાજમાં વેચાણો તથા નફો સતત વધી રહ્યો છે. પ્રમોટર્સ ૧૫ વર્ષનો બહોળો અનુભવ ધરાવે છે. આ ઈસ્યુ શેર માત્ર ૧૦ શેર આસપાસના પીઈથી ઓફર કરાઈ રહ્યા છે. આમ કંપીના ઈસ્યુની પ્રાઈસ ખૂબ જ આકર્ષક વેલ્યુએશન ધરાવે છે. મોટા લીસ્ટીંગ ગેઈન્સની શક્યતા જોતા આ ઈસ્યુ અચૂક આંખ મીંચીને ભરી દેવાય.













## પરફોર્મન્સને કારણે એવોર્ડ્સની વણઝાર









કે.કે.જ્વેલર્સને એવોર્ડ્સ પણ ખાસ્સા મળ્યા છે. ૨૦૦૮ની સાલમાં રાઈઝિંગ એન્ટ્રપ્રેન્યોર તરીકેનો અને ત્યારબાદ ઇન્ડિયાના સૌથી વધુ પસંદગીના જ્વેલર્સનો એવોર્ડ પણ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર કૈલાસ કાબરાએ મેળવ્યો હતો. ત્યારબાદ ટાઈમ્સ મેન ઓફ ધ યરનો એવોર્ડ પણ કૈલાસ કાબરાએ મેળવ્યો હતો. ઇન્ડિયાના કૂલેસ્ટ સ્ટોર, એસેસરી જ્વેલરી ઓફ ધ યર, બેસ્ટ બ્રાઈડલ જ્વેલરી એવોર્ડ (૨૦૧૯), બેસ્ટ સિંગલ સ્ટોર એવોર્ડ, ધ બેસ્ટ બ્રાઈડલ જ્વેલરી ઇન ગુજરાત ૨૦૨૨ અને બેસ્ટ બિઝનેસ પ્રેક્ટિસિસ એવોર્ડ પણ મેળવ્યો છે. કંપનીએ બેસ્ટ રનર્સ અપ એવોર્ડ, બેસ્ટ એન્ટિક ગોલ્ડ બેન્ગલ એવોર્ડ, બેસ્ટ એમ્બિયન્સ સ્ટોર ઓફ ઇન્ડિયાનો એવોર્ડ તથા ૨૦૨૩ની સાલમાં પ્રોમિનન્ટ જ્વેલર્સ વિથ ફિનિશ એન્ડ લાર્જેસ્ટ બ્રાઈડલ જ્વેલરી કલેક્શન માટેનો એવોર્ડ પણ મેળવ્યો છે.

### ISSUE HIGHLIGHTS & SHARE HOLDING PATTERN

| | |
|---|---|
| Fresh Issue | 31,25,000/- Equity Shares |
| Face Value | ₹ 10 /- |
| Price Band | ₹ 121/- to ` 128/- |
| Lot Size | 1000 Equity Shares |
| **Issue Period** | |
| Anchor Bidding | Tuesday, January 14, 2025 |
| Issue Opens | Wednesday, January 15, 2025 |
| Issue Closing | Friday, January 17, 2025 |
| **Issue Structure** | |
| QIB Anchor | Upto 8,49,000 Equity Shares |
| NET QIB | Upto 5,67,000 Equity Shares |
| NII | Not less than 4,26,000 Equity Shares |
| RII | Not less than 9,93,000 Equity Shares |

| | |
|---|---|
| Pre Issue Equity Shares | 73,60,000 Equity Shares |
| Post Issue Equity Shares | 1,04,85,000 Equity Shares |
| **Pre Issue Holding** | |
| Promoter & Promoter Group | 65,59,520 Equity Shares |
| Public | 8,00,480 Equity Shares |
| **Post Issue Holding** | |
| Promoter & Promoter Group | 65,59,520 Equity Shares |
| Public | 39,25,480 Equity Shares |
| Listing On | NSE EMERGE |

BLUCHIP INVESTMENTS GJ VOL.33 ISSUE NO.12

SINCE 1992

# બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ્સ

ગુજરાતનું સૌપ્રથમ અદ્વિતિય
ગુજરાતી આર્થિક સાપ્તાહિક

13 TO 19 JANUARY 2025 | AHMEDABAD | Year : 33rd | Editor : Yogesh K. Shah

# અજૂની બાયોટેક : પશુઓના પ્યોર વેજ ફીડ સપ્લીમેન્ટના ક્ષેત્રમાં અગ્રણી પ્લેયર તરીકે ઉભરી આવેલ આ કંપનીની રૂા.૪૫ કરોડનું ફંડ રુા.૯ના ભાવે ૫ કરોડ કન્વર્ટીબલ વોરંટ ઈસ્યુ દ્વારા ઉભું કરવાની જાહેરાત




**અજૂની બાયોટેક :** એનએસઈ ખાતે લિસ્ટેડ આ કંપનીના રુા. ૨ની ફેસવેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ વધતા જતા વોલ્યુમે ૭.૬૫ જેવો પ્રવર્તે છે. ૫૨ સપ્તાહમાં આ શેરનો ભાવ ઉંચામાં ૧૦.૩૪ અને નીચામાં ૪.૯૦નો ભાવ જોવાયો છે. માર્કેટ-કેપ ૧૩૧ કરોડ અને બુકવેલ્યુ ૫ છે. આરઓસીઈ ૭.૭૬ ટકા, આરઓઈ ૫.૧૨ ટકા દર્શાવે છે. સપ્ટે.૨૪ આખરે પુરા થતા કવાર્ટરમાં ૨૫.૭૨ કરોડની આવક પર નેટનફો ૬૨ લાખનો થયો છે. માર્ચ આખરે પૂરા થયેલા આખા વર્ષમાં ૮૦ કરોડના વેચાણો પર નેટનફો ૨.૧૬ કરોડનો થયો છે. કંપનીની કુલ ઈક્વીટી ૩૪.૪૫ કરોડ અને રિઝર્વ ૫૧.૬૮ કરોડ છે. કુલ એસેટ ૮૯.૧૦ કરોડની છે. કંપની કુલ ૬૩૯૦૬ શેરધારકો ધરાવે છે. કંપની વર્તમાન ભાવની સામે રુા.૯ના ભાવે કન્વર્ટીબલ વોરંટ ઈસ્યુ કરી રહી છે. જેમાં પ્રમોટર્સ ઉપરાંત ઈન્વેસ્ટર્સ, જાણીતી સંસ્થાઓ, ફંડો ભાગ લઈ રહ્યાના સંકેતો રોકાણકારોના વિશ્વાસનું પ્રતિબિંબ દર્શાવે છે. હાલના કરેકશન બાદ આ શેર બજારની તેજીની ચાલે ડબલ ડિજિટ કોલ કરી નવો ભાવ બતાવે તો નવાઈ નહીં. હાલના ભાવે રોકાણમાં ઓછા જોખમે ઉંચા રિટર્નની શક્યતા વધુ જણાય છે.

નેશનલ સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થયેલી અન્જુની બાયોટેક વોરંટદીઠ રૂ. ૯ના ભાવે ૫ કરોડ કન્વર્ટિબલ વોરંટની ઓફર લઈને બજારમાં આવી છે. અન્જુની બાયોટેક પ્યોર વેજિ અને એનિમલ હેલ્થકેરના સોલ્યુશન આપતી કંપની છે. કંપનીએ તેના નાણાંકીય માળખામાં સુધારો કરવાના ધ્યેય સાથે વોરંટદીઠ રૂ. ૯નો ભાવ લઈને ઈન્વેસ્ટર્સને ૫ કરોડ કન્વર્ટિબલ વોરંટ આપવાનો નિર્ણય કર્યો છે. કંપનીના ભાવિ વિકાસ માટે આ ભંડોળ એકત્રિત કરવામાં આવી રહ્યું છે.

કંપનીના પ્રમોટર, નોન પ્રમોટર, ફંડો અને કંપનીઓ પાસેથી જ આ ભંડોળ એકત્રિત કરવાનો ઈરાદો કંપની ધરાવે છે. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યોએ કંપનીની અધિકૃત શેરમૂડી રૂ. ૪૦ કરોડથી વધારીને રૂ. ૫૦ કરોડ કરી દેવાનો નિર્ણય કર્યો છે. નવી શેરમૂડી ઊભી કરવા માટે ઓફર કરવામાં આવનારા નવા શેર્સનું મૂલ્ય જૂના શેર્સ જેટલું જ રહેશે. કંપની વોરંટદીઠ રૂ. ૯ના ભાવથી ૫ કરોડ કન્વર્ટીબલ વોરંટ ઈશ્યૂ કરશે. તેના માધ્યમથી રૂ. ૪૫ કરોડ ઊભા કરવામાં આવશે. હેલ્થી બાયોસાયન્સ લિમિટેડના પ્રમોટર જસજોત સિહં ઉપરાંતના પ્રમોટરને તથા નોન પ્રમોટર્સને પણ કન્વર્ટિબલ વોરંટ ફાળવવામાં આવશે. નોન પ્રમોટરને પણ આ કન્વર્ટિબલ વોરંટ એલોટ કરવામાં આવશે. તદુપરાંત એઆઈ મહા ઈન્વેસ્ટમેન્ટ ફંડ પીસીસી, મિનરવા વેન્ચર ફંડ, વીર એનર્જી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ, ગાલા ફાઈનાન્સ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડને આ કન્વર્ટિબલ વોરંટ ઈશ્યૂ કરવામાં આવશે. કંપનીના દરેક વોરંટને સમય જતાં એક એક શેરમાં રૂપાંતરિત કરી આપવામાં આવશે. આમ એક વોરંટ બરાબર એક શેર ગણવામાં આવશે. તેના ભાવ પર જૂના શેર્સ જેટલા જ ગણવામાં આવશે.

અન્જૂની બાયોટેક દ્વારા કન્વર્ટિબલ વોરંટ ઈશ્યૂ કરવાના પગલાંને પરિણઆમે કંપનીનો મૂડી પાયો વધુ મજબૂત બનશે. કંપનીના ભાવિ વિકાસ માટે નાણાંકીય ખર્ચ કરવામાં સ્થિતિસ્થાપકતા તેને કારણે જળવાઈ રહેશે. કંપનીએ કન્વર્ટિબલ વોરંટ ઈશ્યૂ કરીને શેરમૂડીમાં વધારો કરવાના લીધેલા નિર્ણયને પરિણામે શેરહોલ્ડર્સના મૂલ્યમાં પણ વધારો થશે.

કંપનીના પ્રસ્તુત નિર્ણય અંગે બોલતા મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ ફાઈનાન્સ ઓફિસર જસજોત સિંહે જણાવ્યું હતું કે, “કન્વર્ટિબલ વોરંટ ઈશ્યૂ કરવાનું આ વ્યૂહાત્મક પગલું લેવાની જાહેરાત કરતાં અમે આનંદની લાગણી અનુભવી રહ્યા છે. કન્વર્ટિબલ વોરંટ ઈશ્યૂ કરવા પાછળનો મૂળભૂત હેતુ અમારા નાણાંકીય પાયાને વધુ મજબૂત કરવાનો અને વિકાસ માટેની અમારી મહેચ્છાને ટેકો પૂરો પાડવાનો છે. શેરમૂડીમાં વધારો કરવાનો અને કન્વર્ટિબલ વોરંટ ઈશ્યૂ કરવાના અમારા પગલાં પાછળનું ધ્યેય ભાવિ વિકાસ માટેના અમરા પ્રયાસો માટે નાણાંકીય ખર્ચ કરવામાં અમે સ્થિતિ સ્થાપક રહી શકીએ તે છે. તેમ જ તેની મદદથી શેરહોલ્ડર્સના મૂલ્યમાં વધારો કરવાનો અમારો ઉદ્દેશ છે. કંપનીને લાંબાગાળાના વિકાસ માટે સજ્જ કરવાના એક મહત્વના પગલાં તરીકે કન્વર્ટિબલ વોરંટ ઈશ્યૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેમ જ પશુઓના આરોગ્યના ક્ષેત્રમાં અમારી પ્રતિબદ્ધતાને આગળ વધારવા માટેના કાર્યને આગળ ધપાવવાની અમારી વચનબદ્ધતાનો નિર્દેશ આપે છે. અમને વિશ્વાસ છે કે આ પગલાંને પરિણામે બજારમાં અમારી હાજરી વધુ સંગીન અને વ્યાપક બનશે. તેમ જ અમારા સ્ટેક હોલ્ડર સાથેના અમારા સંબંધો વધુ મજબૂત બનશે. પરિણામે આગામી વરસોમાં અમારી કંપની વધુ સારી સફળતા હાંસલ કરી શકશે.”

અન્જૂની બાયોટેક પ્યોર વેજ અને એનિમલ હેલ્થકેરના ક્ષેત્રની કંપની છે. કંપની નવા નવા સંશોધનો લઈને આગળ આવી રહી છે. તેમના આ સંશોધનોને બીજ કંપનીઓ અનુસરતી આવી છે. નવસંસ્કરણ એટલે કે ઈન્નોવેશન એ કંપનીની તાકાત છે. પશુઓના દાણના ક્ષેત્રમાં કંપની અગ્રહરોળની કંપની તરીકેનું સ્થાન ધરાવે છે. અન્જૂની બાયોટેક ક્વોલિટીની બાબતમાં જરાય કોમ્પ્રોમાઈઝ કરવા તૈયાર નથી. વપરાશકારોની સલામતીને પણ અન્જુની બાયોટેક અગ્રક્રમ આપે છે. પ્રોડક્શનમાં નવસંસ્કરણ કરતાં રહેવું કંપનીની તાસીર છે. તેની સાથે સાથે જ કસ્ટમરને કલ્પનામાં પણ ન હોય તેવી સારી સેવા આપવા વચનથી કંપની બંધાયેલી છે.

પશુદાણની બહુ જ મોટી રેન્જ કંપની ધરાવે છે. પશુઓના પ્યોરવેજ ફીડ અને પ્યોરવેજ ફીડ સપ્લિમેન્ટના ક્ષેત્રમાં અન્જૂની બાયોટેક એક અગ્રણી પ્લેયર તરીકે ઊભરી આવેલી કંપની છે. આ ક્ષેત્રમાં અન્જૂની બાયોટેક ખાસ્સો અનુભવ ધરાવતી હોવાથી તેની સાથે ભાગીદારી કરવી એ એક જવાબદાર અને સતત ધ્યાન રાખતો સાથી છે. તેની સાથે જોડાવા બરાબર છે. કારણ કે કંપની આ ક્ષેત્રનો બહોળો અનુભવ ધરાવે છે. પશુઓના બજારની આંટીઘૂંટીઓને પણ કંપની સારી રીતે સમજી રહી છે.

અન્જૂની બાયોટેકનો મૂળભૂત હેતુ તો ઉત્પાદકતામાં મહત્તમ વધારો કરી આપવાનો છે. સર્વગ્રાહી રીતે પશુઓની પ્યોર વેજ પોષક આહારની જરૂરિયાત પૂરી કરવાનો છે. પશુઆહારમાં પોષક તત્વો અને આહારની સમતુલા જળવાઈ રહે તેની કાળજી લે છે. અન્જૂની બાયોટેક ખેડૂતનો એક મજબૂત સાથી તરીકે ઊભરી આવવા માગે છે. અન્જૂની બાયોટેકના નિષ્ણાતોની ટીમ તેમના જ્ઞાનનો ખજાનો પશુપાલકો અને ખેડૂતો સમક્ષ ખૂલ્લો મૂકી રહી છે. આ ટીમના સભ્યો તેના વરસોના અનુભની મદદથી આહાર માટેના નિશ્ચિત કાર્યક્રમો નક્કી કરી આપે છે. ટકાઉ વિકાસ માટે સારામાં સારી ભલામણો લઈને આવે છે. તેમ જ પશુધનનો પણ સારો વિકાસ થાય તેની તકેદારી રાખે છે. તેને પરિણામે અન્જૂની બાયોટેક તેની હરીફ કંપનીઓ કરતાં આગળ નીકળીને નોંધપાત્ર વિકાસ સાધવામાં સફળ થઈ રહી છે. કંપનીના પ્રોડક્ટ્સમાં આ તમામ ખાસિયતો છલકાઈ રહી છે.

## મેનેજમેન્ટ પરિચય



### જસજોત સિંહ, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર

શ્રી જસજોત સિંઘ પ્યોર વેજ એનિમલ હેલ્થકેર, ફાર્માસ્યુટિકલ્સ અને બાયોટેકનોલોજી ક્ષેત્રોમાં ૧૪ વર્ષથી વધુનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે. એક અગ્રણી યુવા ઉદ્યોગસાહસિક, તેમની પાસે ફાર્મા અને બાયોટેક ઉદ્યોગોમાં નોંધપાત્ર નેતૃત્વ અને બોર્ડનો અનુભવ છે. તેઓને પંજાબ સરકારના ઉદ્યોગ વિભાગ તરફથી શ્રેષ્ઠતા પુરસ્કાર, સેન્ટર ફોર ઈન્ટરનેશનલ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી તરફથી પ્રથમ ગુણવત્તા પુરસ્કાર અને આર્થિક વિકાસ પરિષદ તરફથી યુવા ઉદ્યોગસાહસિકો માટે ઉદ્યોગ શ્રી એવોર્ડ જેવા પુરસ્કારો સાથે તેમની શ્રેષ્ઠતા માટે માન્યતા આપવામાં આવી છે. તેમણે UKની ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી MBA કર્યું છે.



### ગુરસિમરન સિંહ, ડિરેક્ટર

શ્રી ગુરસિમરન સિંઘ પશુપાલન, કૃષિ, ફાર્માસ્યુટિકલ્સ અને બાયોટેકનોલોજીમાં ૧૨ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. તેઓ કૃષિ અને પશુપાલન ઉત્પાદનોના માર્કેટિંગમાં સારી રીતે વાકેફ છે અને તેમની પાસે મૂલ્યવાન નેતૃત્વ અને બોર્ડનો અનુભવ છે. તેઓ સામાજિક અને સામુદાયિક કાર્યોમાં સક્રિયપણે સંકળાયેલા છે અને રોટરેક્ટ ક્લબ ઓફ રોટરી ઇન્ટરનેશનલના પ્રમુખ તરીકે સેવા આપી છે. તેમણે પંજાબની જ્ઞાન જ્યોતિ ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેક્નોલોજીમાંથી MBA કર્યું છે અને પંજાબ યુનિવર્સિટીમાંથી કોમર્સ ગ્રેજ્યુએટ છે.

**PHYSICAL TO DEMATE**

★ ડુપ્લીકેટ/ખોવાયેલા/ગેર વલ્લે ગયેલા શેર
★ સહીમાં ફેરફાર ★લગ્ન પછી નામ ફેર
★ માતા-પિતાના મૃત્યુ બાદ શેર ટ્રાન્સફર
★ મૃત્યુ /વારસાઈ સર્ટિફિકેટ
★ કાનુની વારસાનું પ્રમાણપત્ર
★ IEPF... દાવો ન કરેલ ડિવિડંડ ડિવિડન્ડ મળતું ન હોય

Contact / Whatsapp
9819141377 (Shri Jitesh Shah)

શેરને લગતી સમસ્યાનું કાયદાકીય સમાધાન

# બોટમ કોઈને મળી નથી અને મળશે નહિ : જોખમ લઈ શકનાર માટેનો સમય માની શકાય : વેલ્યુ બાયિંગનો સમય આવી રહ્યો છે પરંતુ હજી થોડીક રાહ જુઓ : ગણતરીનું જોખમ લઈ શકનાર માટેનો સમય માની શકાય

બાજ નજરે
દિપક સોદાગર
07666747902
E-mail : sdg5Paisa@gmail.com

જ્યારે ઘોડાપુર આવે ત્યારે શાંત બેસવું અને સામનો ના કરવો. સારું લાગે તો પણ થોડું મોંઘુ લેવું એવરેજ કરીને રાસ ના કરવી. જેમની પાસે બીજાના અથવા ફાજલ રૂપિયા છે અને કોઈ ચિંતા નથી તેમને સામનો કરવો પોસાય૦ બાકી સારો અને યોગ્ય સમયની રાહ જોવી --- અપના બી ટાઈમ આયેગા હાલમાં શાંતિ - - અત્રે બોટમ ગોતવી તે મુશ્કેલ છે અને તક ચુકી તક ચુકી જવાનો ડર રહે અને સામનો કરીને નવા નીચા ભાવ જોવા મળે તેવી શક્યતા પણ છે આ બંને પરિસ્થિતિને ધ્યાનમાં લેતા મારું એવું માનવું છે કે યોગ્ય તકની રાહ જોવી સામે આવનારા ૧૫ દિવસમાં બીજા ઘણા બધા બનાવો બનવાના છે તેથી જ્યાં સુધી એફવાય સતત પાંચ દિવસ મોટી સંખ્યામાં ખરીદી ના કરે ત્યાં સુધી તેલ જુઓ તેલની ધાર જુઓ નિમિતિ અપનાવવા જેવી છે

હા જો તમે પોતે વેલ્યુ બાયિંગ કરી શકતા હોવ અને ભાવ ઘટશે તો એવરેજ કરવાની તૈયારી હોય તો ચોક્કસ ઉપયોગ કરજો.

મૂલ્ય ખરીદી એટલે એવી પ્રોડક્ટ્સ કે એસેટ્સ ખરીદવાની ખરીદ વ્યૂહરચના કે જેની કિંમત ઓછી આંકવામાં આવી હોય અથવા તેની આંતરિક કિંમત કરતાં ઓછી હોય. આ અભિગમમાં એવી તકોને ઓળખવાનો સમાવેશ થાય છે જ્યાં બજાર કિંમત સાચા મૂલ્ય કરતા ઓછી હોય, જે લાંબા ગાળાના લાભની સંભવિતતા પૂરી પાડે છે.

### મૂલ્ય ખરીદીના ચાવીરૂપ સિદ્ધાંતો


**(૧) સંશોધન અને વિશ્લેષણ** : ઉત્પાદન અથવા અસ્કયામતનું આંતરિક મૂલ્ય નક્કી કરવા માટે સંપૂર્ણ સંશોધન હાથ ધરવું. **(૨) ધીરજ:** જ્યારે બજાર કિંમત આંતરિક મૂલ્ય કરતાં નીચી હોય, ત્યારે ખરીદી કરવાની યોગ્ય તક મળે તેની રાહ જુઓ. **3. જોખમનું વ્યવસ્થાપન:** સંભવિત નુકસાનને ઘટાડવા માટે રોકાણના સ્પષ્ટ લક્ષ્યાંકો, જોખમ સહનશીલતા અને નુકસાનને અટકાવવાના સ્તરને નિર્ધારિત કરો. **૪. લાંબા ગાળાનું ધ્યાન કેન્દ્રિત કરો:** લાંબા ગાળાનો પરિપ્રેક્ષ્ય અપનાવો, કારણ કે મૂલ્ય ખરીદી માટે ઘણી વખત રોકાણને લંબાવવું પડે છે.


### ખરીદીનો સમય

આ વિશ્વમાં એકમાત્ર સતત વસ્તુ પરિવર્તન છે અને એકમાત્ર નિશ્ચિતતા એ અનિશ્ચિતતા છે. શું એનો અર્થ એવો થાય કે આપણે જીવનથી દૂર ભાગીને હિમાલયમાં રહીએ છીએ ? ના! આપણે પરિવર્તન અને અનિશ્ચિતતા સાથે જીવવાનું શીખીએ છીએ. અસલામતી સાથે જીવવાનું શીખવું એ આપણી સલામતી બની જાય છે!. અમે પરિસ્થિતિમાં તેજસ્વી વસ્તુઓ જોવાનું શીખીએ છીએ.

હવે, શેરના ભાવો ઘટી રહ્યા છે અને છેલ્લા ઘણા સમયથી આઈએનઆરનું અવમૂલ્યન થઈ રહ્યું છે, ખરું ને? જો કોઈ આ હિલચાલને જુદી રીતે જુએ, તો તે જોવામાં આવશે કે બજાર એફઆઈઆઈ માટે દરેક પસાર થતા દિવસ સાથે વેચાણ કરવાનું અપ્રાકૃતિક બનાવી રહ્યું છે (કારણ કે તેમને શેરના વેચાણ માટે નીચા ભાવ મળે છે અને રૂપિયાના અવમૂલ્યનને કારણે ઓછા ડોલર મળે છે). બીજી તરફ, હાલના ભાવ સ્તરો ભારતીય બજારને એફઆઈઆઈ માટે નવેસરથી રોકાણ કરવા માટે આકર્ષક બનાવે છે કારણ કે તેમને હાલમાં નવું વિચાન અનાકર્ષક ગણાય અને નીચા ભાવે વેચવું હિતાવહ નથી. જે નુકસાન થયું છે ... તે ખૂબ જ મજબૂત રીતે પુન:પ્રાપ્ત થતું જોતું નથી .... જાન્યુઆરી બજેટ પછીના ૧ અઠવાડિયા સુધી તે નો ટ્રેડ ઝોન છે.

હું આ વાત ૧ મહિનાથી કહી રહ્યો છું... જો કે




નાના અને મધ્યમાં જે નુકસાન થયું છે ... તે ખૂબ જ મજબૂત રીતે પુન:પ્રાપ્ત થતું જોતું નથી .... જાન્યુઆરી બજેટ પછીના ૧ અઠવાડિયા સુધી તે નો ટ્રેડ ઝોન છે .

આ વાત સતત દરેક લેખ માં જણાવી રહ્યા છીએ. ... જો કે નાના અને મધ્યમાં જે નુકસાન થયું છે ... તે ખૂબ જ મજબૂત રીતે પુન:પ્રાપ્ત થતું જોતું નથી .... જાન્યુઆરી બજેટ પછીના ૧ અઠવાડિયા સુધી તે નો ટ્રેડ ઝોન છે .

**નિફ્ટી બંધ ૨૩૫૧૫:** વીકલી ખરાબી ૨.૪૦ ટાકા અને માસિક ખરાબી ૧.૨૨ ટકા તથા શુક્રવારની ખરાબી ૦.૫૬ ટકા. તેજીનો અતિરેક જોવાય તેમાં ૨૬૪૦૨ની ફૂચરની ટોચ બની અને તે પછી ૨૪૯૩૦ ની લોઅર ટોપ બની તે સમય દરમિયાન સ્પષ્ટ રીતે લાર્જ કેપ, મિડકેપ, સ્માલ કપ અને દરેક સેક્ટરમાં ડિસ્ટ્રીબ્યુશન જોવા મળ્યું તો સામે વચમાં દૂધના ઉભરા જેવા સુધારા પણ જોવાતા હતા. આ દરેક તબકે માર્ચ ૨૦૨૦ પછી આવેલ નવો વર્ગ જેમણે ખરાબી અર્થાત મંદી: જોઈ નથી તે ઘટે તેમ લેતો ગયો: અને આખરે નુકસાની અને અકળામણ અનુભવી રહેલ છે.

પર્વત પરથી ગબડવાનો આ પ્રવાહ અટકી અટકીને ચાલતો હતો જેમાં પ્રથમ પડાવ ૨૩,૨૭૭ પાસે કરી અને ઉછાળામાં ૨૪,૯૩૦ ની સપાટી જોવા મળી તે પછી ફરીથી ઘટવાની શરૂઆત થઈ અને અટકી અટકી રે ૨૪,૫૦૦ પાસે ટેકો મળતો હતો એ ટેકો શુક્રવારના રોજ તૂટી ગયો છે અને ઘટવાની ઝડપ વધી છે. અગાઉ જણાવ્યું હતું તેમ ઘટાડાના પ્રથમ તબક્કામાં ૩૧૨૫ નો ઘટાડો ૮ સપ્તાહમાં જોવા મળ્યો તે પછીનો ઉછાળો ૧૬૫૩ ૨ સપ્તાહમાં જોવા મળ્યો અને સામાન્ય રીતે ૩૮% થી ૫૦ ટકાનો રિફ્રેશમેન્ટ આવતું હોય છે તેની સામે ૪ ૩૮% થી ૫૦ ટકાનું એટ્રેસમેન્ટ જોવા મળતું હોય છે તેની સામે ૪૨ ટકા નું રિતેશમેંટ જોવા મળ્યું જેના પરથી આંતરિક નબળાઈ છે તે છતી થઈ અને તે પછી ત્રણ

ઘટાડાની તબક્કાની અંદર ત્રીજો તબક્કો શરૂ થયો પ્રથમ ઘટાડો ૩૧૨૫.નો છે તો બીજો ઘટાડો પણ સામાન્ય રીતે ૩૧૨૫ પોઈન્ટનો જ આવવો જોઈએ જે ૨૪,૯૩૦ ના ટોપ થી ગણવાનો હોય એ રીતે જોવા જઈએ તો આ ઘટાડ. સમગ્ર પ્રક્રિયા ચાર્ટમાં બતાવવાનો પ્રયાસ કર્યો છે જેમાં રિફ્રેશમેન્ટ અને એક્સટેન્શન અલગ અલગ રંગમાં દર્શાવવામાં આવ્યા છે.

સ્વિંગ બોટમ ૨૩,૫૭૫ ત્યાર પછીની ૨૩,૫ ૦૦ એ બંનેને જોડતા બનતી નવી ટેકાની સપાટી ૨૩,૩૪૦ પાસે આવતી તી જેનું શુક્રવારના રોજ ટેકો મળ્યો છે આ વસ્તુને ધ્યાનમાં લેતા હવે સૌ પ્રથમ બજાર ફર્યું છે તે સમજવા ૨૩,૬૯૦ ઉપર બંધ આપે તો પહેલો રાહતનો તબક્કો સમજવો અને ત્યાર પછી જ્યાં સુધી ૨૪,૩૦૦ ની સપાટી કુદાવે નહીં ત્યાં સુધી તેને ટેસ્ટ કરવા માટેનો પ્રયાસ થતો જોવાય અલબત્ત અગાઉની ૨૩૨૭૭ ની સ્વિમિંગ બોટમ છે તેની નીચે જો બંધ આપશે તો ગભરાટ વધશે અને નવા નીચા ભાવ જોવા મળે. **બેંક નિફ્ટી** બંધ ૪૮,૮૫૬ ગયા સપ્તાહમાં ૪.૬૩% ના ઘટાડા સાથે સૌથી વધારે ખરાબી બેક્ર નિફ્ટીમાં જોવા મળી છે ઊંચામાં ૫૪,૬૪૦ ની ઊંચી સપાટી બતાવ્યા પછી ૫૩,૯૯૫ ની લોઅર ટબ બનાવ્યા પછી સતત ઘટાડા તરફથી ચાલ જોવા મળી છે અને તેમાં ગયા સપ્તાહમાં ૪૮,૭૯૦ ની બોટમ નવી જોવા મળી છે આમ સમગ્ર ઘટાડો ચેનલ ના રૂપમાં પસાર થતો જોવાયો છે છતાં પણ અગત્યની ૪૯,૮૦૦ ની બોટમ તોડી હોવાથી અને તેની નીચે બંધ આપ્યું હોવાથી હજી બેંક નિફ્ટીમાં કરાવી જોવા મળી શકે છે ૪૯૮૦૦ કૂદાવે નહીં ત્યાં સુધી ઉછાળે વેચવાલી આવતી જોવાય ટૂંકમાં પ્રવાહ નર્માઈ તરફી છે અને નવી ખરીદી માટે રાહ જોવી. અચાનક એકાદ દિવસ ઝડપથી સુધારો આવી જાય તો તેને તેજી શરૂ થઈ ગઈ છે તેવું માની લેવું નહીં

**એ ડબ્લ્યૂ એલ** રૂ ૨૯૧ એ ડબલ્યુ એલ અદાની વિલ્મર લિમિટેડ બંધ ભાવ ૨૯૧ ગયા સપ્તાહમાં ૧૦% ના ઘટાડા સાથે આ કંપનીમાં નરમાઈ અને મંદીના ગેટમાં ચાલ જોવા મળી છે. આ કંપનીમાંથી અદાણી હવે બહાર છે તેથી આ કંપની હવે એમએનસી કંપની ગણાય અને ભવિષ્ય માટે આ સ્ટોકને એકત્રિત કરવાનું વિચારી શકે છે. ઉપરાંત કન્ઝ્યુમર સેક્ટર પણ આગામી ત્રિમાસિક અને પખવાડિયામાં સારું પ્રદર્શન કરશે તો તે શેરોમાં પણ દયાન આપી શકો.

રેલ બજેટની અપેક્ષાઓ ??- ભારતમાં હાઈડ્રોજન ટ્રેન વાસ્તવિકતા બનશે -- - આ વર્ષે ૪૦ નવી વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવશે -- - આ વર્ષે તેમણે ૮૦ ટકા વિદ્યુતીકરણનો લક્ષ્યાંક હાંસલ કર્યો - ૨૦ નવા શહેરોમાં મેટ્રો ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું કરવામાં આવશે. અસરકારનારા પરિબળો --- ડોલર અને રૂપી ટ્રેડ માં નબળાઈ જોવાશે. અમેરિકાની ૨૦ મી ની શપથવિધી પછીની ચાલ. દિલ્હીની ચૂંટણી ની અસર - - રાજકીય પક્ષોમાં થનારા સારા નરસા બનાવો --- આવનારા અંદાજપત્રમાં નાણાપ્રધાનના અનપેક્ષિત ગતકડાં મુખ્ય બજારના પ્રવાહને અસર કરનાર હશે.

જે શેરોમાં સાપ્તાહિક સ્વિમિંગ બોટમો તૂટી છે તેવી કંપનીઓમાં એબીબી બંધ ભાવ ૬૪૨૪, એ બી કેપિટલ બંધ ૧૬૮, બજાજ ઓટો બંધ ભાવ ૮૭૯૦, બંધન બેક્ર બંધ ભાવ ૧૪૪, ભારત ફોર્જ ૧૨૦૯, સીડીએસએલ બંધ ભાવ ૧૫૯૬, સીટી યુનિયન બેક્ર બંધ ભાવ ૧૬૫, ક્યુમીન્સ બંધ ભાવ ૨૯૯૪, દીપક નાઈટ ૨૪૦૫, ગેસ ઓથોરિટી બંધ ભાવ ૧૮૦, ગ્રાસિંગ બંધ ભાવ ૨૩૩૭, એચડીએફસી એએમસી બંધ ભાવ ૩૮૫૬, એચડીએફસી બેક્ર બંધ ભાવ ૧૦૬૧, irfc બંધ ભાવ ૧૩૧, પેટ્રોનેટ બંધ ભાવ ૩૨૧, આમ મોટાભાગની કંપનીઓમાં બે ટકાથી લઈ ૧૪% સુધીનો ઘટાડો જોવા મળ્યો છે સામે એક પણ સ્વિમિંગ બોટમ સાપ્તાહિક દ્રષ્ટિએ બાય તરીકે જોવા મળી નથી.

### નીચેના શેરોમાં શુક્રવારના દિવસે વોલ્યુમ સાથે ખરીદી થઈ છે આ શેરોમાં નીચામાં ધ્યાનમાં રાખી શકાય અત્રેથી આવેશમાં આવીને કોઈપણ સોદો કરવાની ભલામણ નથી

| | સ્ટોક નામ | ચિહ્ન | % Chg | કિંમત | વોલ્યુમ |
|---|---|---|---|---|---|
| ૩૪ | રામકૃષ્ણ ફોર્જિંગ્સ લિમિટેડ | RKFORGE | ૬% | ૯૫૭.૧ | ૧૯,૨૯૦,૦૮૯ |
| ૮ | ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડ | ટીસીએસ | ૬% | ૪૨૬૫.૬૫ | ૭,૮૯૪,૩૦૦ |
| ૯ | આનંદ રાઠી વેલ્થ લિ. | આનંદરાથી | ૫% | ૪૧૫૪.૩૫ | ૫૩૯,૬૪૬ |
| ૫ | એલટીઆઈ માઇન્ડટ્રી લિમિટેડ | LTIM | ૫% | ૬૧૨૪.૪ | ૧,૦૯૫,૩૫૧ |
| ૧૮ | Hcl ટેક્નોલોજીસ લિમિટેડ | HCLTECH | 3% | ૧૯૯૫.૧ | ૪,૮૦૨,૦૭૯ |
| ૩૦ | યુનો મિન્ડા લિ. | Unominda | 3% | ૧૦૯૭.૬૫ | ૮૫૦,૦૨૮ |
| ૧૯ | ઈન્ફોસિસ લિમિટેડ | INFY | 3% | ૧૯૬૬.૯૫ | ૮,૦૩૬,૯૧૩ |
| ૪૭ | આરતી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ | આરતીઈન્ડ | ૨% | ૪૨૧.૭૫ | ૬,૧૦૯,૨૭૦ |
| ૨૭ | વિજયા ડાયગ્નોસ્ટિક સેન્ટર લિ. | વિજયા | ૨% | ૧૨૪૧.૮ | ૬૫૧,૦૭૪ |
| ૨ | અંબર એન્ટરપ્રાઈઝીસ ઈન્ડિયા લિ. | તૃણમણિ | ૨% | ૭૮૩૧.૧૫ | ૧,૦૫૧,૮૮૦ |
| ૭ | એલએન્ડટી ટેક્નોલોજી સર્વિસીસ લિમિટેડ | LTTS | ૧% | ૪૯૩૫.૬૫ | ૨૫૫,૧૧૫ |
| ૩૯ | મેરિકો લિમિટેડ | મારિકો | ૧% | ૬૭૩.૯ | ૩,૫૭૮,૦૮૬ |
| ૨૪ | લોઈડ્સ મેટલ્સ એન્ડ એનર્જી લિ. | એલઓઈડસ્મે | ૧% | ૧૪૪૯.૬૫ | ૧,૨૨૪,૯૦૬ |
| ૨૫ | બાટા ઇન્ડિયા લિમિટેડ | BATAINDIA | ૧% | ૧૪૨૫.૯ | ૨૭૯,૧૧૩ |
| ૪૨ | એયુ સ્મોલ ફાયનાન્સ બેંક | AUBANK | ૧% | ૫૭૫.૧૫ | ૪,૭૩૭,૩૬૭ |
| ૨૩ | એસબીઆઈ લાઈફ ઈન્શ્યોરન્સ કંપની લિ. | SBILIFE | ૧% | ૧૪૭૮.૩ | ૧,૧૨૪,૭૫૮ |
| ૨૧ | બજાજ ફિનસર્વ લિમિટેડ | BAJAJFINSV | ૧% | ૧૭૦૧.૨૫ | ૧,૪૬૭,૨૦૨ |
| ૪૩ | Upl Limited | UPL | ૧% | ૫૪૮.૮૫ | ૧,૯૯૨,૮૩૯ |
| ૨૨ | ભારતી એરટેલ લિમિટેડ | ભરતિયાર્ટલ | ૧% | ૧૬૧૫.૯ | ૪,૧૪૫,૮૯૨ |
| ૩૭ | ઝેનસાર ટેક્નોલોજીસ લિમિટેડ | ઝેનસારટેક | ૧% | ૭૭૯.૮૫ | ૭૪૨,૭૧૭ |
| ૧૦ | એસ્કોર્ટ્સ લિમિટેડ | એસ્કોર્ટ્સ | ૦% | ૩૪૦૫.૯ | ૨૪૩,૮૭૧ |
| ૪૯ | રેડિંગ્ટન (ભારત) લિમિટેડ | રેડીંગટન | ૦% | ૨૦૪.૧ | ૨,૨૪૫,૧૨૫ |
| ૩૩ | ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ લિ. | ટાટાકોન્સમ | ૦% | ૯૭૨.૮ | ૧,૪૪૩,૩૮૭ |
| ૧૩ | હિન્દુસ્તાન યુનિલિવર લિમિટેડ | હિન્દુનિલ્વર | ૦% | ૨૪૪૨.૦૫ | ૧,૬૫૧,૯૧૩ |
| ૬ | બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ | બ્રિટાનીઆ | ૦% | ૪૯૩૯.૨ | ૩૦૫,૬૮૬ |
| ૩ | બજાજ ફાઇનાન્સ લિમિટેડ | BajFinance | ૦% | ૭૨૮૮.૦૫ | ૮૦૮,૯૬૪ |
| ૧૪ | ઈન્ડિયામાર્ટ ઈન્ટરમેશ લિ. | ઈન્ડિયામાર્ટ | ૦% | ૨૩૨૫.૧૫ | ૨૧૪,૨૦૮ |
| ૪૮ | ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિમિટેડ | ઓએનજીસી | ૦% | ૨૬૩.૦૨ | ૧૩,૦૫૩,૫૫૨ |
| ૩૬ | શ્યામ મેટાલિક્સ એન્ડ એનર્જી લિ. | શ્યામમેટલ | ૦% | ૭૮૪.૪ | ૧,૧૮૮,૫૯૨ |

આ કંપનીમાંથી અદાણી હવે બહાર છે તેથી આ બેકોમ્સ એમએનસી કંપની હવે ભવિષ્ય માટે આ સ્ટોકને એકત્રિત કરવાનું વિચારી શકે છે. ઉપરાંત કન્ઝ્યુમર સેક્ટર પણ આગામી ત્રિમાસિક અને પખવાડિયામાં સારું પ્રદર્શન કરશે

## મ્યુચ્યુઅલ ફંડોમાં રિટેલ રોકાણની સરવાણી સૂકાવાની સ્થિતિમાં સંકટની શકયતા

# વૈશ્વિક મોરચે એકાએક સર્જાયેલા નેગેટીવ પરિબળોએ કટોકટી સર્જતા શેરોમાં ધબડકો : સાવચેતી જરૂરી

## બ્લુ ચીપના નવા સપ્તાહમાં સેન્સેક્સ ૭૬૧૪૫થી ૭૮૧૭૫ વચ્ચે અને નિફ્ટી ૨૩૦૧૫થી ૨૩૬૭૫ વચ્ચે અથડાતાં જોવાઈ શકે

**સ્ટોકવેવ**
યોગેશ શાહ

વૈશ્વિક મોરચે અમેરિકામાં ડોનાલ્ડ ટ્રમ્પની તાજપોશી થતાં પૂર્વે અમેરિકાની બાયડેન સરકાર જતા જતાં અનેક પડકારોની સ્થિતિ ઊભી કરીને વારસામાં નબળું, દેવાળીયું અર્થતંત્ર મૂકી જઈ રહ્યું છે. જીઓપોલિટીકલ ટેન્શનની પરિસ્થિતિ હળવી ન થાય એ માટે રશીયા પર ક્રુડ ઓઈલ મામલે નવા આર્થિક પ્રતિબંધો મૂકવા, યુક્રેનને મોટું ફાઈનાન્સ પેકેજ આપવું, દુશ્મન દેશોને અમેરિકાના વધુ દુશ્મન બનાવવા સહિતના નિર્ણયો બાઈડન સરકાર જતા જતા લઈ રહી છે. જેથી ટ્રમ્પ એડમીનિસ્ટ્રેશન એમાંથી બહાર આવવાના સંઘર્ષમાં જ વ્યસ્ત થઈ જાય. અમેરિકા એક તરફ દેવાળીયું બની ગયું છે, એવામાં કેલિફોર્નિયાની આગની દુર્ઘટનાએ અમેરિકાના અર્થતંત્રને મોટો ફટકો પડવાનાનું નેગેટીવ પરિબળ ઊભું કર્યું છે. અમેરિકામાં રોજગારીમાં ડિસેમ્બરમાં થયેલી વૃદ્ધિએ ફરી મોંઘવારી વધવાનું જોખમ અને એના પરિણામે વ્યાજ દરમાં ઘટાડો અટકીને ફરી વધારો થવાના સર્જાયેલા જોખમે વૈશ્વિક બજારોને ડામાડોળ કરવા માંડ્યા છે. ભારતીય શેર બજારોમાં લાંબાસમયથી ઓવરડ્યુ મોટું કરેકશન આવી ગયું છે.

કોર્પોરેટ પરિણામોની સીઝન એકંદર ટીસીએસના સારા રિઝલ્ટે થઈ હોઈ આઈટી શેરોમાં લેવાલી સામે સ્મોલ, મિડ કેપ શેરો જે પ્રકારે તૂટી રહ્યા છે, એ જોતાં મંદીના એંધાણ મળી રહ્યા છે. મ્યુચ્યુઅલ ફંડોમાં ડિસેમ્બરમાં ઈક્વિટી ફંડોમાં રિટેલ રોકાણકારોનો રોકાણ પ્રવાહ પોઝિટીવ રહ્યાના આંકડા તો આવ્યા છે, પરંતુ ઈન્વેસ્ટરોને આ ફંડોમાંથી ડિસેમ્બરમાં માત્ર હેલ્થકેર સિવાયની તમામ કેટેગરીમાં વળતર નકારાત્મક મળ્યું છે. જે દર્શાવે છે ફંડોનું પરફોર્મન્સ નબળું પડ્યું છે. ડાયરેક્ટ શેરોમાં રોકાણ કરનારાના રોકાણકારોની મૂડી તૂટવા લાગી છે. ચોપડે નુકશાની આવવા લાગી છે. રોકાણકારો જો ૧૫, જાન્યુઆરી બાદ બજારની સ્થિતિ સુધરશે નહીં તો હજુ મોટા કડાકા-ભડાકા જોવાય એવી પૂરી શકયતા છે. જે રિટેલ રોકાણકારોનું સૌથી મોટું પેનિક સેલિંગ હશે. આ પરિસ્થિત અને સમય ભયાનક બની શકે છે. અત્યારે ભારત માટે પરિબળો એકાએક જોખમી સર્જાયા છે. અમેરિકી ડોલર સામે રૂપિયાના મૂલ્યમાં વિક્રમી ધોવાણ અને ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવમાં ફરી તેજીની આગને લઈ ભારતીય કોર્પોરેટ જગત, ઉદ્યોગો માટે સંકટની સ્થિતિ ઊભી થઈ છે. જે આગામી દિવસોમાં અનેક કંપનીઓની કામગીરીને નબળી પાડી શકે છે. જેથી હાલ તુરત શેરોમાં તેજીથી દૂર રહી વેઈટ-એન્ડવોચ રાખવું જરૂરી છે. જ્યારે કેપિટલ પ્રોટેક્ટ-મૂડી સુરક્ષિત કરવા નબળા શેરો વેચીને રોકડ હાથ પર રાખવી હિતાવહ છે. અલબત શેર બજારમાં આગામી સપ્તાહમાં કોઈ મોટું પેનિક કે ઈન્ડેક્સ બેઝડ નીચલી સર્કિટ જેવો કડાકો બોલાવાય તો એ કડાકામાં ફરી સારા શેરો ટૂકડે ટૂકડે ખરીદવાની તક ઝડપી શકાય. વૈશ્વિક પરિબળો સાથે હવે કેન્દ્રિય બજેટની તૈયારીઓને લઈ મોટા કમિટમેન્ટ કે લેવાલીમાં સાવચેત રહેવું. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરોની શેરોમાં સતત થઈ રહેલી મોટી વેચવાલી અને સામે લોકલ ફંડો, સંસ્થાકીય રોકાણકારોની ખરીદી છતાં શેરોમાં જે પ્રકારે ગાબડાં પડી રહ્યા છે, એ સારા સંકેત નથી. મ્યુચ્યુઅલ ફંડોમાં જો જાન્યુઆરીમાં રિટેલ રોકાણકારોનો પ્રવાહ અટક્યો અને રોકાણકારો તેમની મૂડી પાછી ખેંચવા પેનીકમાં આવશે તો રિડમ્પશનના દબાણમાં આ ફંડોએ પણ શેરોમાં મોટું સેલિંગ કરવા મજબૂર બનવું પડશે. જે શકય છે કે, પરિસ્થિને અંકુશ બહાર કરી દેશે. જેથી આવનારી આ સંભવિત સંકટની પરિસ્થિતિને પણ ધ્યાનમાં રાખવી રહી. બ્લુ ચીપના નવા સપ્તાહમાં સેન્સેક્સ ૭૬૧૪૫થી ૭૮૧૭૫ અને નિફ્ટી ૨૩૦૧૫થી ૨૩૬૭૫ વચ્ચે અથડાતાં જોવાઈ શકે છે.

## શ્યોર શોટસ - પ્રિયંકા રાવલ

**જે કુમાર ઈન્ફ્રા** : હાલ ૭૪૦ ભાવ છે. મંદીના બજારમાં આ શેર મજબૂતાઈ બતાવી રહ્યો છે. કંપની પાસે ૧૮ હજાર કરોડના ઓર્ડરો છે. નાની ઈકવીટી પર ઉચો નફો કરી રહી છે. નજીકમાં ૭૭૫ નો ભાવ જોવાય.

**કોલ ઈન્ડીયા** : ૩૬૯ ભાવ છે. ઉપરમાં ૫૦૦ બતાવેલ છે. હાલ નીચા ભાવે ખરીદી કરાય.ઉપરમાં ૩૯૦ ભાવ જોવાય.

**ગેઈલ** : ૧૮૦ ભાવ છે. વર્કીંગ સારૂ છે. ૯૦ ટકા ડિવીડંડ આપે છે. ઉપરમાં ૨૦૦નો ભાવ નજીકમાં બતાવે.

**એસડબલ્યુ સોલાર** : ઉપરમાં ૮૦૦ ભાવ જોવાયો હતો. આ શેર હાલમાં ૪૭૭ ના ભાવે મળે છે. બજેટમાં સારી જાહેરાતનો લાભ ભળવા વકી છે નજીકમાં ૪૮૦ બતાવે.

**એચપીસીએલ** : ૩૮૮ ભાવ છે. ઉપરમાં ૪૧૦ આસપાસનો ભાવ બતાવે.

**ટીટાઘર વેગન** : ઉપરમાં ૧૭૦૦ ભાવ જોવાયો છે. હાલ ૧૧૪૭ ભાવ છે. કરેકશનમાં આ શેર દરેક ઘટાડે ખરીદી કરાય.

**પાવર ફાઈનાન્સ** : ૪૦૪ ભાવ છે. નજીકમાં ઉપરમાં ૪૪૦ સુધીનો ભાવ બતાવે.

**ઈન્ડીયન ઓઈલ** : ૧૩૦ ભાવ છે. ઓછા પીઈથી મળે છે. મોટું રિઝર્વ છે. નજીકમાં ૧૪૫ ભાવ બતાવે.

**ભારત ફોર્જ** : ૧૨૦૯ ભાવ છે. ઉપરમાં ૧૫૫૦ ભાવ જોવાયો હતો. હાલ નીચા ભાવે મળી રહ્યો છે. ઉપરમાં નજીકમાં ૧૩૦૦ સુધી ભાવ જોવાય.

**વિધી ફુડ** : ૪૭૩ ભાવ છે. ડોલરનો ભાવ વધે છે જેનો લાભ મળી રહ્યો છે. ઉપરમાં ૫૨૦ ભાવ જોવાય.

**બીપીસીએલ** : ૨૭૮ ભાવ છે. વોલ્યુમ વધી રહ્યું છે. ઉપરમાં ૩૦૦ પ્લસ ભાવ બતાવે.

**દિપક ફર્ટી** : ૧૧૪૨ ભાવ છે. મોટી સબસીડીયરી મળવા વકી છે. ઉપરમાં ૧૨૨૫ સુધી ભાવ જોવાય.

**બીગબ્લોગ કન્ટ્રકશન** : ૯૫ નો ભાવ છે. સારૂ વ્યાજ અને બોનસ શેર આપેલ છે. ઉપરમાં ૧૦૫ ભાવ જોવાય.

**આરઈસી** : ૪૬૦ ભાવ છે. આ શેરમાં નજીકમાં ૪૯૦ ભાવ બતાવે.

**માન ઈન્ફ્રા** : ૨૩૪ ભાવ છે. સંગીન ઓર્ડરો છે. રીડેલપમેન્ટ પ્રોજેક્ટ મળ્યા છે. ઉપરમાં ૨૬૦ નજીકમાં ભાવ બતાવે.

**માર્કસન ફાર્મા** : ૨૬૧ ભાવ છે. ઉપરમાં ૩૪૦ ભાવ જોવાયો હતો. હાલના કરેકશનમાં દરેક ઘટાડે ખીરદી માટે ધ્યાનમાં રખાય. ૩૦૦ જેવો ભાવ જોવાય.

**કેસ્ટ્રોલ** : ૧૮૯ ભાવ છે. સારૂ વ્યાજ આપે છે. પ્રોકટર વધી રહ્યો છે. એલઆઈસી મોટું હોલ્ડીંગ ધરાવે છે. ફરી તેજી થકી ઉપરમાં નજીકમાં ૨૧૦ ભાવ બતાવે.

**બાલુ ફોર્જ** : ૭૦૩ ભાવ છે. જાણકારો સક્રીય છે. વધઘટે નજીકમાં ઉપરમાં ૭૦૫ ભાવ જોવાય.

**કેનેરા બેંક** : ૯૩ ભાવ છે. ઉપરમાં ૧૦૫ જોવાય.

**નાલ્કો** : ૨૦૨ જેવો ભાવ છે. આ ફેન્સી શેર નજીકમાં ૨૨૦ સુધીનો ભાવ જોવાય.

**આર્કેડ ડેવલપર્સ** : હાલ ભાવ ૧૬૪ છે. ઉપરમાં ૧૮૦/૧૮૫ આસપાસનો ભાવ તેજીનમાં જોવા મળી શકે.

## જિંદાલ વર્લ્ડવાઈડ લિ.એ નવા વર્ષની ભેટરૂપે શેરધારકોને જાહેર કરેલ એક શેરે ચાર બોનસ શેર

**આનંદ રાઠીના ટેકનીકલ ચાર્ટ એનાલીસીસમાં આ શેરમાં ૪૦૯ના સ્ટોપલોસે ૪૩૦-૪૩૮ની સપાટી કુદાવતા આ શેરમાં ઉચામાં ૪૮૫નો ભાવ ટાર્ગેટ ભાવ આપેલ છે. તે જોતા આ શેરમાં આગામી દિવસોમાં તેજીની હલચલે નવો ભાવ હાંસલ થતો જોવાય તો નવાઈ નહિ**





JINDWORLD recently broke out of a consolidation pattern, aligning with the Bollinger Band's upper line and supported by a bullish crossover in the weekly MACD, signaling strong upward momentum. This technical setup indicates a potential continuation of the uptrend. **Based on this, a long position is advised in the price range of ₹430-438, targeting an upside level of ₹485. To manage risk, a stop-loss at ₹409 on a daily closing basis is recommended.**

બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટસના આ શેરમાં નવા ઉચા ભાવો જોવાતા રહેશે તેવા સંકેતો બાદ તાજેતરમાં આનંદરાઠી બ્રોકર્સના મહિનાના પીકઅપ શેરોમાં ટેકનીકલ ચાર્ટમાં જિંદાલ વર્લ્ડવાઈડ લિ.ના શેરમાં ૪૦૯ના સ્ટોપલોસે ખરીદી કરનારને માટે ઉપરમાં ૪૮૫ના નવા ઉંચા ભાવ માટેનો ટાર્ગેટ ભાવ આપેલ છે. અમદાવાદ સ્થિત જિંદાલ વર્લ્ડવાઈડ લિ.માં બે મહિનામાં ૪૭ ટકા જેટલું મલ્ટીબેગર રિટર્ન આપ્યા બાદ હજી આનંદ રાઠીના રિપોર્ટ મુજબ ૨૬.૧૦ ટકાના ઉછાળાની શક્યતા દર્શાવી છે. આંનદ રાઠીએ તાજેતરમાં તેના ટેકનીકલ રિસર્ચ રિપોર્ટમાં ચાલુ મહિનાના પીકઅપ શેરમાં જીંદાલ વર્લ્ડવાઈડ લિ.નો શેર ખરીદીની ભલામણ કરી છે. કંપનીએ તાજેતરમાં મળેલ બોર્ડ મીટીંગમાં નવા વર્ષની ભેટરૂપે શેરધારકોને એક શેર સાથે ૪ બોનસ શેર આપવાની જાહેરાત આ શેરના ભાવેને નવી ઉચી સપાટી માટે ફયુઅલ પુરુ પાડેલ છે. કંપની તેની ઓથોરાઈઝ કેપીટલ વધારવા માટે પણ નિર્ણય કર્યો છે. ઓ શેરમાં હાલમાં ભારે વોલ્યુમે તેજીની રમઝટ જોવા મળી છે. બલુચીપમાં શેર ૩૮૫ની આસપાસના ભાવે ખરીદી માટે સંકેત અપાયા હતા અને આ શેર નવા ઉચા ભાવો અનામતો જોવાશે તેવા અણસાર અપાયા હતા અને તેના પગલે આ શેરનો ભાવ ઉંચામામાં ૪૩૬.૭૦ની નવી ઉચી સપાટીને આંખી ગયો બોટમે હાલ સ્ટીલ મંદીએ અને નફારૂપી વેચવાલીએ કરેકશનમાં ઘટીને ૪૧૯.૩૫ જેવો પ્રવર્તે છે. બજારની ચાલુ સુધીના આ શેર પુનઃ તેમના પાંચે નવા ઉચા ભાવો બતાવતો જોવાય તો નવાઈ નહિ.

### ગ્રે માર્કેટના પ્રિમયમ

| કંપની | ઈસ્યુ ભાવ | પ્રિમીયમ |
|---|---|---|
| કાબ્રા જ્વેલર્સ લિ. | ૧૨૧-૧૨૮ | ૪૫-૫૦ |
| સન કરતાર શોપીંગ | ૭૭.૮૧ | ૩૦-૩૨ |
| બાર ફ્લેકસ પોલીફિલ્મ | ૫૭-૬૦ | - |
| ઈન્ડોબેલ ઈન્સ્યુલેશન | ૪૬ | ૩૦.૩૨ |
| બી.આર. ગોયલ ઈન્ફ્રા | ૧૩૫ | ૩૦-૩૩ |
| ડેલ્ટા ઓટો ફાર્મ | ૧૩૦ | ૧૧૦-૧૧૨ |
| લક્ષ્મી ડેન્ટલ લિ. | ૪૦૭-૪૨૮ | ૧૬૦-૧૬૫ |

# તાજેતરમાં મૂડીબજારમાં પ્રવેશેલા ચાર SME-IPO : વર્તમાન કરેકશનમાં ખરીદી માટેની તક પૂરા પાડતા શેરોમાં સારા રિટર્ન માટે મોકો ઝડપી લેવાય




## Supreme Facility Management Ltd

**સુપ્રીમ ફેસીલીટી મેનેજેમન્ટ લિ.** એનએસઈ ખાતે લીસ્ટેડ આ એસએમઈ ઈસ્યુના રૂ. ૧૦ની કિંમતના શેરનઅખો ભાવ ૫૪ અસાપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૭૫ અને નીચામાં ૪૫નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૧૩૫્ કરોડ, બુકવેલયુ ૧૫.૫૭ છે. બુકવેલ્યુ માટે આ શેર ૩.૪૫ ગણા ભાવે મળે છે.આરઓઈસી ૧૯ ટકા અને આરઓઈ ૨૩.૨ ટકા દર્શાવેલ છે. કંપનીની કુલ ઈકવીટી ૧૮ કરોડ અને રિઝર્વ ૧૭ કરોડ છે. પ્રમોટર્સ ૭૧.૫૧ ટકા, એફઆઈઆઈ ૦.૩૨ ટકા, સ્થાનિક સંસ્થા ૧.૪૨ ટકા, પબ્લિક ૨૬.૭૪ ટકા હોલ્ડીંગ ધરાવે છે.

**CLIENTS**



### SCALE AND PRESENCE

7 +States | 48 + Mn. Sqft . Area Managed | 150 + Clients Served | 400 + Vehicle Fleet
6200 + Meals Per Day | 10000 + Employees | 25000 + Passengers Per Day

ઈન્ટીગ્રેટેડ ફેસીલીટી મેનેજમેન્ટ, સપ્લાય ચેઈન્સ, સોલ્યુશન કર્મચારી ટ્રાન્સપોર્ટ સર્વીસીસ, કોર્પોરેટ ફુડ સોલ્યુશન, પ્રોડકશન સપોર્ટ સર્વિસીસ જેવી વિવિધ સર્વીસીસ પુરી પાડતી અગ્રણી કંપની છે. કંપનીની સર્વીસીસ લોજીસ્ટીક, ઈ-કોમર્સ કોર્પોરેટ માર્ક, આઈટી/આઈપીઈએસ, ઓટોમોટીવ, હોસ્પીટાલીટી એજ્યુકશન, રીટેલ, કોર્મિશિયલ બિલ્ડીંગ અને પબ્લિક સેકટર જેવા ઉદ્યોગોમાં તેની સર્વીસીસ પુરી પાડે છે. એટલું જ નહિ પરંતુ કંપનીના ગ્રાહકોમાં ઈન્ફોસીસ, રીલાયન્સ ઈન્ડ., બ્રીજસ્ટોન, ગોદરેજ, મર્સીડીઝ, બજાજ, તાતા ગ્રુપ, જેસીબી, માઈન્ડ ટ્રી, બજાજ ગ્રુપ, સુઝુકી, થર્સમોકેસ, સીમેન્ટ જેવી અગ્રણી કંપનીઓ અને કોર્પોરેટ ગ્રાહકો કંપની ધરાવે છે.

L. V. SHINDE GROUP®
SINCE 1983

સુપ્રીમ ફેસીલીટી મેનેજમેન્ટનાં એનએસઈ-એસએમઈ ઈસ્યુ તાજેતરમાં ડિસે. ૨૦૨૪ના મહિનામાં આવ્યો હતો. અને કંપનીએ રૂ. ૧૦ની કિંમતનો એક એવા ૬૫૭૯૨૦૦ ઈકવીટી શેરો ઓફર કરીને રૂ. ૫૦ કરોડનું ભંડોળ ઉભુ કર્યું હતું. આ ઈસ્યુ ૨૭.૦૧ ગણો ભરાયો હતો. કયુઆઈપીમાં ૮.૨૪ ગણો, હાઈનેટવર્થમાં ૧૫.૭ ગણો, રીટેલમાં ૪૨.૫ ગણો ભરાયો હતો. આ ઈસ્યુના શેરનું લીસ્ટીંગ ૧૮ ડિસેમ્બરે ૨૦૨૪ના રોજ થવા ૭૫ના ભાવે લીસ્ટીંગ થવા પામ્યું હતું. રહાલના મંદીના બજારમાં આ શેરનો ભાવ ૫૬ આસપાસ છે. કંપનીનો ટ્રેક રેકોર્ડ અને કામગીરી જોતા વર્તમાન ભાવે આ શેરમાં રોકાણ કરવું હિતાવહ અને રિટર્ન આપનાર બની રહે તેવી વકી છે. કંપની તેના ઈન્ટીગ્રેટેડ બિઝનેસ સર્વીસીસ પ્રોવાઈડ કરવા માટે બીટુબી ઉપર ફોક્સ વધારી રહેલ છે. કંપની તેના ગ્રાહકો જોડે સુમેળભર્યા સંબંધોનો ટ્રેડ રેકોર્ડ ધરાવે છે. જેના પગલે તાતા મોટર્સ, બજાજ ગ્રુપ, મર્સીડીઝવ, ઈન્ફોસીસ જેવા કંપની તરફીથજી રિપીટ કોન્ટ્રકેટ મળી રહ્યા છે. આ ઈસ્યુના શેરમાં મધ્યમથી લાંબાગાળાનું રોકાણ કરવાનું વિચાર શકાય.

૨૦૦૫ માં સ્થાપિત, સુપ્રીમ ફેસિલિટી સર્વિસ મેનેજમેન્ટ લિમિટેડ વિવિધ ક્ષેત્રોમાં વ્યવસાયોને સંકલિત સુવિધા વ્યવસ્થાપન સેવાઓ પ્રદાન કરવામાં રોકાયેલી છે. કંપની બે પ્રાથમિક વિભાગો દ્વારા કાર્ય કરે છેઃ ઇન્ટિગ્રેટેડ ફેસિલિટી મેનેજમેન્ટ (IFM) અને સપોર્ટ સર્વિસિસ. તેની IFM સેવાઓ ઘરની સંભાળ, સફાઈ, જંતુનાશક, સેનિટાઈઝીંગ, પેસ્ટ કંટ્રોલ, બાગકામ અને રવેશ સફાઈ જેવી નરમ સેવાઓ સહિતની ઓફરોની વિશાળ શ્રેણીને સમાવે છે. વધુમાં, તે જનરેટર અને UPS સિસ્ટમ્સ જેવા પાવર સાધનોના સંચાલન સાથે ઈલેક્ટ્રિકલ, પ્લમ્બિંગ અને જાળવણી જેવી હાર્ડ સર્વિસ પણ પ્રદાન કરે છે. કંપની વિવિધ સહાયક કાર્યો માટે જરૂરી કર્મચારીઓને સપ્લાય કરવા માટે સ્ટાફિંગ સેવાઓ પણ પ્રદાન કરે છે. સપોર્ટ સર્વિસિસ સેગમેન્ટમાં, સુપ્રીમ ફેસિલિટી સર્વિસ મેનેજમેન્ટ લિમિટેડ એમ્પ્લોયી ટ્રાન્સપોર્ટેશન (ET) સેવાઓ પ્રદાન કરે છે, જે કોર્પોરેટ ક્લાયંટની પીકઅપ, ડ્રોપ-ઓફ, શટલ અને બસ સેવાઓ સાથેની મુસાફરીની જરૂરિયાતોને પૂરી કરે છે. કંપની કોર્પોરેટ કર્મચારીઓ, બ્લુ-કોલર કામદારો, ગ્રાહકો અને મહેમાનો માટે કેટરિંગ અને કાફેટેરિયા મેનેજમેન્ટ સહિત કોર્પોરેટ ફૂડ સોલ્યુશન સર્વિસિસ (CFSS) પણ પૂરી પાડે છે. વધુમાં, કંપની તૃતીય-પક્ષ લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ અને પ્રોડક્શન સપોર્ટ સર્વિસિસ (PSS) ઓફર કરીને સપ્લાય ચેઈન મેનેજમેન્ટ સર્વિસિસ (SCM) પૂરી પાડે છે જે ઉત્પાદન, સામગ્રીના સંચાલન અને જાળવણી માટે મેન્યુફેક્ચરિંગ કંપનીઓને કર્મચારીઓની સપ્લાય કરે છે. કંપનીની સેવાઓ સામાન્ય રીતે વાર્ષિક કરારના આધારે વિતરિત કરવામાં આવે છે, એકવાર ગ્રાહક સુરક્ષિત થઈ જાય તે પછી લાંબા ગાળાની આવકની ખાતરી કરે છે. સુપ્રીમ ફેસિલિટી સર્વિસ મેનેજમેન્ટ લિમિટેડની કામગીરી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં ૧૦,૯૩૫ કર્મચારીઓના કાર્યબળ સાથે તેની પેટાકંપનીઓ અને સહયોગીઓ દ્વારા સમર્થિત છે. કંપની તેની આવકમાં ૬૧% હિસ્સો IFM સેવાઓ થકી મેળવે છે, જયારે ૨૧.૭૯% હિસ્સો કર્મચારી પરિવહન સેવાઓ થકી મેળવે છે.

તેની કામગીરી શરૂ થઈ ત્યારથી, કંપનીએ મજબૂત ઓપરેશનલ કામગીરી દર્શાવતા આવક અને સતત નફાકારકતામાં નોંધપાત્ર વૃદ્ધિનો અનુભવ કર્યો છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે, કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૩માં રૂ.૩૨૯.૫૯ કરોડ અને નાણાકીય વર્ષ ૨૦૨૨માં રૂ.૨૩૬.૦૧ કરોડની સરખામણીમાં રૂ.૩૫૫.૩૯ કરોડની કામગીરીમાંથી આવક હાંસલ કરી હતી. આ નાણાકીય વર્ષ ૨૦૨૨ થી નાણાકીય વર્ષ ૨૦૨૪સુધી ૨૫.૯૫% CAGR આવકને પ્રતિબિંબિત કરે છે. FY 2023 માં ૭.૪% અને FY ૨૦૨૨ માં ૭.૪% ની સરખામણીમાં FY ૨૦૨૪ માં EBITDA માર્જિન સુધરીને ૮.૧% થવા સાથે કંપનીનું માર્જિન નોંધપાત્ર રીતે વિસ્તર્યું છે. ચોખ્ખો નફો માર્જિન પણ FY 2024 માં ૧.૭૨% થી વધીને ૨.૧% થયો છે. વધુમાં, મુખ્ય નાણાકીય ગુણોત્તર હકારાત્મક વલણો દર્શાવે છે. નેટ વર્થ (RoNW) પરનું વળતર FY 2023માં ૧૯.૮% અને FY 2022 માં ૧૭.૩% થી FY 2024 માં વધીને ૨૧.૩% થયું, જ્યારે કેપિટલ એમ્પ્લોઈડ (RoCE) પરનું વળતર FY 2024 માં ૨૨.૩% ની સરખામણીમાં ૨૩.૧% પર મજબૂત રહ્યું. નાણાકીય વર્ષ ૨૦૨૩ અને નાણાકીય વર્ષ ૨૨.૧% ૨૦૨૨. જોકે, નાણાકીય વર્ષ ૨૦૨૪માં ડેટ-ઈક્વિટી રેશિયો વધીને ૨.૪૯ થયો હતો, જે નાણાકીય વર્ષ ૨૦૨૧માં ૨.૩૩ હતો, જે ડેટ ફાઈનાન્સિંગ પર વધુ નિર્ભરતા દર્શાવે છે. જૂન ૨૦૨૪માં, કંપનીએ રૂ.૯.૯૧ કરોડની આવક અને રૂ.૨.૪૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. કંપની ઈશ્યુ ભંડોળ થકી નવા અધિગ્રહણ કરવા જઈ રહી છે જે આવનારા સમયમાં કન્સો. પરિણામોમાં સારો સુધારો કરશે.

## મેનેજમેન્ટ પરિચય

### ડો. લાલાસાહેબ શિંદે, ચેરમેન



ડો. લાલાસાહેબ શિંદે, એલ વી શિંદે ગ્રૂપના ચેરમેન છે. તેઓ એક સ્વપ્નદ્રષ્ટા નેતા, વ્યવસાય, ફિલ્મ નિર્માણ અને સામાજિક કાર્યમાં અદભૂત કૌશલ્ય ધરાવે છે. તેઓ આ ઉદ્યોગમાં ૪૦ વર્ષ સાથે, ચેરમેન તરીકેની તેમની સફર કર્મચારીઓ માટે એક દીવાદાંડી સમાન છે, જે સંકલિત સુવિધા વ્યવસ્થાપન માટેના જુસ્સા અને શ્રેષ્ઠતા પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતા દ્વારા પ્રેરિત છે. એક નેતા તરીકે, તે નવીનતા, પ્રામાણિકતા અને ગુણવત્તાની અવિરત શોધ સાથે આગળ વધે છે. એલવીએસ ગ્રૂપની સફળતાને સામૂહિક સિદ્ધિ તરીકે ઓળખીને, તેઓ એવા વાતાવરણને ઉત્તેજન આપે છે જ્યાં સહયોગ ખીલે છે.

### શ્રી રાજેન્દ્ર શિંદે, મેનેજિંગ ડિરેક્ટર




કંપનીના મેનેજિંગ ડિરેક્ટર તરીકે, LVS ગ્રુપમાં શ્રી રાજેન્દ્ર શિંદેની સફર નોંધપાત્ર રહી છે, જે સિદ્ધિઓ, વૃદ્ધિ અને શ્રેષ્ઠતાના અવિરત પ્રયાસોથી ભરપૂર છે. એક સ્વપ્નદ્રષ્ટા નેતા તરીકે તેમણે સંસ્થાને ભારતીય એફએમ ઉદ્યોગમાં ફરીથી જોડાવા માટે ટકાઉ રીતે વિકસિત કરી છે. શ્રેષ્ઠ ઉત્પાદનો/સેવાઓ પહોંચાડવા માટેની તેમની પ્રતિબદ્ધતાએ અમને બજારમાં મોખરે પહોંચાડ્યા છે, તેઓના નેતૃત્વ હેઠળ મૂલ્યવાન ગ્રાહકોનો વિશ્વાસ અને વફાદારી પ્રાપ્ત કરી છે અને બે દાયકાથી વધુ સમયથી ગ્રાહકોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો છે.

### અમોલ શિંગાટે, સીઈઓ



કંપનીઓ ડિરેક્ટર અને સીઈઓ શ્રી અમોલ શિંગાટે ત્યારથી કંપનીની સંસ્કૃતિ, દ્રષ્ટિ, વ્યૂહરચના અને વૈશ્વિક વિસ્તરણને આકાર આપવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. સુવિધા વ્યવસ્થાપન ઉદ્યોગમાં ૧૫ વર્ષથી વધુની પ્રભાવશાળી કારકિર્દી સાથે, જેમાં ફાઈનાન્સ હેડ તરીકેનો નોંધપાત્ર ૬-વર્ષનો કાર્યકાળનો સમાવેશ થાય છે, શ્રી શિંગાટે તેમની નેતૃત્વની ભૂમિકામાં કુશળતાનો ભંડાર લાવે છે. તેણે આઈઆઈએમ ઈન્દોરમાંથી માસ્ટર્સ અને પીજી ડિપ્લોમા પૂર્ણ કર્યો છે.

# તાજેતરમાં મૂડીબજારમાં પ્રવેશેલા ચાર SME-IPO : વર્તમાન કરેકશનમાં ખરીદી માટેની તક પૂરા પાડતા શેરોમાં સારા રિટર્ન માટે મોકો ઝડપી લેવાય




## Citichem India Ltd.

**સીટી કેમ ઈન્ડીયા (૫૪૪૩૨૪) :** રૂ.૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૫૩ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉંચમાં ૭૦ અને નીચામાં ૫૨.૮૫નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૩૫ કરોડ અને બુકવેલ્યુ ૧૩.૬૦ છે. આરોઅસીઈ ૨૨.૮ ટકા, આરઓઈ ૧૬.૭ ટકા છે. કંપની કુલ ૬૯.૩૨ કરોડની એસેટ ધરાવે છે. કંપની ૫.૫ કરોડની ઈકવીટી કેપીટલ સાથે રૂ. ૨.૨૫ કરોડનું રિઝર્વ ધરાવે છે. ધીરજ રાખનાર રોકાણકારોને હાલમાં કરેકશનમાં આ શેર નીચા ભાવે ખરીદીની તક મળી રહી છે જે ઝડપી લેવાય.



૧૯૯૨ માં સ્થાપિત, સિટીકેમ ઈન્ડિયા લિમિટેડ મુખ્યત્વે ફાર્માસ્યુટિકલ ઉદ્યોગને સેવા આપતા, કાર્બનિક અને અકાર્બનિક રસાયણો, જથ્થાબંધ દવાઓ અને ખાદ્ય રસાયણોની પ્રાપ્તિ અને વિતરણમાં રોકાયેલ છે. કંપની એલ્યુમિનિયમ, સ્ટીલ, કાપડ, કાગળ, ડેરી, પેઈન્ટ, રંગો અને મધ્યવર્તી, સાબુ ઉત્પાદન, ફાર્માસ્યુટિકલ્સ, ફૂડ અને એડહેસિવ્સ જેવા વિવિધ ક્ષેત્રોને કેટરિંગ કરીને વિશિષ્ટ રસાયણો, બલ્ક ડ્રગ અને મધ્યવર્તી ઉત્પાદનોના સીધા સપ્લાયમાં રોકાયેલી છે. કંપની તેના વિતરણ નેટવર્ક દ્વારા સલામત અને કાર્યક્ષમ બલ્ક ડિલિવરી સુનિશ્ચિત કરીને તેની માલિકીની બ્રાન્ડ હેઠળ ફૂડ પ્રિઝર્વેટિવ્સ અને રસાયણોનું પણ માર્કેટિંગ કરે છે. કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં કોસ્ટિક સોડા ફલેક્સ, કોસ્ટિક સોડા લાય, સાઈટ્રિક એસિડ મોનોહાઈડ્રેટ, હાઈડ્રોજન પેરોક્સાઈડ જેવા આવશ્યક રસાયણોનો સમાવેશ થાય છે.

CITICHEM India Limited

કંપનીએ તાજેતરમાં રૂ. ૧૨.૬૦ કરોડનું ભંડોળ ઉભુ કરવા બીએસઈ-એસએમઈ આઈપીઓ કર્યો છે. અને કંપનીએ રૂ. ૧૦ની કિંમતના ૧૮ લાખ શેરો અફોર રૂ. ૭૦ના ભાવે ઓફર કર્યો હતો. અત્રે આ ઈસ્યુને રોકાણકારો તરફથી જંગી પ્રતિસાદ મળતા ઈસ્યુ કુલ ૪૧૪.૩૫ ગણો ભરાયો હતો. જેમાં હાઈનેટવર્થ રોકાણકારોની કેટેગરીમાં ઈસ્યુ ૨૭૭.૮૮ ગણો અને રીટેલમાં ૫૪૩.૧૮ ગણો ઈસ્યુ ભરાયો હતો. અને આ ઈસ્યુના શેરનું ૩ જાન્યુ.એ ૭૦ના ભાવે લીસ્ટીંગ થવા બાદ હાલની બજારની ભારે કરેકશનમાં ભાવ ૫૫.૬૩ ગણો પ્રવર્તે છે. ૨૦૦ શેરોનો લોટ છે.બજારના જાણકારો હાલ નીચા ભાવે શેરો એકયુ

**નાણાકીય પરિણામો (રૂ. લાખમાં)**

| Period Ended | 30/06/24 | 31/03/24 | 31/03/23 | 31/03/22 |
|---|---|---|---|---|
| Assets | 6,851.56 | 6,932.79 | 7,972.53 | 9,142.69 |
| Revenue | 149.07 | 1,960.58 | 2,094.07 | 8,528 |
| Profit After Tax | 19.95 | 111.83 | 36.26 | 23.94 |
| Net Worth | 745.06 | 725.11 | 613.27 | 577.01 |
| Reserves and Surplus | 245.06 | 225.11 | 113.27 | 77.01 |
| Total Borrowing | 108.21 | 108.21 | 109.65 | 110.62 |



CAUSTIC SODA FLAKES



SODIUM NITRATE

એસેટ કરી રહ્યા છે. જેના પગલે બજારની ચાલ સુધીના આ શેર ઝડપી રીકવરી કરી તેજીની નવી ચાલ બતાવે તેવા સંકેતો જોતા વર્તમાન નીચ ભાવે આ શેર રોકાણ માટે ખાસ ધ્યાનમાં રખાય.

### મિશન

કંપની ગ્રાહકોની સાથે સુમેળભર્યા સંબંધોથી કામ કરીને મેલ્ટ ગુણવત્તા સુધારવા માટે સતત નવીન ઉકેલો વિકસાવીને પોતાના લક્ષ્યોને હાંસલ કરવાની યોજના બનાવી રહી છે.

### વિઝન

કંપનીનો ઉદ્દેશ્ય ગુણવત્તાયુક્ત ઉત્પાદનોનું ઉત્પાદન કરીને અને સૌથી વધુ સ્પર્ધાત્મક ભાવે સર્વોચ્ચ સ્તરની સેવાઓ પ્રદાન કરીને ઔદ્યોગિક રસાયણિક ઉત્પાદનો અને ઉકેલોમાં વૈશ્વિક અગ્રણી બનવાનો છે.

### મુખ્ય મૂલ્યો

સિટીકેમ વૈશ્વિક ગ્રાહકોની સતત બદલાતી જરૂરિયાતોને અનુરૂપ સુવ્યવસ્થિત ડિસ્પેચ પ્રક્રિયા સાથે પર્યાવરણને અનુકૂળ અને લવચીક ઉત્પાદન પ્રક્રિયાને સભાનપણે અનુસરે છે.

કંપની ઈસ્યુ ફંડનો ઉપયોગ પ્રોપર્ટી એકવીઝેશન, ટ્રાન્સપોર્ટ વ્હીકલ્સ અને એસેસરીઝ માટે તથા અન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરી રહી છે.

### મેનેજમેન્ટ પરિચય

**આરીફ ઈસ્માઈલ મર્ચન્ટ :** કંપનીના મેનેજીંગ ડાયરેકટર છે. અને તેઆ ૩૦ વર્ષનો ઓર્ગેનીક, અન ઓર્ગેનીક અને સ્પેશીયાલીટી કેમીકલ ક્ષેત્રે બહોળો અનુભવ ધરાવે છે. તેમના નેવૃત્વ હેઠળ કંપની નવા બિઝનેસ ડેવલમેન્ટ ક્ષેત્રે પ્રગતિ કરી રહી છે. તેઓ સીટીકેમ ગ્રુપના સ્થાપક અને કંપનીનું મુખ્ય પીઠબળ છે.

**હસીમ આરીફ મર્ચન્ટ :** કંપનીના એકઝીકયુટીવ ડિરેકટર છે અને ૧૦ વર્ષનો આ ક્ષેત્રનો અનુભવ ધરાવે છે. તેમના માર્ગદર્શન હેઠળ વિશાળ રેન્જના ફુડ કેમીકલ લોંચ કરાયા છે.

**વાસીમ નિખાર રીઝવી :** કંપનીના નોન ડિરેકટર્સ છે. ૩૯ વર્ષની વય ધરાવતા વાસીમ નિસાર ઓર્ગેનીક, અનઓર્ગેનીક અને સ્પેશીયાલીટી કેમીકલના સોર્સ અને સપ્લાય માટે પાંચ વર્ષનો અનુભવ ધરાવે છે.



SODA ASH LIGHT

કંપની છેલ્લા ૩૨ વર્ષથી ઈન્ડસ્ટ્રીયલ કેમેસ્ટ્રી ક્ષેત્રે તમામ કેમીકલ જરૂરિયાતોને પુરી પાડવા એક છત્ર હેઠળ કાર્યરત છે.


કંપનીની નાણાકીય કામગીરી

કંપનીએ છેલ્લા ૩ વર્ષ દરમ્યાન ૨૦૨૨માં રૂ. ૨૦.૯૪ કરોડના વેચાણો પર નેટનફો રૂ. ૨૩.૯૪ લાખ, ૨૦૨૩માં ૨૦.૦૪ કરોડના વેચાણો પર નેટનફો ૩૬.૨૬ લાખ, ૨૦૨૪માં ૧૯.૬૦ કરોડના વેચાણો પર નેટનફો ૧.૧૧ કરોડનો થયો છે. જુન ૨૦૨૪ સુધીમાં કંપનીએ ૧.૪૯ કરોડના વેચાણો પર નેટનફો ૧૯.૯૫ લાખો થયો છે. કંપનીની કામગીરીમાં સંગીન સુધારો જોવાઈ રહ્યો છે. અને આગામી સમયમાં કંપની વધુ સારો દેખાવ નોંધાવે તો નવાઈ નહિ.




CAUSTIC SODA LYE

# તાજેતરમાં મૂડીબજારમાં પ્રવેશેલા ચાર SME-IPO : વર્તમાન કરેકશનમાં ખરીદી માટેની તક પૂરા પાડતા શેરોમાં સારા રિટર્ન માટે મોકો ઝડપી લેવાય




## મેનેજમેન્ટ પરિચય

**મોહિત અરોરા** (૩૮ વર્ષ) કંપનીના પ્રમોટર, ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર છે. તેઓ ઉચ્ચ માધ્યમિક સુધીનો અભ્યાસ કર્યો છે અને ગાર્મેન્ટ અને ટેક્સટાઈલ ઉદ્યોગ અને વિતરણમાં ૧૦ વર્ષથી વધુનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે. ગાર્મેન્ટ અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી અને ડિસ્ટ્રિબ્યુશન ચેનલ અને નેટવર્કિંગમાં તેમનો અનુભવ અને કાબેલિયત એ એવા ગુણો છે જે સુનિશ્ચિત કરે છે કે દરેક પ્રવૃત્તિ સરળતાથી અને વ્યવસાયિક રીતે હાથ ધરવામાં આવે છે અને તેનો અમલ કરાય છે. તઓ કંપનીની નિયમિત ઓપરેશનલ પ્રવૃત્તિઓનું ધ્યાન રાખે છે. તેમના અનુભવ સાથે, તેઓ કંપનીને વૃદ્ધિની વ્યૂહરચનાઓમાં માર્ગદર્શન આપે છે અને કંપનીને તેના સ્કેલને કૂદકે ને ભૂસકે વધારવા માટે ફોકસ કરે છે.

**નોહિત અરોરા** ( ૩૪ વર્ષ) કંપનીના પ્રમોટર અને સંપૂર્ણ સમયના ડિરેક્ટર છે. તે ઉચ્ચ માધ્યમિક સુધીનો અભ્યાસ કર્યો છે અને ગાર્મેન્ટ અને ટેક્સટાઈલ ઉદ્યોગ અને વિતરણમાં ૧૦ વર્ષથી વધુનો સમૃદ્ધ અનુભવ ધરાવે છે. ટેક્સટાઈલ ઉદ્યોગ અને વિતરણ ચેનલ અને નેટવર્કિંગમાં તેમનો અનુભવ કંપનીને પ્રગતિના પંથે લઈ જવાબમાં સક્ષમ છે. તેઓ કંપનીને વૃદ્ધિની વ્યૂહરચના, કામગીરી, તકો અને કંપનીને તેના સ્કેલ વધારવા માટે માર્ગદર્શન આપે છે. તે કંપની સાથે ૮મી ફેબ્રુઆરી, ૨૦૨૨ના રોજથી સંકળાયેલા છે.

**સોનમ અરોરા** (૩૫ વર્ષ) કંપનીના નોન-એક્ઝિક્યુટિવ ડિરેક્ટર છે. તેઓ આર્ટ્સમાં સ્નાતક છે. તેઓ ફ્રીલાન્સર તરીકે માર્કેટિંગના ક્ષેત્રોમાં જ્ઞાન અને અનુભવ છે. સોનમ અરોરા પરિણામલક્ષી, ધ્યાન કેન્દ્રિત, મહેનતુ વ્યક્તિ છે અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યોને માર્કેટિંગ સલાહ અને માર્ગદર્શન આપે છે. ૨૦૨૩થી કંપની સાથે સંકળાયેલા છે.

## Davin Sons Retail Ltd.

**ડેવીન સન્સ રિટેલ લિ.** : રૂ. ૧૦ ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ રૂ. ૪૩.૯૦ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૪૮.૫૦ અને નીચામાં ૪૧.૯૦નો ભાવ જોવાયો છે. આરઓસીઈ ૫૪.૬ ટકા, આરઓસીઈ ૪૯.૩ ટકા દર્શાવે છે. માર્કેટકેપ ૨૭.૫ કરોડ છે. કંપની મુડીરોકાણ કરીને તેના દેવામાં ઘટાડો કરી રહી છે. કંપનીની કુલી ઈકવીટી ૩.૬૭ કરોડ અને રિઝર્વ ૨.૬૨ કરોડ છે. કુલ એસેટ ૧૦.૩૬ કરોડ છે. કંપનીનો પીઈ ૧૯ આસપાસ છે. મંદીના બજારમાં વર્તમાન કરેકશનમાં આ શેરમાં રોકાણ માટે ધ્યાનમાં રખાય. બજારની તેજી સાથે આ શેર ઝડપી રીકવરી કરતો જોવાય.





માર્ચ ૨૦૨૨ માં સ્થાપિત, ડેવિન સન્સ રિટેલ લિમિટેડ જીન્સ, ડેનિમ જેકેટ્સ અને અન્ય બ્રાન્ડ્સ માટે શર્ટ સહિત ઉચ્ચ ગુણવત્તાવાળા તૈયાર વસ્ત્રોના ઉત્પાદન અને ડિઝાઈનમાં રોકાયેલ છે. કંપનીના કપડાના ઉત્પાદનમાં કટીંગ, સ્ટીચીંગ, સીવણ, ફિનિશીંગ, ઈન્સ્પેક્શન અને પેકિંગ જેવી મુખ્ય પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે, જે તમામ તૃતીય-પક્ષ કોન્ટ્રાક્ટરોને આઉટસોર્સ કરવામાં આવે છે. તેના કપડાના વ્યવસાય ઉપરાંત, DSRL એ તાજેતરમાં [illegible] ગ્રાહકોને લક્ષ્ય બનાવીને FMCG ઉત્પાદનોના વિતરણમાં સાહસ કર્યું છે. કંપનીની ૫૫% કમાણી કપડાના ઉત્પાદનમાંથી અને ૪૫% FMCG વિતરણમાંથી પ્રાપ્ત થાય છે. ભૌગોલિક રીતે, કંપની સમગ્ર દિલ્હી, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ, બિહાર, હરિયાણા, પંજાબ, અરુણાચલ પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાતમાં કાર્યરત છે. કંપની તૃતીય-પક્ષ જોબ વર્કર્સ દ્વારા વસ્ત્રોના ઉત્પાદનમાં અને બહુવિધ ભારતીય રાજ્યોમાં બ્રાન્ડેડ FMCG ઉત્પાદનોનું વિતરણ કરે છે. ગુડગાંવમાં કંપનીનું વર્તમાન એફએમસીજી વેરહાઉસ છે. તેના વિસ્તરણને ટેકો આપવા માટે, કંપની નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં એક નવું ૮,૫૦૦ ચોરસ ફૂટનું વેરહાઉસ સ્થાપવાની યોજના ધરાવે છે.

DAVINSONS RETAIL LTD.

કંપનીએ તાજેતરમાં ૮.૭૮ કરોડનું ભંડોળ એકઠું કરવા પ્રાઈમ ઈસ્યુ ખુલીને ૨ જાન્યુ. એ મુડીબજારમાં પ્રવેશી અને ઈસ્યુ ૬ જાન્યુ. ૨૦૨૫ના રોજ બંધ થયો હતો. ૮.૭૮ કરોડનું ભંડોળ ઉભું કર્યું હતું. શેરોનો લોટ ૨૦૦૦ શેરોમાં છે. અને ૯ જાન્યુ.એ આ શેરનું બીએસઈ-એસએમઈ ખાતે લીસ્ટીંગ થવા પામ્યું હતું. પ્રમોટર્સનું હોલ્ડીગ ઈસ્યુ બાદ ૯૦.૬૫ ટકાથી ઘટીને ૬૩.૧૮ ટકા રહ્યું છે. ઓ ઈસ્યુ કુલ ૧૨૦.૮ ગણો ભરાયો હતો જેમાં હાઈનેટવર્થ કેટેગરીમાં ૬૬.૧ ગણો તથા રીટેલમાં ૧૬૪.૭૮ ગણો ભરાયો હતો.

**નાણાકીય પરિણામો (રૂ. લાખમાં)**


| Period Ended | 30/06/24 | 31/03/24 | 31/03/23 |
|---|---|---|---|
| Assets | 1,036.2 | 883.12 | 455.97 |
| Revenue | 634.1 | 1,339.16 | 391.33 |
| Profit After Tax | 73.59 | 164.05 | 56.62 |
| Net Worth | 627.78 | 554.65 | 109.37 |
| Total Borrowing | 194.45 | 24 | 128.15 |


**નાણાકીય પરિણામો** : કંપની ૨૦૨૩ પૂર્વ પ્રોપરાઈટર્સ ફર્મ તરીકે કામગીરી કર રહી હતી અને છેલ્લા બે વર્ષમાં કંપનીએ ૨૦૨૩માં ૩.૮૩ કરોડના વેચાણો પર ૫૬.૬૨ લાખ, ૨૦૨૪માં ૧૩.૩૯ કરોડના વેચાણો પર ૧.૬૪ કરોડનો થયો છે. સપ્ટે. ૨૦૨૪ સુધીમાં વેચાણો ૬.૨૮ કરોડ અને નેટનફો ૭૩.૫૯ લાખનો દર્શાવેલ છે.આઈબીઆઈટીડીએ માર્જીન સતત ૧૭ થી ૧૮ ટકા જેટલું ઉભું રહ્યું છે. આમ કંપની આકર્ષક માર્જીન સાથે ધરાવે છે. કંપનીએ તાજેતરમાં તેની એફએમસીજી પ્રોડક્ટો, બીટુબી ગ્રાહકો માટે વિતરણમાં મુકી છે. હાલ કંપનીની કુલ અવાકમાં ૫૫ ટકા આવક ગારમેન્ટ બિઝનેસમાંથી અને બાકીની આવક એફએમસીજી ડીસ્ટ્રીબ્યુશન દ્વારા મેળવી રહી છે. કંપની હાલમાં દિલ્હી, વેસ્ટ બંગાળ, યુપી અને બિહારમાં કાર્યરત છે. કંપનીની છેલ્લા બે વર્ષમાં એવરેજ શેરદીઠ કંપની ૩.૬૯ અને રીટર્ન ઓન નેટવર્થ ૩૬.૮૯ દર્શાવેલ છે.




કંપનીને ૨૦૨૩માં પ્રોફીટ માર્જીન ૨૦૨૩માં ૧૪.૭૮ ટકા, ૨૦૨૪માં ૧૨.૨૫ ટકા, ૨૦૨૫માં વર્ષના પ્રથમ અર્ધવાર્ષિક અનુક્રમે ૩૩.૨૧ ટકા, ૫૫.૩૨ ટકા, અને ૧૫.૩૭ ટકા દર્શાવી રહી છે. આમ કંપની તેના બિઝનેસમાં તથા કામગીરીમાં સંગીન પ્રગતિ દર્શાવી રહી છે તે જોતાં આ ઈસ્યુના શેરમાં મધ્યમથી લાંબાગાળાનું રોકાણ ફાયદાકારક રહેવા વકી છે. વર્તમાન કરેકશનમાં આ શેર ખરીદીનો મોકો ઝડપી લેવાય.

# તાજેતરમાં મૂડીબજારમાં પ્રવેશેલા ચાર SME-IPO : વર્તમાન કરેક્શનમાં ખરીદી માટેની તક પૂરા પાડતા શેરોમાં સારા રિટર્ન માટે મોકો ઝડપી લેવાય




## Newmalayalam Steel Ltd

**NSE - SME: NMSTEEL :** હાલના શેરનો ભાવ ૬૦.૫૫ જેવો પ્રવર્તે છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૯૦ અને નીચામાં ૫૯.૨૫નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૧૦૪ કરોડ, બુકવેલ્યુ ૨૬.૦૯ છે. કંપની તેના ઉત્પાદન એકમમાં સ્ટેટ ઓફ ધ આર્ટ ફેસીલીટી ધરાવે છે. અને વિશાળ રેન્જમાં ગેલ્વેનાઈઝ સ્ટીલ પાઈપ, જીપી ટ્યુબ, એસએસ ટ્યુબ અને પાઈપનું ઉત્પાદન કરે છે. કંપની કેરાલા ખાતે કોન્ટ્રેક્ટર્સ બિલ્ડર્સ કન્ટ્રકશન, પ્લમબીંગ અને ઈન્ડસ્ટ્રીયલ એપ્લીકેશન માટેની જરૂરિયાતો સપ્લાય કરે છે.



કંપનીએ તાજેતરમાં ૧૯ ડિસે. ૨૦૨૪ના રોજ રૂ. ૧૦ની કિંમતનો એક એવા ૪૬,૪૦,૦૦૦ શેરો રૂ. ૮૫ થી ૯૦ની પ્રાઈસબેન્ડની ઓફર કરવા મુડીબજારમાં પ્રવેશી અને ઈસ્યુ ૨૩ ડિસે.ના રોજ બંધ થયો છે કંપનીએ ઈસ્યુ મારફતે ૪૧.૭૬ કરોડનું ભંડોળ ઉભું કર્યું છે. આ ઈસ્યુ કુલ ૫૦.૬૦ ગણો ભરાયો હતો. જેમાં કયુઆઈપીમાં ૧.૨૬ ગણો, હાઈનેટવર્થમાં ૨૪.૬૩ ગણો, રીટેલમાં ૮૭.૭ ગણો ભરાયો હતો. આ ઈસ્યુનું એનએસઈ-એસએમઈ ખાતે ૨૭ ડિસે.ના રોજ લીસ્ટીંગ ૯૦ના ભાવે થયું હતું. કંપનીએ છેલ્લા ૩ વર્ષના એવેરજ ઈપીએસ ૪.૧૬ અને રીટર્ન ઓન નેટવર્થગ ૧૪.૫૨ ટકા દર્શાવેલ છે.

**નાણાકીય પરિણામો (રૂ. લાખમાં)**

| Period Ended | 30/06/24 | 31/03/24 | 31/03/23 | 31/03/22 |
|---|---|---|---|---|
| Assets | 11,032.77 | 11,208.19 | 8,734.83 | 9,001.66 |
| Revenue | 15,533.82 | 30,314.80 | 35,995.71 | 32,360.91 |
| Profit After Tax | 519.30 | 426.86 | 600.49 | 673.06 |
| Net Worth | 4,566.44 | 4,047.14 | 3,620.28 | 3,019.79 |
| Reserves and Surplus | 3,301.68 | 2,782.38 | 2,355.52 | 1,755.03 |
| Total Borrowing | 3,917.94 | 5,911.15 | 2,815.22 | 4,920.06 |

ન્યુમલયાલમ સ્ટીલ લિમિટેડ, ૨૦૧૭ માં સ્થપાયેલ, તેના જાણીતા બ્રાન્ડ નામ, "ડેમેક સ્ટીલ" હેઠળ ગેલ્વેનાઈઝ્ડ પાઈપો, ટ્યુબ અને શીટ્સના ઉત્પાદનમાં રોકાયેલી છે. ઈલેક્ટ્રિક રેઝિસ્ટન્સ વેલ્ડીંગ (ERW) ટ્યુબ મિલ અને ૩,૫૦૦ MT ની સ્થાપિત ક્ષમતા સાથે, કંપની ભારતમાં કેરળમાં તેના ઉત્પાદન એકમમાંથી કાર્ય કરે છે. તેના ગ્રાહકોમાં જયહિંદ સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ, આશિકો વેન્ચર્સ એલએલપી, જ્યોર્જ ઈન્ફ્રા પ્રાઈવેટ લિમિટેડ જેવા અગ્રણી નામોનો સમાવેશ થાય છે. ગુણવત્તા અને ઉત્પાદનની વિશ્વસનીયતા પ્રત્યે કંપનીની પ્રતિબદ્ધતાએ કેરળના સ્પર્ધાત્મક સ્ટીલ બજારમાં મજબૂત બ્રાન્ડ ઈક્વિટી સ્થાપિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. "ડેમેક સ્ટીલ" પ્રોપરાઈટરી ફર્મને પ્રાપ્ત કર્યા પછી, ન્યૂમલયાલમ સ્ટીલ લિમિટેડે બીજી ૩,૫૦૦ MT ERW ટ્યુબ મિલ ઉમેરીને ૨૦૧૮ માં ઉત્પાદન કામગીરી શરૂ કરી હતી. કંપનીના ગેલ્વેનાઈઝ્ડ પાઈપો અને ટ્યુબનો કેરળના ઘરોમાં વ્યાપકપણે ઉપયોગ થાય છે, ખાસ કરીને ગરમીને ઘટાડવા, લિકેજ અટકાવવા અને ટકાઉપણું વધારવા માટે રૂફિંગ સોલ્યુશન્સ માટે. ગેલ્વેનાઈઝેશન પ્રક્રિયા રસ્ટ પ્રતિકાર, ઉત્પાદનના જીવનકાળ અને એકંદર ગુણવત્તાને વધુ સુનિશ્ચિત કરે છે. તેના ઉત્પાદનોની સતત માંગને ઓળખીને, કંપનીએ ૨૦૧૯ માં વધારાની ૪,૦૦૦ MT ERW ટ્યુબ મિલ સ્થાપિત કરીને તેની ઉત્પાદન ક્ષમતાનો વિસ્તાર કર્યો હતો. આ વ્યૂહાત્મક પગલાએ કંપનીને આ પ્રદેશમાં તેની હાજરીને મજબૂત બનાવતા બજારની વધતી માંગને વધુ સારી રીતે પૂરી કરવામાં સક્ષમ બનાવ્યું છે. કંપનીએ સમગ્ર કેરળમાં મજબૂત વ્યાપક ડીલર નેટવર્ક બનાવ્યું છે, જે સ્થાનિક કોન્ટ્રાક્ટરો અને રિટેલરોને કાર્યક્ષમ રીતે સેવા આપે છે. ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીમાં કંપની ૧૨૧ ડીલરો અને ૨૧૪ સીધા ગ્રાહકોનું મજબૂત નેટવર્ક ધરાવે છે.

### ગુણવત્તા

કંપની સમયસર ડિલિવરી દ્વારા અમારા ઉત્પાદનોનું ઉત્પાદન, ડિલિવરી અને સાતત્યપૂર્ણ ગુણવત્તા જાળવી રાખવા માટે પ્રતિબદ્ધ છે, સંપૂર્ણ ગ્રાહક સંતોષ પ્રાપ્ત કરવા માટે ગુણવત્તા વ્યવસ્થાપન સિસ્ટમ પ્રક્રિયાઓની અસરકારકતામાં સતત સુધારો કરી રહી છે.

### વિઝન

કંપની ગુણવત્તાયુક્ત સેવાઓ, પારદર્શિતા અને સંપૂર્ણ ગ્રાહક પ્રત્યે પ્રતિબદ્ધતા પર ધ્યાન કેન્દ્રિત કરીને સ્ટીલ વેપાર ઉદ્યોગમાં અગ્રણી વૈશ્વિક ખેલાડી બનવાનો પ્રયત્ન કરી છે.

### ઇન્ફ્રાસ્ટ્રક્ચર

કોઈપણ સ્થાપત્યની વિશ્વસનીયતા અને પરાક્રમને વ્યાખ્યાયિત કરવામાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. કંપનીનું મુખ્ય કાર્યાલય માલા, થ્રિસુર ખાતે સ્થિત છે. આ ઉપરાંત, કંપની પાસે પલક્કડ ખાતે મલ્ટિબોર્ડ ફેક્ટરી પણ છે. કંપની પાસે ગ્રાહકોને માલ પહોંચાડવા માટે સરપ્લસ જગ્યા અને વાહનોનો સારો કાફલો છે

કંપનીના વેચાણમાં પાછલા ત્રણ વર્ષમાં ખાસ વૃદ્ધિ જોવા મળી નથી, ૨૦૨૪માં વેચાણમાં ઘટાડો પણ નોંધાયો છે. સ્ટીલ ક્ષેત્રમાં ડાઉનસાયકલને લીધે આ સ્થિતિ હોય તે જણાઈ રહ્યું છે. જોકે, વેચાણમાં ઘટાડા છતાં માર્જીન્સ એકંદરે સ્થિર રહ્યા છે. પાછલા ત્રણ વર્ષમાં કંપનીએ વેચાણ અને ચોખ્ખો નફો અનુક્રમે રૂ. ૩૧૭.૯૧ કરોડ / રૂ. ૬.૭૩ કરોડ (FY22), રૂ. ૩૫૪.૭૯ કરોડ / રૂ. ૬.૦૦ કરોડ (FY23) અને રૂ. ૩૦૦.૧૬ કરોડ / રૂ. ૪.૨૬ કરોડ (FY24) રહ્યો છે. સપ્ટેમ્બર અર્ધ-વાર્ષિકગાળામાં વેચાણ રૂ. ૧૫૪.૨૧ કરોડ રહ્યું છે જયારે ચોખ્ખો નફો રૂ. ૫.૧૯ કરોડ રહ્યો છે જે પાછલા સંપૂર્ણ વર્ષ કરતાં વધુ છે. એબીટડા માર્જીન પણ ૬.૧૭% સાથે લગભગ બમણા જેટલું વિસ્તર્યું છે. માર્ચ ૨૦૨૪ની સરખામણી પર દેવામાં ઘટાડો નોંધાયો છે. કંપની તેની હાલની જગ્યામાં નવા ફેક્ટરી શેડનું નિર્માણ કરીને તેની ઉત્પાદન ક્ષમતાને વિસ્તારવાની યોજના ધરાવે છે. જેને માટે ઈશ્યુ ભંડોળનો અમુક હિસ્સો ઉપયોગમાં લેવાની યોજના છે. વધુમાં, કંપની અસંગઠિતમાંથી સંગઠિત ખેલાડીઓ તરફ સંક્રમણને પગલે બજારનો મોટો હિસ્સો મેળવવા માટે તેની બ્રાન્ડની હાજરીને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.



# AGS ટ્રાન્ઝેક્ટ ટેકનોલોજી લિ.-૫૪૩૪૫૧: વોલ્યુમ સાથે વર્તમાન નીચા ભાવે થઈ રહેલ એક્યુમેલેશને ગમે ત્યારે ભળતી તેજી જોવાય

AGS

ડિસેમ્બર ૨૦૦૨માં એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજી લિમિટેડની સ્થાપના કરવામાં આવી હતી. તેની સ્થાપના કરવામાં આવી ત્યારે તે એજીએસ ઈન્ફોટેક પ્રાઈવેટ લિમિટેડ તરીકે જાણીતી હતી. ૨૦૧૦ની સાલમાં કંપનીનું નામ બદલીને એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડ કરવામાં આવ્યુ હતું.

એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજી લિમિટેડ ભારતની અગ્રણી કંપનીઓમાંથી એક છે. આ એક પેમેન્ટ ગેટવે ચલાવતી કંપની છે. તેની મદદથી બહુ જ ઝડપથી પેમેન્ટ થઈ શકે છે. આમ એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડ ઓમ્નિચેનલ પેમેન્ટ સોલ્યુશન પૂરું પાડે છે. તેમાં પેમેન્ટની પ્રોસેસનું વ્યવસ્થિત રીતે થાય છે. કસ્ટમરે કરેલા દરેક પેમેન્ટની વિગતો તેના પર જોઈ શકાય છે. પેમેન્ટના કામકાજ સાથે સંકળાયેલી એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજી લિમિટેડ ભારતની બીજા ક્રમની સૌથી મોટી કંપની છે. એટ-ીએમ મેનેજમેન્ટ સર્વિસના માધ્યમથી રેવન્યુ જનરેટ કરવામાં અગ્રણી કંપની તરીકેનું સ્ટેટસ ધરાવે છે. ભારતના મોટાભાગના પેટ્રોલ પમ્પ પર એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડના પેમેન્ટ સ્વીકારવાના મશીનો ચાલી રહ્યા છે. કંપની એટીએમ આઉટસોર્સિંગ ઇન્ટેલિજન્ટ કેશ ડિપોઝિટની સેવા પણ પૂરી પાડે છે. ડિજિટલ પેમેન્ટની સર્વિસ પણ કંપની પૂરી પાડે છે.

એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજી લિમિટેડ આ સેવા માત્ર ભારતમાં જ નથી આપતી. ભારતની બહાર એશિયાના દેશોમાં પણ તે આ સેવાઓ પૂરી પાડી રહી છે. ભારતની બહાર એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડની સેવા લેનારા દેશોમાં શ્રીલંકા, કોમ્બોડિયા, સિંગાપોર, ઇન્ડોનેશિરા અને ફિલિપિન્સ સહિતના દેશોનો સમાવેશ થાય છે.

કંપની એટીએમ મેનેજ કરવની સીઆરએમ મેનેજ કરવાની સેવા પૂરી પાડે છે. તદુપરાંત રોકડનું નિયમન કરવાની સેવા પણ પૂરી પાડી રહી છે. ડિજિટલ પેમેન્ટ માટેની સેવા પણ પૂરી પાડી રહી છે. ટ્રાન્ઝેક્શન સ્વિચિંગ સર્વિસ, પોઈન્ટ ઓફ સેલ મશીન સર્વિસ, એજન્સી બેંકિંગ સર્વિસ પણ કંપની પૂરી પાડે છે.

કંપની અંદાજે ૧૫૦૦૦થી વધુ એટીએમ અને સીઆરએમ આઉટ સોર્સિંગથી ચલાવે છે. તેમ જ ૧૮,૦૦૦થી વધુ એટીએમ અને સીઆરએમ મેનેજ કરવાની સર્વિસ પૂરી પાડે છે. ભારતના મોટાભાગના પેટ્રોલ પમ્પ પર તેના પોઈન્ટ ઓફ સેલ મશીન સક્રિય છે. હિન્દુસ્તાન પેટ્રોલિયમ, ઇન્ડિયન ઓઈલ કોર્પો-રેશનમાં તેના પોઈન્ટ ઓફ સેલ મશીન ચાલી રહ્યા છે. આ મશીન ૨૦,૦૦૦થી વધુ પેટ્રોલ પમ્પ પર ચાલુ હોવાનો અંદાજ છે. આ જ રીતે ડૉ. લાલ પેથલેબ, પતંજલિ આયુર્વેદના સ્ટોર્સ, આર.જે. કોર્પ લિમિટેડ, વીઆરઆઈપીએલ રિટેઈલ પ્રાઈવેટ લિમિટેડ અને ઓર્ગેનિક ઇન્ડિયા તેના કોર્પોરેટ ક્લાયન્ટ છે.


એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડ બેંકિંગ સોલ્યુશન્સ પર પૂરા પાડે છે. એટીએમ અને સીઆરએમનું વેચાણ પણ એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડ કરે છે. દેશમાં ૫૦,૦૦૦થી વધુ










**એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજી (૫૪૩૪૫૧)** : રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૬૧.૨૦ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૧૨૬.૭૫ અને નીચામાં ૬૦.૫૦નો ભાવ જોવાયો છે. માર્કેટ-કેપ ૭૮૬ કરોડ અને બુકવેલ્યુ ૪૦.૬૦ છે. બુકવેલ્યુ સામે આ શેર ૧.૫૧ના પીઈથી મળે છે. સપ્ટે. ૨૪ આખરે પુરા થતા ક્વાર્ટરમાં ૩૫૨ કરોડના વેચાણો પર નેટનફો ૧૫ કરોડનો થયો છે. ૨૦૨૪ના આખરે પુરા થતા વર્ષમાં ૧૪૧૪ કરોડના વેચાણો પર નેટનફો ૯ કરોડ થયો છે. કંપનીની કુલ ઈક્વીટી ૧૨૧ કરોડ અને રીઝર્વ ૪૧૩ કરોડનું છે. પ્રમોટર્સ ૫૯.૦૬ ટકા, એફઆઈઆઈ ૦.૪૧ ટકા, સ્થાનિક સંસ્થાઓ ૬.૧૨ ટકા અને પબ્લિક ૩૪.૧૬ ટકા હોલ્ડીંગ ધરાવે છે. કુલ શેરધારકો ૯૨૯૨૩ છે. આ શેરમાં હાલમાં નીચા ભાવે નવેસરથી એક્યુલેશન થઈ રહ્યું છે. અને આ શેરમાં વર્તમાન ભાવે ખરીદી કરનારને ગમે ત્યારે તેજીની ચાલે ભળતી તેજી જોવા મળી શકે.

- **ભારતના મોટાભાગના પેટ્રોલ પમ્પ પર એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડના પેમેન્ટ સ્વીકારવાના મશીનો ચાલી રહ્યા છે.**
- **એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડ કેશ ડિપોઝિટની સેવા ભારત શ્રીલંકા, કોમ્બોડિયા, સિંગાપોર, ઇન્ડોનેશિરા અને ફિલિપિન્સમાં પણ સેવા આપે છે**
- **કંપનીના ક્લાયન્ટ્સમાં હિન્દુસ્તાન પેટ્રોલિયમ, ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન ડો. લાલ પેથલેબ, પતંજલિ આયુર્વેદના સ્ટોર્સ, એલ એન્ડ ટી, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, આર.જે. કોર્પ લિમિટેડ, વીઆરઆઈપીએલ રિટેઈલ પ્રાઈવેટ લિમિટેડ અને ઓર્ગેનિક ઇન્ડિયાનો સમાવેશ થાય છે.**

એટીએમ અને સીઆરએમ પર એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડ કેશ મેનેજમેન્ટ કરી આપી રહી હોવાનો અંદાજ છે. સેલ્ફ સર્વિસ ટર્મિનલનુ, કરન્સી ટેક્નોલોજી પ્રોડક્ટ્સનું વેચાણ પણ એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડ કરે છે. તેને માટે જોઈતી સેવાઓ પણ પૂરી પાડે છે. આજે એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડ પાસે ૬૦થી વધારે બેંકિંગ કસ્ટમર્સ હોવાનો અંદાજ છે. તેના કસ્ટમર્સમાં આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક, દેના બેંક, ધનલક્ષ્મી બેંક અને એચડીએફસી બેંકનો પણ સમાવેશ થાય છે.

એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજી લિમિટેડ સિસ્ટમ ઓટોમોશનના પ્રોડક્ટ્સ, સિસ્ટમ ઇન્ટિગ્રેશનના પ્રોડક્ટ્સ તથા દૂર દૂરના વિસ્તારોમાં ગયા વિના જ સમગ્ર સિસ્ટમને મેનેજ કરી શકે તેવા પ્રોડક્ટ્સ પણ એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડ પૂરા પાડે છે. રોકડના બિલિંગના અંદાજે ૪૭,૦૦૦થી વધુ ટર્મિનલ સક્રિય છે. કંપનીએ કલર ડિસ્પેન્સિંગ માટે ૯૦૦૦૦ જેટલા મશીનો ઇન્સોટલ કરેલા છે. એશિયન પેઈન્ટ્સ, બર્જર પેઈન્ટ્સ પણ તેના ક્લાયન્ટ્સ છે. કંપની ૨૨૦૦ શહેર અને નગરોમાં તેની અલગ અલગ સેવાઓ પૂરી પાડી રહી છે. એલ એન્ડ ટી તથા એચપીસીએલ પણ કંપનીના ક્લાયન્ટ જ છે.

એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજી લિમિટેડની તાકાતની વાત કરવામાં આવે તો સર્વગ્રાહી ઓમ્નિ પેમેન્ટ ચચેનલ અને રોકડની વ્યવસ્થા કરવાની સેવા પૂરી પાડી રહી છે. કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં ખાસ્સી વિવિધતા જોવા મળી રહી છે તે પણ કંપનીનું મોટુ જમા પાસું છે. એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડ પાસે દરેક સમસ્યાઓના પોતાની રીતે ઉકેલ આપતી ટેક્નોલોજી તૈયાર કરવાનું સામર્થ્ય છે. આમ દરેક સમસ્યાના ઇન હાઉસ સોલ્યુશન કંપની શોધી શકે છે. ૨૦૦૯માં એટીએમ આઉટ સોર્સિંગ અને મેનેજમેન્ટની સર્વિસ ચાલુ કર્યા પછી ૨૦૧૬ કંપનીઓ પોતે જ દમણ ખાતે એટીએમ મેન્યુફેક્ચરિંગ કરવાનું ચાલુ કરી દીધું છે. તેની સાથે જ ડિજિટલ પેમેન્ટના પ્લેટફોર્મનું ફલક વિસ્તારી દીધું છે.

ક્યૂઆર કોડ આધારિત નાણાંનો ઉપાડ કરવા માટેની એજીએસ ક્યૂઆર કેશ ઇન્ડિયાની નવી સિસ્ટમ કંપનીએ ઇન્ટ્રોડ્યૂસ કરી છે. એટીએમ પર આ સિસ્ટમ ઇન્ટ્રોડ્યૂસ કરી છે. આમ ઇન્ટિગ્રેટેડ પેમેન્ટ સોલ્યુશન્સ આપવાની દિશામાં પાયાની કામગીરી એજીએસ ટ્રાન્ઝેક્ટ્સ ટેક્નોલોજી લિમિટેડે કરી છે. ઓક્ટોબર ૨૦૨૪થી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા માટે ક્યૂઆર કોડ આધારિત પેમેન્ટ સિસ્ટમ ચાલુ કરી આપી છે. સ્ટેટબેંકની મોબાઈલ એપમાં આ ફિચર ઉમેરી આપ્યું છે.હવે રોકડના ઉપાડ માટે કાર્ડનો ઉપયોગ કરવો પડશે નહિ. માત્ર એપનો ઉપયોગ કરીને કસ્ટમર નાણાંનો ઉપાડ કરી શકશે. આ રીતે સ્ટેટબેંકના ૧૩૫૦ એટીએમની ક્યૂઆર કોડ આધારિત વિડ્રોઅલ સિસ્ટમ સાથે જોડી આપ્યા છે. સ્ટેટબેંક, પંજાબ નેશનલ બેંક અને યુનિયન બેંક ઓફ ઇન્ડિયાના ૮૦૦૦ એટીએમને જોડવાની કામગીરી એજીએસ ટેક્નોલોજીસ કરી રહી હોવાથી તેની આવકમાં વધારો થતાં તેના શેર્સના બજાર ભાવ પર પણ પોઝિટીવ અસર જોવા મળી રહી છે. તેના શેરના ભાવમાં અંદાજે નવથી દસ ટકાનો ઊછાળો જોવા મળ્યો હતો.

કંપનીએ વિશ્વભરમાં ટેક્નોલોજી પૂરી પાડતી કંપની ડાઈબોલ્ડ નિક્સડોર્ફ-એસીઆઈ સાથે લાંબા સમયથી જોડાણ કરી રાખેલું છે તે પણ તેનું મોટુ જમા પાસું છે. કંપની પાસે પોતાની ટેક્નોલોજીની ક્ષમતા હોવા ઉપરાંત ટેક્નોલોજી તૈયાર કરવા માટે પોતાની પાસે ખાસ્સી માળખાકીય સુવિધા ઉપલબ્ધ છે. કંપનીએ ઓપન લૂપ કોબ્રાન્ડે પ્રીપેઈડ કાર્ડ પણ લોન્ચ કર્યા છે. ફાસ્ટમુવિંગ કન્ઝ્યુમર ગુડ્સના ક્ષેત્રની કંપનીના સહયોગમાં આ કાર્ડ લોન્ચ કર્યા છે. પરિણામે તેના શેર્સના ભાવમાં ઊછાળો પણ આવ્યો છે.

હા, છેલ્લા થોડા મહિનાઓમાં એજીએસ ટ્રાન્ઝેક્ટ ટેક્નોલોજી લિમિટેડની ઓપરેટીંગ ઇંકમમાં થોડો ઘટાડો થયો છે. પરંતુ ચોખ્ખો નફો જળવાઈ રહ્યો છે.કારણ કે કંપની ડિજિટલ ઇન્ડિયામાં ડિજિટલ પેમેન્ટની તેની પહોંચમાં સતત વધારો કરી રહી છે. તેને માટે કંપની પ્રીપેઈડ કાર્ડના પ્લેટફોર્મને મેનેજ કરવાનું કામ પણ સ્વીકારી રહી છે. ઇન્ડિયન ઓઈલ કોર્પોરેશન માટે કંપનીઓ આ કામગીરી સ્વીકારી છે.

ચેન્નઈના મેટ્રો રેલના પ્રવાસીઓ માટે નેશનલ કોમન મોબિલીટી કાર્ડ બનાવ્યા છે. આમ કંપની નવી બિઝનેસ ઓપોર્ચ્યુનિટી શોધીને તેમાંથી કામ વધારવાનો પ્રયાસ કરી રહી છે. દેશના બીજા શહેરોમાં માટે પણ મોબિલિટી કાર્ડનો ઓર્ડર મેળવવા કંપની પ્રયત્ન કરી રહી છે. તેનો ફાયદો આગામી મહિનાઓમાં જોવા મળશે. તેનાથી વધનારી આવકની અસર તેના શેર્સના પરફોર્મન્સ પર પણ જોવા મળશે.

# નાનો પણ રાઈનો દાણો : વિશ્વરાજ સુગર ઈન્ડસ્ટ્રીઝ લિ.ના શેરમાં બજેટ અગાઉ મોટી ચહલપહલે તેજીની મીઠાશ વધારે

## ખાંડ ઉપરાંત વીજળીનું રેક્ટિફાઈડ સ્પિરીટ અને ન્યુટ્રલ સ્પિરીટ, ઈથેનોલ, વિનેગરના ઉત્પાદન કરી રહેલી કંપની: ઈથેનોલ-વીજળીના ઉત્પાદન થકી વધારી આવકમાં થઈ રહેલો નોંધપાત્ર વધારો




**વિશ્વરાજ સુગર (૫૪૨૮૫૨)** : બીએસઈ-એસએમઈ ખાતે લીસ્ટેડ રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ વધતા જતા વોલ્યુમ સાથે હાલમાં રૂ. ૧૪.૨૦ જ`વો પ્રવર્તે છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૨૧.૯૦ અને નીચામાં ૧૪.૧૦નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૩૦૯ કરોડ અને બુકવેલ્યુ ૧૨.૫૯ છે. આરઓસઈ ૮.૬૦ અને આરઓઈ ૫.૭૨ ટકા દર્શાવેલ છે. આ શેર બુકવેલ્યુ સાથે માત્ર ૧.૧૧ ગણા આકર્ષક ભાવે મળી રહ્યો છે. આ શેરમાં વર્તમાન ભાવે તથા દરેક ઘટાડામાં ૨/૩ના જોખમે ખરીદી કરનારને ગમે ત્યારે બજારની તેજીની ચાલને પગલે ભળતી તેજીનો લાભ મળે. હાઈરીસ્ક - હાઈ રીટર્ન માટે આ શેર ખરીદી માટે ખાસ ધ્યાનમાં રખાય. સુગર શેરોમાં બજેટ અગાઉ મોટી ફેન્સી જોવા મળે તો નવાઈ નહિ. કંપનીની કુલ ઈક્વીટી રૂ.૪૪ કરોડ છે. અને તે માટે કંપની ૨૩૬ કરોડનું તગડું રિઝર્વ ધરાવે છે.

વિશ્વરાજ સુગર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ખાંડના ઉત્પાદનના ક્ષેત્રની ૧૯૯૫માં સ્થાપવામાં આવેલી કંપની છે. આ કંપની ખાંડ ઉપરાંત વીજળીનું ઉત્પાદન પણ કરે છે. તેમ જ રેક્ટિફાઈડ સ્પિરીટ અને ન્યુટ્રલ સ્પિરીટ તથા ઈથેનોલ બનાવવા માટે ડિસ્ટીલરી પણ ચલાવે છે. ડિસ્ટીલરીમાં કંપની મોલાસિસ અને સુગરકેનના સિરપ-રસનો ઉપયોગ કરે છે. કર્ણાટક રાજ્યના બેલગામ જિલ્લાના બેલાડ બાગેવાડીમાં શેરડીનું વિપુલ ઉત્પાદન ધરાવતા વિસ્તારમાં કંપનીનું ઉત્પાદન એકમ આવેલું છે. કંપની વિનેગર-સરકાનું પણ ઉત્પાદન કરે છે. તેને નેચરલ આલ્કોહોલ વિનેગર તરીકે પણ ઓળખાવવામાં આવે છે. કંપની કોમ્પોસ્ટ-ખાતર, કાર્બન ડાયોક્સાઈડના મેન્યુફેક્ચરિંગની સાથે જ પેકિંગ અને સ્ટોરેજની સુવિધા પણ કંપની ધરાવે છે.

વિશ્વરાજ સુગર ઈન્ડસ્ટ્રીઝની શેરડીની પીલાણ કરવાની રોજની ક્ષમતા ૧૧૦૦૦ ટનની છે. ૨૦૦૬ની સાલમાં કંપનીએ બેકવર્ડ ઈન્ટિગ્રેશન કરીને કોમર્શિયલ ધોરણે શેરડીમાંથી સુગર મેન્યુફેક્ચરિંગ ચાલુ કર્યુ છે. તેની સાથે વીજળીના ઉત્પાદનની ક્ષમતામાં પણ વધારો કર્યો છે. ૨૦૦૮ની સાલમાં કંપનીએ ઈન્ડિયન મેડ લિકરનું બોટલિંગ પણ ચાલુ કર્યું હતું. ત્યારબાદ ૨૦૨૦ની સાલમાં ઈન્ડિયન મેડ લિકરનું મેન્યુફેક્ચરિંગ અટકાવી દેવામાં આવ્યું છે. અત્યારે વિશ્વરાજ સુગર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ શેરડીને પ્રોસેસ કરીને ખાંડ બનાવે છે. તેની આડપેદાશ તરીકે મોલાસિસ નીકળે છે. તેમાંથી નીકળતા શેરડીના રસમાંથી રેક્ટિફાઈડ સ્પિરિટ, ઈથેનોલ બનાવે છે. દરેક ઉત્પાદનનોની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવામાં કંપની સફળ રહી છે.

વિશ્વરાજ સુગર ૨.૪૨ લાખ ટન ખાંડ-સુગરનું ઉત્પાદન કરે છે. ૬.૬૦ લાખ ટન બગાસેનું ઉત્પાદન કરે છે. ૮૮૦૦૦ ટન મોલાસિસનું ઉત્પાદન કરે છે. ૩૦,૦૦૦ કિલોલિટર રેક્ટિફાઈડ સ્પિરીટ અને ઈથેનોલનું ઉત્પાદન કરે છે. ૨૧૦૦૦ કિલોલિટર એક્સ્ટ્રા ન્યુટ્રલ આલ્કોહોલ તથા ૧૦,૩૫૦ કિલો લિટર વિનેગર બનાવે છે. તેમ જ ૨,૮૦,૮૦૦ મેગાવોટ વીજળી પેદા કરે છે. વર્ષમાં ૨૦૦ દિવસ સુધી શેરડીના પિલાણની કામગીરી કરીને ઉપરોક્ત ઉત્પાદનો મેલવે છે. શેરડીમાંથી ૧૧ ટકાના દરે ખાંડ બનાવી શકે છે. ઓક્ટોબરથી એપ્રિલના ગાળામાં વિશ્વરાજ સુગરનું એકમ ધમધમતું રહે છે. કંપની તેને માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે. તેનાથી પિલાણ મહત્તમ ક્ષમતાએ થઈ શકે છે અને ખાંડનું વધુમાં વધુ ઉત્પાદન થઈ શકે છે. ખાંડની કણીના કદ પ્રમાણે તેને એમ, એમ ટુ, એસ વન અને એસ ટ્વેન્ટિટુ તથા એસ થર્ટીની કેટેગરીમાં મૂકવામાં આવે છે.

વિશ્વરાજ સુગર સારી ગુણવત્તાની ખાંડ બનાવે છે. સ્થાનિક બજારમાં તેની ખાંડની ડિમાન્ડ સારી છે. ઘર ઘરમાં અને ઔદ્યોગિક વપરાશ માટે તેની ખાંડ ખરીદાય છે. દેશના દરેક મોટા ખાંડના વપરાશકારોને કંપની સપ્લાય આપે છે. બિસ્કિટ મેન્યુફેક્ચરિંગમાં, ચોકલેટ અને ઠંડા પીણા બનાવવા માટે વિશ્વરાજ સુગરની ખાંડ વપરાય છે. વિશ્વરાજ સુગર દ્વારા બનાવવામાં આવતો વિનેગર આહારમાં ઉપયોગમાં લેવાને પાત્ર નથી. તેનો ઉપયોગ ઔદ્યોગિક હેતુ માટે



જ કરવામાં આવે છે. તેનો ઉપયોગ પ્રીઝર્વેટિવ તરીકે કરવામાં આવે છે. બેઝિક વિનેગર એક પ્રકારના હળવો એસિડ જ છે. ઉદ્યોગોમાં તેનો ઉપયોગ ક્લિનિંગ એજન્ટ તરીકે કરવામાં આવે છે. જોકે આ વિનેગરનો મોટાભાગે પ્રીઝર્વેટિવ તરીકે જ કરવામાં આવે છે. કાચા શાકભાજી અને ફળની નિકાસ કરતી વેળાએ તેનું આયુષ્ય લંબાવવા માટે આ વિનેગરનો ઉપયોગ કરવામાં આવે ચે. રોજના ૭૦ કિલોલિટર વિનેગરનું ઉત્પાદન કરવાની ક્ષમતા વિશ્વરાજ સુગર ધરાવે છે.

ખાંડનું ઉત્પાદન કરતી વખતે આડપેદાશ તરીકે તેમાંથી બગાસે પણ નીકળે છે. આ બગાસેનો ઉપયોગ ઔદ્યોગિક પ્રક્રિયા દરમિયાન બોઈલરનો ઉપયોગ કરીને વરાળની ગરમી પેદા કરવા માટે કરવામાં આવે છે. બગાસે એક પ્રકારનું બાયોફ્યુઅલ જ છે. તેની ગરમીથી ટર્બાઈન ગોળ ગોળ ફરે છે. આમ વીજળી પણ પેદા કરે છે. વિશ્વરાજના કો જનરેશન યુનિટની ઉત્પાદન ક્ષમતા ૩૬.૪ મેગાવોટ અને બે ટર્બાઈન જનરેટરની ઉત્પાદન ક્ષમતા અનુક્રમે ૧૩ મેગાવોટ અને ૨૨.૪ મેગાવોટની છે.

વીજળી એ એક અજોડ કોમોડિટી છે. તેનો સંગ્રહ થઈ શકતો નથી. વીજળી પેદા થાય ત્યારે જ તેનો વપરાશ કરી નાખવો પડે છે. વિશ્વરાજ સુગરના ખાંડ બનાવતા, ડિસ્ટીલરીના અને વિનેગર બનાવતા એકમોમાં જ આ વીજળી વપરાઈ જાય છે. આ વપરાશને કેપ્ટિવ પાવર કન્ઝમ્પશન તરીકે ઓળખાવવામાં આવે છે. પોતાના વપરાશ માટેની વીજળી ઉપરાંત વધારાની વીજળી બેલગામની વીજ કંપનીની ગ્રીડમાં નાખી દેવામાં આવે છે.ઈલેક્ટ્રિસિટી કંપની સાથે વિશ્વરાજ સુગરે પાવર પરચેઝ એગ્રીમેન્ટ પણ કર્યા છે. બેન્ગ્લોર ઈલેક્ટ્રિસિટી સપ્લાય કંપનીને આ વીજળી આપવામાં આવે છે. મેંગ્લોર ઈલેક્ટ્રિસીટી સપ્લાય કંપની, ગુલબર્ગ ઈલેક્ટ્રિસિટી સપ્લાય કંપની, હૂબલી ઈલેક્ટ્રિસિટી સપ્લાય કંપની અને મૈસૂરની ચામુંડેશ્વર ઈલેક્ટ્રિસિટી સપ્લાય કંપનીને આ વધારાની વીજળી વેચી દેવામાં આવે છે. આમ વધારાની ૨૨.૪ મોગાવોટ વેચી દેવામાં આવે છે. વિશ્વરાજ સુગર ૧૨ મેગાવોટ વીજળીનો ઉપયોગ કરી લે છે.

કંપની રેક્ટિફાઈલ સ્પિરિટ અને ન્યુટ્રલ સ્પિરિટનો ઉપયોગ ડિસ્ટીલેશનની પ્રક્રિયા માટે કરે છે. ૯૯.૬ ટકા એનહાડ્રોસ ઈથેનોલ ધરાવતા ઘટકને ડિહાઈડ્રેટ કરવા માટે વપરાય છે. આ ઈથેનોલ ઓઈલ માર્કેટિંગ કંપનીઓને વેચી દેવામાં આવે છે. તેમાં બીજા કેટલાક કેમિકલ્સ બહુ જ ઓછા પ્રમાણમાં મિક્સ કરીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. છેવટે તૈયાર થયેલા એન્હાઈડ્રોસ ઈથેનોલનો ઉપયોગ ઓઈલ માર્કેટિંગ કંપનીી પેટ્રોલમાં મિક્સ કરવા માટે ઉપયોગ કરે છે. અત્યારે ૧૫ ટકા જેટલો ઈથેનોલ પેટ્રોલમાં મિક્સ કરવાની છૂટ આપવામાં આવેલી છે. ઈથેનોલમાંથી એસ્ટર્સ, એલ્ડેહાઈડ અને કેટોન્સ જેવી અશુદ્ધિઓ દૂર કરવા માટે અને તેને નવેસરથી ડિસ્ટીલ કરવા માટે રેક્ટિફાઈડ સ્પિરિટનો ઉપયોગ કરવામાં આવે છે. આમ એક્સ્ટ્રા ન્યુટ્રલ ઈથેનોલ-ઈએનએ તૈયાર કરવામાં આઈવે છે. ઈએનઆઈનો ઉપયોગ આઈએમએલ પ્રોડક્ટ્સના બોટલિંગ અને બ્લેન્ડિંગ માટે કરવામાં આવે છે.વિશ્વરાજસુગર અગાઉ આઈએમએલના પ્રોડક્ટ્સ પર તૈયાર કરતી હતી. જોકે ૨૦૨૦ની સાલમાં ડિસ્ટિલેશનની ક્ષમતામાં વધારો કરવામાં આવ્યો તે પછી કંપનીએ આઈએમએલનું ઉત્પાદન અટકાવીને એન્હાડ્રોસ ઈથેનોલના મેન્યુફેક્ચરિંગ પર જ ફોકસ વધારી દીધું છે.

વિશ્વરાજ સુગર તેની ઈથેનોલ ઉત્પાદનની ક્ષમતામાં વધારો કરવાનું અને શેરડીના પિલાણની ક્ષમતામાં વધારો કરવાનું આયોજન કરી રહી છે. તેમ જ વીજળી ઉત્પાદન કરવાની ક્ષમતામાં પણ વધારો કરવાનું આયોજન કરી રહી છે. તેથી તેના ભાવમાં ખાસ્સો સુધારો જોવા મળી શકે છે.

જોકેછેલ્લા ત્રણેક વર્ષમાં કંપનીની વેચાણમાં અપેક્ષા પ્રમાણે વધારો થયો નથી. તેમ જ તેની આવકમાં પણ થોડો ઘટાડો જોવા મળ્યો છે.જોકે છેલ્લા થોડા દિવસોમાં સુગર સેક્ટરની કંપનીઓના શેર્સના ભાવમાં વધઘટ જોવા મળી રહી છે. સમગ્રતયા વિચાર કરવામાં આવે તો વિશ્વરાજ સુગર ઈન્ડસ્ટ્રીઝના શેર્સની બાબતમાં આઉટલૂક પોઝિટીવ જ છે.

# વર્તમાન કરેકશનમાં દરેક ઘટાડે ખરીદી કરવા જેવા સપ્તાહના હોટકેક શેરો - આર . વાય.

**એટલાસ સાયકલ (૫૦૫૦૨૯) :** રૂ. ૫ની ફેસ વેલ્યુ ધરાવતા અને બીએસઈ-એનએસઈ ખાતે લીસ્ટેડમાં કંપનીના શેરનો ભાવ મંદીના બજારમાં ઉછળતો રહી રૂ. ૧૧૨.૮૧ની ઉચી સપાટીએ પ્રવર્તે છે. ૫૨ સપ્તાહમાં નીચામાં ૬૩નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૭૩ કરોડ છે. આ શેરમાં છેલ્લા કેટલાક દિવસોથી જાણકારોની સટ્ટાકીય ખરીદીએ એક સપ્તાહમાં ૩૩.૬૮ ટકાનો ઉછાળો જોવયો છે. રૂ. ૧૦૨ના સ્ટોપલોસે આ શેરમાં ઉચા જોખમે સટ્ટાકીય ખરીદી કરનારને ૧૨૦/૧૨૫ આસપાસનો ભાવ જોવા મળી શકે.

**આઈટીઆઈ :** છેલ્લા બે સપ્તાહની આ શેરમાં ખરીદીના સંકેત અપાયા હતા. હાલ ૪૪૨.૭૦ જેવો ભાવ પ્રવર્તે છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૫૯૨.૭૦ અને નીચામાં ૨૧૦નો ભાવ જોવાયો છે. જંગી વોલ્યુમે આ શેરમાં તેજીનો તખ્તો ગોઠવાયો છે. એક મહિનામાં ૧૩.૫૪ ટકા, ૩ મહિનામાં ૭૯.૮૫ ટકા, ૧ વર્ષમાં ૪૪.૫૧ ટકા, ૨ વર્ષમાં ૩૪૯.૧૮ ટકાનું રિટર્ન મળ્યું છે. રૂ. ૪૦૦ આસપાસના મજબૂત્ ટેકાએ સટ્ટાકીય ખરીદી કરનારને પુનઃ ૫૦૦ પ્લસ ભાવ જોવા મળી શકે.

**મેવાર હાઈટેક :** હાલ આ શેરનો ભાવ ૧૩૯ જેવો છે. છેલ્લા એક સપ્તાહમાં ૪૬ ટકા જેટલો વધ્યો છે. ઉંચા જોખમે સટ્ટાકીય ખરીદી ૧૨૫ના સ્ટોપલોસે કરનારને ૧૪૫/૧૫૦ પ્લસ ભાવ જોવા મળી શકે.

**શુક્રા ફાર્મા :** ગત સપ્તાહે આ શેરની ભલામણ કરાઈ હતી. છેલ્લા એક સપ્તાહમાં ૧૭ ટકા વધવા સાથે ભાવ ૧૮૪ આસપાસ પ્રવર્તે છે. ૧૭૦ના સ્ટોપલોસે સટ્ટાકીય ખરીદી કરનારને ૧૯૦/૨૦૦ની રેન્જ વધઘટે જોવા મળી શકે.

**આરવી ડેનીમ :** આ શેર નોનસ્ટોપ તેજીની સર્કીટો સાથે વધતો રહી ૧૩૧.૪૦ની નવી ઉંચી સપાટીનો જોવાયો છે. માર્કેટકેપ ૩૦૮ કરોડ અને બુકવેલ્યુ ૭.૩૩ છે. આ શેર ૭.૫૯ની શેરદીઠ કમાણી સામે ૧૭.૩૧ના પીઈથી મળે છે. ઈન્ડસ્ટ્રીઝમા પીઈ ૩૧.૮૧ છે. છેલ્લા એક સપ્તાહમાં ૮.૩૨ ટકા, ૧ મહિનામાં ૪૮.૯૧ ટકા, ૩ મહિનામાં ૧૬૩.૪૨ ટકા, ૬ મહિનામાં ૩૩શ્ર.૨૬ ટકા ૧ વર્ષમાં ૩૦૬.૩૭ ટકા, ૨ વર્ષમાં ૪૩૯.૨૬ ટકા અને પાંચ વર્ષમાં ૮૪૩.૨૩ ટકાનું ઉડીને આંખે વળગે તેવું મલ્ટીબેગર રિટર્ન આપેલ છે. હજી આ શેર નોન-સ્ટોપ તેજીએ નવા નવા ઉચા ભાવો બજારનો જોવાય તો નવાઈ નહિ. ખરીદીન તક મળે તો ખરીદીનું જોખમ લેનારને આ શેર હજી વધુ અણધાર્યુ રિટર્ન નવા ઉચા ભાવો સાથે મળી શકે.

**કોલાબ કલાઉન્ડ (૫૪૨૮૬૬) :** રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ વધતા વોલ્યુમે ૩૨.૭૪ જેવો પ્રવર્તે છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૪૪.૧૫ અને નીચામાં ૮.૪૭નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૩૩ કરોડ, બુકવેલ્યુ ૧૯.૫૨ છે. આ શેર ૧૮.૯૨ના પીઈથી મે છે. છેલલા એક સપ્તાહમાં ૧૦.૩૧ ટકા, ૧ મહિનામાં ૫૫.૮૩ ટકા, ૩ મહિનામાં ૧૪૨.૧૬ ટકા , અને એક વર્ષમાં ૩૦૦ ટકાનું મલ્ટીબેગર રીટર્ન આપેલ છે. ૨૭ના સ્ટોપલોસે ભેગા કરાય. વધઘટે ૩૫ થી ૪૦ની રેન્જનો ભાવ નજીકમાં જોવાય.

**એરટેલ લિ. (૫૩૨૮૩૦) :** બીએસઈ-એનએસઈ અને લીસ્ટેડ આ કંપનીના રૂ ૧ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૫૨ સપ્તાહમાં ૨૪૫૪ના ઉચા ભાવની ઘટીને ૧૫૬૪ જેવો પ્રવર્તે છે. માર્કેટકેપ ૪૨૦૨૫ કરોડ છે. આ શેરમાં વર્તમાન નીચા ભાવે પોર્ટફોલિયોના રોકાણની તક ઝડપી લેનારને પુનઃ નજીકમાં ૧૬૫૦/૧૭૦૦ આસપાસનો ભાવ જોવા મળે.

**અરનવ ફેશન (૫૩૯૫૬૨) :** રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ હાલના મંદીના બજારમાં કરેકશનમાં ૭૧.૯૯ ના ઉચા મથાળેથી ઘટી ૬૩.૭૫ જેવો પ્રવર્તે છે. માર્કેટકેપ ૨૬૯ કરોડ અને બુકવેલ્યુ ૪૨.૩૭ છે. આ શેરમાં ૬૦ના મજબૂત ટેકાએ સટ્ટાકીય ખરીદી કરનારને પુનઃ તેજીની ચાલે ઉપરમાં નજીકમાં ૬૭ કુદાવતા ૭૦/૭૨/૭૫ પ્લસ ભાવ વધઘટે જોવા મળે. સટ્ટાકીય રોકાણ માટે આ શેર ખાસ ધ્યાનમાં રખાય. એક મહિનામાં ૧૧.૯૪ ટકા અને ૧ વર્ષમાં ૧૦૬.૫૮ ટકાનું રિટર્ન આપેલ છે.

**કામધેનુ (૫૩૨૭૪૧) :** તાજેતરમાં રૂ. ૧૦ની કિંમતના શેરનું રૂ.૧ ની કિંમતમાં વિભાજન થવા પામેલ છે. અહને હાલ જંગી વોલ્યુમે ૪૬.૪૦ આસપાસ પ્રવર્તે છે. રૂ. ૪૨/૪૪ના સપોર્ટને ધ્યાનમાં રાખીને આ શેરમાં સટ્ટાકીય ખરીદી કરનારને ૪૮ ઉપર ૫૦/૫૨ પ્લસ ભાવ ટુંકાગાળે નજીકની ચાલમાં જોવા મળી શકે.

**અંનતરાજ (૫૧૫૦૫૫) :** રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૮૮૫ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૯૪૭.૯૦ અને નીચામાં ૨૮૧ નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૩૦૨૬૨ કરોડ અને બુકવેલ્યુ ૧૧૧.૯૪ છે. છેલ્લા એક મહિનામાં વધતના જોતા વોલ્યુમે આ શેર ૧૯.૯૫ ટકા વધ્યો છે. ૬ મહિનામાં ૭૫.૩૩ ટકા, એક વર્ષમાં ૧૭૨.૨૨ ટકા, ૨ વર્ષમાં ૬૯૧.૩૭ ટકા, ૩ વર્ષમાં ૧૦૭૯.૪૧ ટકા, અને પાંચ વર્ષમાં ૨૧૫૨.૨૯ ટકાનું મલ્ટીબેગર રીટર્ન આપેલ છે. વર્તમન કરેકશનમાં દરેક ઘટાડે આ શેરમાં મધ્યમગાળાનું રોકાણ કરનારને ચાર આંકડા પ્લસનો ભાવ મળી શકે.

**હવા એનજીનીયર્સ (૫૩૯૧૭૬) :** રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૨૨૭જેવો છે. ૫૨ સપ્તાહમાં ૩૩૮ અને નીચામં ૧૧૭.૩૫નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૮૦ કરોડ, બુકવેલ્યુ ૫૧.૬૮ છે. છેલ્લા એક સપ્તાહમાં ૪.૦૭ ટકા વધ્યો છે. ૧ વર્ષમાં ૬૩.૪૪ ટકાનું રિટર્ન આપેલ છે. રૂ. ૨૦૫ના સ્ટોપલોસે સટ્ટાકીય ખરીદી કરનારને નજીકમાં ૨૫૦/૨૬૦ આસપાસનો ભાવ વધઘટે જોવા મળે.

**જીઓ ફાઈનાન્સ (૫૪૩૯૪૦) :** રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ વર્તમાન મંદીના સપ્તાહમાં ૩૯૪.૭૦ના ઉચા માથળેથી ઘટતો રહી ૨૮૦.૫૫ જેવો છે. માર્કેટકેપ ૧૭૮૨૪૧ કરોડ છે. આ શેરમાં દરેક ઘટાડે ૨૫૦ના ટેકાએ ટુંકાથી મધ્યમગાળે સટ્ટાકીય રોકાણ કરનાને ૩૦૦ ઉપર ૩૨૫ આસપાસનો ભાવ જોવા મળી શકે.

**ઓરીએન્ટ પાવર (૫૦૨૪૨૦) :** રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૩૪.૨૪ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૬૨.૨૦ અને નીચામાં ૩૧.૮૫નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૬૮૪ કરોડ છે. બુકવેલ્યુ ૭૬.૩૦ છે. આ શેરમાં ૩૦ ના સ્ટોપલોસે સટ્ટાકીય ખરીદી કરનારને ઉપરમાં વધઘટે ૩૬ ઉપર ૪૦/૪૨નો ભાવ જોવા મળી શકે.

**જીપીટી ઈન્ફ્રા (૫૩૩૭૬૧) :** રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૧૩૦ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૨૦૪ અને નીચામાં ૬૪નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૧૬૫૬ કોરડ, બુકવેલ્યુ ૨૪.૭૪ છે. આ શેર ૫.૦૨ની શેરદીઠકમાણી સામે ૨૬.૦૬ના પીઈથી મળે છે. એક વર્ષમાં ૬૫.૬૨ ટકા, ૨ વર્ષમાં ૩૦૦ ટકા, ૩ વર્ષમાં ૫૩૪૨ ટકા અને પાંચ વર્ષમાં ૧૯૪૪.૭૧ ટકાનું રિટર્ન આપેલ છે. વર્તમાન ઘટાડામાં ૧૧૫/૧૨૦ના સ્ટોપલોસે ઉચા જોખમે સટ્ટાકીય ખરીદી કરનારને નજીકમાં ૧૫૦/૧૫૫ આસપાસ ભાવ જોવા મળી શકે.

**એન્ટોની વેલ્ટ (૫૪૩૨૫૪) :** રૂ. ૫ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ સારા વોલ્યુમે ૬૧૧.૫૫ જેવો પ્રવર્તે છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૮૦૨ અને નીચામાં ૪૦૭૬.૨૫નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૧૭૩૫ કરોડ છે. બુકવેલ્યુ ૭૪.૬૭ છે. આ શેરમાં ૫૭૫ના સ્ટોપલોસે ટુંકાથી મધ્યમગાળનું સટ્ટાકીય રોકાણ કરનારને ૬૫૦/૭૦૦ પ્લસ ભાવ મળે.

**આરએસ સોફ્ટવેર (૫૧૭૪૪૭) :** રૂ. ૫ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૧૯૫ જેવો છે. માર્કેટકેપ ૫૦૪ કરોડ, બુકવેલ્યુ ૧૮.૮૬ છે. આ શેર ૯.૩૮ ની શેરદીઠ કમાણી સામે ૨૦.૮૪ના પીઈથી મળે છે. એક વર્ષમાં ૨૧૯.૬૪ ટકા, ૨ વર્ષમાં ૬૯૬.૧૭ ટકા અને પાંચ વર્ષમાં ૭૮૬.૪૮ ટકાનું રિટર્ન આ શેરમાં મળ્યું છે. રૂ. ૧૭૦ના ટેકાએ ટુંકાથી મધ્યમાગળે રોકાણ કરનારને ૨૦૦ ઉપર ૨૨૫/૨૩૦ આસપાસનો ભાવ મળી શકે.

**એનસીસી (૫૦૦૨૯૪) :** રૂ. ૨નીફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૨૫૧ જેવો છે. માર્કેટકેપ ૧૫૭૬૨ કરોડ અને બુકવેલ્યુ ૧૦૯.૪૩ છે. આ શેર ૧૩.૨૬ની શેરદીઠ કમાણી સામે ૧૮.૯૩ના પીઈથી મળે છે. રૂ.૨૨૫/૨૩૦ના ટેકાએ સટ્ટાકીય ખરીદી કરનારને ઉપરમાં ૨૭૦/૨૭૫ નો ભાવ વધઘટે જોવા મળે.

## એસએમઈ શેરો

**ચાવડા ઈન્ફ્રા :** એનએસઈ ખાતે લીસ્ટેડ આ કંપનીના શેરનો ભાવ ૧૬૪ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૨૦૮.૮૫ અને નીચામાં ૯૦.૨૦નો ભાવ જોવાયો છે. ૧૦૦૦ શેરોનો લોટ છે. ૧૫૫ના સ્ટોપલોસે દરેક ઘટાડે આ શેરમાં રોકાણ ગમે ત્યારે ભળતી તેજી થકી ઉચું રિટર્ન અપાવે. ૧૭૦/૧૭૫ ઉપર આ શેર પુનઃ ૨૦૦ની સપાટી પાર કરતો જોવા મળી શકે.

**રાજેશ પાવર :** બીએસઈ લીસ્ટેડ આ કંપનીના શેરનો ભાવ બે બાજીની તોફાન વધઘટે ૧૧૫૩ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ૧૨૪૮, અને નીચામાં ૬૩૬.૫૦ નો ભાવ જોવાયો છે. મહારથીઓ સક્રીય છે. ૧૦૦૦ આસપાસના ટેકાએ આ શેરમાં સટ્ટાકીય ખરીદીનું જોખમ લેનાને નજીકમાં ૧૨૦૦ ઉપર ૧૨૫૦/૧૩૦૦ આસપાસનો ભાવ જોવા મળે તો નવાઈ નહિ.







THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT. THIS DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA

KK JEWELS

# KABRA JEWELS LIMITED

**Corporate Identity Numbers: U52393GJ2010PLC061692**

(Please scan this QR code to view the Red Herring Prospectus)

Our company was originally incorporated and registered as a private limited company under Companies Act, 1956 in the name and style of 'Kabra & Malpani Jewels Private Limited' vide certificate of incorporation dated July 21, 2010 issued by the Registrar of Companies, Gujarat, Dadra and Nagar Haveli. Pursuant to a resolution of our Board dated May 10, 2012 and a resolution of our shareholders dated June 07, 2012, the name of our company was changed to 'Kabra Jewels Private Limited' and a fresh certificate of incorporation dated June 28, 2012 was issued by Registrar of Companies, Gujarat, Dadra and Nagar Haveli. Pursuant to a resolution of our Board dated April 15, 2024 and a resolution of our shareholders dated May 11, 2024, our Company was converted into a public limited company under the Companies Act, and consequently the name of our company was changed to 'Kabra Jewels Limited', and a fresh certificate of incorporation dated August 05, 2024 issued by Registrar of Companies, Central Processing Centre.

**Registered Office:** 6 Ground Floor, Iscon Center, Besides Tanishq, Shivranjani Cross Road, Satellite, Ahmedabad - 380015, Gujarat, India.
**Website:** https://kkjewels.org/; | **E-Mail:** cs.kkjewels@gmail.com; | **Telephone No:** +91 93288 71207; | **Company Secretary and Compliance Officer:** Ms. Hiral Ishan Dave

**PROMOTERS OF OUR COMPANY: MR. KAILASH KABRA AND MS. JYOTHI KAILASH KABRA**

## THE ISSUE

INITIAL PUBLIC OFFER OF UPTO 31,25,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10.00/- EACH (THE "EQUITY SHARES") OF KABRA JEWELS LIMITED ("OUR COMPANY" OR "KABRA" OR "THE ISSUER") FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE (THE "ISSUE PRICE") AGGREGATING TO ₹ [●] LAKHS ("THE ISSUE"), OF WHICH UPTO 2,90,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10.00/- EACH FOR CASH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE AGGREGATING TO ₹ [●] LAKHS WILL BE RESERVED FOR SUBSCRIPTION BY MARKET MAKER TO THE ISSUE (THE "MARKET MAKER RESERVATION PORTION"). THE ISSUE LESS THE MARKET MAKER RESERVATION PORTION i.e., NET ISSUE OF UPTO 28,35,000 EQUITY SHARES OF FACE VALUE OF ₹ 10.00/- EACH AT A PRICE OF ₹ [●] PER EQUITY SHARE INCLUDING A SHARE PREMIUM OF ₹ [●] PER EQUITY SHARE AGGREGATING TO ₹ [●] LAKHS IS HEREIN AFTER REFERRED TO AS THE "NET ISSUE". THE ISSUE AND THE NET ISSUE WILL CONSTITUTE 29.80 % AND 27.04 % RESPECTIVELY OF THE POST ISSUE PAID UP EQUITY SHARE CAPITAL OF OUR COMPANY.
THE ISSUE IS BEING MADE THROUGH BOOK BUILDING PROCESS IN TERMS OF THE REGULATION 229(2) OF THE SEBI ICDR REGULATIONS.

The Issue is being made in accordance with Chapter IX of the SEBI ICDR Regulations (IPO of Small and Medium Enterprises) and the equity shares are proposed to be listed on EMERGE Platform of National Stock Exchange of India Limited ("NSE EMERGE")

| ALLOCATION OF THE ISSUE | |
|---|---|
| QIB PORTION | NOT MORE THAN 50.00% OF THE NET ISSUE |
| RETAIL PORTION | NOT LESS THAN 35.00% OF THE NET ISSUE |
| NON-INSTITUTIONAL PORTION | NOT LESS THAN 15.00% OF THE NET ISSUE |
| MARKET MAKER PORTION | UPTO 2,90,000 EQUITY SHARES OR 9.28% OF THE ISSUE |

**PRICE BAND: ₹ 121.00/- to ₹ 128.00/- PER EQUITY SHARE**

THE FLOOR PRICE IS 12.1 TIMES THE FACE VALUE AND CAP PRICE IS 12.8 TIMES OF THE FACE VALUE OF THE EQUITY SHARES. BIDS CAN BE MADE FOR A MINIMUM OF 1,000 EQUITY SHARES AND IN MULTIPLES OF 1,000 EQUITY SHARES THEREAFTER. THIS ISSUE IS MADE THROUGH BOOK BUILDING PROCESS, IN TERMS OF CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018 (THE "SEBI (ICDR) REGULATIONS"), AS AMENDED READ WITH RULE 19(2)(B) OF SECURITIES CONTRACT (REGULATION) RULES, 1957, AS AMENDED.

## BID / ISSUE PROGRAM

| Anchor Investor Bidding Date | | Tuesday, January 14, 2025 | |
|---|---|---|---|
| Bid Opening Date | Wednesday, January 15, 2025 | Initiation of Unblocking of Funds/refunds (T +2 Days) | On or before Tuesday, January 21, 2025 |
| Bid Closing Date (T day) | Friday, January 17, 2025 | Credit of Equity Shares to demat accounts of Allotees (T +2 Days) | On or before Tuesday, January 21, 2025 |
| Finalization of basis of allotment with the Designated Stock Exchange/ Allotment of Securities (T +1 Day) | On or before Monday, January 20, 2025 | Commencement of Trading of Equity Shares on the Stock Exchanges/Listing Date (T + 3 Days) | On or before Wednesday, January 22, 2025 |

**ASBA*** | Simple, Safe, Smart way of Application- Make use of it !!! | *Applications Supported by Blocked Amount (ASBA) is a better way of applying to offer by simply blocking the fund in the bank account, investors can avail the same. For details, check section on ASBA below. Mandatory in Public Issues from January 01, 2016. No cheque will be accepted.

**UPI-Now available in ASBA for Retail Individual Investors (RII)****
Investors are required to ensure that the bank account used for bidding is linked to their PAN. UPI – Now available in ASBA for RIIs applying through Registered Brokers, DPs & RTAs. RIIs also have the option to submit the application directly to the ASBA Bank (SCSBs) or to use the facility of linked online trading, demat and bank account.

Investors have to apply through the ASBA process. "ASBA has to be availed by all the investors except anchor investor. UPI may be availed by Retail Individual Investors. For details on the ASBA and the UPI process, please refer to the details given in ASBA form and abridged prospectus and also please refer to the section "Issue Procedure" beginning on page no. 262 of the RHP. The process is also available on the website of Association of Investment Bankers of India ("AIBI"), the Stock Exchanges and in the General Information Document.
**ASBA forms can be downloaded from the website NSE Limited ("NSE") and can be obtained from the list of banks that is displayed on the website of SEBI at www.sebi.gov.in.*
***List of banks supporting UPI is also available on the website of SEBI at www.sebi.gov.in . IndusInd Bank Limited has been appointed as Sponsor Bank for the Issue, in accordance with the requirements of the SEBI circular dated November 1, 2018, as amended. For UPI related queries, investors can contact NPCI at the toll-free number-18001201740 and Mail Id- ipo.upi@npci.org.in. For the list of UPI Apps and Banks live on IPO, please refer to the link www.sebi.gov.in . For Issue related grievance investors may contact: Marwadi Chandarana Intermediaries Brokers Private Limited- Mr. Janil Jain (022- 69120027) (mb@marwadichandarana.com)*

## Risks to Investors:

1. *Our Company, Promoters and Directors are involved in certain legal proceedings. Any adverse outcome on such proceeding may affect our business, financial condition and reputation.*
2. *Our Company requires significant amount of working capital for continued growth. Our inability to meet our working capital requirements, on commercially acceptable terms, may have an adverse impact on our business, financial condition and results of operations.*
3. *If we are unable to effectively manage our retail network and operations or pursue our growth strategy, we may not achieve our expected levels of profitability which may adversely affect our business prospects, financial condition and results of operations.*
4. *Business Risk Due to Geographic Concentration.*
5. *We do not own the registered office and showrooms from which we carry out our business activities. Any dispute in relation to use of these premises would have a material adverse effect on our business and results of operations.*
6. *We have not entered into any agreements with our vendors and job workers (Karigars). Thus, any dispute or delay in getting the work done from the vendor and job workers could have a material adverse effect on our business, results of operations and financial condition.*
7. *Orders placed by customers may be delayed, modified, cancelled or not fully paid for, which may have an adverse effect on our business, financial condition and thereby on our results of operations.*
8. *Our gold and jewellery business faces risks from market volatility and changing consumer preferences. Fluctuations in commodity prices like gold could impact our costs and profitability. Evolving consumer tastes influence product demand, necessitating continuous adaptation to remain competitive.*
9. *Our income and sales are subject to seasonal fluctuations and lower income in a peak season may have a disproportionate effect on our results of operation.*
10. *We undertake sales on credit terms to a limited number of customers and defaults in payment of the dues by such customers could have an adverse effect on our business, results of operations and financial condition.*

| Name of Promoters | No of Equity Shares held | Average cost of Acquisition (in ₹ ) |
|---|---|---|
| Mr. Kailash Kabra | 40,00,000 | 2.83 |
| Mrs. Jyothi Kailash Kabra | 14,40,000 | NIL |

*Details of Weighted Average cost of acquisition of All Equity Shares Transacted Over The Trailing Eighteen Months From The Date of Red Herring Prospectus:*

| Period | Weighted Average Cost of Acquisition (in Rs.)** | Upper End of the Price Band is 'X' times the WACA** | Range of acquisition price Lowest Price - Highest Price (in Rs.)** |
|---|---|---|---|
| Trailing Eighteen Month from the date of Red Herring Prospectus | Negligible | NA | 0-485 |

*** As certified by S N Shah & Associates, Chartered Accountants by their certificate dated January 04, 2025.*

## BASIS FOR ISSUE PRICE

The Issue price will be determined by our Company, in consultation with the Lead Managers on the basis of an assessment of market demand for the Equity Shares issued through the book building method and on the basis of the Quantitative and Qualitative factors as described below. The face value of equity shares is Rs. 10 each and the issue price is 12.1 times of the face value at the lower end of the price band and 12.8 times of the face value at the upper end of the price band. Investors can also refer to Our "Business Risk Factors", "Restated Financial Statements" and "Management 's Discussion and Analysis of Financial Conditions and Results of operation" on page no. 109, 26, 174 and 213 respectively, to have an informed view before making an investment decision.

**Qualitative factors**

We believe that some of the qualitative factors which form the basis for computing the Issue Price are:

- Quality and Designing of our products
- Established brand
- We offer a diversified range of products
- Experienced promoters with established track record of operations
- Well established relationship with our artisans

For further details, see *"Our Business – Our Business Strengths"* on page 133.

**Quantitative factors**

Certain information presented below relating to our Company is derived from the Restated Financial Statements. For further information, see *"Restated Financial Statements"* on page 174.

Some of the quantitative factors which may form the basis for calculating the Issue Price are as follows:

**1. Basic & Diluted Earnings Per Share (EPS):**

| Financial year / period ended | Basic EPS (in ₹ ) | Diluted EPS (in ₹ ) | Weights |
|---|---|---|---|
| March 31, 2024 | 67.93 | 67.93 | 3 |
| March 31, 2023 | 31.85 | 31.85 | 2 |
| March 31, 2022 | 39.07 | 39.07 | 1 |
| **Weighted Average** | **51.09** | **51.09** | **6** |
| **For Eight months ended Novmeber 30, 2024 (Not Annualized)** | **11.97** | **11.97** | |

*Notes:*
1. *The figures disclosed above are based on the Restated Financial Statements of the Company.*
2. *The face value of each Equity Share is ₹ 10.00.*
3. *Earnings per Share has been calculated in accordance with Accounting Standard 20 – "Earnings per Share" issued by the Institute of Chartered Accountants of India.*
4. *The above statement should be read with Significant Accounting Policies and the Notes to the Restated Financial Statements.*
5. *Basic Earnings per Share = Net Profit/(Loss) after tax, as restated attributable to equity shareholders / Weighted average number of equity shares outstanding during the year.*
6. *Diluted Earnings per Share = Net Profit/(Loss) after tax, as restated attributable to equity shareholders / Weighted average number of diluted potential equity shares outstanding during the year.*
7. *The Company had issued 69,00,000 Equity Shares of face value of ₹ 10/- each on August 09, 2024, through a bonus share issue in the ratio of 15:1 to all existing shareholders of the Company such bonus issuance has been considered while deriving at Basic and Diluted Earnings per Equity Share.*

**2. Price/Earning ("P/E") ratio in relation to price band of Rs. 121 to Rs. 128 per Equity Share:**

| Particulars | (P/E) Ratio at the Floor Price (no. of times) | (P/E) Ratio at the Cap Price (no. of times) |
|---|---|---|
| P/E Ratio based on Basic & Diluted EPS as restated for FY 2024 | 9.48 | 10.02 |
| P/E Ratio based on Basic & Diluted EPS as restated for FY 2023 | 20.20 | 21.37 |
| P/E Ratio based on Basic & Diluted EPS as restated for FY 2022 | 16.49 | 17.44 |
| P/E ratio based on the Weighted Average EPS, as restated | 28.44 | 30.08 |

***Note:** The P/E ratio of our Company has been computed by dividing Issue Price with EPS.*

**3. Industry P/E Ratio**

| Industry P/E Ratio | |
|---|---|
| Highest (Motisons Jewellers Limited) | 37.22 |
| Lowest (RBZ Jewellers Limited) | 27.97 |
| Industry Average | 32.59 |

*For the purpose of industry, we believe the companies engaged in the same sector or engaged in the similar line of business segment, however, they may not be exactly comparable in terms of size or business portfolio on a whole with that of our business. Average PE have been calculated based on the PE of the Peer Company of Motisons Jewellers Limited & RBZ Jewellers Limited.*
***Note:** P/E Ratio of the company is based on the exchange announcement of the company for the year 2024.*

**4. Return on Net Worth (RoNW):**

| Sr. No. | Particulars | RONW (%) | Weights |
|---|---|---|---|
| 1. | March 31, 2024 | 30.25% | 3 |
| 2. | March 31, 2023 | 20.34% | 2 |
| 3. | March 31, 2022 | 31.32% | 1 |
| | **Weighted Average** | **27.13%** | **6** |
| | **For Eight months ended November 30, 2024 (Not Annualized)** | **22.10%** | |

***Notes:***
i. *Weighted Average = Aggregate of year-wise weighted RoNW divided by the aggregate of weights i.e. sum of (RoNW x Weight) for each year / Total of weights;*
ii. *The figures disclosed above are based on the Restated Financial Statements of our Company.*
iii. *Net-worth, as restated at the end of the relevant financial year (Equity attributable to the owners of the company) reduced by revaluation reserve.*

**5. Net Asset Value per Equity Share**

| Sr. No. | Net Asset Value per Equity Share | (₹ ) |
|---|---|---|
| 1. | As on March 31, 2024 | 42.20 |
| 2. | As on March 31, 2023 | 29.43 |
| 3. | As on March 31, 2022 | 23.45 |
| 4. | As on November 30, 2024 | 54.17 |
| 5. | NAV per Equity Share after the Issue | |
| | i) At Floor Price | 74.09 |
| | ii) At Cap Price | 76.17 |
| 6. | Issue Price | [●] |

*Notes:*
1. *The figures disclosed above are based on the Restated Financial Statements of the Company.*
2. *NAV per share = Restated Net worth at the end of the year divided by total number of equity shares outstanding at the end of the year. (Based on weighted average number of shares).*
3. *Net worth is computed as the sum of the aggregate of paid-up equity share capital, all reserves created out of the profits, securities premium account received in respect of equity shares and debit or credit balance of profit and loss account.*
4. *Issue Price per Equity Share will be determined by our Company in consultation with the Book Running Lead Manager.*

**6. Comparison with listed industry peers** **(Rs. In crores except otherwise stated)**

| Name of the Company | Current Market Price | Revenue | PAT | EBITDA | EBITDA Margin (in %) | Price to Earning | Debt | ROCE (In %) | ROE (In %) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| Kabra Jewels Limited | [●] | 164.00 | 9.40 | 21.82 | 13.31% | [●] | 89.97 | 18.23% | 30.25% |
| Motisons Jewellers Limited | 160.05 per share | 416.76 | 32.23 | 63.05 | 15.13% | 37.22 | 118.02 | 13.83% | 9.82% |
| DP Abhushan Limited | 836.30 per share | 2339.96 | 61.86 | 100.19 | 4.28% | 30.08 | 173.93 | 23.02% | 25.91% |
| RBZ Jewellers Limited | 150.75 per share | 327.43 | 21.57 | 38.48 | 11.75% | 27.97 | 69.94 | 13.52% | 10.40% |

***Note:***
- *Considering the nature and turnover of business of our Company the peers listed above are not strictly comparable. However, the same have been included for broader comparison.*
- *The figures for Kabra Jewels Limited are based on the restated financial statements as on March 31, 2024.*
- *The figures for the peer group are based on information available in public domain.*
- *Current Market Price (CMP) is the closing price of each scrip as on March 31, 2024.*
- *P/E Ratio has been computed based on the closing market price of equity shares on the BSE/NSE on March 31, 2024 divided by the diluted EPS.*
- *Industry Peer Set may be modified for finalization of Issue Price before filing Red Herring Prospectus with ROC.*

**7. The Issue price is [●] times of the face value of the Equity Shares**

The price band/floor price/issue price will be determined by the issuer in consultation with the BRLM, on the basis of book- building on the basis of assessment of the market demand from investors for the Equity Shares and shall be justified in view of the above qualitative and quantitative parameter.

**8. Explanation for Issue Price/Cap Price being 2133.33 times of weighted average cost of acquisition of secondary issuance price of Equity Shares (set out in 12(d) below) along with our Company's key performance indicators and financial ratios and in view of external factors for the period ended November 30, 2024 and for the financial year ended March 31, 2024, March 31, 2023 and March 31, 2022.**

We believe that several qualitative factors contribute to the determination of the Issue Price, including the quality and design of our products, our established brand, the diverse range of products we offer, the experience of our promoters with a proven track record, and our strong relationships with artisans. For further details, refer to "Our Business – Our Business Strengths" on page 133.

*(Continued on next Page ...)*

# ૨૦૨૫ના નવા વર્ષના આરંભથી મેઈનબોર્ડ અને એસએમઈ પ્લેટફોર્મ ઉપર ડઝનેક ઈસ્યુઓના આગમનથી ધમધમી રહેલ પ્રાઈમરી માર્કેટ

## પ્રાયમરી માર્કેટની ખાટી-મીઠી

**મેઈનબોર્ડના મુડીબજારમાં પ્રવેશી ચુકેલા ૩ ઈસ્યુઓને મળેલ ભારે પ્રતિસાદ બાદ બે લીસ્ટીંગ ઉપર બાજ નજર**

**અનેક ગણા ઈસ્યુઓ ભરવાનો સિલસિલો : રોકાણકારોના જંગી પ્રતિસાદે યથવાત**

## નવા સપ્તાહમાં મેઈનબોર્ડ ઉપર માત્ર એક જ નવા ઈસ્યુની એન્ટ્રી : એસએમઈ પ્લેટફોર્મ ઉપર અડધોડઝન જેટલા ઈસ્યુઓની એન્ટ્રીમાં તમામ ઈસ્યુઓને મળેલ ભારે પ્રતિસાદ- ઉચા લીસ્ટીંગની રખાતી ધારણા

**અમદાવાદ સ્થિત કાબ્રા જવેલર્સ લિ.નો NSE-SME ઈસ્યુની ૧૫ જાન્યુ.એ થનારી ધમાકેદાર એન્ટ્રી-માત્ર ૧૦ આસપાસના પીઈથી ઓફર કરાઈ રહેલના ઈસ્યુને જબરજસ્ત પ્રતિસાદ મળે તો નવાઈ નહિ- આ ઈસ્યુનું ઉચા પ્રિમીયમે શાનદાર લીસ્ટીંગની રખાતી ધારણા જોતા આ ઈસ્યુ આંખ મીચીને અચૂક ભરી દેવાય**

## પ્રાયમરી માર્કેટની ભિતરમાં

ભારતીય પ્રાયમરી માર્કેટમાં હાલમાં સેકન્ડરી માર્કેટની અને સમગ્ર બજારની કારમી મંદીના પગલે ઈસ્યુ લાવવા માટે વેઈટ એન્ડ વોચની નીતિ અપનાવાતી જોવાઈ રહી છે. જાન્યુ. ૨૫ના નવા વર્ષના પ્રથમ પખવાડિખામાં પાંચ જેટલા મેઈનબોર્ડના ઈસ્યુઓની એન્ટ્રી રહી છે જેમાં લક્ષ્મી ડેન્ટલ લિ.નો ઈસ્યુ ૧૩ જાન્યુ.એ ખુલીને ૧૫ જાન્યુ.એ બંધ થશે. જ્યારે ઈન્ડો ફાર્મ ઈન્વીપમેન્ટ, સ્ટાન્ડર્ડ ગ્લાસ લિ., કવાડ્રન્ટ ફયુચર્સ ટેક લિ. અને કેપીટલ ઈન્ફ્રા ટ્રસ્ટના ઈસ્યુઓ ખુલ્યા હતા જેમાં ઈન્ડો ફાર્મા ઈકવીપમેન્ટ ઈસ્યુના શેર ૭ જાન્યુ.એ લીસ્ટીંગ મેઈનબોર્ડ ઉપર થવા પામ્યું હતું અને કંપનીએ ૨૧૫ના ભાવે આપેલ આ ઈસ્યુ ૨૨૭.૬૭ ગણો ભરાયો હતો. આ ઈસ્યુના શેરનું નોંધપાત્ર પ્રિમીયમે લીસ્ટીંગ થવા પામેલ છે. ૨૧૫ના ઈસ્યુ પ્રાઈસ સાથે ૨૭૬.૪૪ ના ભાવે લીસ્ટીંગ થયા બાદ ઉંચામાં ૨૯૩.૨૦ અને નીચહમાં ૨૩૫નો ભાવ જોવાય બાદ ૨૭૭.૮૦ના મથાળે ભાવ બંધ રહ્યો હતો. આમ આ ઈસ્યુમાં રોકાણકારોને સારો લીસ્ટીંગ ગેઈન્સ થવા પામેલ છે.

**સ્ટાન્ડર્ડ ગ્લાસ લાઈનીંગ લિ.નો** ઈસ્યુ ૬ જાન્યુ.એ ખુલીને ૮ જાન્યુ.એ બંધ થયો હતો. કંપનીએ ૧૪૦ના ભાવે શેરો આપેલ છે. અને આ શેરનું લીસ્ટીંગ ૧૩ જાન્યુ.એ થવા વકી છે. આ ઈસ્યુના શેરનું લીસ્ટીંગ સારા ગેઈન્સ સાથે થવાની ધારણા રખાય છે. આ ઈસ્યુ કુલ ૧૮૧.૪૮ ગણા ભરાયો હતો. કયુઆઈબીમાં ૩૨૨.૭૬ ગણો, હાઈનેટવર્થમાં ૨૭૫.૨૧ ગણો, રીટેલમાં ૬૫.૭૧ ગણો ઈસ્યુ ભરાયો હતો.

**કવાન્ડ્રન્ટ ફયુચર ટેક** લિ.નો ઈસ્યુ ૭ જાન્યુ.એ ખુલીને ૯ જાન્યુ.એ બંધ થયો છે. કંપઆીએ રૂ. ૧૦ની કિંમતનો શેર રૂ. ૨૯૦ના ભાવે આપેલ છે. આ શેરનું લીસ્ટીંગ મેઈનબોર્ડ બીએસઈ-એનએસઈ ખાતે ૧૪ જાન્યુ.એ  થવા સંભવ છે. આ ઈસ્યુને પણ ભારે પ્રતીસાદ સાંપડ્યો છે. કયુઆઈબીમાં આ ઈસ્યુ ૧૩૯.૭૭ ગણો, હાઈનેટવર્થમાં ૨૬૮.૦૩ ગણો, રીટેલમાં ૨૫૬.૪૬ ગણો ભરાયો છે. આ શેરમાં પણ રોકાણકારોને નોંધપાત્ર લીસ્ટીંગ ગેઈન્સ મળવા સંભવ છે.

**કેપીટલ ઈન્ફ્રા ટ્રસ્ટનો** ઈસ્યુ ૭ જાન્યુ.એ ખુલીને ૯ જાન્યુ.એ બંધ થયો છે. આ ઈસ્યુનું લીસ્ટીંગ ૧૪ જાન્યુ.એ થવા વકી છે. આ ઈસ્યુ કુલ ૧૯૫.૯૬ ગણો ભરાયો છે. કયુઆઈબીમાં ૧૩૯.૭૭ ગણો, હાઈનેટવર્થમાં ૨૬૮.૦૩ ગણો તથા રીટેલમાં ૨૫૬.૪૬ ગણો ઈસ્યુ ભરાયો હતો. આ ઈસ્યુનું પણ લીસ્ટીંગ સારા પ્રિમીયમે થવાની ધારણા રખાય છે.

એસએમઈ પ્લેટફોર્મ ઉપર સ્તેલા સપ્તાહમાં પાંચ ઈસ્યુઓની એન્ટ્રી થઈ હતી જેમાં ફેબટેક ટેકનોલોજી લિ. ના ઈસ્યુનું રૂ. ૮૫ના ઓફર ભાવ સાથે બીએસઈ-એસએમઈ ખાતે ૧૬૧.૫૦ના ઉચા ભાવે લીસ્ટીંગ થયા બાદ ૧૬૯.૫૭ના મથાળે બંધ થયો હતો. આમ આ ઈસ્યુમાં પ્રથમ દિવસે જ રોકાણકારોને તગડું રિટર્ન  મળવા પામેલ છે.

**ઈન્ડોબેલ ઈન્સ્યુલેશન લિ.નો** બીએસઈ-એસએમઈ ઈસ્યુ ૬ જાન્યુ.એ ખુલીને ૮ જાન્યુ.એ બંધ થયો હતો. કંપનીએ રૂ. ૧૦ની કિંમતના શેર ૪૬ના ભાવે આપેલ છે. ૩૦૦૦ શેરોનો લોટ છે. આ શેરનું ૧૩ જાન્યુ.એ સોમવોર બીએસઈ-એસએમઈ ખાતે ઉચા પ્રિમીયમે લીસ્ટીંગ થવા વકી છે. કંપનીનો આ ઈસ્યુ કુલ ૫૪.૧૩ ગણો ભરાયો હતો. હાઈનેટવર્થમાં ઈસ્યુ ૫૧.૩૧ ગણો અને રીટેલમાં ૫૨.૩૭ ગણો ઈસ્યુ ભરાયો છે.

**એવેક્સ એપરલ્સનો ઈસ્યુ** ૭ જાન્યુ.એ ખુલીને ૯ જાન્યુ.એ બંધ થયો છે. કંપનીએ રૂ. ૧૦ની કિંમતના શેરનો ૭૦ના ભાવે આપેલ છે. ૨૦૦૦ શેરોનો લોટ છે. ૧૪ જાન્યુ.એ ઈસ્યુના શેરનું બીએસઈ-એસએમઈ ખાતે લીસ્ટીંગ થશે. આ ઈસ્યુ કુલ ૨૬૦.૪૨ ગણો ભરાયો છે. જેમાં હાઈનેટવર્થમાં ૧૪૦.૭૬ ગણો અને રીટેલમાં ૩૭૨.૩૫ ગણો ઈસ્યુ ભરાયો છે.

**ડેલ્ટા ઓટો કોર્પ** લિ. નો ઈસ્યુ ૭ જાન્યુ.એ ખુલીને ૯ જાન્યુ.એ બંધ થયો છે. કંપનીએ રૂ. ૧૦ની કિંમતનો શેર રૂ. ૧૩૦ના ભાવે આપેલ છે. ૧૦૦૦ શેરનો લોટ છે. આ ઈસ્યુના શેરનું ૧૩ જાન્યુ.એ એનએસઈ-એસએમઈ ખાતે લીસ્ટીંગ થવા વકી છે. આ ઈસ્યુ કુલ ૩૮૨.૨ ગણો ભરાયો છે. કયુઆઈપીમાં ૧૭૮.૬૯ ગણો, હાઈનેટવર્થગમાં ૬૨૪.૨૮ ગણો અને રીટેલમાં ૩૧૪.૩૩ ગણો ઈસ્યુ ભરાયો છે.

**બી.આર. ગોયલ :** આ ઈસ્યુ બીએસઈ-એસએમઈ ઈસ્યુ ૭ જાન્યુ.એ ખુલીને ૯ જાન્યુ.એ બંધ થયો છે. કંપનીએ રૂ. ૧૦નો શેર ૧૩૫ના ભાવે આપેલ છે. ૧૦૦૦ શેરનો લોટ છે.  આ ઈયુના શેરનું લીસ્ટીંગ ૧૪ જાન્યુ.એ થનાર છે. આ ઈસ્યુ કુલ ૧૧૮.૦૮ ગણો ભરાયો છે. જેમાં કયુઆઈબીમાં ૬૯.૮૮ ગણો, હાઈનેટવર્થમાં ૨૫૬.૯ ગણો, રીટેલમાં ૮૮.૨૭ ગણો તથા કર્મચારીમાં ૧.૧૧ ગણો ઈસ્યુ ભરાયો છે.

**સનકતાર શોપીંગ લિ.** : આ ઈસ્યુ ૧૦ જાન્યુ.એ ખુલ્યો છે. અને ૧૪ જાન્યુ.એ બંધ થનાર છે. કંપનીએ ૧૦ની કિંમતના ૪૧,૭૨,૮૦૦ ઈકવીટી શેરો ૭૭ થી ૮૧ની પ્રાઈસબેન્ડની ઓફર કર્યા છે. ૧૬૦૦ શેરોનો લોટ છે.  આ ઈસ્યુ એનએસઈ-એસએમઈ ખાતે ૧૭ જાન્યુ.એ લીસ્ટીંગ થશે. અત્યાર સુધીમાં ઈસ્યુ કુલ ૫.૦૪ ગણો ભરાયો છે. કયુઆઈબીમાં ૦.૦૨ ગણો, હાઈનેટવર્થમાં ૨.૯૭ ગણો, અને રીલમાં ૮.૮૬ ગણો ભરાયોછે.

**બારફલેકસ પોલીફિલ્મ લિ.** : આ ઈસ્યુ ૧૦ જાન્યુ.એ ખુલી ગયો છે. અને ૧૫ જાન્યુ.એ બંધ થશે. આ ઈસ્યુનું લીસ્ટીંગ ૨૦ જાન્યુ.એ એનએસઈ-એસએમઈ ખાતે થશે. આ ઈસ્યુમાં અરજી કરવા માટે મીનીમમ શેર લોટ ૨૦૦ શેરોનો છે.

**કાબ્રા જવેલર્સ લિ** : અમદાવાદ સ્થિત આ કંપનીના એનએસઈ-એસએમઈ ઈસ્યુની ધમાકેદાર એન્ટ્રી ૧૫ જાન્યુ.એ થનાર છે અને આ ઈસ્યુ ૧૭ જાન્યુ.એ. બંધ થશે તથા ૨૨ જાન્યુ.એ લીસ્ટીંગ થશે. કંપનીએ રૂ. ૧૦ની કિંમતના શેર રૂ. ૧૨૧ થી ૧૨૮ની પ્રાઈસબેન્ડની ઓફર કરી રહી છે. અને કુલ ૩૧,૨૫,૦૦૦ ઈકવીટી શેરો ઓફર કરીને રૂ. ૪૦ કરોડનું ફંડ મેળવશે. આ ઈસ્યુમાં મીનીમમ ૧૦૦૦ શેરોની અરજી કરવાની છે. જે માટે રૂ. ૧.૨૮ લાખ ભરવાના છે. એચએનઆઈ મીનઅીમમ ૨૦૦૦ શેરોની એપ્લીકેશન માટે રૂ. ૨.૫૬ લાખ ભરવાના છે. આ ઈસ્યુના શેરો માત્ર ૧૦.૩ પીઈથી આકર્ષક વેલ્યુએશને ઓફર કરાઈ રહ્યા છે. આ ઈસ્યુના લીડ મેનેજર્સ મારવાડી ચંદાના ઈન્ટરમીડીએટરીઝ બ્રોકર્સ પ્રા. લિ. છે. આ ઈસ્યુમાં કયુઆઈબી કેટેગરી માટે ૫૦ ટકા, રીટેલ રોકાણકારો માટે ૩૪૫ ટકા અને હાઈનેટવર્થ રોકાણકારો માટે ૧૫ ટકા શેરો અનામત રખાયા છે. આ ઈસ્યુ એનએસઈ-એસએમઈ ખાતે અસાધારણ પ્રતિસાદ  મળવાના સંકેતો બજારના વર્તુળો આપી રહ્યા છે એટલું જ નહિ પરંતુ આ ઈસ્યુનું લીસ્ટીંગ જોરદાર પ્રિમીયમે થવાની ધારણા રખાય છે. રોકાણકારોને આ ઈસ્યુ લીસ્ટીંગ ગેઈન્સ તથા મધ્યમથી લાંબાગાળાના રોકાણમાં અણધાર્યું રિટર્ન મેળવવા આંખ મીંચીને ઈસ્યુ ભરવા જેવો જણાય છે.

## આગામી મેઈનબોર્ડ ઈશ્યુ

### લક્ષ્મી ડેન્ટલ લિ.

**(૧૩ જાન્યુઆરી-૧૫ જાન્યુ. ૨૦૨૫)**

**ઈસ્યુ પ્રાઈઝ** : ૪૦૭ થી ૪૨૮ **શેરફેસ વેલ્યુ** : રૂ. ૨

**લોટ સાઈઝ** : ૩૩ શેરો **ઈસ્યુ પ્રાઈઝ** : ૬૯૮.૦૬ કરોડ

**લીસ્ટીંગ :** બીએસઈ-એનએસઈ

૨૦૦૦માં સ્થપાયેલ લક્ષ્મી ડેન્ટલ લિ. ઈન્ટીગ્રેટેડ ડેન્ટલ પ્રોડકટ બનાવતી કંપની છે. કંપની પ્રોડક્ટસ પોર્ટફોલિયોમાં ક્રાઉન એન્ડ બ્રીજ, કલ્યર એલીગનર્સ, થર્મો ફોઝીંગ શીટ, પેડીયાટ્રીક ડેન્ટલ પ્રોડકાય વિગેરેનો સમાવેશ થાય છે. કંપની ટેગલેસ બ્રાન્ડની તેની પ્રોડકટો બનાવે છે. કંપની ઈન્ટીગ્રેટેડ મોડેલ દ્વારા ડિઝાઈન અને ઉત્પાદનની તમામ સંપૂર્ણ પ્રોસેસ વિધિ તેમજ ડેન્ટલ પ્રોડકટોનું વિતરણ કરે છે. ૩૦ સપ્ટે. ૨૦૨૪ આખર સુધીમાં કંપની કુલ ૬ ઉત્પાદન એકમો ધરાવે છે. ૩૦ સપ્ટે. ૨૦૨૪ સુધીના ગાળામાં કંપની ભારતભરમાં ૩૨૦ શહેરોમાં ૨૨ હજાર કલીનીક અને ડેન્ટીસ નેટવર્ક ધરાવે છે. કપની ભારત તેમજ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ફેલાયેલ છે. વિશ્વના ૯૦ જેટલા દેશોમાં કંપની તેની પ્રોડકટોની નિકાસ કરે છે.

કંપની ક્રેશ ઈસ્યુઓની મળનારી ઈસ્યુ ફંડની રકમનો ઉપયોગ રીપેમેન્ટ, પ્રી પેમેન્ટ કરવામાં, નવી મશીનરીની ખરદી માટયે તથા તેની સબસીડીયરી કંપનીમાં ઈન્વેસ્ટમેન્ટ માટે કરશે.

LAXMI DENTAL LIMITED

કંપની રૂ. ૨ની કિંમતના એક એવા કુલ ૧,૬૩,૦૯,૭૬૬ શેરો અ ફર કરી ૬૯૮.૦૬ કરોડનું ભંડોળ ઉભું કરી રહી છે જેમાં ફ્રેશ ઈસ્યુ દ્વારા ૩૨,૨૪,૨૯૦ શેરો ઓફર કરી રૂ. ૧૩૮ કરોડ ઉભા કરાશે જ્યારે ૧,૩૦,૮૫,૪૬૭ ઈકવીટી શેરો ઓફર ફોર સેઈલ દ્વારા રૂ. ૫૬૦.૦૬ કરોડનું ભંડળ મેળવશે. કંપનીના શેરોનું બીએસઈ-એનએસઈ ખાતે ૨૦ જાન્યુ. એ લીસ્ટીંગ  થશે. આ ઈસ્યુમાં મીનીમમ ૩૨ શેરો માટે રૂ. ૧૪૧૨૪, રીટેલ મહત્તમ ૪૬૨ શેરો માટે ૧,૯૭,૭૩૬, સ્મોલ એચએનઆઈ મીનીમમ કેટેગરીમાં ૪૯૫ શેરો માટે ૨,૧૧,૮૬૦ અને એનએચઆઈ મહત્તમ માટે ૨૩૧૦ શેરોની અરજી માટે ૯,૮૮,૬૮૦ ભરવાના છે. કયુઆઈબી માટે ૭૫ ટકા, રીટેલ કેટેગરીમાં ૧૦ ટકા અને હાઈનેટવર્થ કેટેગરીમાં ૧૫ ટકા શેરો અનામત રખાયા છે. **નાણાકીય પરિણામો** : કંપનીએ છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ દરમ્યાન ૨૦૨૨માં ૧૩૮.૦૭ કરોડના વેચાણ પર ૧૭.૦૮ કરોડની કરોડ થઈ હતી. ૨૦૨૩માં ૧૬૩.૮૪ કરોડની વેચાણ પર શેર ૪.૪૫ કરોડ, ૨૦૨૪માં ૧૯૫.૨૬ કરોડના વેચાણ પર ૧૭.૯૪ કરોડનો નેટનફો દર્શાવેલ છે. ૩૦ સપ્ટે. ૨૦૨૪ આખરે પુરા થતા પ્રથમ અર્ધ વાર્ષિક ગાળામાં ૧૧૭.૯૦ કરોડની આવક પર ૧૮.૨૦ કરોડનો નફો કર્યો છે.

**ભરાય**

કંપનીએ છેલલા ૩ નાણાકીય ર્ષમાં એવરેજ ઈપીએસ ૧.૫૫ નોંધી છે. અને રિટર્ન ઓન નેટવર્થ ૨૨.૭૭ ટકા ભાવે શેરો તેમજ કંપની ૬૪.૬૫ ના પીઈથી શેરો ઓફર કરી રહી છે. કંપનીએ છેલ્લા વર્ષમાં ઉત્તમ કામગરી દર્શાવી હોવા છતાં ઈસ્યુ પ્રાઈસ મોંઘો જણાય છે. ફાજલ પૈસા પડ્યા હોય તો મધ્યમગાળા માટે રોકાણ કરી શકાય.

# આગામી SME ઈશ્યુ

## સેટ કરતાર શોપીંગ લિ.

**(૧૦ જાન્યુઆરી-૨૪ જાન્યુ. ૨૦૨૫)**

**ઈસ્યુ પ્રાઈઝ** : ૭૭ થી ૮૧ **લોટ સાઈઝ** : ૧૬૦૦ શેરો

**ઈસ્યુ પ્રાઈઝ** : ૩૩.૮૦ કરોડ **લીસ્ટીંગ** : બીએસઈ-એસએમઈ

૨૦૧૨માં સ્થપાયેલ આ કંપની આર્યુવેદિક પ્રેકટીસીસ વ્કિતગત ગ્રાહકોને ડાયરેકટ સર્વીસ આપી રહી છે. કંપતી તેની પ્રોડકટો તેની પોતાની વેબસાઈટથી તથા થર્ડ પાર્ટી પ્લેટફોર્મ, ટેલીવીઝન માર્કેટીંગ, ગુગલ અને મેટા એપ્લીકેશન દ્વારા કરી રહેલ છે. કંપની ઈસ્યુ ભંડોળ ઉપયોગ ભારત અથવા વિદેશમાં એકઝીબીશન માટે, માર્કેટીંગ અને એઈવાઈઝમેન્ટના સર્ચ માટે કેપીટલ મુડી ખર્ચ, ટેકનોલોજીમાં તેમજ કોર્પોરેટ હેતું માટે કરશે. કંપની ૩૩.૮૦ કરોડનું ભંડોળ ઉભ કરવા રૂ. ૧૦ની કિંમતના ૭૭ થી ૮૧ની પ્રાઈસબેન્ડની કુલ ૪૧,૭૨,૮૦૦ ઈકવીટી શેરો ઓફર કરી રહી છે. આ ઈસ્યુના શેરનું લીસ્ટીંગ ૧૭ જાન્યુ. ૨૦૨૫ના રોજ એનએસઈ-એસએમઈ ખાતે લીસ્ટીંગ થશે.

આ ઈસ્યુમાં મીનીમમ ૧૬૦૦ શેરોનો અરજી માટે ૧,૨૯,૬૦૦ અને એચએનઆઈ મીનીમમ માટે ૩૨૦૦ શેરોની અરજી માટે ૨,૫૯,૨૦૦ ભરવાના રહેશે. કંપની આર્વેવેદિક સોલ્યુશન હાલમાં ચરકસંહિતા દ્વારા આપી રહેલ છે. કંપીન તેના ગ્રાહકોને ડાયરેકટ સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે ફોક્સ રાખી રહેલ છે. **ઈસ્યુ માળખુ** : કંપનીએ આરંભમાં શેરો ભાવોભાવ ઓફરે કર્યા બાદ ૭૭ થી ૨૧૫ શેરદીઠ ભાવે માર્ચ ૨૦૧૪ થી મે ૨૦૨૪ સુધીના ગાળામાં ઈસ્યુ કર્યા હતા. કંપનીએ ૨૦૨૨માં એક શેરે ૬ શેર બોનસ શેર અને ફેબ્રુઆરી ૨૦૨૪માં એક શેરે ૩ બોનસ શેર અને જુલાઈ ૨૦૨૪માં એક શેરે ૩ શેર બોનસ શેર તરીકે આપેલ છે. પ્રમોટરોની એવરેજ પડતર કિંમત ૦.૨૫, ૦.૬૩, ૨.૨૭ અને ૫૩.૭૫ છે. કંપની પેઈપઅપ કેપીટલ ૧૧.૫૭ કરોડ છે જે ઈસ્યુ બાદ વધીને ૧૫.૭૪ કરોડ થશે. **નાણાકીય પરિણામો** : કંપનીએ છેલ્લા ૩ નાણાકીય વર્ષ દરમ્યાન ૨૦૨૨માં ૫૨.૩૧ કરોડના વેચાણ પર નેટનફો ૧.૩૯ કરોડ, ૨૦૨૩માં ૮૨.૯૮ કરોડના વેચાણ પર નેટનફો ૨.૫૧ કરોડ, ૨૦૨૪માં ૧૨૮.૧૧ કરોડના વેચાણ પર નેટનફો ૬.૩૧ કરોડ, અને ૧૫ ડિસેમ્બર ૨૦૨૪ આખરે પુરા થતા ૮.૫ મહિનાના ગાળામાં ૧૦૯.૫૫ કરોડના વેચાણો પર નેટનફો ૫.૯૦ કરોડ થયો છે. કંપનીની એવરેજ શેરદીઠ કમાણી ૧૨.૭૮, રિટર્ન ઓન નેટવર્થ ૮૯ ટકા દર્શાવેલ છે. બુકવેલ્યો ૧૪.૯૩ સાથે આ ઈસ્યુના શેર ૫.૪૩ ગણા ભાવે ઓફર થગઈ રહ્યો છે. કંપની ૨૦૨૪ની કમાણી સામે ૧૫.૩૧ના પીઈથી શેરો ઓફર કરી રહી છે. કંપનીએ ડી ટુ સી મોડેલ દ્વારા તેની પ્રોડકટોનું ઓનલાઈન માર્કેટીંગ કરી રહી છે. કંપનીની કામગીરીમાં અને પરિણામોમાં નોંધપાત્ર વૃદ્ધિ થઈ રહી છે. કંપની મેનેજમેન્ટ તેના માર્જીન ટકાવી રાખવા લક્ષ્ય છે. આ શેરમાં મધ્યમથી લાંબાગાળાનું રોકાણ કરાય.

**ભરાય**

## બારફલેકસ પોલી ફિલ્મસ લિ.

**(૧૦ જાન્યુઆરી-૧૫ જાન્યુ. ૨૦૨૫)**

**ઈસ્યુ પ્રાઈઝ** : ૫૭થી ૬૦ **લોટ સાઈઝ** : ૨૦૦૦ શેરો

**ઈસ્યુ પ્રાઈઝ** : ૩૯.૪૨ કરોડ **લીસ્ટીંગ :** એનએસઈ-એસએમઈ

જાન્યુઆરી ૨૦૦૫ સ્થપાયેલ બારફેલેશ પોલી ફિલ્મ લિ. કોલેક્સ ફિલ્મ, લેમીનેટસ અને લેબલના ઉત્પાદન ક્ષેત્રે કાર્યરત છે. એફએમસીજી ઉદ્યોગ, પ્રોસીડ ફુડ, એડેસીલ્સ, એન્જીનીયરીંગ, એપ્લીકેશન, ફાર્માસ્યુટીકસ કન્સ્ટ્રકશન અને અન્ય ઉદ્યોગો માટે કંપની ફલેકસીબલ પેકેજીંગ મટીરીયલ્સ બનાવે છે. કંપની થ્રી લેબર, ૫-લેબર પોલીફિલ્મસ, લેમીનેટસ, વેકયુમ પાઉચસ, બલ્ક સાઈનમાં અને પીવીસી સીન્કર્સ લેબલ બનાવે છે. કંપનીના ગ્રાહકોના જાણીતા બ્રાન્ડો ધરાવતા ડોમેસ્ટીક બજારમાં સપ્લાય કરે છે. કંપનીનું ઉત્પાદન એકમ હિમાલચ પ્રદેશમાં બદ્દી ખાતે આવેલ છે. કંપની વિશાળ માર્કેટ ધરાવે છે. કંપની ઈસ્યુ ફંડનો ઉપયોગ વધારાનો પ્લાન્ટ અને મશીનીરી ખરીદી માટે મુડીખર્ચમાં વાપરશે. અને જનરલ કોર્પોરેટ હેતુઓ માટે કરાશે કંપની વધારાના પ્લાન્ટ અને મશીનરીના ઉપયોગથી તેના પ્રોડકટ પોર્ટફોલિયોમાં વૃદ્ધિ કરી રહી છે.કંપની ૩૯.૪૨ કરોડનું ફંડ ઉભું કરવા રૂ. ૧૦ની કિંમતના એવા એક ૬૫,૬૯,૮૭૫ શેરો રૂ. ૫૭ થી ૬૦ની પ્રાઈસ બેન્ડની ઓફર કરવા ૧૦ જાન્યુઆરીએ બંધ થશે. કંપની ફ્રેશ ઈસ્યુ ૨૦,૫૩,૦૦ ઈકવીટી શેરો (રૂ. ૧૨.૩૨ કરોડ) અને ઓફર ફોર સેલ દ્વારા ૪૫,૧૬,૮૭૫ શેરો (૨૭.૧૦ કરોડ) ઓફર કરી રહી છે. કંપની એનએસઈ-એસએમઈ ઈસ્યુનં ૨૦ જાન્યુ. ૨૦૨૫ના રોજ લીસ્ટીંગ થશે. ઈસ્યુ ભરવા માટે મીનીમમ ૨૦૦૦ શેરોનો અરજી માટે રૂ. ૧.૨૦ લાઅખ અનો એચએનઆઈ મીનીમમ ૪૦૦૦ શેરોની અરજી માટે રૂ. ૨.૪૦ લાખ ભરવાના છે. **ઈસ્યુ માળખું** : કંપનીએ શરૂમાં શેરો ભાવોભાવ ઓફર કર્યા બાદ રૂ. ૪૦ થી ૨૬૦૦ની રેન્જમાં જુલાઈ ૨૦૦૫થી ડિસે. ૨૦૧૦ના ગાળમાં ઈસ્યુ કર્યા હશતા. પ્રમોટરોની પડતર કિંમત શુન્ય અને રૂ. ૬.૧૬ શેરદીઠ છે. અને કંપની ઓફર ફોર સેલ તથા ફ્રેશ ઈસ્યુના શેરો ૫૭ થી ૬૦ની પ્રાઈસબેન્ડની ઓફર કરી રહી છે. કંપનીની પેઈઅપ ઈકવીટી કેપીટલ રૂ. ૨૨.૭૦ છે જે ઈસ્યુ બાદ વધી ૨૪.૭૫ થશે. **નાણાકીય પરિણામો** : કંપનીએ છેલલા ૩ નાણાકીય વર્ષ દરમ્યાન ૨૦૨૨માં ૯૪.૧૦ કરોડની આવક સામે ૭.૯૪ કરોડનો નેટનફો દર્શાવેલ છે. ૨૦૨૩માં ૧૧૦.૪૧ કરોડના વેચાણ પર નેટનફ ૧૦.૧૩ કરોડ અને ૨૦૨૨માં ૧૧૬.૧૦ કરોડના વેચાણ પર નેટનફો ૧૬.૨૪ કરોડનો થયો છે. ૩૦ નવેમ્બર ૨૦૨૪ આખરે ૨૦૨૫ના વર્ષના પ્રથમ ૮ માસમાં કંપનીના વેચાણો ૭૮.૦૨ કરોડ ઉપર નેટનફો ૧૩.૪૯ કરોડ થયો છે. છેલ્લા ૩ વર્ષ દરમ્યાન એવરેજ ઈપીએસ ૫.૬૫ અને રિટર્ન ઓન નેટવર્થ ૨૩.૫૫ ટકા દર્શાવેલ છે. ૩૦ નવેમ્બરે ૨૦૨૪ આખરે ૩૪.૦૭ની બુકવેલ્યુ સાથે ૧.૭૬ ગણા ભાવે ઓફર થઈ રહેલ છે. ૨૦૨૨માં નેટપ્રોફીટ માર્જીન ૮.૪૯ ટકા, ૨૦૨૪માં ૧૪.૭૪ ટકા, અને ૨૦૨૫ના વર્ષના પ્રથમ આઠ માસમાં ૨૦.૫૫ ટકા, પ્રોફીટ માર્જીન દર્શાવેલ છે આ ઈસ્યુમાં ફાજલ નાણા પડયા હોય તો રોકાણ કરવાનું વિચારી શકાય.

**ભરાય**



Kamlesh Bavrva
M : 9913137271

## નવા અઠવાડિયા માટે ઈન્ટ્રાડે ફયૂચર શેરો

મિત્રો હું તમને આવતા અઠવાડિયા માટે ઈન્ટ્રાડે શેરોની ભલામણ કરું છે જે નીચે મુજબ છે પરંતુ મિત્રો સ્ટોપલોસ્સ રાખ્યા વગર બજાર માં કામ કરવું નહિ.




**Conditions are: 1. SELL JAN FUTURE ONLY BELOW 1658 2. KEEP SL 1670 CLBS STRICKLY AFTER SELL 3. TGT 1640-1620**




**Conditions are: 1. SELL JAN FUTURE ONLY BELOW 972 2. KEEP SL 980 CLBS STRICKLY AFTER SELL 3. TGT 965-950**




**Conditions are: 1. SELL JAN FUTURE ONLY BELOW 402 2. KEEP SL 408 CLBS STRICKLY AFTER SELL 3. TGT 400-390**




**Conditions are: 1. BUY JAN FUTURE ONLY ABOVE 4238 2. KEEP SL 4220 CLBS STRICKLY AFTER BUY 3. TGT 4260-4280**




**Conditions are: 1. SELL JAN FUTURE ONLY BELOW 744 2. KEEP SL 750 CLBS STRICKLY AFTER SELL 3. TGT 740-730**




**Conditions are: 1. BUY JAN FUTURE ONLY ABOVE 1716 2. KEEP SL 1700 CLBS STRICKLY AFTER BUY 3. TGT 1725-1740**

**To join Gujju Sachot Trading Whats App group message me on - +973 36518245.**

**Disclaimer -** I'm Not Sebi Registered Investment / Financial Advisor, Presenting Stocks View Here Only For Educational And Paper Trading Purposes. No Buy And Sell Recommendation Is Given Here. Consult Your Financial Advisor Before Taking Trade. I'm Not Responsible For Your Any Profit/Loss If Any One Taking Any Trade Or Action Based On This. Invest Or Trade 100% Own Risk & Responsibility Else Strictly Avoid This View

R.N.I.NO. 61862/97



# મધ્યમથી લાંબાગાળાના રોકાણ માટેનો દમદાર શેર

# AB કોટસ્પિનને મળેલ ૧૪.૮ કરોડનો કોટન યાર્નનો ઓર્ડર

## કંપની ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટસની રેન્જમાં વૃદ્ધિ હાંસલ કરશે

AB COTSPIN INDIA LTD.




**એ.બી.એસ કોટસ્પીન ઈન્ડીયા લિ.** : એનએસઈ ખાતે લીસ્ટેડ આ કંપનીના રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૪૭૯ આસપાસ પ્રવર્તે છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૫૧૬ અને નીચામાં ૧૨૩.૩૫ નો ભાવ જોવાયો છે. બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટમાં બે અંક અગાઉ આ શેર ૪૩૫ના ભાવે ખરીદી માટેના સંકેત અપાયા હતા. કંપનીની મોર્કેટકેપ ૪૯૩ કરોડ અને બુકવેલ્યુ ૭૦.૪ છે. આ શેર ૮.૫૦ની શેરદીઠ કમાણી સામે ૫૬.૪૩ના પીઈથી મળે છે. છેલ્લા એક મહિનમાં અ ાશેરના ભાવમાં ૯.૩૫ ટકા, ૬ મહિનામાં ૧૦૩.૧૧ ટકા, એક વર્ષમાં ૨૬૯.૫૩ ટકા તથા ૨ વર્ષમાં ૮૭૮.૮૮ ટકાનું મલ્ટીબેગર રિટર્ન મળ્યું છે. કંપનીએ ૨૦૨૪૩ના નાણાકીય વર્ષમાં રૂ. ૨૫૫.૭૬ કરોડની આવક અને ઈબીઈટીડીએ રૂ. ૨૭.૬૪ કરોડ દર્શાવેલ છે. કંપનીએ સપ્ટે. ૨૪ના રોજ પુરા થયેલ અર્ધ વાર્ષિક ગાળામાં ૧૫૪.૭૧ કરોડના વેચાણો પર નેટનફ.ો ૪.૦૨ કરોડ થયો છે. પ્રથમ અર્ધવાર્ષિક ગાળામાં શેરદીઠ આવક ૨.૮૯, આરઓસીઈ ૧૦.૮ ટકા, આરઓઈ ૧૨.૧ ટકા દર્શાવેલ છે. કંપની છેલ્લા પાંચ વર્ષથી પ્રોફીટ ગ્રોથમાં ૩૯.૭ ટકાના સીએજીઆર ધોરણે વૃદ્ધિ કરી છે. કંપનીન કુલ ઈકવીટી રૂ. ૧૦ કરોડ અને રિઝર્વ રૂ. ૬૨ કરોડ છે. પ્રમોટર્સ ૩૪.૨૧ ટકા, પબ્લિક ૬૫.૦૯ ટકા હોલ્ડીંગ ધરાવે છે. કંપની સંગીન ઓર્ડર બુક, અત્યંતઆધુનિક ટેકનોલોજી, મજબૂત ગ્રાહક બેઈઝ અને તીવ્રો ઉંચા ગ્રોથને પગલે આ શેરમાં મધ્યમથી લાબાગાળાનું રોકાણ ડાર્કહોર્સ બની રહે. કંપની ૨૦૨૫ના નાણાકીય વર્ષમાં રૂ. ૨૭૫ કરોડના વેચાણનો લક્ષ્યાંક ધરાવે છે.

ટેક્સટાઈલના ક્ષેત્રની ભટિંડા સ્થિત કંપની એબીએસ કોટસ્પિનને ૫૦૦ મેટ્રિક ટન કોટન યાર્ન સપ્લાય કરવાનો રૂ. ૧૪.૮ કરોડનો ઓર્ડર મળ્યો છે. એ.બી. કોટસ્પિન ટેક્સટાઈલના સેક્ટરમાં ૨૫ વર્ષથી સક્રિય છે અને આ સેક્ટરનો બહોળો અનુભવ ધરાવે છે. આ નવો ઓર્ડર મળતાં કંપનીની માર્કેટ પોઝિશન વધુ સંગીન થઈ ગઈ છે. હાઈક્વોલિટીના કોટન યાર્નના વિશ્વાસુ સપ્લાયર તરીકે તેણે ખાસ્સી નામના મેળવી લીધી છે. કોટન યાર્ન ઉપરાંત નિટેડ યાર્ન, નિટેડ ફેબ્રિક્સ તથા ઈકો ફ્રેન્ડલી પ્રોડક્ટ્સના ક્ષેત્રમાં પણ કંપનીએ સારું કાઠું કાઢેલું છે.

એ.બી. કોટસ્પિન રિસાઈક્લિંગના સેક્ટરમાં પણ ખાસ્સી સક્રિય કંપની છે. કચરામાંથી કંચન બનાવવાની તેની કુનેહ પણ ગજબની છે. કંપની કુદરતી સ્રોતનો મહત્તમ ઉપયોગ કરવામાં માને છે. બગાડ ઓછામાં ઓછો થાય તેને કંપની અગ્રક્રમ આપે છે. કંપની રિસાયક્લિંગને અગ્રક્રમ આપે છે. કંપની રિસાયક્લિંગ પર અલગથી ફોકસ કરી રહી છે. રિસાયકલ કરેલા કોટન અને કપડાં બંનેનો ઉપયોગ કરી રહી છે. કપડાં કે કપાસનો ઉપયોગ કર્યા પહેલા કે ઉપયોગ થયા પછી તેનો ઉપયોગ કરીને પ્રોડક્ટ્સ બનાવવાના ક્ષેત્રમાં એ.બી. કોટસ્પિન સક્રિય છે. તેમાંથી અલગ અલગ પ્રકારના યાર્ન અને ગારમેન્ટ તૈયાર કરે છે. કંપનીએ કરેલી આ પહેલ ગ્લોબલ રિસાયક્લિંગના ધોરણોની બરોબરીએ આવે તેવી છે. પરિણામે પર્યાવરણ પર પડતી અવળી અસરની ગતિ મંદ પડે છે. આમ તેના પ્રોડક્ટ પર્યાવરણને ઓછામાં ઓછી હાનિ પહોંચાડી રહ્યા છે. તેની સાથે સાથે જ કંપનીની વિવિધતા સભર પ્રોડક્ટ રેન્જમાં ઉમેરો પણ કરે જ છે. આમ કંપની રિસોર્સ એફિશિયન્ટ વર્ક એન્વાયર્નમેન્ટનું નિર્માણ કરી રહી છે.

કંપની ડાયિંગની પ્રોસેસથી દૂર રહેવાનું પસંદ કરી રહી છે. તે માટે અલગ અલગ કલરના યાર્ન બનાવી રહી છે. જુદાં જુદાં કલરની ચિંદી કે કાતરણમાંથી જુદાં જુદાં કલરનું યાર્ન કંપની બનાવી રહી છે. તેને પરિણામે પાણીનો વપરાશ ઓછો થાય છે. દૂષિત પાણી ઓછું નીકળે છે. પર્યાવરણની દ્રષ્ટિએ કંપનીએ લીધેલું આ એક મોટું પગલું છે. આમ કંપની એન્વાયર્નમેન્ટ ફ્રેન્ડલી પ્રોડક્શનની દિશામાં આગળ વધી રહી છે. અલગ અલગ પ્રકારના કોટન વેસ્ટનો ઉપયોગ કરીને રિસાયક્લિંગ કરવાની કામગીરીને વધુ મોટા પાયા પર કરવા માટે કંપની અત્યાધુનિક ટેક્નોલોજી વસાવી રહી છે. કોટન સ્પિનિંગ મિલના કોટન વેસ્ટનો પણ કંપની ઉપયોગ કરતી થઈ ગઈ છે. નકામા કોટન યાર્નનો પણ ઉપયોગ કરે છે. ગ્રાહકો સુધી વસ્ત્રો પહોંચે તે પહેલાના કચરો-નકામા થયેલા પ્રોડક્ટ્સ ગંદા હોતા નથી. તેથી તેમાંથી યાર્ન બનાવવાની કામગીર સરળ રહે છે. કપડાં વપરાયા પછી નકામા થઈ જાય ત્યારે કાઢી નાખવામાં આવતા ગારમેન્ટ કે પછી ટોવેલ્સ અને ઘરમાં વપરાતી અન્ય વસ્તુઓ નકામી થઈ જતા કાઢી નાખવામાં આવે ત્યારબાદ તેનો ઉપયોગક રવામાં આવે છે. ઘરના પડદાં, સોફાના કવર પણ વપરાય છે. તેના અલગ અલગ કોમ્બિનેશન બનાવીને તેને ડાયિંગ કરવાનું ટાળવામાં આવી રહ્યું છે.

### જળસંચયમાં પણ સક્રિય

એ.બી. કોટસ્પિન જળસંચયમાં પણ સક્રિય બની છે. વરસાદના જળનો મહત્તમ સંગ્રહ થાય તે માટેના પ્રયાસો કંપની કરી રહી છે. દરેકના ઘરમાંથી નીકળતું ગટરનું પાણી પણ નકામું ન જાય અને તેનો પણ નવેસરથી ઉપયોગ થાય તેની દરકાર કંપની કરી રહી છે. તેને માટે ફેક્ટરીમાં વૉટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ લગાવ્યો છે. તે પાણીનો ઉપયોગ ફેક્ટરીના કમ્પાઉન્ડમાં ઉગાડેલા વૃક્ષને માટે કરવામાં આઈવે છે.

### સોલાર એનર્જીનો પણ ઉપયોગ

એ.બી. કોટસ્પિન સોલાર એનર્જીનો પણ ઉપયોગ કરે છે. અત્યારે તેની સોલાર પાવરની ઈન્સ્ટોલ કેપેસિટી ૨૮૦૦ કિલોવોટની છે. કંપની હજી બીજો ૩૩૧ કિલોવોટનો સોલાર પ્લાન્ટ લગાડવા જઈ રહી છે. જાન્યુઆ ૨૦૨૫ના અંત સુધીમાં આ પ્લાન્ટ સક્રિય થઈ જશે. આ પગલાંને પરિણામે કંપનીના વેરા પછીના નફામાં વધારો થવાની ધારણો મૂકવામાં આવી રહી છે. કંપનીએ કરેલી પહેલ ગ્લોબર ઓર્ગેનિક ટેક્સટાઈલ સ્ટાન્ડર્ડની બરોબરી કરે તેવી જ છે.

તદુપરાંત કંપની તેના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં સતત ઉમેરો કરી રહી છે. તેને માટે કંપની પોતે બનાવેલા કાપડનો ઉપયોગ કરી રહી છે. તેમ જ રેડીમેડ ગારમેન્ટનું પણ ઉત્પાદન કરી રહી છે. કંપનીની આ સફળતા અંગે વાતચીત કરતાં મેનેજિંગ ડિરેક્ટર દીપક ગર્ગે જણાવ્યું હતું કે, “રૂ. ૧૪.૮ કરોડના ૫૦૦ મેટ્રિક ટન કોટન યાર્ન બનાવવાના અમને મળેલા ઓર્ડરની જાહેરાત કરતાં હું આનંદની લાગણી અનુભવી રહ્યો છું. આ ઓર્ડર જ બતાવે છે કે સારી ક્વોલિટીના કોટન યાર્નની ડિમાન્ડ વધી રહી છે. તેમ જ ઈકોફ્રેન્ડલી ટેક્સટાઈલ સોલ્યુશન્સને આવકારવા લોકો તત્પર જ છે. અમને મળેલો આ ઓર્ડર અમારી સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે માર્કેટ પોઝિશનને માત્ર મજબૂત બનાવશે એટલું જ નહિ, પરંતુ તેને કારણે અમારા વેચાણમાં અને નફામાં પણ ખાસ્સી વૃદ્ધિ થશે. અમારા પ્રોડક્શનમાં ટકાઉપણુ અને ઈન્નોવેશન કરતા રહેવાની ભાવનાને અમે ચુસ્તપણ વળગી રહ્યા છીએ. તેને માટે અત્યાધુનિક રિસાયક્લિંગ પદ્ધતિને આશરો લેવો પડે તો તે પણ અમે કરી રહ્યા છીએ. આ જર તે તેના ઉત્પાદનની પ્રક્રિયાને વધુ કાર્યક્ષમ બનાવવી પડે તો તે પણ અમે બનાવી રહ્યા છીએ. અમે દરેક તબક્કે લાંબા ગાળાના વિકાસને વેગ આપવા પર ફોકસ કરી રહ્યા છીએ. તેનો ફાયદો પર્યાવરણને અને ટેક્સટાઈલ ઉદ્યોગ બંનેને મળી રહ્યો છે.”

### એ.બી. કોટસ્પિનના કસ્ટમર્સ

એ.બી. કોટસ્પિને બજારમાં વિશ્વસનિયતા અને શાખ ઊભી કરી છે. તેને પરિણામે જ તેમના ક્લાયન્ટ્સ લાંબા ગાળા સુધી તેમની સાથે જોડાયેલા રહ્યા છે. એ.બી. કોટસ્પિનના ક્લાયન્ટ્સમાં અમેરિકાના માર્કેટના અગ્રણી બાયર્સના સપ્લાયર મેસર્સ એસપીએલ ફરિદાબાદનો સમાવેસ થાય છે. તદુપરાંત ઓલ્ટર બ્લેક્રેટની બ્રાન્ડમેન ધરાવતા અને ટીટલીસની બેડશીટ્સ બેબે ગારમેન્ટના સપ્લાયર તરીકે નામના ધરાવતા લુધિયાણાનો પણ તેના ક્લાયન્ટ્સ ગ્રુપમાં સમાવેશ થાય છે. રામટેક્સની અગ્રણી બ્રાન્ડનેમ હેટળ લેડીઝ સ્યૂટ્સના મેન્યુફેક્ચરર્સ મેસર્સ ફારમેશ્રસી મિલ્સ લિમિટેડ(લુધિયાણા)નો પણ તેના ક્લાયન્ટ્સ ગ્રુપમાં સમાવેશ થાય છે. તદુપરાંત મેસર્સ સી. મોહન ઈન્ટરનેશનલ-લુધિયાણા, મેસર્સ કુડી નિટવેર-લુધિયાણા, મેસર્સ ટ્રાઈડન્ટ ગ્રુપ-બરાનાલા, દાસ ફેબ્રિક્સ-લુધિયાણા અને સન્ની ટેક્સટાઈલ – પાણીપત પણ એ.બી. કોટસ્પિનના ગ્રાહક છે.

### કંપનીના સ્થાપના અને પ્રગતિ

એ.બી. કોટસ્પિનની ૧૯૯૭માં કંપનીની સ્થાપના કરવામાં આવી છે. પંજાબના જૈતુ વિસ્તારમાં ટેક્સટાઈલ મેન્યુફેક્ચરિંગના ક્ષેત્રની અગ્રણી કંપની તરીકે નામના ધરાવે છે. છેલ્લા પચ્ચીસ વર્ષથી કંપની સક્રિય છે. કંપનીએ તેના કામકાજનો આરંભ કોટન જિનિંગથી કર્યો હતો. ત્યારબાદ વિવિંગ, સ્પિનિંગ અને ફેબ્રિક્સથી માંડીને ગારમેન્ટ બનાવવા સુધીની સફર કંપનીઓ પૂરી કરી છે. આજે ટેક્સટાઈલનું તે એક ઈન્ટીગ્રેટેડ યુનિટ છે. કંપની સારામાં સારી ક્વોલિટીનું કોટર યાર્ન બનાવે છે. તેમ જ નિટેડ ફેબ્રિક્સ પણ બનાવે છે. કોટન સીડ ઓઈલ અને કોટન સીડના ખોળના વેપાર સાથે પણ કંપની સંકળાયેલી છે.

### એ.બી. કોટસ્પિનને મળેલા એવોર્ડ

એ.બી.કોટસ્પિનને ખાસ્સા એવોર્ડ પણ મળેલા છે. મેન્યુફેક્ચરિંગનામાં અદભૂત કામગીરી કરવા બદલ આ એવોર્ડ મળ્યા છે. આ જ રીતે કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટીના ક્ષેત્રમાં કરેલી નોંધપાત્ર કામગીરી માટે પણ એવોર્ડ મળેલા છે. કંપની તેનું ઉત્પાદન ક્ષમતામાં ૨૦૨૪-૨૫માં જ વધારો કરવાનો ઈરાદો ધરાવે છે. ટેક્સટાઈલના સ્પર્ધાત્મક જગતમાં એ.બી. ટેક્સટાઈલ એક મોટી કંપની તરીકે નામના ધરાવે છે.

### એ.બી કોટસ્પિનના પ્રમોટર્સ

એ.બી. કોટસ્પિનના પ્રમોટર્સમાં દીપક ગર્ન, મનોહર લાઈ, પ્રીત કમલ કૌર ભાટિયા, પુનિત ભંડારીનો સમાવેશ થાય છે. દીપક ગર્ગ કંપનીના સ્થાપક પ્રમોટર છે. દીપક ગર્ગ એ.બી.કોટસ્પિનના મુખ્ય પ્રમોટર છે.દીપક ગર્ગ અત્યારે ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરનો હોદ્દો સંભાળી રહ્યા છે. સરકારી કૉલેજ રાજિન્દ્ર કોલેજમાં જોડાયા હતા, પરંતુ ગ્રેજ્યુએટ થઈ શક્યા નહોતા. અનુભવે ઘડાયેલા વ્યક્તિ છે. પ્રોડક્શનથી માંડીને છેલ્લામાં છેલ્લા સ્ટેજના મેન્યુફેક્ચરિંગ સુધીનો તેમનો અનુભવ કંપની માટે મોટી મૂડી બની ગયો છે.

## ૨૦૨૪ના નાણાકીય વર્ષમાં કંપનીએ તેના શેરધારકોને બે વાર બોનસ શેરની ભેટ આપીને રચેલ નવો માઈલસ્ટોન


# રાજુએન્જીનીયરીંગ લિ. : પેકેજીંગ પ્રોડક્ટસની મશીનરીના ઉત્પાદન ક્ષેત્રની આ કંપનીના શેરમાં વધી રહેલી ફેન્સી : મધ્યમથી લાંબાગાળાનું રોકાણ ડાર્કહોર્સ બને

RAJOO®
excellence in extrusion




**રાજુ એન્જીનીયરીંગ (પરરરપ૭)** : રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા આ કંપનીના શેરનો ભાવ ૨૨૫ આસપાસ પ્રવર્તે છે. પર સપ્તાહમાં ઉંચામાં ૪૦૧.૨૫ અને નીચામાં ૬૭.૫૦નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૩૭૦૦ કરોડ અને બુકવેલ્યુ ૮.૫૪ છે. ૬ મહિનામાં ૯૦.૯૮ ટકા, ૧ વર્ષમાં ૧૯૮.૧૦ ટકા, ૨ વર્ષમાં ૧૯૮૫.૦૩ ટકા, ૩ વર્ષમાં ૧૫૯૪.૯૭ ટકા અને પાંચ વર્ષમાં ૫૨૦૮.૦૩ ટકા, ૩ વર્ષમાં ૧૫૯૪.૯૭ ટક અને પાંચ વર્ષમાં ૫૨૦૮.૨ ટકાનું જંગી મલ્ટીબેગર રિટર્નમાં કંપનીના શેરે આપેલ છે. કંપની ડેબ્ટ ફ્રી કંપની છે. અને છેલ્લા પાંચ વર્ષની પ્રોફીટ ગ્રોથ ૧૯.૬ ટકા સીએજીઆર ધોરણે રહ્યો છે. સપ્ટે. ૨૦૨૪ આખરે પુરા થતા કર્વાર્ટરમાં કંપનીના વેચાણો વધીને ૫૬.૮૧ કરોડ અને નેટનફો ૭.૨૪ કરોડનો થયો છે. માર્ચ ૨૦૨૪ આખરે પુરા થતા આખા વર્ષમાં ૨૨૦ કરોડના વેચાણો પર નેટનફો રૂ. ૨૫ કરોડ અને ઈપીએસ ૧.૫૦ દર્શાવેલ છે. કંપનીની કુલ ઈકવીટી રૂ.૧૨ કરોડ સાથે કંપની ૧૨૮ કરોડનું જંગી રિઝર્વ ધરાવે છે. કંપનીની કુલ એસેટ ૩૦૦ કરોડની છે. આરઓસીઈ ૨૩.૭ ટકા, આરઓઈ ૫ ટકા દર્શાવેલ છે. કંપનીની પ્રમોટર્સ ૬૬.૪૦ ટકા, એફઆઈઆઈ ૦.૦૭ ટકા, પબ્લિક ૩૩.૫૩ ટકા હોલ્ડીંગ ધરાવે છે. કંપની ૪૨૭૮૨ જેટલા શેરધારકો ધરાવે છે.

કંપનીએ ૨૦૨૪ના વર્ષમાં બે વાર બોનસ શેર શેરધારકો માટે જાહેર કર્યા છે. કંપનીએ ૮ ઓગસ્ટ ૨૦૨૪માં એક શેરે એક બોનસ શેર આપેલ છે. અને તાજેતરમાં કંપનીએ ૧:૩ ના પ્રમાણમાં બોનસ આપ્યા હતા અને તેની રેકોર્ડ ડેટ ૨ ડિસે. ૨૦૨૪ હતી. સફળ કંપની ઈન્વેસ્ટમેન્ટ ફ્રેન્ડલી બની બે વાર બોનસ શેર આપતના શેરધારોકે અને રોકાણકારોમાં ફેન્સી શેર બની ગયો છે. આ શેરમાં મધ્યમથી લાંબા ગાળાનું રોકાણ ડાર્કહોર્સ બની રહે. રોકાણ માટે ખાસ ધ્યાનમાં રખાય.



રાજુ એન્જિનિયરિંગનું વિઝન વિશ્વની પ્લાસ્ટિક એક્સ્ટ્રૂઝન મશીનરીના સેક્ટરની સારામાં સારી કંપની તરીકેનો મોભો મેળવવાનું છે. અને તેમ કરવામાં નીતિમત્તાને જરાય અળગી ન કરવાનું ધ્યેય પણ રાખ્યું છે. એક્સ્ટ્રૂઝનના ક્ષેત્રની એક્સિલન્ટ કંપની બનવાની તેની નેમ છે. આમ એક્સિલન્ટ બનવા માટે રાજુ એન્જિનિયરિંગ સતત ઈન્નોવેશન કરતી આવી છે. પ્રોડક્ટ અને ટેક્નોલોજીને ઓળખવામાં હોય કે પછી તેને માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે સૌથી આગળ રહેવામાં જ રાજુ એન્જિનિયરિંગના પ્રમોટર્સ માને છે. આ રીતે રાજુ એન્જિનિયરિંગ તેના કસ્ટમર્સ અને વેન્ડરને ખુશ રાખી રહી છે. આમ પ્લાસ્ટિક એક્સ્ટ્રૂઝન મશીનરીના ક્ષેત્રની સૌથી વિશ્વસનીય કંપની તરીકેનો દરજ્જો તેણે હાંસલ કરી લીધો છે. ભવિષ્યમાં પણ પ્રગતિની આ ગતિ જાળવી રાખવી તે રાજુ એન્જિનિયરિંગની મહેચ્છા છે. ૧૯૮૬માં સી.એન. દોશીએ રાજુ એન્જિનિયરિંગની સ્થાપના કરી ત્યારથી આ જ ધ્યેય સાથે કંપની આગળ વધી રહી છે. ૧૯૮૬માં કંપનીની સ્તાપના થઈ તેના ચાર જ વર્ષમાં ભારતની સીમા ઓળંગીને આફ્રિકાના બજારમાં પ્રવેશી ગઈ હતી. કંપનીએ આરંભથી જ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટમાં રોકાણ કર્યું હતું.

જૂનાગઢ જિલ્લાના માણાવદરમાં નાને પાયે આરંભ કરનાર રાજુ એન્જિનિયરિંગ આજે મોટી કંપની બની ચૂકી છે. વિશ્વસ્તરે આજે તેની નોંધ લેવાઈ રહી છે. ગુજરાત અને ભારતના જુદાં જુદાં વિસ્તારમાં તેની ઓફિસ આવેલી છે. રાજુ એન્જિનિયરિંગ વિશ્વભરમાં ભાગીદારો ધરાવતી કંપની બની ચૂકી છે. વિશ્વના બજારમાં એક પરિપક્વ થયેલી કંપની તરીકે તેની ઓળખ ઊભી થઈ ચૂકી છે. પ્રોડક્ટ્સના ભાવની બાબતમાં સભાન કંપની એક્સ્ટ્રૂઝનના સેક્ટરની છેલ્લામાં છેલ્લી ટેક્નોલોજી અપનાવવા ઉત્સુક રહે છે. આમ રાજુ એન્જિનિયરિંગ પાસે અનુભવ અને એક્સપર્ટાઈઝનું અદભૂત મિશ્ર છે. તેની મદદથી એક્સિલન્ટ પ્રોડક્ટ્સ લઈને માર્કેટમાં આવે છે.

તેથી જ બ્લોન ફિલ્મ લાઈન્સ, શીટ લાઈન્સ અને થર્મોફોર્મમર્સના સેક્ટરની માર્કેટની અગ્રણી કંપની તરીકેનું સ્થાન રાજુ એન્જિનિયરિંગ ધરાવે છે. એશિયાના દેશોના મેન્યુફેક્ચરર્સની સરખામણી

- **રાજુ એન્જિનિયરિંગ: ક્વોલિટીથી પ્રોડક્ટ્સથી માર્કેટમાં મોખરે**
- **પ્લાસ્ટિક એક્સ્ટ્રૂઝન મશીનરીના ક્ષેત્રની સૌથી વિશ્વસનીય કંપની તરીકેનો દરજ્જો તેણે હાંસલ કર્યો**
- **૧૯૮૬માં કંપનીની સ્થાપના થઈ તેના ચાર જ વર્ષમાં ભારતની સીમા ઓળંગીને આફ્રિકાના બજારમાં પ્રવેશી ગઈ હતી**
- **પ્રોડક્શનના ચુસ્ત સ્ટાન્ડર્ડ ધરાવતા જર્મની, સ્પેન અને બ્રિટન સહિત સંખ્યાબંધ દેશોમાં રાજુ એન્જિનિયરિંગના એકમો છે**

કરવામાં આવે તો રાજુ એજિનિયરિંગ ખાસ્સી આગળ છે. વિશ્વના બજારમાં તેના પ્રોડક્ટ્સની ડિમાન્ડ ખાસ્સી વધારે છે. કંપનીના કુલ વેચાણમાંથી ૫૦ ટકા પ્રોડક્ટ્સની નિકાસ થાય છે. કંપનીના પ્રોડક્શન યુનિટ્સ જર્મમની, સ્પેન અને બ્રિટન સહિત ૭૦ દેશમાં છે. જર્મની, સ્પેન અને બ્રિટનમાં પ્રોડક્શનની ક્વોલિટીના સ્ટાન્ડર્ડ બહુ જ ચુસ્ત છે. કંપનીને ૬૦ ટકા બિઝનેસ રીપિટ ઓર્ડર થકી મળે છે. આ જ દર્શાવે છે કે કંપનીના પરફોર્મન્સ અને પ્રોડક્ટ્સથી તેના ક્લાયન્ટ્સ ખાસ્સા સંતુષ્ટ છે.

એક્સ્ટ્રૂઝન એ કંપનીની ખાસિયત છે. તેમાં અદભૂત પરફોર્મન્સ આપતી આવી છે. કંપની મોનો અને મલ્ટીલેયર-સાત લેયર સુધીના બ્લોન ફિલ્મ લાઈન તૈયાર કરે છે. પાંચ લેયર સુધીની શીટ્સ લાઈન તૈયાર કરે છે. બે લેયર સુધીની વૉટર ક્વેન્ચ ડાઉનવર્ડ એક્સ્ટ્રૂઝન લાઈન તૈયાર કરી શકે છે. પીઈ અને પીએસ ફોમ ફિલ્મ અને શીટ્સની લાઈન તૈયાર કરવાને સક્ષમ છે. જુદાં જુદાં સ્ટાન્ડર્ડ અને જુદી જુદી એપ્લિકેશન માટે આ પ્રોડક્ટ્સ તૈયાર કરવાને કંપની સક્ષમ છે. કંપની થર્મોફોમિંગ સોલ્યુશન્સ પણ પૂરા પાડે છે. તેની એક્સ્ટ્રૂઝન લાઈન એલડીપીઈ, એલએલડીપીઈ, એમડીપીઈ, એચડીપીઈ, પીપી, ઈવીએ જેવા પોલીમર્સની પ્રોસેસિંગ કરવાની ક્ષમતા ધરાવે છે. ઉપરાંત તે પોલીયામાઈડ ઈવીઓએચ, સર્લિન, ઈલાસ્ટોમીટર, પ્લાસ્ટોમીટર, પેટ, પીએસ, પીપી અને નવી જનનેરશનના પોલીમર્સ સહિતના થર્મોફોર્મેબલ મટિરિયલની પ્રોસેસ કરવાની ક્ષમતા પણ ધરાવે છે.

### મેનેજમેન્ટ

ભારતની પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીઝના મોટા ખેલાડી તરીકે રાજુ એન્જિનિયરિંગના સ્થાપક ચંદ્રકાન્ત દોશીએ નામના મેળવી છે. તેમણે પોતાના સપનાંને સાકાર કર્યું છે. સ્ટેટ બેક્ર ઓફ સૌરાષ્ટ્રના સ્ટાફ તરીકે સી.એન. દોશીએ તેમની કારકીર્દિનો આરંભ કર્યો હતો. ત્યારબાદ પ્લાસ્ટિક એક્સ્ટ્રૂઝનના બિઝનેસમાં જંપલાવ્યું હતું. ટૂંકા સમયગાળામાં વિશ્વના બજારોએ તેમના પ્રોડક્ટ્સની નોંધ લેવા માંડી હતી. પાંચ જાન્યુઆરી ૨૦૧૩ના તેમણે આ દુનિયાને અલવિદા કરી તે પછી તેમા બે વારસોએ તેમના વારસાનો મજબૂતીથી આગળ ધપાવ્યો છે. આજે રાજુ એન્જિનિયરિંગના ચેરમેન તરીકે આર.એન. દોશી છે. તેઓ કંપનીના સહસ્થાપક છે. રાજુ ગ્રુપની કંપનીઓને મેનેજ કરવાની જવાબદારી આર.એન.દોશી નિભાવી રહ્યા છે. તેમની પાસે પ્લાસ્ટિક પપ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝ, મશીનરી મેન્યુફેક્ચરિંગનોનો વીસ વર્ષનો અનુભવ છે. કોસ્ટ કટિંગમાં તેમની માસ્ટરી છે. નવી ટેક્નોલોજીને પરખી લેવાની કુનેગ ગજબની છે. ક્વોલિટી સાથે કોમ્પ્રોમાઈઝ કર્યા વિના કોસ્ટ કટિગંની કુનેહ આર.એન. દોશી ધરાવે છે. પ્રોજેક્ટ એક્ઝિક્યુશનમાં પરફેક્શન એ આર.એન. દોશીની ખાસિયત છે.



રાજુ એન્જિનિયરિંગની મેનેજિંગ ડિરેક્ટર ખુશબુ ચંદ્રકાન્ત દોશી નવી પેઢીની સાહસિક છે. ૨૦૦૭થી માર્કેટિંગ અને કોમ્યુનિકેશનના હેડ તરીકે સક્રિય છે. ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ્સ ડિઝાઈનમાં તેણે બ્રિટનમાંથી માસ્ટર્સની ડિગ્રી મેળવેલી છે. આઈઆઈએમ અમદાવાદમાંથી મેનેજમેન્ટનો અભ્યાસ પણ કર્યો છે. માર્કેટિંગ અને કોર્પોરેટ બ્રાન્ડિંગમાં પણ તેની માસ્ટરી છે. પબ્લિક રિલેશન અને કોમ્યુનિકેશન સ્ટ્રેટજીમાં પણ તેની કુનેહ ઊડીને આંખે વળગે તેવી છે. કંપનીના જોઈટ મેનેજિંગ ડિરેક્ટર ઉત્સવ દોશી પણ નવી પેઢીના સાહસિક છે. પોલીમર ટેક્નોલોજીમાં માસ્ટર્સની ડિગ્રી મેળવેલી છે. જર્મનીની એચટીડબ્લ્યુ એલન યુનિવર્સિટીમાંથી આ ડિગ્રી મેળવેલી છે.



### રાજુ એન્જિનિયરિંગના પ્રોડક્ટ્સ

કંપનીની ટેક્નોલોજી અને પ્રોડક્ટ કેટેગરીમાં મલ્ટીસ્ટેશન થર્મોફોર્મિંગ મશીન, એક્સ્ટ્રૂઝન કોટિંગ એન્ડ લેમિનેશન લાઈન, ક્રોસ લેમિનેશન ફિલ્મ લાઈન, એન-૯૫ માસ્ક મેકિંગ મશીન, લેબ ઈક્વિપમેન્ટ્સ, મોનો એન્ડ મલ્ટી લેયર બ્લોન ફિલ્મ લાઈન, થર્મોફોર્મિંગ અ વેક્યુમ ફોર્મિંગ મશીન, ફોમ એક્સ્ટ્રૂઝન સિસ્ટમ, પાઈપ પ્લાન્ટ્સ, ડ્રિપ ઈરિગેશન

અનુસંધાન આગળના પાને...


દેશનું નં.૧ અને સૌપ્રથમ ગુજરાતી આર્થિક સાપ્તાહિક | બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ્સ

અનુસંધાન પાછળના પાનાનું...

પાઈપ બનાવવાના મશીન છે.

રાજુ એન્જિનિયરિંગ પેકેજિંગ પ્રોડક્ટ્સની મશીનરીના ઉત્પાદનના ક્ષેત્રની એક અગ્રણી કંપની છે. હવે કંપની બ્લોન ફિલ્મના પ્રોડક્શન કરવા જઈ રહી છે. કંપની નોનાફોઈલ પાયોનિટર્સ હાઈપરફોર્મન્સ રિસાયક્લિબન બેરિયર ફિલ્મ બનાવવા જઈ રહી છે. નેનો ફિલ્મ બનાવવા માટેની ઈકોસિસ્ટમ ઘણી જ સંગીન છે. તેનાથી કોઈપણ જાતના અવરોધ વિના સતત પ્રોડક્શનની પ્રક્રિયા થઈ શકે છે. નોનાફોઈલનો ઉપયોગ ઈન્ડસ્ટ્રીયલ ફિલ્મ, લેમનેટિંગ ફિલ્મ, લિડિંગ ફ્લ્મ, માંસ કે મરઘાંબતકાંના ઉત્પાદનોના પેકેજિંગમાં, મેડિકલ ફિલ્મ તરીકે, મિલ્ક ફિલ્મ તરીકે, નેપ્પી લાઈનિંગ તરીકે, બેકરી પ્રોડક્ટ્સના પેકેજિંગ તરીકે અને પ્રોટેક્ટિવ ફિલ્મ તરીકે પણ તેનો ઉપયગો થઈ શકે છે. આ ફિલ્મ પ્રોડક્ટ્સને સારામાં સારું પ્રોટેક્શન આપે છે. પ્રોડક્ટ્સની શેલ્ફ લાઈફ વધઆરી આપે છે. તેના પેકેજિંગને પરિણામે ઓક્સિજનનો પ્રોડક્ટ્સ પરનો પ્રભાવ થોડો ઓછા થઈ જતો હોવાથી તેની શેલ્ફ લાઈફ વધી જાય છે. આ પ્રોડક્ટ્સ તૈયાર કરવા માટે કંપની પાસે સારામાં સારી કાર્યકુશળતા ધરાવતી ટીમ છે. ટેક્નોલોજીની સારામાં સારી જાણકારી ધરાવતી, પેકેજિંગમાં કાબેલ, ફિલ્મ પ્રોડક્શનમાં કુશળ અને પ્રિન્ટિંગમાં માહેર સભ્યોની ટીમ કંપની પાસે છે.

દસમી જાન્યુઆરી ૨૦૨૫ની સ્થિતિએ રાજુ એન્જિનિયરિંગનું બજાર મૂડીકરણ રૂ. ૩૭૦૦ કરોડનું છે. રૂ. ૧ની મૂળ કિંમતના રાજુ એન્જિનિયરિંગના શેરનો વર્તમાન બજાર ભાવ રૂ. ૨૨૦ છે. તેનો પ્રાઈસ અર્નિંગ રેશિયો ૧૫૦ છે. તેના શેરની બુક વેલ્યુ રૂ. ૮.૫૪ની છે. રાજુ એન્જિનિયરિંગ ડિવિડંડ આપતી કંપની છે. રિટર્ન ઓન કેપિટલ એમ્પ્લોઈડ ૨૩.૭ ટકાનું છે. રિટર્ન ઓન ઈક્વિટી ૧૭.૫ ટકા છે. બાવન અઠવાડિયા દરમિયાન તેના શેરના ભાવે રૂ. ૩૩૩નું મથાળું અને રૂ. ૬૭.૫નું તળિયું જોયેલું છે. સપ્ટેમ્બર ૨૦૨૪માં કંપનીને ૧.૫



કરોડ ડૉલરનો ઓર્ડર મળ્યા છે. ઈન્નોવેટી પ્લાસ્ટિક એક્સ્ટ્રુઝન મશીનરી ડેવલપ કરવા માટેનો આ ઓર્ડર હતો. તેને કંપનીની પ્રોડક્ટ ડેવલપમેન્ટની ટેક્નોલોજી અપડેટ થઈ જવાની સંભાવના હતી. કંપની પ્લાસ્ટિક એક્સ્ટ્રુઝન મશીનરીના ઉત્પાદન સાથે સંકળાયેલી છે. કંપની મશીનરીની ડિઝાઈન તૈયાર કરીને મશીનરી મેન્યુફેક્ચરિંગ કરે છે. કંપની દરેક ગ્રાહકે જોઈએ તે પ્રમાણેના મશીનરી બનાવી આપે છે.

કંપનીનું સૌથી મોટું જમા પાસું તેનું ઘટેલું દેવું છે. રાજુ એન્જિનિયરિંગ આજે લગભગ દેવા મુક્ત કંપનીનું સ્ટેટસ ધરાવે છે. છેલ્લા પાંચ વર્ષથી કંપનીનો સર્વગ્રાહી વિકાસ દર અંદાજે ૧૯.૬ ટકાનો રહ્યો છે. કંપનીનો નફો પણ સતત સુધરતો રહ્યો છે.

સપ્ટેમ્બર ૨૦૨૪માં પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રાજુ એન્જિનિયરિંગનું વેચાણ રૂ.૫૬.૮૧ કરોડનું રહ્યું છે. ઓપરેટિંગ પ્રોફિટ અંદાજે રૂ. ૪૭.૬૭ કરોડનો રહ્યો છે. ઓપરેટિંગ માર્જિન ૯.૧૪ ટકાની આસપાસનો છે. વેરા પૂર્વેનો નફો ૯.૩૫ ટકાનો રહ્યો છે. ચોખ્ખો નફો ૭.૨૪ ટકાનો રહ્યો છે. ત્રિમાસિક ગાળામાં કંપનીની શેરદીઠ કમાણી ૪૪ પૈસા રહી છે. માર્ચ ૨૦૨૪માં પૂરે થયેલા વર્ષમાં કંપનીનું વેચાણ રૂ. ૧૯૭ કરોડનું, ઓપરેટિંગ પ્રોફિટ ૨૭ કરોડનો, ઓપરેટિંગ માર્જિન ૧૪ ટકાનું રહ્યું છે. તેની સામે ચોખ્ખો નફો રૂ. ૨૦ કરોડનો રહ્યો છે. તેની શેરદીઠ કમાણી રૂ. ૧.૨૦ની રહી હતી. કંપનીનો ડિવિડંડનો ટ્રેક રેકોર્ડ સારો છે. છેલ્લા અગિયાર વર્ષમાં કંપનીએ આઠ વખત ડિવિડંડની જાહેરાત કરી છે.

રાજુ એન્જિનિયરિંગની સ્થાપના ૧૯૮૬માં કરવામાં આવી હતી. પ્રાઈવેટ લિમિટેડ કંપની તરીકે ચાલુ કરેલી આ કંપની મે ૧૯૯૨માં પબ્લિક લિમિટેડ કંપની બની હતી. સી.એન. દોશીએ આ કંપની પ્રમોટ કરી હતી. આજે કંપનીના પ્રમોટર સી.એન. દોશી અને આર.એન. દોશી છે. ગુજરાતના વેરાવળમાં માણાવદર અને શાપરમાં તેના એકમો છે. કંપની પ્લાસ્ટિક પ્રોસેસિંગ મશીનરી બનાવે છે. પ્લાસ્ટિંગ પ્રોસેસિંગ મશીનરી વેચે પણ છે. કંપનીએ ૧૯૮૭માં મશીનરીનું કોમર્શિયલ ધોરણે ઉત્પાદન ચાલુ કર્યું હતું. ઓગસ્ટ ૧૯૯૪માં કંપની તેનો પહેલો પબ્લિક ઈશ્યૂ લાવી હતી. તેની ઉત્પાદન ક્ષમતામાં વધારો કરવા માટે કંપની પબ્લિક ઈશ્યૂ લાવી હતી. કંપનીએ બ્રિટનની વિફેરી મશીનરી સાથે જોડાણ કરીને તકનિકી સહયોગ મેળવ્યો હતો. તેણે વિદેશમાં મશીનરીની નિકાસનું આયોજન પણ કર્યું હતું.

૨૦૧૦-૧૧ની સાલમાં કંપનીનું વિલીનીકરણ ત્રણ ખાનગી કંપનીઓમાં કરવામાં આવ્યું હતું. આ ત્રણ કંપનીઓમાં હિતેશ એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડ, શ્રુતિ એન્જિનિયરિંગ પ્રાઈવેટ લિમિટેડ અને વિશ્વકર્મા ફેબ્રિકેટર્સ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. એપ્રિલ ૨૦૧૩થી તેમનું જોડાણ અસ્તિત્વમાં આવ્યું હતું. ઉપરોક્ત ત્રણેય કંપનીઓ ફ્લેટ શીટ્સ ડાઈઝ એક્સ્ટ્રુડર્સ ફેબ્રિકેટર્સ સ્ટ્રક્ચર્સનું ઉત્પાદન કરતી હતી. તેમ જ મલ્ટીલેયર ડાઈઝ સ્ક્રિન ચેન્જર ટેક ઓફ એસેમ્બ્લી રોલ સ્ટેક એર રિંગ કેલબ્રેશન બાસ્કે અને વિનાડર એસેમ્બ્લીનું ઉત્પાદન કરતી હતી. તેનો ઉપયોગ પ્લાસ્ટિંગ પ્રોસેસિંગ મશીનરીમાં કરવામાં આવતો હતો. આ જોડાણને પરિણામે કંપનીએ રૂ.૧ની મૂળ કિંમતના ૨.૧૩ કરોડ શેર્સની ફાળવણી કરી હતી. કંપની અને તેની જોઈન્ટ વેન્ચર કંપની બૌસાનો એન્ડ ફિગલી ઈટાલીએ મળીને ભારતમાં પહેલીવાર મલ્ટીપ્રોડક્ટ્સ ઓપન હાઉસનો આરંભ કર્યો હતો. આ ઓપન હાઉસ ત્રણ અલગ અલગ પ્રોડક્ટ્સ માટેનું હતું. તેમાં કલાકના ૧૦૦ કિલો ટ્વિન સ્ક્રૂ સીપીવીસી પાઈપલાઈન, ટ્વિન સ્ક્રૂટ પીવીસી પાઈપ પ્લાન્ટ ઉત્પાદન કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. ૨૦૧૩માં રાજકોટ ખાતે ડ્રિપ ઈરિગેશન પાઈપનો પ્લાન્ટ પણ નાખ્યો હતો.

કંપનીએ વિશ્વનો સૌથી વધુ ઉત્પાદન કરતી ટીક્યૂપીપી ડાઉનવર્ડ એક્સ્ટ્રુઝન બ્લોન ફિલ્મ લાઈન માટેનો પ્રોજેક્ટ ચાલુ કર્યો હતો. તેમ જ એશિયાનો સૌથી પહેલી રેસિન સેક બ્લોન ફિલ્મ લાઈન ડેવલપ કરીને તેની નિકાસ કરવા માટેનો પ્લાન્ટ નાખ્યો હતો. તેમ જ કંપની એશિયાની સૌથી પહેલી થ્રી લેયર વિડ્થ બ્લોન ફિલ્મ લાઈન ચાલુ કરી હતી. તેમ જ પ્લાસ્ટ ઈન્ડિયાના પ્લેટફોર્મ પર કંપનીએ એશિયાનો પહેલી સેવલ લેયર બ્લોન ફિલ્મ લાઈન ચાલુ કરી હતી.આ જ રીતે ભારતની પ્રથમ એક્સપીએસ ફોમ એક્સ્ટ્રુઝન લાઈન અને વેક્યુમ ફોર્મિંગ મશીનની લાઈન ચાલુ કરી હતી. તેમ જ ૨૦૧૪ની સાલમાં પીપી સ્પન બોન્ડ નોન વુવન ફેબ્રિક્સ માટેની એક્સ્ટ્રુઝન લાઈન પણ ચાલુ કરી હતી.

### રાજુ એન્જિનિયરિંગનો બહોળો અનુભવ

૩૮ વર્ષનો બહોળો અનુભવ હોવાથી કંપનીના પ્રમોટરને આ ક્ષેત્રનું સારામાં સારું જ્ઞાન છે. કસ્ટમર્સની જરૂરિયાતની સમજીને તેમના પ્રોડક્ટ્સ તૈયાર કરી રહ્યા છે. કંપનીનું ડિઝાઈન યુનિટ રાજકોટમાં આવેલું છે. ડિજાઈન યુનિટમાં કંપની ટેકનિકલ જરૂરિયાત પ્રમાણે પ્રોડક્ટ્સ તૈયાર કરે છે. તેને માટેની ડિઝાઈન તૈયાર કરીને ક્લાયન્ટની મંજૂરી મેળવીને પછી આગળ વધે છે. રાજુ એન્જિનિયરિંગના બિઝનેસ એપ્રોચની વાત કરવામાં આવે તો બદલાતા પ્રવાહની સાતે તે પણ સતત બદલાઈ રહી છે. કંપની બજારની જરૂરિયાત પ્રમાણે રાઈટ ટાઈપના પ્રોડક્ટ્સ આપી રહી છે. ડાયવર્સિફિકેશન પણ કરી રહી છે. પ્રોડક્ટ મિક્સમાં પણ પરિવર્તન લાવી રહી છે. સતત ઈન્નોવેશન પણ કરી રહી છે. આ જ ગણતરી સાથે કંપનીએ વન્ડરપેક્સ સાથે મર્જર પણ કર્યું છે. તેને પરિણામે ટેક્નોલોજીની બાબતમાં ભારતની અવલ ક્રમની કંપની તરીકેનું સ્થાન તેણે અંકે કરી લીધું છે.

તેથી જ કંપની બજારના વિકાસ દર કરતાં તેનો પોતાનો વિકાસદર વધુ ઊંચો રહે તેવા પ્રયાસ કરી રહી છે. કસ્ટમર્સને પણ તેમણે ખર્ચેલા નાણાંનું પૂરેપૂરું મૂલ્ય મળી રહે તેવા પ્રયાસો કરી રહી છે. નવી ટેક્નોલોજી વસાવીને તેની મદદથી સમસ્યાઓના સ્થાનિક ઉકેલ લાવી આપી રહી છે. સ્થાનિક જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને પ્રોડક્ટ્સ તૈયાર કરી રહી છે. કસ્ટમર, સપ્લાયર, કર્મચારી અને અન્ય સ્ટેકહોલ્ડરને જ મૂલ્યવાન ગણીને દરેક આયોજનો કરી રહી છે. તેને પરિણામે જ કંપનીનો વિકાસદર બજારના વિકાસદર કરતાં ઉપર જઈ રહ્યો છે.

# બજાર મંદીના ભરડામાં સારા શેરોમાં તબક્કાવારની ખરીદીની શરૂઆત કરી શકાય

શેરબજાર | નિલેશ કોટક
Mo. 9227204076, 8866004076

સેન્સેક્સે અઠવાડિક ધોરણે ૨૫૯૫ પોઈન્ટ અને નીફ્ટીએ અઠવાડિક ધોરણે ૭૫૭ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો છે. બંને સૂચકાંકોએ ૩ ટકાનો ઘટાડો સપ્તાહ દરમ્યાન દર્શાવ્યો છે. અને છેલ્લા એક મહિનામાં બંને સૂચકાંકો ૫ ટકા થી વધુ તુટ્યા છે. બંને સૂચકાંકોએ ટુંકા, મધ્યમ અને લાંબા ગાળાની બધી જ મુવીંગ એવરેજ નીચે બંધ આપેલ છે. બજાર લાંબાગાળાના મંદીના તબક્કામાં પ્રવેશેલ છે. જો શુક્રવારના લો આગામી ટ્રેડીંગ સપ્તાહમાં તુટશે તો ઘટાડો વધુ આગળ ધપશે. દિવાળી મુહુર્તથી શરૂ થયેલ મંદીના કેન ઉતરાયણ ઉપર પુરી થાય છે કે નહીં તે જોવું રહ્યું અને જો ઉતરાયણ ઉપર મંદી ચાલુ રહેશે તો અને જો મંદીની કેન પડશે તો આગામી ત્રણ મહિનામાં બજારમાં ન જોયેલ ઘટાડો જોવાશે. ટેકનીકલી બજાર હાઈલી ઓવર સોલ્ડ ઝોનમાં છે તે જોતાં બાઉન્સ બેક જોવાય પરંતુ તે ટકવાની સંભાવના ઓછી છે. જ્યાં સુધી સેન્સેક્સ ૮૯૦૦૦ અને નીફ્ટી ૨૪૦૦૦ ઉપર બંધ ન આવે ત્યાં સુધી બજારમાં દરેક ઉછાળે વેચવાલી જોવાય. ગ્રીડ એન્ડ ફીયર ઈન્ડેક્સ પ્રમાણે બજારે એકઝીમ ફીયર ઝોનમાં છે. ફંડામેન્ટલી સારા શેરો તેની ઉંચા ભાવથી ૩૦ થી ૪૦ ટકા નીચે મળી રહેલ છે. તેવા શેરોમાં લાંબાગાળાના રોકાણકારોએ પોતાની કુલ મુડીના ૨૦ ટકાની સાથે ઈન્વેસ્ટમેન્ટની શરૂઆત કરવી જોઈએ.

**રોકાણ કરવા લાયક શેરો**

| | |
|---|---|
| બીએએસએફ | રૂ. ૫૧૦૦ |
| જિંદાલ શા | રૂ. ૨૫૦ |
| સંવર્ધન મધરસન | રૂ. ૧૪૦ |
| એનબીસીસી | રૂ. ૮૦ |
| એનટીપીસી | રૂ. ૩૦૦ |
| ગો ડીજીટ | રૂ. ૨૮૦ |
| કોલ ઈન્ડીયા | રૂ. ૩૬૦ |
| ફીનોલેક્સ ઈન્ડ. | રૂ. ૨૧૦ |
| ફીલીપ્સ કાર્બન | રૂ. ૩૯૦ |
| બાયર કોર્પ | રૂ. ૩૩૦૦ |
| અદાણી ટોટલ ગેસ | રૂ. ૬૫૦ |

# જ્યોતિષ અને શેરબજાર

અમીષ હસમુખભાઈ પટેલ Phone-26440060, Mo. 9574299022

## તા. ૧૩-૦૧-૨૦૨૫ થી તા. ૧૭-૦૧-૨૦૨૫ સુધીનું શેરબજારનું ભવિષ્ય

**આ સપ્તાહના ગ્રહયોગો** : સૂર્ય-મકર રાશિમાં, મંગળ-કર્ક રાશિમાં, બુધ-ધન રાશિમાં, ગુરુ-વૃષભ રાશિમાં, શુક્ર,શનિ-કુંભ રાશિમાં, તથા રાહુ-મીન રાશિમાં ભ્રમણ કરશે. આ ગ્રહો જોતાં શેરબજાર પર શું અસર થશે તે જોઈએ.

**શેરબજાર :** ગત સપ્તાહમાં શેરબજારમાં મંદી જોવા મળી. ઉંચા મથાળે સંસ્થાકીય તથા એફઆઈઆઈ વાળાની વેચાવલી હાવી બની. સ્મોલકેપ તથા મીડકેપ શેરોમાં મોટો ઘટાડો જોવા મળ્યો. જેને કારણે ઈન્વેસ્ટરોમાં એક ગભરાટ જોવા મળી રહ્યો છે. તો જોઈએ હવે આ સપ્તાહના ગ્રહો બજારને કઈ તરફ લઈ જશે.

આ સપ્તાહના ગ્રહયોગ જોતા શેરબજારમાં બંને તરફી વધ-ઘટ જોવા મળશે સપ્તાહના આરંભે બજારમાં થોડો-ઘણો સુધારો જોવા મળે. આ સુધારામાં નફોબુક કરતાં રહેવું. સપ્તાહમાં મકર રાશિમાં સૂર્યનું ભ્રમણ બજારમાં તેજી લાવે. આ સપ્તાહમાં બેંક શેર, તથા શેરોની કેટલીક ઉંચી જાતોમાં સુધારો આવે. મકર સંક્રાતિ હોવાને કાણે સપ્તાહના મધ્યે ઓછી વધ-ઘટ જોવા મળે. સપ્તાહના અંતે ફરી એકવાર મંદી જોવા મળે. તા. ૧૭ બજાર મંદી તરફી રહે. તેવું ગ્રહોની દ્દષ્ટિએ જણાય છે.

# શ્રી એમ પેપર બોર્ડ : મજબૂત ફન્ડામેન્ટલ અને આકર્ષક વેલ્યુએશને મળતા આ શેરમાં વર્તમાન ભાવે ખરીદી માટે ખાસ ધ્યાનમાં રખાય




**શ્રી એમ પેપર (૫૪૪૨૧૪) :** રુ.૧૦ની ફેસવેલ્યુ ધરાવતા અને બીએસઈ-એસએમઈ ખાતે લિસ્ટેડ આ કંપનીના શેરનો ભાવ રુ.૬૦.૨૦ આસપાસ છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૮૨.૭૦ અને નીચામાં ૩૮નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૧૧૯ કરોડ, બુકવેલ્યુ ૩૧.૦૭ છે. બુકવેલ્યુ સાથે આ શેર માત્ર ૨.૪૯ ગણા ભાવે મળે છે. આ શેર શેરદીઠ કમાણી ૬.૨૨ સાથે ૧૦ના આર્કષક પીઈથી મળી રહ્યો છે. જે ઈન્ડસ્ટ્રીનો પીઈ ૧૫.૧૨ છે. છેલ્લા એક સપ્તાહમાં આ શેરમાં ૨૧.૬૯ ટકાનો ઉછાળો વધતા વોલ્યુમે જોવાયો છે. આરઓસીઈ ૧૫.૬ ટકા અને આરઓઈ ૨૧.૧ ટકા છે. કંપનીએ દેવામાં ઘટાડો કર્યો છે. સપ્ટે. ૨૪ આખરે પૂરા થતા અર્ધવાર્ષિક ગાળામા કંપનીના વેચાણો રુ.૧૨૬ કરોડ અને નેટનફો રુ.૬ કરોડનો થયો છે. માર્ચે ૨૪ આખર. પુરા થતા આખા વર્ષમાં વેચાણો ૨૭૬ કરોડના થયા છે. જ્યારે નેટ નફો વધીને ૧૧.૩૫ કરોડ થયો છે. જે તેના આગલા વર્ષમાં આ ગાળામાં ૭ કરોડનો થયો હતો. કંપનીની કુલ ઈક્વીટી રુ.૧૯ કરોડ અને રિઝર્વ ૬૮ કરોડ છે. કુલ એસેટ ૨૦૮ કરોડની છે. પ્રમોટર્સ ૬૯.૯૯ ટકા, એફઆઈઆઈ ૪.૧૩ ટકા, સ્થાનિક સંસ્થાઓ ૨.૬૧ ટકા, પબ્લીક ૨૩.૨૭ ટકા હોલ્ડીંગ ધરાવે છે. કંપની ૧૧૫૯ શેરધારકો ધરાવે છે. આકર્ષક વેલ્યુએશને મજબૂત ફન્ડામેન્ટલ ધરાવતા આ શેરમાં હાલના કરેકશનમાં ખરીદીની તક માટે આ શેર ખાસ ધ્યાનમાં રખાય. ગમે ત્યારે અણાધાર્યું રિટર્ન મળી શકે. કંપનીના શેરનો લોટ ૨૦૦૦ શેરોનો છે.

જુલાઈ ૧૯૮૯ માં સ્થપાયેલ, શ્રી એમ પેપર બોર્ડ લિમિટેડ ખાદ્ય અને પીણા, ફાર્માસ્યુટિકલ્સ, સૌંદર્ય પ્રસાધનો અને ઉપભોક્તા ચીજવસ્તુઓ સહિત વિવિધ ઉદ્યોગોમાં પેકેજીંગ એપ્લિકેશન માટે ઉચ્ચ ગુણવત્તાની રિસાયકલ પેપર-આધારિત ડુપ્લેક્સ બોર્ડ ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે. કંપની તેના ઉત્પાદનો સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સપ્લાય કરે છે. કંપની મુંબઈમાં સ્થિત છે, તેની ઉત્પાદન સુવિધા ચિપલુન, રત્નાગીરી જિલ્લામાં આવેલી છે. નાણાકીય વર્ષ ૨૦૨૩ મુજબ કંપની પાસે ૭૨,૦૦૦ ટન પ્રતિ વર્ષ કાગળ ઉત્પાદનની ક્ષમતા છે. કંપની પાસે સમગ્ર ભારતમાં ફેલાયેલા લગભગ ૨૫ ડીલરો છે, જે મજબૂત વિતરણ નેટવર્ક સાથે દેશભરમાં અમારી હાજરીની ખાતરી આપે છે. કંપની ખોરાક, પીણા, ફાર્માસ્યુટિકલ્સ, સૌંદર્ય પ્રસાધનો અને ઉપભોક્તા ચીજવસ્તુઓ જેવા ઉદ્યોગોમાં પેકેજિંગ માટે રિસાયકલ પેપર-આધારિત ડુપ્લેક્સ બોર્ડ ઉત્પાદનોનું ઉત્પાદન કરવામાં નિષ્ણાત છે, જે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારો બંનેને પૂરા પાડે છે. કંપનીએ તેના ઉત્પાદનો એશિયા-પેસિફિક, મધ્ય પૂર્વ, ભૂમધ્ય અને આફ્રિકન પ્રદેશોના ૧૫ થી વધુ દેશોમાં પહોંચ ધરાવે છે.

THREE M PAPER BOARDS LIMITED

કંપનીના ઉત્પાદનોનો ઉપયોગ ખાદ્ય અને પીણા, ફાર્માસ્યુટિકલ્સ, સૌંદર્ય પ્રસાધનો અને ઉપભોક્તા સામાન જેવા ઉદ્યોગોમાં વિવિધ પેકેજિંગ એપ્લિકેશન્સમાં થાય છે અને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં તેના ઉચ્ચ-ગુણવત્તાવાળા ડુપ્લેક્સ બોર્ડ પેપર ઉત્પાદનોનો સપ્લાય કરે છે. તેના ઉત્પાદનો ૧૦૦ ટકા રિસાયકલ કરેલા વેસ્ટ પેપરમાંથી બને છે અને તે સંપૂર્ણપણે બાયોડિગ્રેડેબલ છે.

**સ્પર્ધાત્મક બજારમાં યોગ્ય ઉત્પાદન મિશ્રણ :** સમગ્ર ગ્રેડ અને ભૌગોલિક ક્ષેત્રોમાં શ્રેષ્ઠ મૂલ્યની ઉત્પાદનોનું માર્કેટિંગ કરવા માટે, કંપનીએ સમગ્ર ભારતમાં ગ્રાહકોની જરૂરિયાતોને નજીકથી કસ્ટમાઇઝ કરવામાં આવેલા વિકસતા આંતરરાષ્ટ્રીય ધોરણો અનુસાર વિવેકપૂર્ણ રીતે તેની ઉત્પાદન વ્યૂહરચના અને માર્કેટિંગ નીતિ ઘડી છે. ૨૦૦ થી ૫૦૦ GSM સુધીના સુસ્થાપિત ROYAL બ્રાન્ડના પેપર અને બોર્ડ્સમાં થ્રી એમ પેપર (TMP) પ્રોડક્ટ-લાઇન ફીચર્સ છે. વધુમાં, કંપની ફોરેસ્ટ સ્ટેવાર્ડશિપ કાઉન્સિલ તિરફથી પ્રતિષ્ઠિત FSC® પ્રમાણપત્ર ધરાવે છે, જે ફાર્મ ફોરેસ્ટ્રીના પગલાં અને વન સંરક્ષણ પ્રયાસો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને માન્યતા આપે છે. આ પ્રમાણપત્ર ટકાઉ પ્રથાઓ અને પર્યાવરણીય જવાબદારી માટે કંપનીના સમર્પણને રેખાંકિત કરે છે.

**માંગમાં થઇ રહેલો વધારો :** ડુપ્લેક્સ



પેપરબોર્ડની માંગ ઘણા મુખ્ય પરિબળો દ્વારા સંચાલિત છે. વૈશ્વિક સપ્લાય ચેઈન શિફ્ટ અને ચાઈનીઝ ઉત્પાદનો પરના નિયંત્રણોને કારણે નિકાસની તકો વધી છે, જેના કારણે આંતરરાષ્ટ્રીય માંગમાં વધારો થયો છે. ડુપ્લેક્સ પેપરબોર્ડ જેવા બાયોડિગ્રેડેબલ વિકલ્પોને અપનાવવાને પ્રોત્સાહન આપતા પ્લાસ્ટિકના વપરાશ પર વધતા નિયંત્રણો સાથે પર્યાવરણીય નિયમો વધુ કડક બની રહ્યા છે. ડુપ્લેક્સ પેપરબોર્ડ પણ ખર્ચ-સ્પર્ધાત્મક છે, જે અન્ય પેકેજિંગ સામગ્રી જેમ કે જ્યુટ અને કાપડની તુલનામાં વધુ આર્થિક વિકલ્પ પ્રદાન કરે છે. ફાર્માસ્યુટિકલ ઉદ્યોગના વિકાસને લીધે ઉચ્ચ-ગુણવત્તાવાળા પેકેજિંગ સોલ્યુશન્સની વધતી જતી જરૂરિયાત, માંગમાં વધુ વધારો થયો છે. વધુમાં, ફાસ્ટ-મૂવિંગ કન્ઝ્યુમર ગુડ્સ (FMCG) સેક્ટરનો વધેલો વપરાશ કાર્યક્ષમ પેકેજિંગ સોલ્યુશન્સની જરૂરિયાતને આગળ ધપાવે છે. વધુમાં, ઈ-કોમર્સના ઝડપી વિસ્તરણે ડુપ્લેક્સ પેપરબોર્ડની વધતી માંગમાં ફાળો આપતા, વિશ્વસનીય અને ટકાઉ પેકેજિંગ સામગ્રીની જરૂરિયાતમાં નોંધપાત્ર વધારો કર્યો છે.

**ઈશ્યુ ભંડોળથી એક્સપાન્સન પ્લાન્સ :** ઈશ્યુ થકી મેળવેલી રકમનો ઉપયોગ કંપની નવી મશીનરીની સ્થાપના, હાલની ઉત્પાદન સુવિધા હેઠળ અમુક પ્રક્રિયાઓના આધુનિકીકરણ અને પ્લાસ્ટિકથી ચાલતા ઓછા દબાણવાળા બોઈલરની સ્થાપના માટેનો મૂડી ખર્ચ તેમજ કાર્યકારી મૂડીની જરૂરિયાતો અને કંપની દ્વારા લેવામાં આવેલી લોનની પૂર્વ-ચૂકવણી માટે કરી રહી છે. કુલ સંચિત ભંડોળમાંથી કંપની રૂ. ૧૪ કરોડ પ્લાસ્ટિક-ફાયર્ડ લો પ્રેશર બોઈલરની ખરીદી સહિત મૂડી ખર્ચ માટે કરશે જે વીજળી પેદા કરવા માટે વેસ્ટ પ્લાસ્ટિકનો ઉપયોગ કરી વિજ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો રહી છે. આ ઉપરાંત પ્રોડકટસની ગુણવતા વધારવા માટે હોટ એન્ડ સોફ્ટ નીપ મેળવવામાં આવશે જેને લીધે પ્રિમીયમ પ્રાઈઝિંગ મળશે. ફંડનો ઉપયોગ સ્ટોરેજ કેપેસીટી વધારવા માટે ફેક્ટરી બિલ્ડીંગમાં વિસ્તરણ અને પ્રોડક્શનની ઝડપ વધારવા શીટ કટર મેળવવા પણ કરાઈ છે. રૂ. ૭ કરોડ જેટલી રકમ લોનની ચુકવણી માટે કરાઈ છે અને રૂ. ૧૦ કરોડ કાર્યકારી મૂડીની જરૂરીયાત માટે ઉપયોગ કર્યો છે. જેને પગલે રોકડ પ્રવાહનું સંચાલન સુધારશે અને વ્યાજ ખર્ચમાં ઘટાડો થશે જે નફાકારકતા વધુ ઉન્નત બનાવશે.

## કંપનીના મજબૂત પાસાં

- કંપનીએ જુલાઈ ૨૦૨૪માં બીએસઈ-એસએમઈ ખાતે ૬૯ના ભાવે શેરો ઓફર કરીને રૂા.૩૯.૮૩ કરોડ ઉભા કર્યા હતા. કંપની આ ઈસ્યુ ભંડોળમાંથી મળેલ ફંડસનો ઉપયોગ મશીનરી ખરીદી કરવા, ફેક્ટરી બિલ્ડીંગના વિસ્તરણ, લોનની ચૂકવણી અને વર્કિંગ કેપિટલની જરુરિયાતો માટે, સામાન્ય કોર્પોરેટ હેતુઓ સહિત બિઝનેસ વિસ્તરણ માટે કરી રહી છે.
- કંપનીએ લોનની ચૂકવણી કરી વ્યાજ ખર્ચ ઘટાડવા માટે તથા વીજ ખર્ચ ઘટાડવા માટે અસરકારક પગલાં લીધાં છે.
- અત્રે એ યાદ રહે કે, આ એસએમઈ ઈસ્યુ ૧૨ જુલાઈએ ખુલ્યો હતો અને માત્ર ૩૦ મિનિટમાં જ છલકાઈ ગયો હતો.
- કંપની કોટેડ ડુપ્લેક્સ પેપર બોર્ડની અગ્રણી ઉત્પાદક છે જે ૧૦૦ ટકા રિસાયકલ્ડ વેસ્ટપેપરનો ઉપયોગ કરીને બાયોડિગ્રેડેબલ ફિનિશ્ડ પ્રોડક્ટ્સ બનાવે છે
- ઇશ્યૂ થકી મેળવાયેલા ફંડ્સનો મશીનરી ખરીદવા, ફેક્ટરી બિલ્ડિંગના વિસ્તરણ, લોનની ચૂકવણી, કાર્યશીલ મૂડી ઉમેરવા તથા સામાન્ય કોર્પોરેટ હેતુઓ સહિત બિઝનેસના વિસ્તરણ માટે ઉપયોગ થશે
- કંપનીનું ઉત્પાદન એકમ મહારાષ્ટ્રના ચિપલૂણ ખાતે ૩૦ એકર વિસ્તારમાં ફેલાયેલું છે
- નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે કંપનીએ રૂ. ૨૭૬.૦૨ કરોડની કુલ આવક તથા રૂ. ૧૧.૩૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

## મેનેજમેન્ટ પરિચય

**હિતેન્દ્ર ધનજી શાહ**
**ચેરમેન - હોલ ટાઈમ ડિરેક્ટર**



હિતેન્દ્ર ધનજી શાહ કંપનીના ચેરમેન અને હોલ ટાઈમ ડિરેક્ટર છે. તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી વિજ્ઞાનમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે અને પેપર બિઝનેસના સંચાલન કરવાનો ૩૩ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. કંપનીની શરૂઆતથી જ તેની સાથે સક્રિય રીતે સંકળાયેલા છે, તેમણે ઉત્પાદન વિકાસ, માર્કેટિંગ, ફાઈનાન્સ અને વહીવટ સહિતના વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. બિઝનેસના સ્થાપક તરીકે, તેમણે ૧૯૮૯માં એક ડિસ્ટ્રેસ્ડ મિલ હસ્તગત કરી અને તેને સફળતાપૂર્વક રૂપાંતરિત કરી, કંપનીને તેના વર્તમાન સ્વરૂપમાં આકાર આપવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. તેઓ એકંદર વ્યૂહાત્મક આયોજન અને બિઝનેસ ડેવલપમેન્ટમાં સંકળાયેલા છે જે કંપનીના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપે છે.

**પ્રફુલ્લા હિતેન્દ્ર શાહ, હોલ ટાઈમ ડિરેક્ટર**



પ્રફુલ્લા હિતેન્દ્ર શાહ કંપનીના હોલ ટાઈમ ડિરેક્ટર છે. તેઓ મુંબઈના માટુંગામાં સ્થિત શ્રીમતી મણિબેન એમ.પી. શાહ વિમેન્સ કોલેજ ઓફ આર્ટસમાંથી આર્ટ્સમાં સ્નાતકની ડિગ્રી મેળવી છે અને વહીવટના ક્ષેત્રમાં ૨૦ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે.

**રૂષભ હિતેન્દ્ર શાહ, મેનેજિંગ ડિરેક્ટર**



રૂષભ હિતેન્દ્ર શાહ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર છે. તેમણે એબરડીન, સ્કોટલેન્ડની રોબર્ટ ગોર્ડન યુનિવર્સિટીમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં સ્નાતકની ડિગ્રી અને મહારાષ્ટ્ર સ્ટેટ બોર્ડ ઑફ ટેકનિકલ એજ્યુકેશનમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગમાં ડિપ્લોમા મેળવ્યો છે. ઉત્પાદન અને માર્કેટિંગમાં ૧૫ વર્ષથી વધુના અનુભવ સાથે, તેઓ ૨૦૦૭ થી કંપનીના ઉત્પાદન અને માર્કેટિંગ કામગીરીની દેખરેખ રાખી રહ્યા છે. તેમના નેતૃત્વ હેઠળ, માર્કેટિંગ અને ઉત્પાદન બંને કામગીરીમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. માર્કેટ રિસર્ચ, ટાર્ગેટ માર્કેટ આઈડેન્ટિફિકેશન, અપવાદરૂપ પ્રોજેક્ટ મેનેજમેન્ટ ક્ષમતાઓ અને મજબૂત આઈટી જ્ઞાનમાં તેમની અદ્યતન કુશળતા કંપનીને નોંધપાત્ર ઉંચાઈઓ પર લઈ જવા માટે નિર્ણાયક છે.

# નિફ્ટી ૨૪૫૦૦ ઉપર બંધ ન આવે ત્યાં સુધી નવી ખરીદીથી દૂર રહેવું



મહેન્દ્ર પંજાબી,
નડિયાદ
MO. 7575849743

ડોલર ની મજબૂતી ના કારણે છેલ્લા ઘણા દિવસથી શેર માર્કેટમાં વેચવાલી નો જોર વધી રહ્યું છે. મીડકેપ તથા સ્મોલકેપ માં મોટો ઘટાડો જોવા મળેલ છે. આવનારા દિવસોમાં ડોલર ૮૬.૨૦ પૈસા સુધી જાય તેવી શક્યતા છે તો બજારમાં વધારે ઘટાડો જોવા મળી શકે છે. નિફ્ટી નીચામાં ૨૨૫૧૫ તથા સેન્સેક્સ ૭૪૫૪૦ સુધી ઘટી શકે છે. નવી ખરીદીથી હાલમાં દૂર રહેવું જ્યાં સુધી નિફ્ટી ૨૪૫૦૦ ઉપર બંધ ન આવે ત્યાં સુધી નવી ખરીદીથી દૂર રહેવું.

**INDEX FUTURE**

**NIFTY FUTURE :** (૨૩૫૦૦) ૨૩૬૦૦ ઉપર ૨૩૪૦૦ ના સ્ટોપલોસ થી ખરીદો આવનારા દિવસમાં ઉપરમાં ૨૩૭૪૦ / ૨૩૮૬૫ / ૨૩૯૧૫ ના ભાવ જોવા મળે. નીચામાં ૨૩૪૦૦ તૂટતા ૨૩૩૧૫ / ૨૩૨૪૦ / ૨૩૧૬૫ ના ભાવ જોવા મળે વેચાણ પેટે ૨૩૬૦૦ નો સ્ટોપલોસ રાખવો.

**BANKNIFTY FUTURE :** (૪૮૮૮૬) ૪૯૧૦૦ ઉપર ૪૮૭૭૦ ના સ્ટોપલોસ થી ખરીદો આવનારા દિવસમાં ઉપરમાં ૪૯૪૧૦ / ૪૯૮૪૫ / ૫૦૦૨૦ ના ભાવ જોવા મળે. નીચામાં ૪૮૭૭૦ તૂટતા ૪૮૫૦૫ / ૪૮૩૧૨ / ૪૮૧૧૦ ના ભાવ જોવા મળે વેચાણ પેટે ૪૯૧૦૦ નો સ્ટોપલોસ રાખવો.

**MIDCAPNIFTY FUTURE :** (૧૨૨૮૭) ૧૨૫૨૫ ઉપર ૧૨૨૫૦ ના સ્ટોપલોસ થી ખરીદો આવનારા દિવસમાં ઉપરમાં ૧૨૭૩૫ / ૧૨૯૭૦ / ૧૩૨૦૦ ના ભાવ જોવા મળે. નીચામાં ૧૨૨૫૦ તૂટતા ૧૨૧૬૦ / ૧૨૦૮૫ / ૧૨૦૧૦ ના ભાવ જોવા મળે વેચાણ પેટે ૧૨૫૨૫ નો સ્ટોપલોસ રાખવો.

**FINNIFTY FUTURE :** (૨૨૭૯૭) ૨૩૧૨૦ ઉપર ૨૨૭૬૦ ના સ્ટોપલોસ થી ખરીદો આવનારા દિવસમાં ઉપરમાં ૨૩૩૦૫ / ૨૩૪૮૪ / ૨૩૭૬૦ ના ભાવ જોવા મળે. નીચામાં ૨૨૭૬૦ તૂટતા ૨૨૫૪૦ / ૨૨૩૬૫ / ૨૨૧૧૦ ના ભાવ જોવા મળે વેચાણ પેટે ૨૩૧૨૦ નો સ્ટોપલોસ રાખવો.

ગોલ્ડ તથા સિલ્વરમાં ઘટાડે ખરીદી કરવી આવનારા દિવસોમાં ગોલ્ડ ૭૮૯૦૦ થી ૭૯૨૦૦ સુધી જઈ શકે છે સિલ્વર માં ૯૩,૦૦૦ થી ૯૩,૫૦૦ સુધીના ભાવ આવનારા દિવસોમાં જોવા મળે.

**COMMODITIES**

**NATURAL GAS 28JAN FUTURE :** (૩૩૩) ૩૩૬ ઉપર ૩૨૨ ના સ્ટોપલોસ થી ખરીદો આવનારા દિવસમાં ઉપરમાં ૩૪૪ / ૩૫૨ / ૩૬૫ ના ભાવ જોવા મળે. નીચામાં ૩૨૨ તૂટતા ૩૧૧ / ૩૦૨ / ૨૮૮ ના ભાવ જોવા મળે વેચાણ પેટે ૩૩૬ નો સ્ટોપલોસ રાખવો.

**CRUDEOIL 17JAN FUTURE :** (૬૫૧૦) ૬૫૪૦ ઉપર ૬૪૬૦ ના સ્ટોપલોસ થી ખરીદો આવનારા દિવસમાં ઉપરમાં ૬૬૧૫ / ૬૭૪૫ ના ભાવ જોવા મળે. નીચામાં ૬૪૬૦ તૂટતા ૬૩૬૩ / ૬૨૬૦ ના ભાવ જોવા મળે વેચાણ પેટે ૬૫૪૦ નો સ્ટોપલોસ રાખવો.

**COPPER 31JAN FUTURE :** (૮૨૭) ૮૩૦ ઉપર ૮૨૪ ના સ્ટોપલોસ થી ખરીદો આવનારા દિવસમાં ઉપરમાં ૮૩૩ / ૮૩૭ / ૮૪૨ ના ભાવ જોવા મળે. નીચામાં ૮૨૪ તૂટતા ૮૨૦ / ૮૧૫ / ૮૧૨ ના ભાવ જોવા મળે વેચાણ પેટે ૮૩૦ નો સ્ટોપલોસ રાખવો.

**Disclaimer :** Equities and Commodities calls provided are for educational purpose only, if any one want to trade than take advice from your financial advisor before trading on this calls. We are not liable for any of the profit or loss raising from our provided calls for educational purposes.

# પૈસાલો ડીજીટલ : કન્વર્ટીબલ વોરંટનો પ્રેફરન્શીયલ ઈસ્યુ દ્વારા રૂ. ૨૫૮.૧૬ કરોડનું ફંડ ઉભું કરશે

PAISALO
EASY LOAN आसान लोन




પૈસાલો ડીજીટલ લિ. ભારતીય રિઝર્વ બેંક ખાતે રજીસ્ટર્ડ એક નામાંકિત નોન-ડિપોઝીટ એનબીએફસી કંપની છે. કંપનીએ તાજેતરમાં મળેલ બોર્ડ મીટીંગમાં કન્વર્ટીબલ વોરંટના પ્રફેરન્શીયલ ઈસ્યુ દ્વારા રૂ. ૨૫૮.૧૬ કરોડ સુધીની રકમનું ફંડ મેળવવાની દરખાસ્તને મંજુરી આપી છે. કંપની વોરંટ રૂ. ૫૮.૨૦ના ભાવે ઈસ્યુ કરશે. કંપની નોન-પ્રમોટર ગ્રુપને વોરંટ ઈસ્યુ કરશે. એફપીઆઈએસ યુનીકો ગ્લોબલ ઓપોચ્યુનીટીઝ ફંડ લિ. અને નોવા ગ્લોબલ એપોચ્યુનીટીઝ તેમજ પીસીસી ટચ સ્ટોન વિગેરેને વોરંન્ટ્સ એલોટમેન્ટ કરવામાં આવશે.

તાજેતરમાં કંપનીએ કરેલ જાહેરાતમાં તેના બોર્ડે દરેકની ફેસ વેલ્યુ ધરાવતા કોર્મશિયલ પેપર્સ જારી કરવાની મંજૂરી આપી છે. રૂ રૂ. ૫,૦૦,૦૦૦ ની ફેસ વેલ્યૂ ધરાવતા ૬૦૦ લિસ્ટેડ કોમર્શિયલ પેપર્સની ફાળવણીને પણ મંજૂરી આપી હતી. આઈડીબીઆઈ બેંક લિમિટેડને ખાનગી પ્લેસમેન્ટ દ્વારા ૨૯.૨૦ કરોડ મેળવશે.

કંપનીએ ભારતીય રિઝર્વ બેંકદ્વારા નિર્ધારિત લાગુ ઈસીબી માર્ગદર્શિકા અનુસાર સુરક્ષિત વિદેશી ચલણ કન્વર્ટિબલ બોન્ડ્સ જારી કરવા માટે ૫૦ મિલીયન ડોલરનો પ્રથમ હપ્તો સફળતાપૂર્વક એકત્ર કર્યો છે. પૈસાલો ડિજિટ લિમિટેડ એ તેના પ્રથમ ફોરેન કરન્સી કન્વર્ટિબલ બોન્ડ્સ સફળતાપૂર્વક જારી કર્યા છે, જે કંપની માટે નોંધપાત્ર સીમાચિહ્નરૂપ છે. ઈશ્યુએ વૈશ્વિક ફિક્સ્ડ- ઈક્મ ફંડ્સ અને અગ્રણી આંતરરાષ્ટ્રીય ક્રેડિટ ફંડ્સની મજબૂત ભાગીદારી જોવા મળી હતી, જે કંપનીના વિકાસના માર્ગમાં વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. એફસીસીબીએ પાંચ વર્ષની પાકતી મુદત સાથેનું ૭.૫% સુરક્ષિત સાધન છે, જે ૨૦૨૯માં નક્કી થાય છે, જે રોકાણકારોને તેમના હોલ્ડિંગને સંપૂર્ણ પેઈડ-અપ ઈક્વિટી શેરમાં રૂપાંતરિત કરવા અથવા પાકતી મુદત સુધી જાળવી રાખવાની રાહત આપે છે. આ વ્યૂહાત્મક પહેલ ગતિશીલ બજાર વાતાવરણમાં વૃદ્ધિને પ્રોત્સાહન આપવા અને નાણાંકીય સ્થિતિસ્થાપકતા જાળવવા માટે પૈસાલો ડીજીટલની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. આ ઈસ્યુ દ્વારા એકત્ર કરવામાં આવેલ ભંડોળ સુલભ અને સમાવિષ્ટ નાણાકીય ઉકેલો પ્રદાન કરીને ભારતની વિશાળ બેંક હેઠળની વસ્તીને સશક્ત બનાવવાના પૈસાલો ડીજીટલના વિઝનને આગળ વધારવામાં નિમિત્ત બનશે. અગાઉ, કંપનીએ ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને અર્ધ વર્ષ માટે પરિણામ જાહેર કર્યા હતા. તેની એસેટ અંડર મેનેજમેન્ટ રૂ. ૪૫,૩૫૨, વાર્ષિક ધોરણે ૧૯% ની વૃદ્ધિ નોંધાવે છે. આવક વાર્ષિક ધોરણે ૩૩% વધીને રૂ. ૩૭૩૬ મિલિયન થઈ હતી. નેટવર્થ રૂ. ૧૪,૧૮૧ મિલિયન રહી જે વાર્ષિક ધોરણે ૧૪% વધી હતી. પીએટી રૂ. ૯૧૪ મિલિયન, વાર્ષિક ધોરણે ૬% વધ્યો હતો. પૈસાલો ડિજિટલ લિમિટેડ એભારતીય રિઝર્વ બેંકમાં નોંધાયેલ એનબીઅફસી નોન ડિપોઝીટ છે. ભારતના ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં મજબૂત વિતરણ નેટવર્ક સાથે સમૃદ્ધ લિસ્ટેડ એનબીએફસી, દેશભરમાં ૪૨ લાખથી વધુ ઉધાર લેનારાઓ અને ૨૪૫૫ ટચ પોઈન્ટ શાખાઓને સેવા આપીને, હાલમાં સહ-ધિરાણમાં મોખરે છે અને સીમલેસ ક્રેડિટ વિતરણ સેવાઓ અને આવક જનરેશન લોનના વહીવટમાં અગ્રણી છે.

પૈસાલો ડિજિટલ લિમિટેડ એ ભારતીય રિઝર્વ બેંકમાં રજિસ્ટર્ડ નોન-ડિપોઝીટ ટેકિંગ એનબીએફસી છે. ભારતના ગ્રામીણ અને અર્ધ- શહેરી વિસ્તારોમાં મજબૂત વિતરણ નેટવર્ક સાથે સમૃદ્ધ લિસ્ટેડ એનબીએફસી છે. દેશભરમાં ૪૨ લાખથી વધુ લોનધારકો અને ૨૪૫૫ ટચ પોઈન્ટ શાખાઓને સેવા આપીને, હાલમાં સહ-ધિરાણ એટલે કે કો-લેન્ડિંગમાં મોખરે છે અને સીમલેસ ક્રેડિટ વિતરણ સેવાઓ અને આવક જનરેશન લોનના વહીવટમાં અગ્રણી છે.

**પૈસાલો ડીજીટલ લિ. : બીએસઈ ૫૩૨૯૦૦** : એનએસઈ : પૈસાલો : રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ભારે વોલ્યુમ સાથે ૪૩.૮ણ્ જેવો પ્રવર્તે છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૯૯.૬૩ અને નીચામાં ૪૦.૨૫ના ભાવે જોવાયો છે. માર્કેટકેપ ૩૯.૫૨ કરોડ અને બુકવેલ્યુ ૧૫.૮૨ છે. આ શેર ૨.૦૫ની શેરદીઠ કમાણી સામે ૨૧.૪૦ના પીઈથી તથા બુકવેલ્યુ ૧૫.૮૨ સાથે ૨.૭૮ ગણા ભાવે મળે છે. આરઓસીઈ ૧૪.૧ ટકા,, આરઓઈ ૧૪.૩ ટકા દર્શાવે છે. કંપની છેલ્લા પાંચ વર્ષની પ્રોફીટ ગ્રોથ ૨૫.૯ ટકા સીએજીઆર ધોરણે વૃદ્ધિ બતાવી રહ્યો છે. સપ્ટે. ૨૦૨૪ આખરે પુરા થતા કવાર્ટરમાં કંપનીએ ૧૮૭ કરોડની આવક સાથે ૫૦ કરોડનો નેટનફો થયો છે. માર્ચ ૨૦૨૪ આખરે પુરા થતા વર્ષમાં કંપનીએ ૭૫૧ કરોડના વેચાણો પર નેટનફો ૧૮૪ કરોડ અને ઈપીએસ ૨.૦૬ રહેલ છે. કંપનીની કુલ ઈકવીટી રૂ. ૯૦ કરોડ અને રિઝર્વ રૂ. ૧૩૩૧ કરોડનુ ધરાવે છે. કુલ એસેટ ૪૩૮૧ કરોડ છે. પ્રમોટર્સ ૫૨.૩૮ ટકા, એફઆઈઆઈ ૧૦.૭૨ ટકા, સ્થાનિક સંસ્થાઓ ૧૨.૬૯ ટકા, પબ્લિક ૨૪.૨૨ ટકાનું હોલ્ડીંગ ધરાવે છે. કંપની કુલ ૭૧૩૩૮ શેરધારકો ધરાવે છે. કંપની ફન્ડામેન્ટલી ખૂબ જ સ્ટોંગ છે. આ શેર દરેક ઘટાડે ટુંકાથી મધ્યમગાળાનું રોકાણ કરનારને ઉચું રિટર્ન મળવા વકી છે.

**મુદ્રક-પ્રકાશક :** રીટા શાહે બ્લુચીપ પબ્લિકેશન્સ લિ.વતી બ્લુચીપ પબ્લિકેશન્સ લિ.ઓફસેટ પ્રેસ અમદાવાદ ખાતે છાપી, સી-૮, સિલ્વર ઓક્સ બિલ્ડીંગ, મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ ખાતેથી પ્રસિદ્ધ કર્યુ.
**ટે.નં. : +૯૧ ૯૮૨૫૭ ૨૧૭૦૯**

**તંત્રી : યોગેશ કે.શાહ**

The material contain here in is based on Fundamental & Technical analysis & other Scientific methods, but errors can not be ruled out. The information given above is of advisory nature. The Editor and Publisher does not take any consequences arisigng out of it. All rights reserved. Reproducing in whole or in part of any matter including features without permission is prohibited.

**વાચકવર્ગ માટે નોંધ** : 'બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટ'માં છપાતા તમામ આર્ટીકલોમાં થતી ભલામણો સંભાવનાઓ રૂપે જ છે. સ્વબુદ્ધિથી કામ કરવું અથવા પ્રમાણિત એડવાઈઝરની સલાહ લઈ કામ કરવું. લાભ કે નુકશાન માટે લેખક, તંત્રી, મુદ્રક, પ્રકાશક કોઈપણ પ્રકારે જવાબદાર નથી.

# ડાર્ક હોર્સ શેર

## ન્યુક્લિયસ સોફ્ટવેર એક્સપોર્ટ્સ લિમિટેડ

રાજુભાઈ શાહ, મુંબઈ

**[ CMP : 1131 | ડાઉનસાઈડ : 1000-1100 અપસાઈડ: 1675-1695 ]**

ન્યુક્લિયસ સોફ્ટવેર એક્સપોર્ટ્સ લિ.(રૂ. ૧૧૩૧) - ડાઉનસાઇડ (રૂ. ૧૦૦૦-૧૧૦૦) અપસાઇડ ટાર્ગેટ (રૂ. ૧૬૭૫-૧૬૯૫) - ન્યુક્લિયસ સોફ્ટવેર એક્સપોર્ટ્સ (NSEL) (Mcap-2,977 કરોડ) બેંકો માટે સોફ્ટવેર સોલ્યુશન્સ સાથે અગ્રણી સોફ્ટવેર પ્રદાતા છે. અને વૈશ્વિક સ્તરે નાણાકીય સંસ્થાઓ. તેનું સોફ્ટવેર ૫૦ દેશોમાં ૨૦૦ થી વધુ કંપનીઓની કામગીરીને સત્તા આપે છે, જે રિટેલ અને કોર્પોરેટ બેકિંગ, રોકડ વ્યવસ્થાપન, ઈન્ટરનેટ બેકિંગ, ઓટોમોટિવ ફાઈનાન્સ અને અન્ય વ્યવસાયિક ક્ષેત્રોને સમર્થન આપે છે. ન્યુક્લિયસ પાસે બેંકિંગ ઉદ્યોગના બે પેટા વિભાગો માટે ઉત્પાદનો છે - રિટેલ બેંકો માટે ફિનોન નીઓ અને કોર્પોરેટ બેંકિંગ ગ્રાહકો માટે ફિનાક્સિયા. ફિનોન એ તેનું ધિરાણ સોલ્યુશન છે જે બેંકો/એનબીએફસી માટે એન્ડ-ટુ-એન્ડ લોન મેનેજમેન્ટને સક્ષમ કરે છે. Finnaxia એ ટ્રાન્ઝેક્શન બેકિંગ સોલ્યુશન છે જે વૈશ્વિક ચૂકવણી અને પ્રાપ્તિ, તરલતા વ્યવસ્થાપન અને બિઝનેસ ઈન્ટરનેટ બેકિંગમાં કાર્યક્ષમ અને નવીન સેવાઓ પ્રદાન કરે છે. બેંકિંગ ક્ષેત્રમાં ઊંડા ડોમેન જ્ઞાન અને મજબૂત સંશોધન ક્ષમતાઓ સાથે, કંપનીએ ગતિશીલતા, એનાલિટિક્સ અને ઑફલાઇન ડિજિટલ કેશ સોલ્યુશન્સના ક્ષેત્રોમાં પણ ઘણા નવીન ઉકેલો વિકસાવ્યા છે. તે ઉત્પાદનોમાંથી ૮૩% અને પ્રોજેક્ટ્સ અને સેવાઓમાંથી ૧૭% આવક મેળવે છે. કંપનીએ સપ્ટેમ્બર ૨૦૨૪માં શેર દીઠ રૂ. ૧૬૧૫ના દરે બાયબેક પૂર્ણ કર્યું હતું.

NSEL ૫૦ દેશોમાં ૨૦૦ નાણાકીય સંસ્થાઓની કામગીરીને સત્તા આપે છે, જે રિટેલ, કોર્પોરેટ અને જીસ્ઈ ફાઈનાન્સ, ઈસ્લામિક ફાઈનાન્સ, ઓટોમોટિવ ફાઈનાન્સ, કેપ્ટિવ ઓટોમોટિવ ફાઈનાન્સ, મોબાઈલ અને ઈન્ટરનેટ બેકિંગ, ટ્રાન્ઝેક્શન બેકિંગ, પેમેન્ટ્સ, કલેક્શન, નાણાકીય સપ્લાય ચેઈન મેનેજમેન્ટ, લિક્વિડિટી મેનેજમેન્ટને સપોર્ટ કરે છે. અને વધુ. કંપની તેના વૈશ્વિક સ્તરે સંકલિત ટ્રાન્ઝેક્શન બેંકિંગ પ્લેટફોર્મ દ્વારા દરરોજ ૨૬ મિલિયનથી વધુ વ્યવહારોની સુવિધા આપે છે. તેનું ધિરાણ પ્લેટફોર્મ એકલા ભારતમાં US $500 બિલિયન અને વૈશ્વિક સ્તરે US $700 બિલિયનથી વધુની લોનનું સંચાલન કરે છે (ભારત સિવાય), જ્યારે દરરોજ ૫૦૦,૦૦૦ કરતાં વધુ વપરાશકર્તાઓને લોગ ઈન કરવામાં સક્ષમ બનાવે છે. ન્યુક્લિયસ સૉફ્ટવેરના ફ્લેગશિપ ઉત્પાદનો, FinnOne Neo® અને FinnAxia®, વિશ્વભરમાં નાણાકીય સંસ્થાઓના ડિજિટલ ટ્રાન્સફોર્મેશન લક્ષ્યોને સાકાર કરવા માટે BFSI ડોમેન કુશળતાના ત્રણ દાયકાથી વધુ અને AI-સંચાલિત પ્લેટફોર્મ દ્વારા સમર્થિત છે.

ન્યુક્લિયસ સૉફ્ટવેર એ આવી જ એક આકર્ષક કંપની છે જેણે લોનની ઉત્પત્તિ અને ધિરાણની ખૂબ જ અલગ-અલગ પ્રોડક્ટ સ્પેસમાં વિશેષતા મેળવીને એક અસાધારણ મોટ બનાવ્યું છે. ન્યુક્લિયસ સૉફ્ટવેર સંશોધન અને વિકાસમાં નોંધપાત્ર રોકાણો સાથે, ઉદ્યોગના વલણોથી આગળ રહેવા માટે પ્રતિબદ્ધ છે. AI-સંચાલિત આંતરદષ્ટિ, અદ્યતન સાયબર સિક્યુરિટી અને API- આધારિત સીમલેસ ઈન્ટિગ્રેશનનો ઉપયોગ કરીને, કંપનીના ધિરાણ અને ટ્રાન્ઝેક્શન બેકિંગ પ્લેટફોર્મ નાણાકીય સંસ્થાઓને સ્કેલ પર હાઈપર-વ્યક્તિગત સેવાઓ પ્રદાન કરવા સક્ષમ બનાવે છે. NSELના ગ્રાહકોમાં ટોચની ૧૫ વૈશ્વિક બેક્રોમાંથી ૩ અને ટોચની ૧૦ વૈશ્વિક ઓટોમોટિવ ફાઈનાન્સ કંપનીઓમાંથી ૩નો સમાવેશ થાય છે. અન્ય કેટલાક ગ્રાહકોમાં બજાજ ફિનસર્વ, બેંગકોક બેંક, ચાઈના બેંક, ડીસીબી બેંક, યસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એડલવાઈસ અને અન્યનો સમાવેશ થાય છે.

NSEL એ તેની ફ્લેગશિપ પ્રોડક્ટ્સ, FinnOne Neo અને FinnAxia સાથે બેકિંગ અને નાણાકીય સેવા ક્ષેત્રને પૂરી પાડતી IT સેવાઓમાં વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. આ સોલ્યુશન્સ ધિરાણ અને વ્યવહાર બેંકિંગને સુવ્યવસ્થિત કરે છે, ૫૦ દેશોમાં ૨૦૦ થી વધુ નાણાકીય સંસ્થાઓને કાર્યક્ષમતા અને ગ્રાહક અનુભવ વધારવામાં મદદ કરે છે. ભારતમાંથી ૫૭% અને બાકીના દક્ષિણપૂર્વ એશિયા, મધ્ય પૂર્વ અને યુરોપ જેવા પ્રદેશોમાં ફેલાયેલા આવકના મિશ્રણ સાથે, કંપની વૈવિધ્યસભર કામગીરીનો આનંદ માણે છે. લાંબા ગાળાની ક્લાયન્ટની વફાદારી એ એક મજબૂતાઈ છે, જેમાં કોન્ટ્રાક્ટ પાંચથી સાત વર્ષનો હોય છે અને ટોચના ક્લાયન્ટ્સ આવકમાં સાધારણ ૨૮% યોગદાન આપે છે, નિર્ભરતાની ચિંતાઓને ઘટાડે છે. જો કે, ન્યુક્લિયસે વૃદ્ધિના આગલા પગને ચલાવવા માટે અન્ય ઓફરો પણ વિકસાવી છે. ઉત્પાદનો પ્રકૃતિમાં અતિ-વિશિષ્ટ હોવા છતાં, તે ખૂબ મોટી તકનું પ્રતિનિધિત્વ કરે છે કારણ કે તેઓ તૃતીય-પક્ષ વિક્રેતાઓ દ્વારા વર્તમાન પરંપરાગત/આધુનિક કોર બેકિંગ સોલ્યુશન્સ (CBS) સાથે સહ-અસ્તિત્વ માટે બનાવવામાં આવ્યા છે. મજબૂત ઉત્પાદન પોર્ટફોલિયો અને નાણાકીય શક્તિ સાથે, NSEL તેની શક્તિનો લાભ લેવા અને ઉપલબ્ધ તકોનો લાભ લેવા માટે સારી રીતે સ્થિત છે.

કંપની ૨૦૧૧ થી લાંબા ગાળા માટે વૃદ્ધિના ખૂબ જ સુસ્ત તબક્કામાંથી પસાર થઈ (હજુ પણ અમુક અંશે પસાર થઈ રહી છે). કંપનીએ ઉત્પાદન ચક્રમાં આગળ રોકાણ કરવા માટે આ ધીમા તબક્કાનો ઉપયોગ કર્યો. કંપનીએ છેલ્લા ૨૫ વર્ષોમાં એક મજબૂત પ્રોડક્ટ પોર્ટફોલિયો બનાવ્યો છે અને રિટેલ બેકિંગથી લઈને કોર્પોરેટ બેકિંગ, કેશ મેનેજમેન્ટ, ઈન્ટરનેટ બેકિંગ અને ક્રેડિટ કાર્ડ્સ સુધીના સોલ્યુશન્સ વિકસાવ્યા છે. FY01 થી તંદુરસ્ત અને સાતત્યપૂર્ણ ડિવિડન્ડ ચૂકવણી સાથે તેના શેરહોલ્ડરની સંપત્તિને સમૃદ્ધ બનાવવાનો ન્યુક્લિયસનો સારો ટ્રેક રેકોર્ડ છે. યોગ્ય ભાવિ સંભાવનાઓ સાથે કંપની તેના શેરધારકોને તંદુરસ્ત અને સાતત્યપૂર્ણ ડિવિડન્ડ ચૂકવણીઓ સાથે પુરસ્કાર આપવાનું ચાલુ રાખે તેવી અપેક્ષા છે. સુધારેલ નફા સાથે પેઆઉટ રેશિયો ધીમે ધીમે સુધરી શકે છે

૨૦% ની મજબૂત પાંચ વર્ષની વાર્ષિક આવક વૃદ્ધિ હોવા છતાં, ન્યુક્લિયસે સ્પીડ બમ્પને ફટકાર્યો છે. લાંબા સમય સુધી ક્લાયન્ટ નિર્ણય ચક્રમાં આ વર્ષે માત્ર એક નવો ગ્રાહક ઉમેરાયો, કારણ કે નાણાકીય સંસ્થાઓ વધતી સ્પર્ધા વચ્ચે ટેક રોકાણો પર વળતરની ચકાસણી કરે છે. છૈં ની વધતી જતી અપનાવવાથી સ્પર્ધાત્મક લેન્ડસ્કેપને વધુ તીવ્ર બનાવ્યું છે, ન્યુક્લિયસની તેની તકોને અલગ પાડવાની ક્ષમતાનું પરીક્ષણ કરે છે. સપ્ટેમ્બર ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા છ મહિના માટે, કંપનીનો ચોખ્ખો નફો ૩૫% ઘટીને રૂ. ૬૩.૨૬ કરોડ થયો હતો, જ્યારે વેચાણ રૂ. ૪૩૧.૬૬ કરોડ પર ફ્લેટ હતું. એકીકૃત ધોરણે. અડધા વર્ષ માટે EPS ૨૬.૩૩ કરોડની ઈક્વિટી પર રૂ. ૨૪ છે. (પ્રમોટર્સનો હિસ્સો-૭૩.૬૯% DII/FII હિસ્સો-૫.૬૨%). રોકડ અને રોકડ સમકક્ષ, જેમાં મ્યુચ્યુઅલ ફંડની ડેટ સ્કીમ્સમાં રોકાણ, બેંકોમાં ફિક્સ્ડ ડિપોઝિટ અને ટેક્સ ફ્રી બોન્ડ વગેરેનો સમાવેશ થાય છે. ૮૯૫ કરોડ ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ. ન્યુક્લિયસ સૉફ્ટવેરની ૩૧ માર્ચ, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા વર્ષ માટે એકીકૃત આવક રૂ. ૮૭૭.૩૫ કરોડ..વેરા પછીનો નફો (PAT) રૂ. ૧૯૧.૬ કરોડ. EPS રૂ. ૭૨.૭ અને ૧૨૫% (શેર દીઠ રૂ. ૧૨.૫)નું ડિવિડન્ડ જાહેર કરવામાં આવ્યું હતું.

સુધારેલ નફાકારકતા સાથે, આગામી બે વર્ષમાં વળતર ગુણોત્તરમાં વધુ સુધારો થવાની અપેક્ષા છે. NSE ના રોકડ અને રોકડ સમકક્ષ, જેમાં લિક્વિડ મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ અને બેક્રો સાથેની ફિક્સ્ડ ડિપોઝિટ, રૂ. ૮૯૫ કરોડ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ ના રોજ. આ તેની ૨૯૭૭ કરોડની વર્તમાન બજાર મૂડીના લગભગ ૩૦% છે. વર્તમાન સ્તરે સ્ટોક FY26E ની કમાણી (રૂ. ૭૦- રૂ. ૭૨)ના લગભગ ૧૬ ગણા પર ટ્રેડ કરે છે. કંપનીના ૮૯૫ કરોડ. રોકડ અનામત અને ૭૨૦ કરોડ. ઓર્ડર બુક સિગ્નલ સ્થિરતા. રોકડ માટે વ્યવસ્થિત કર્યા પછી લગભગ ૧૩ ના અસરકારક P/E પર મૂલ્યવાન, ન્યુક્લિયસ ટેક ફર્મ માટે આકર્ષક લાગે છે, જો કે તે તેની વૃદ્ધિ મહત્વાકાંક્ષાઓ પૂરી કરે. AI નો લાભ ઉઠાવવાની, નવા પ્રદેશોમાં વિસ્તરણ કરવાની અને માર્જિન ટકાવી રાખવાની યોજનાઓ મહત્વાકાંક્ષી છે પરંતુ મહત્વપૂર્ણ છે. ન્યુક્લિયસનું કેશ-એડજસ્ટેડ એમકેપ માત્ર ૨૧૦૦ કરોડની આસપાસ હોવાથી, સ્ટોક લાંબા ગાળાના રોકાણકારો માટે નોંધપાત્ર અપસાઈડ ઓફર કરે છે. વર્તમાન સ્તરે અને ઘટાડા પર પણ એકઠા કરો.

---

**શેરબજાર**

નીતિશ કમલેશ ધીવાળા
રીસર્ચ એનાલીસ્ટ
સાઉથ ગુજરાત શેર્સ & શેરબ્રોકર્સ લિ.
(www.SGSSL.co.in ) 94268 69414



# નિફ્ટી ૨૩૩૫૬ - ૨૩૩૨૦ નીચે વેચવાલીનું તાંડવ: જોવા મળે

વીતેલું સપ્તાહ ભારતીય મૂડીબજાર માટે વેચવાલી વાળું રહ્યું. વધતાં બોન્ડ યીલ્ડ તેમજ વધતા ફુગાવા અને બેરોજગારીના આંકને જોઈ અમેરિકન ફેડરલ બેક દ્વારા વ્યાજ દરોમાં જે અપેક્ષા વ્યાજ દરોમાં ઘટાડો કરવાની હતી તે હવે ઘટતી જોવા મળી રહી છે. વધુમાં ક્રૂડ ઓઈલનાં ભાવમાં વધારો તેમજ અમેરિકન ડોલર ઈન્ડેક્સની તેજી ભારતીય મૂડીબજાર તેમજ વૈશ્વિક મૂડીબજારમાં વેચવાલીનું કારણ બન્યાં હતાં. વધુમાં ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા અમેરિકન પ્રેસિડેન્ડની પદ સંભાળતા જ ચાઈના , કેનેડા અને મેક્સિકો જેવાં દેશો ઉપર વધારે ટેરિફ ત્યાર બાદ બીજા દેશો ઉપર આ દેશો કરતા ઓછો ટેરિફ લગાડવાની ચીમકી આપતાં જ વૈશ્વિક મૂડીબજારમાં વેચવાલીની ગતિ આગળ વધતી જોવા મળી હતી.

વીતેલા સપ્તાહનાં અંકમાં સ્પષ્ટ શબ્દોમાં લખવમાં આવ્યું હતું કે ઉપરમાં ૨૪૩૦૦ - ૨૪૩૪૨ પ્રતિકારક સપાટી ગણાય. આ ઝોન કૂદાવ્યા બાદ જ નવી રેલી આગળ વધતી જોવાં મળી શકે છે જ્યારે નીચેમાં ૨૩૬૬૨ - ૨૩૫૧૪ મેજર સપોર્ટ ઝોન ગણાય જે તૂટયાં બાદ વેચવાલી આગળ વધતી જોવા મળી શકે છે. વીતેલાં સપ્તાહની શરૂઆત વેચવાલી સાથે થઈ હતી. સપ્તાહની શરૂઆતમાં નિફ્ટી ૨૪૦૯૦ ની સાપ્તાહિક સરોચ્ચ સપાટી બનાવી વીતેલા સપ્તાહનાં અંકમાં લખવમાં આવેલ પ્રતિકારક સપાટી કુદાવવામાં સફળતા નહિ મળતા વેચવાલી જોવા મળી હતી જે સપ્તાહ દરમિયાન ૨૩૩૬૨ - ૨૩૫૧૪ તૂટયાં બાદ વેચવાલીની ગતિ ગતિ આગળ વધતી જોવા મળી હતી જે સપ્તાહનાં અંતે ૨૩૩૪૪ ની સાપ્તાહિક બોટમ બનાવી ૨૩૪૩૧ આસપાસ બંધ જોવા મળ્યું હતું. આમ સપ્તાહ દરમિયાન નિફ્ટીમાં ૨.૩૯% નો ચોખ્ખો ઘટાડો જોવાં મળ્યો હતો.

ચાર્ટની દ્રષ્ટિએ જોતાં નિફ્ટી તેનાં દૈનિક ચાર્ટ ઉપર બેરીશ હેડ એન્ડ શોલ્ડર પેટર્ન ફોર્મેશન થતું જોવા મળ્યું છે. આ બેરીશ હેડ એન્ડ શોલ્ડર પેટર્નનું લેફ્ટ શોલ્ડર ૨૫૦૭૮ આસપાસ હેડ ૨૬૨૭૭ આસપાસ જ્યારે રાઈટ શોલ્ડર ૨૪૮૫૭ આસપાસ જોવા મળ્યું હતું. આ પેટર્નની નેકલાઈન ૨૩૩૧૫ આસપાસ આવે છે. જે નીચે બંધ મળ્યા બાદ વેચવાલીનું ગતિ આગળ વધતી જોવા મળી શકે છે. આ પેટર્ન નો ટાર્ગેટ ૨૦૮૦૦ આસપાસ આવે છે. જે આમારું માનવું છે કે આવનારાં માર્ચ - એપ્રિલ સુધી આ ટાર્ગેટ ઝોન બતાવી શકે છે.

શોર્ટ ટર્મ ચાર્ટ પેટર્નની વાત કરીએ તો નિફ્ટી તેનાં ઈન્ટ્રા ડે ચાર્ટ ઉપર પણ બેરીશ હેડ એન્ડ શોલ્ડર પેટર્ન ફોર્મેશન જોવા મળ્યું છે. આ બેરીશ હેડ એન્ડ શોલ્ડર પેટર્નનું લેફ્ટ શોલ્ડર ૨૪૩૪૩ આસપાસ , હેડ ૨૪૮૫૭ આસપાસ જ્યારે રાઈટ શોલ્ડર ૨૪૨૨૬ આસપાસ જોવા મળ્યું છે. આ પેટર્નની નેકલાઈન ૨૩૩૨૦ આસપાસ જોવા મળી છે. જે તૂટયા બાદ પેનિક વેચવાલી નકારી શકાય નહિ. આ બેરીશ હેડ એન્ડ શોલ્ડર પેટર્ન નો ટાર્ગેટ ૨૨૩૮૬ === ૨૧૭૨૯ આસપાસ જોવા મળે છે.

બાર ચાર્ટની વાત કરીએતો નિફ્ટી તેનાં દૈનિક ચાર્ટ ઉપર ૨૪૨૨૬ ની સરોચ્ચ સપાટી બનાવ્યા બાદ તેના વીતેલા ટ્રેડિંગ સેશનની સરોચ્ચ સપાટી કુદાવવામાં કે તે ઉપર બંધ આપવામાં સફળતા મળી નથી તેમજ નવાં બોટમ જોવા મળ્યા છે. જ્યારે માસિક ચાર્ટ ઉપર ૨૬૨૭૭ ની સર્વોચ્ચ સપાટી બનાવ્યા બાદ તેના વીતેલા માસની સરોચ્ચ સપાટી ઉપર કુદવાવમાં સફળતા મળી નથી પરંતુ વીતેલા માસની બોટમ ને તોડવામાં પણ સફળતા મળી નથી જે ઈકિવિલિબ્રિયમ ઝોન ફોર્મેશનની સંભાવના બતાવે છે. જ્યારે ત્રિમાસિક ચાર્ટ ઉપર નિફ્ટી ૧૫૧૮૩ ની બોટમ બનાવ્યા બાદ તેના વીતેલા ત્રિમાસિક બોટમ નીચે બંધ આપ્યું નથી અને નવાં સર્વોચ્ચ શિખર બનાવતી જોવા મળી છે પરંતુ વીતેલા ત્રિમાસિક દરમિયાન આ પરંપરા તૂટતી જોવા મળી છે.

નિફ્ટી વીતેલા ત્રિમાસિકની સર્વોચ્ચ સપાટી કુદવામાં સફળતા મળી નથી અને તેના બોટમ નીચે બંધ મળ્યું છે. આમ મીડીયમ ટર્મ ટ્રેન્ડ નેગેટિવ છે ઉપર જણવ્યા મુજબ ભલે માસિક ચાર્ટ ઉપર ઈકિવિલિબ્રિયમ ઝોનની સંભાંવના બતાવે છે પરંતુ ત્રિમાસિક ચાર્ટ ઉપર ટ્રેન્ડ નેગેટીવી હોવાથી અમારું માનવું છે આવનારા સમય દરમિયાન મૂડીબજારમાં વેચવાલીનું તાંડવ: ફરી જોવા મળી શકે છે.

ઉપરની ચાર્ટ પેટર્ન જોતાં અમારું મનાવું છે આવનારાં સમય દરમિયાન નિફ્ટી ૨૨૩૮૬ - ૨૧૭૨૯ નો આંક જોવા મળી શકે છે.

## WEEKLY SWING STOCK

By: Jiten Dhamecha
Mail:tradingstockj@gmail.com | WA: https://wa.me/919427917539
Telegram: https://t.me/SwingSt0ck | Mobile: +919427917539

### 1# Wipro Ltd (WIPRO)

રોકાણકારો માટે એક રસપ્રદ તક તરીકે બહાર આવે છે. અત્યારે, શેર ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ બપોરે ૧૨.૧૦ વાગ્યે ૩૦૨ ના CMP (વર્તમાન બજાર ભાવ) પર ટ્રેડ થઈ રહ્યો છે. આ સંભવિત વિજેતામાં પ્રવેશની વિચારણા કરનારાઓ માટે, સૂચિત ખરીદ શ્રેણી ૨૯૫-૩૦૫ છે વિશ્લેષકો ૩૧૫-૩૨૨-૩૨૯ પર પરીક્ષણ લક્ષ્યાંક સાથે WIPRO માટે આશાસ્પદ માર્ગની આગાહી કરે છે જે સંભવિત રૂપે ૩૩૫ અથવા તેનાથી વધુ સુધી પહોંચે છે. જો કે, સ્ટોક ટ્રેડિંગમાં વિવેકપૂર્ણ જોખમ સંચાલન નિર્ણાયક છે. સંભવિત નુકસાનને ઘટાડવા માટે, ૨૮૮-૨૮૫ પર સ્ટોપ-લોસ (SL) સેટ કરવાની સલાહ આપવામાં આવે છે, રોકાણને સુરક્ષિત રાખવા માટે આ સ્ટોપ-લોસનું કડક પાલન કરવાની ભલામણ કરવામાં આવે છે.

### 2# Ramkrishna Forgings Limited (RKFORGE)

RKFORGE એક રસપ્રદ રોકાણની તક રજૂ કરે છે. સ્ટોક હાલમાં તારીખ ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ બપોરે ૧૨.૧૫ વાગ્યે CMP (વર્તમાન બજાર કિંમત) ૯૮૮ પર ટ્રેડ થઈ રહ્યો છે. જેઓ રોકાણ કરવાની યોજના ઘડી રહ્યા છે તેમના માટે ખરીદીની આદર્શ શ્રેણી ૯૭૫—૯૯૭ છે. વિશ્લેષકોએ ૧૦૧૨, ૧૦૨૨ અને ૧030ના પરીક્ષણ લક્ષ્યાંકો સાથે, ?૧૦૪૦થી વધુ થવાની સંભાવના સાથે સકારાત્મક માર્ગની આગાહી કરી છે. સ્ટોક ટ્રેડિંગમાં રિસ્ક મેનેજમેન્ટ મહત્વપૂર્ણ છે. સંભવિત નુકસાન ઘટાડવા માટે, રોકાણકારોએ ૯૬૦-૯૫૭ પર સખત સ્ટોપ-લોસ (SL) જાળવી રાખવો જોઈએ. રોકાણને સુરક્ષિત રાખવા માટે આ સ્ટોપ-લોસને વળગી રહેવાની ભારપૂર્વક ભલામણ કરવામાં આવે છે.

**Disclaimer:** This is for educational purposes only. Before investing, please consult with your financial advisor. We are not SEBI-registered Advisors. Though all efforts have been made to compile inputs after detailed research, please do your own research. WE ARE NOT RESPONSIBLE FOR ANY KIND OF PROFIT OR LOSS. INVEST 100% AT OWN RISK OR SIMPLY AVOID, Disclosures: Author or Analyst is not SEBI registered. At the time of writing this article, author, his clients & dependent family members may have positions in the stocks mentioned above. The author, his firm representing, his clients or any of his dependent family members may make purchases or sale of the securities mentioned in website. Author may have positions in above stocks so have vested interest obviously in their going up or down as the case may be.

# મરક્યુરી ઈવી ટેક : જુદા જુદાં ઈલેક્ટ્રિક વ્હિકલ્સનું મેન્યુફેક્ચરિંગ કરતી આ કંપની કન્ટેઈનરના મેન્યુફેક્ચરિંગમાં પણ ઝંપલાવશે

## કંપનીએ હૈતેકના ૭૦ ટકા શેર્સ હસ્તગત કરી લેવાનું વ્યૂહાત્મક પગલું લઈને પશ્ચિમ બંગાળના થ્રી વ્હિલરના માર્કેટમાં પોતાની સ્થિતિને વધુ મજબૂત બનાવી શકશે

ઈલેક્ટ્રિક વેહિકલના ક્ષેત્રની અગ્રણી કંપનીઓમાંની એક મરક્યુરી ઈવી ટેક લિમિટેડના બોર્ડે ગ્લોબલ મર્ક્યુરી કન્ટેઈનર પ્રાઈવેટ લિમિટેડના નામથી એક નવી સબસિડિયરીની સ્થાપના કરવાના નિર્ણયને મંજૂરી આપી છે. મરક્યુરી ઈવી ટેક જુદા જુદાં પ્રકારના ઈલેક્ટ્રિક વેહિકલનું મેન્યુફેક્ચરિંગ કરે છે. આ સાથે જ હવે કંપની કન્ટેઈનરના મેન્યુફેક્ચરિંગમાં પણ જંપલાવશે. સ્કેલેટન કન્ટેઈનર્સ અને ચોક્કસ હેતુઓ માટેના કન્ટેઈનર્સના મેન્યુફેક્ચરિંગનું પણ કામ કરશે. આ માટે કંપની ૬૦,૦૦૦ ઈક્વિટી શેર્સ સબસ્ક્રાઈબ કરીને ૬૦ ટકા પેઈડ અપ કેપિટલ ઊભી કરશે. તાજેતરમાં જ કંપનીએ ૨૦૨૪-૨૫ના વર્ષના પહેલા છ માસિક ગાળામાં અને સપ્ટેમ્બર ૨૦૨૪ના અંતે પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળામાં જબરદસ્ત આર્થિક પરફોર્મન્સ આપ્યું છે. કંપનીના કામકાજ થકી તેની આવકમાં ૨૫૨.૫૫ ટકાનો વધારો થયો છે. કંપનીની આવક બીજા ત્રિમાસિક ગાળામાં રૂ. ૫૫૨.૪૨ લાખથી વધીને રૂ. ૧૯૪૭.૫૪ લાખની થઈ છે. કરોડમાં વાત કરીએ તો રૂ. ૫.૫૨ કરોડથી વધીને ૧૯.૪૭ કરોડ થઈ છે. કંપનીની વેરા પૂર્વેની આવકમાં ૧૧૮.૮૫ ટકાનો વધારો થયો છે. આ વધારે રૂ. ૧૧૦.૭૧ લાખથી વધીને રૂ. ૨૪૨.૨૯ લાખનો થયો છે. કરોડમાં વાત કરીએ તો આ વધારો રૂ. ૧.૧૦ કરોડથી વધીને રૂ. ૨.૪૨ કરોડનો થયો છે. આ જ ગાળામાં કંપનીનો વેરા પછીનો નફો ૧૬૯ ટકા વધીને ૫૯.૩૬ લાખથી વધીને ૧.૫૯ કરોડને આંબી ગયો છે.

સપ્ટેમ્બર ૨૦૨૪ના અંતે પૂરા થયેલા પહેલા છ માસિક ગાળાને અંદે કંપનીના કામકાજ થકી થતી આવક ૯૬.૬૪ ટકા વધીને રૂ. ૧૧.૮૭ કરોડથી વધીને રૂ.૨૩.૩૫ કરોડની થઈ છે. કંપનીને વેરા પૂર્વેનો નફો ૬૦.૧૯ ટકા વધીને રૂ. ૨.૦૭ કરોડથી વધી રૂ. ૩.૩૨ કરોડનો થયો છે. આ જ ગાળામાં વેરા પછીનો નફો ૫૫.૫૭ ટકા વધીને રૂ. ૧.૩૪ કરોડથી વધીને ૨.૦૮ કરોડ પર પહોંચી ગયો હતો. આ અગાઉ કંપનીએ જાહેરાત કરી હતી કે કંપનીના શેરહોલ્ડરની મંજૂરી મેળવીને તેના બોર્ડના સભ્યોએ ૧,૪૪,૨૫,૬૬૬ શેર્સનું એલોટમેન્ટ કરવાનો નિર્ણય કર્યો છે. ૪,૫૩,૦૦,૦૦૦ કન્વર્ટિબલ વોરંટના બદલામાં ૧,૪૪,૨૫,૬૬૬ શેર્સ એલોટ કરવાનો નિર્ણય કર્યો છે. પસંદગીના ધોરણે આ શેર્સની ફાળવણી કરવામાં આવશે. આ અગાઉ કંપનીના બોર્ડે હૈતેક ઓટોમોટીવ પ્રાઈવેટ લિમિટેડના ૭૦ ટકા શેર્સ હસ્તગત કરી લેવાનો નિર્ણયને મંજૂરી આપી હતી. હવે આ કંપનીને મરક્યુરી ઈવી ટેક કંપનીની પેટા કંપની ગણવામાં આવશે.




**મરક્યુરી ઈવી(૫૩૧૩૫૭) :** રૂ. ૧ની ફેસ વેલ્યુ ધરાવતા આ શેરનો ભાવ ૮૮.૮૦ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૧૩૯.૨૦ અને નીચામાં ૬૪.૩૨ નો ભાવ જોવાયો છે. માર્કેટકેપ ૧૪૮૧ કરોડ, બુકવેલ્યુ ૪.૩૨ છે. વર્તમાન ઘટાડામાં દોરમાં આ શેરમાં દરેક ઘટાડે મધ્યમથી લાંબાગાળાનું રોકાણ કરનારને ભળતી તેજી થકી નવા ભાવ જોવા મળી શકે. ૨ વર્ષમાં ૫૫૩.૭૦ ટકા, ૩ વર્ષમાં ૧૦૩૪૭ ટકા અને પાંચ વર્ષમાં ૨૫૨૭૧.૪ ટકાનું ઉડીને આંખે વળગે તેવું તગડું મલ્ટીબેગર રિટર્ન આપેલ છે. હાલ આ શેરમાં ડિલીવરી ધોરણે કામકાજ ૧૭ ટકા જેટલા વધ્યા છે. કંપનીના પ્રમોટર્સ ૫૯.૧૮ ટકા, એફઆઈઆઈ ૧.૭૨ ટકા, પબ્લિક ૩૯.૧૦ ટકાનું હોલ્ડીંગ ધરાવે છે. આ શેર લાંબી રેસનો ઘોડો છે. રોકાણ માટે ખાસ ધ્યાનમાં રખાય. કંપનીએ તાજેતરમાં ડીસી-૨ રક્યુરી કાર પ્રા. લિ.માં ૬૯.૯૪ ટકાનો સ્ટેઈલ ખરીદી કરીને એકવીઝેશન ટાર્ગેટ સાથે સબસીડીયરી કંપની બનાવવા ધારે છે.

મરક્યુરી ઈવી ટેક દ્વારા હૈતેકના ૭૦ ટકા શેર્સ હસ્તગત કરી લેવાના નિર્ણયને એક વ્યૂહાત્મક પગલાં તરીકે જોવામાં આવે છે. તેની મદદથી કંપની પશ્ચિમ બંગાળના થ્રી વ્હિલરના માર્કેટમાં પોતાની સ્થિતિને વધુ મજબૂત બનાવી શકશે. પશ્ચિમ બંગાળમાં થ્રી વ્હિલરની ડિમાન્ડ ખાસ્સી વધારે હોવાનું જોવા મળે છે. પરિણામે કંપની તેના કામકાજને વધુ મોટા સ્કેલ કે લેવલ પર લઈ જઈ શકશે. તેનાથી કંપનીની ઉત્પાદન ક્ષમતામાં સુધારો થશે. ઉત્પાદન ક્ષમતામાં વધારો થતાં કંપનીનો ઉત્પાદન ખર્ચ પણ નીચે આવશે.

મરક્યુરી ઈલેક્ટ્રિક વેહિકલના સેક્ટરની એક અગ્રણી કંપની છે. ઈવી વેહિકલની સંપૂર્ણ ઈકોસિસ્ટમમાં એટલ કે નાનાથી માંડીને મોટા તમામ કાર્યક્ષેત્રમાં કંપની નોંધપાત્ર હાજરી ધરાવે છે. કંપનીનો ઈવી ટેક્નોલોજીનો પાર્ક ૧૮ એકર જમીનમાં પથરાયેલો છે. તેની મેન્યુફેક્ચરિંગની ફેસિલિટી પણ આ જ પાર્કમાં આવેલી છે. કંપનીના પ્રોડક્ટ્સની રેન્જ ખાસ્સી મોટી છે. કંપનીની પ્રોડક્ટ્સ રેન્જમાં સૌથી છેલ્લો ઉમેરો ફોર વ્હિલર લોડરનો થયો છે. મૂસક તરીકે ઓળખાતા ફોરવ્હિલર લોડર ૧ ટન વજનનું વહન કરવાની ક્ષમતા ધરાવે છે.

મરક્યુરીએ નેશનલ હાઈ-વે -૮ પર આવેલા વ્યૂહાત્મક સ્થળ-સ્ટ્રેટજિક લોકેશન પર તેનો મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી ઊભી કરી દીધી છે. ૧૮ એકર જમીન પર આ મેન્યુફેક્ચરિંગ એકમ આવેલું છે. આ એકમમાં ૨૩-ટેક્ર સીઈડી પ્લાન્ટ છે. તેને માટે જોઈતી લેબોરેટરી પણ ત્યાં મોજૂદ છે. પેઈન્ટ માટેના બૂથ પણ છે. બીઆઈડબ્લ્યુ શોપ પણે તેમાં જ આવેલી છે. કંપનીની એસેમ્બ્લી લાઈન પણ આ જ એકમમાં આવેલી છે.વેહિકલના ટેસ્ટિંગ માટેની સુવિધા પણ આજ પાર્કમા ઊભી કરી દેવામાં આવલી છે. આ સુવિધા આ જ સેક્ટરના બીજા મેન્યુફેક્ચરિંગ એકમમાં ન હોવાનું સંભાવના વધારે છે. તેથી આ લેબોરેટલી તેની વિશેષતા બની રહી છે.

કંપનીએ દસથી વધુ પ્રોડક્ટ્સની મંજૂરી મેળવી લીધેલી છે. તેમાં એલ-૫ કેટેગરીમાં આવતા છ વત્તા એક જણ મળીને કૂલ સાત જણને બેસાડવાની ક્ષમતા ધરાવતા થ્રી વ્હિલર લોડરનો સમાવેસ થાય છે. તેની સ્પીડ વધારે છે. તેની બોડી નોન બ્રેકેબલ છે. ૧.૩ની કેટેગરીમાં આવતા આ થ્રી વ્હિલરમાં જુદાં જુદાં પ્રકારની લિથિયમ આયન બેટરી છે. આ કંપનીએ બનાવેલી ગાર્બેજ વેનમાં પણ આ જ પ્રકારની સુવિધા છે.

કંપનીએ થોડા સમય પહેલા જ ગુજરાતના વડોદરામાં તેના અત્યાધુનિક રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ યુનિટની સ્થાપના કરી છે. આ સેન્ટરમાં ઈલેક્ટ્રિક બસ, કાર અને જુદા જુદાં પ્રકારની લિથિયમ આયન બેટરી અંગે સંશોધન કરવામાં આવશે. આ યુનિટનો આરંભ ૨૦૨૨માં કરવામાં આવ્યો હતો. ત્યારથી તમામ ઈલેક્ટ્રિક વેહિકલ અહીં જ ડેવલપ કરવામાં આવી રહ્યા છે.

કંપનીએ ૧૭મી ડિસેમ્બરે મુંબઈ શેરબજારના સત્તાવાળાઓને પત્ર લખીને મરક્યુરી ઈવી ટેકની નવી સબસિડીયરીની સ્થાપના કરવાના નિર્ણયની જાણ કરી હતી. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર જયેશકુમાર રાયચંદભાઈ ઠક્કર છે. જયેશ રાયચંદ એક ઉત્સાહી ઉદ્યોગ સાહસિક છે. જયેશ ઠક્કર ગુજરાતના વડોદરા શહેરના વતની છે. તેમની બીજી કંપની પ્રભવ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડઅને કાવિત ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ છે. આ બંને કંપનીઓ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝના જુદાં જુદાં બિઝનેસ સાથે સંકળાયેલી છે. કંપની લુબ્રિકન્ટ મેન્યુફેક્ચરિંગના સેક્ટરમાં પણ સક્રિય છે. જયેશ ઠક્કર મેક ઈન ઈન્ડિયાની લાઈન પર ઈન્ડસ્ટ્રીયલ ઈન્ફાસ્ટ્રક્ચર બનાવવાની દિશામાં આગળ વધવાની માનસિકતા ધરાવતા સાહસિક છે. નવી ટેક્નોલોજીને અનુસરવાનું પસંદ કરે છે. તેમની કંપનીઓ વર્લ્ડ ક્લાસ સુવિધા ધરાવતી કંપનીઓ છે. તેથી તેમની રોજબરોજની કામગીરી સરળ બની રહી છે.



## JO JEETA WO HI SHIKANDAR

BHAVESH MEHTA 9265152061
bhaveshmehta 99999@gmail.com

# MASTER KEY POINT FUT NIFTY 23641 | Bank Nifty 49200 | FIN NIFTY 22800 | SENSEX 77777

**NIFTY** JAN FUT BUY ABOVE 23641 sL 23541 TG 23761-23841-23961-24066-24156-24241-24351-24444**

**NIFTY JAN** FUT 23541 BELOW SELL 23641 SL TG 23444-23351-23241 ** 23166-23040-22900-22800-22700-22541**

**BANK NIFTY**

**BANK NIFTY** JAN FUT 49200 ABOVE BUY 48900 SL TG 49400-49600-49800-50050-50400-50700-51066-51400

BANK NIFTY JAN FUT 48900 BELOW SELL 492000 SL TG 48700-48500-48300-48040-47800-45600-47400

## ટૂંકા ગાળાની ખરીદી

**રોલેક્સ રિંગ્સ રૂ.૧૮૫૦.૫૫**

**લક્ષ્ય ૧૯૫૦ - ૨૦૫૦ - ૨૧૫૦ - ૨૨૫૦**

Rolex Rings Ltd. એ બનાવટી અને મશિન ઘટકોના ભારતના અગ્રણી ઉત્પાદકોમાંનું એક છે. કંપની વિવિધ વૈશ્વિક ગ્રાહકો માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા, વિશ્વ કક્ષાના, વૈવિધ્યપૂર્ણ ઓટોમોટિવ ઘટકો અને બેરિંગ રિંગ્સનું ઉત્પાદન કરીને વિકાસ ભાગીદાર તરીકે શ્રેષ્ઠ છે. કંપનીની પ્રોડક્ટ રેન્જમાં હોટ્રોલ્ડ બનાવટી અને મશીનવાળી બેરિંગ રિંગ્સ તેમજ ટુ-વ્હીલર્સ, પેસેન્જર વ્હીકલ્સ, કોમર્શિયલ વાહનો, ઓફ-હાઈવે વાહનો અને ઈલેક્ટ્રિક વાહનો જેવા વિવિધ વાહન સેગમેન્ટ માટે ઓટોમોટિવ ઘટકોનો સમાવેશ થાય છે. વધુમાં, કંપની ઔદ્યોગિક મશીનરી, વિન્ડ ટર્બાઈન, રેલ્વે અને વધુ માટે ભાગો સપ્લાય કરે છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં સેવા આપતા, રોલેક્સ રિંગ્સ તેના ગ્રાહકોમાં વૈશ્વિક ઓટો ઓરિજિનલ ઈક્વિપમેન્ટ મેન્યુફેક્ચરર્સ (OEMs) માટે ટોચની બેરિંગ મેન્યુફેક્ચરિંગ કંપનીઓ અને ટાયર-૧ સપ્લાયર્સ ગણે છે. ત્રિમાસિક ધોરણે, કંપનીએ FY'25 ના Q2 માં સપ્ટે.'૨૩ માં Rs.320.78 કરોડની સામે સપ્ટેમ્બર'૨૪ માં લગભગ Rs.300.27 કરોડ નેટ વેચાણ સાથે સંતોષકારક પ્રદર્શન કર્યું. જોકે, ચોખ્ખો નફો સપ્ટે.૨૩ માં રૂ.૬૩.૨૦ કરોડની સરખામણીએ સપ્ટેમ્બર'૨૪માં રૂ.૪૯.૨૬ કરોડ હતો. ફાઈન ફાઈનાન્શિયલ અને સાઉન્ડ ફંડામેન્ટલ મુજબ છે

## ટૂંકા ગાળાની ખરીદી

**વન્ડરલા હોલિડેઝ રૂ.૭૭૦.૬૦ લક્ષ્ય ૮૧૦ - ૮૫૦ - ૮૯૦ - ૯૩૦**

વંડરલા હોલિડેઝ લિ. એ ભારતમાં લોકપ્રિય એમ્યુઝમેન્ટ પાર્ક ઓપરેટર છે. તે રોમાંચક રાઈડ્સ, ઈમર્સિવ અનુભવો અને કુટુંબ-મૈત્રીપૂર્ણ મનોરંજનનું અનન્ય મિશ્રણ પ્રદાન કરે છે. કોચી, બેંગલુરુ અને હૈદરાબાદમાં વ્યૂહાત્મક રીતે સ્થિત ઉદ્યાનો સાથે, વન્ડરલાએ અવિસ્મરણીય યાદો મેળવવા માંગતા મુલાકાતીઓ માટે એક મુખ્ય સ્થળ તરીકે પોતાના માટે એક વિશિષ્ટ સ્થાન બનાવ્યું છે. ૨૦૦૦ માં તેની શરૂઆત થઈ ત્યારથી, વન્ડરલાએ સતત નવીનતા, સલામતી અને ગ્રાહક સંતોષને પ્રાથમિકતા આપી છે. આનાથી તેને દેશના સૌથી વધુ મુલાકાત લેવાયેલા મનોરંજન ઉદ્યાનો તરીકેની પ્રતિષ્ઠા મળી છે. કંપનીનું વિઝન એ છે કે લોકોને આનંદદાયક, રોમાંચક અને આરોગ્યપ્રદ અનુભવો આપતી આકર્ષક મનોરંજન જગ્યાઓની રચના દ્વારા લોકોને એકબીજાની નજીક લાવવાનો છે. કંપનીએ FY'25 ના Q2 માં સ્થિર પ્રદર્શન આપ્યું, સપ્ટેમ્બર'૨૩ માં Rs.75.16 કરોડની સરખામણીમાં સપ્ટેમ્બર'૨૪ માં લગભગ Rs.67.38 કરોડ નેટ વેચાણ સાથે. જો કે, ચોખ્ખો નફો ૮.૮૭% વધ્યો છે એટલે કે સપ્ટેમ્બર ૨૪ માં રૂ. ૧૪.૭૨ કરોડ સામે સપ્ટેમ્બર ૨૩ માં રૂ. ૧૩.૫૨ કરોડ. (એકલોન ધોરણે) મજબૂત નાણાકીય અને તંદુરસ્ત ફંડામેન્ટલ્સ મુજબ, કંપની રૂ.૭૭૦.૬૦ ની સારી કિંમતે ઉપલબ્ધ છે.

## મની ટાઈમ્સ : ૧ લાખ ઓપન ચેલેન્જ

૩૩ વર્ષ પહેલા શ્રી આર.એન. ગુપ્તા દ્વારા શરૂ કરાયેલા મની ટાઈમ્સએ આજે તેના તાજેતરના સંસ્કરણમાં ૧,૦૦,૦૦૦ ના ઈનામની જાહેરાત કરી છે. જે કોઈ પણ આ પુરાવા આપી શકે કે છેલ્લા ત્રણ વર્ષોમાં કોઈ બ્રોકરેજ, મ્યુચ્યુઅલ ફંડ અથવા મીડિયા હાઉસે મની ટાઈમ્સના 'દિવાળી પિક્સ' અથવા 'ન્યૂ યર પિક્સ' ના પ્રદર્શનને પાછળ પાડી દીધું છે અથવા તેની બરાબરી કરી છે, તેમને આ ઈનામ મળશે. શ્રી આર.એન. ગુપ્તાએ ૮ જુલાઈ ૧૯૮૫ ના રોજ એક અગ્રણી નાણાકીય કંપની માટે 'મની ઓપોર્ટ્યુનિટીઝ' શરૂ કરીને ભારતમાં રોકાણ પત્રકારિતાની શરૂઆત કરી. આ પ્રોજેક્ટને છ વર્ષ સુધી ચલાવ્યા બાદ તેમણે નવેમ્બર ૧૯૯૧માં પોતાનું 'મની ટાઈમ્સ' શરૂ કર્યું.“મની ટાઈમ્સે ૨૧ જાન્યુઆરી ૨૦૨૧ ના સેન્સેક્સ ૫૦૦૦૦ સ્તરના સચોટ ભવિષ્યવાણી કરી હતી. આજે, મની ટાઈમ્સ ગ્રુપ અને તેની સંલગ્ન કંપનીઓ ૧૨ થી વધુ રોકાણ/વ્યાપાર ન્યૂઝલેટર્સ પ્રકાશિત કરે છે:

- **દૈનિક પ્રોડક્ટ્સ :** પ્રોફિટ્રેક દૈનિક, ઈઝી ગેઈન્સ, લાઈવ માર્કેટ કોલ્સ, માર્કેટ હાઈલાઈટ્સ.
- **સાપ્તાહિક પ્રોડક્ટ્સ :** અર્લી બર્ડ ગેઈન્સ, મની ટાઈમ્સ વિકલી, પ્રોફિટ્રેક વિકલી
- **પાક્ષિક પ્રોડક્ટ્સ:** મિડ-કેપ સ્ટાર, પ્રોફિટ્રેક પોર્ટેનાઈટલી
- **ત્રિમાસિક પ્રોડક્ટ્સ :** પંચરત્ન, બીટ ધ સ્ટ્રીટ ૬
- **વાર્ષિક પ્રોડક્ટ :** વિનર્સ ઓફ ૨૦૨૫

મની ટાઈમ્સ કસ્ટમાઈઝડ કૉમોડિટી અને વિદેશી વિનિમય કોલ્સ તેમજ ટૂંકા ગાળાના 'ક્વિક ગેઈન્સ' કોલ્સ પણ પ્રદાન કરે છે.

## વાણી કપૂર બોન્ઝર ૭ની બ્રાન્ડ એમ્બેસડર તરીકે જોડાઈ

એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડની અગ્રણી ટાઈલ્સ બ્રાન્ડ બોન્ઝર૭ એ બોલિવૂડ અભિનેત્રી વાણી કપૂરને તેની બ્રાન્ડ એમ્બેસડર તરીકે સાઈન કર્યાની જાહેરાત કરી છે. આ જોડાણ ખૂબ જ મહત્વપૂર્ણ અને રોમાંચક છે કારણ કે તે વાણીની સ્ટાઈલ અને બહુમુખી પ્રતિભાને ગ્રાહકો માટે લક્ઝુરિયસ અને નવીનતમ પ્રોડક્ટ્સ પૂરી પાડવાની બોન્ઝર૭ની પ્રતિબદ્ધતા સાથે જોડે છે. કંપનીએ બોલિવૂડ સ્ટારને દર્શાવતું “ક્યા બાત હૈ” કેમ્પેઈન પણ લોન્ચ કર્યું છે. વાણી કપૂરને સાઈન કરીને બ્રાન્ડનો ઉદ્દેશ બજારમાં તેની ઉપલબ્ધતા ને વધુ વિસ્તારવાનો અને બહોળા ગ્રાહક વર્ગ, ખાસ કરીને યુવાનો સાથે જોડાવાનો છે.

યુવા અને ખુબજ ઝડપથી વિકાસ પામતી બ્રાન્ડ તરીકે બોન્ઝર૭ તેની નવીનતમ અને સમૃદ્ધ પ્રોડક્ટ કલેક્શન્સ સાથે સમય કરતાં આગળ રહેવા માટે સમર્પિત છે. બ્રાન્ડ ડેકોરેટિવ, સ્ટાઈલિશ અને ટ્રેન્ડી પ્રોડક્ટ્સમાં લીડર તરીકે અલગ તરી આવે છે. મોરબીની અગ્રણી બ્રાન્ડ્સ સાથે સ્પર્ધા કરતા તે સમકાલિન ટ્રેન્ડ્સ સાથે કિફાયતીપણાને ભેળવે છે જે તેને ગુણવત્તા અને સ્ટાઈલ બંને ઈચ્છતા લોકો માટે આદર્શ પસંદગી બનાવે છે.

આ સહયોગ અંગે એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી કમલેશ પટેલે જણાવ્યું હતું કે “અમે વાણી કપૂરનું બોન્ઝર૭ પરિવારમાં સ્વાગત કરતા રોમાંચિત છીએ. અમારી બ્રાન્ડની વેલ્યુ અને એનર્જી વાણીની વાઈબ્રન્ટ પર્સનાલિટી અને મંત્રમુગ્ધ કરતી પર્સનાલિટી સાથે મેળ ખાય છે જે તેને એક આદર્શ જોડાણ બનાવે છે. વાણીના જોડાવાથી અમને બહોળા ગ્રાહક વર્ગ સાથે જોડાવામાં અને અમારી પ્રોડક્ટની સુંદરતા, ભવ્યતા અને ગુણવત્તા રજૂ કરવામાં મદદ મળશે.”

બ્રાન્ડ એમ્બેસડર તરીકે વાણી બોન્ઝર૭ના કેમ્પેઈનનો ચહેરો બની રહેશે અને વિવિધ રેન્જના ટાઈલ્સનું પ્રમોશન કરશે. તેના જોડાવાથી




બ્રાન્ડની વિઝિબિલિટી વધશે અને સ્ટાઈલિશ તથા સોફિસ્ટિકેટેડ હોમ ડેકોર સોલ્યુશન્સ ઈચ્છતા ગ્રાહકોમાં તેની અપીલમાં વધારો થશે.

વાણી કપૂરે જણાવ્યું હતું કે “લક્ઝરી અને ઈનોવેશન સાથે સંપૂર્ણપણે મેળ ખાતી ડાયનેમિક બ્રાન્ડ બોન્ઝર૭ સાથે જોડાતા હું રોમાંચિત છું. ગુણવત્તા અને ઉત્કૃષ્ટ ડિઝાઈન ઉપરાંત આધુનિક સુંદરતા માટેની તેમની અદ્વિતીય પ્રતિબદ્ધતા ખૂબ જ પ્રેરણાદાયી છે. હું તેમની સાથે સહયોગ સાધવા અને તેમની સફરમાં યોગદાન આપવા માટે ઉત્સાહી છું અને અમે સફળતા તથા નવીનતાના ભાવિને આકાર આપવા માટે સાથે મળીને કામ કરીશું.”

ભારતની સૌથી મોટી સિરામિક કંપનીઓ પૈકીની એક એશિયન ગ્રેનિટો ઈન્ડિયા લિમિટેડે ૨૦૦૭માં તેની કામગીરી વિસ્તારી હતી અને બોન્ઝર૭નું નિર્માણ કર્યું હતું. પ્રોફેશનલી મેનેજડ બ્રાન્ડ તરીકે બોન્ઝર૭ પ્રીમિયમ સિરામિક માર્કેટમાં એક જાણીતું નામ બની ગઈ છે. બોન્ઝર૭ તેની અદ્વિતીય કારીગરી, આધુનિક ડિઝાઈન અને ટકાઉપણા માટેની પ્રતિબદ્ધતા માટે જાણીતી છે. બ્રાન્ડની પ્રોડક્ટ્સ શ્રેષ્ઠ મટિરિયલ્સ અને આધુનિક ટેક્નોલોજીથી બનાવવામાં આવે છે જે ટકાઉપણું અને લાંબા સમય સુધી રહેતી સુંદરતા સુનિશ્ચિત કરે છે.

## જાપાનમાં વસતી ગુજરાતી કેના શાહને સેલ્યુટ ઈન્ડિયા એવોર્ડ

વિશ્વભરમાં વસવાટ કરતા ગુજરાતીઓની હંમેશા પોતાના રાજ્ય માટે કંઈક કરવાની ભાવના હોય છે અને ગુજરાતના ઉત્થાનમાં કંઈક ને કંઈક મદદ કરવા તત્પર હોય છે આવી ઉભરતી પ્રતિભાવોની ભાવનાને બિરદાવવા ગ્લોબલ ગુજરાતી ફેડરેશન નામની સંસ્થા નિયમિત સેલ્યુટ ઈન્ડીયા એવોર્ડથી તેમને નવાજીને પ્રોત્સાહિત કરે છે. આ વર્ષે ૧૧ જાન્યુઆરીના રોજ આવી વ્યક્તિઓનું અભિવાદન કરવાનો કાર્યક્રમ યોજાયો છે જેમાં જાપાનમાં પોતાની પ્રતિભા દર્શાવીને કામ કરતી ગુજરાતના પત્રકાર કોશિશ શાહની પુત્રી કેના શાહ સહિત બાર વ્યક્તિઓનો સમાવેશ થાય છે. કેના શાહે જાપાનીઝ ભાષા પર પ્રભુત્વ મેળવ્યું છે અને મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના જાપાનના પ્રવાસમાં દુભાસિયા તરીકે સેવા આપી હતી.



By TDV Partners

## THE UPCOMING STARTUP IPOs in 2025

| COMPANY NAME | FOUNDED IN | SECTOR | TOTAL FUNDING |
|---|---|---|---|
| ArisInfra | 2021 | CO-WORKING | $25 MN |
| ATHER | 2013 | ELECTRIC VEHICLE(EV) | $431 MN |
| AVANSE | 2013 | FINTECH | $212 MN |
| BLUESTONE | 2011 | E-COMMERCE | $200 MN |
| boAt | 2016 | E- COMMERCE | $177 MN |
| captain fresh | 2019 | E-COMMERCE | $166 MN |
| CarDekho | 2008 | E-COMMERCE | $692 MN |
| DEVX | 2017 | REAL ESTATE | $13.3 MN |
| ecom express | 2012 | LOGISTICS | $324 MN |
| fractal | 2000 | SAAS | $685 MN |
| INFRA.MARKET | 2016 | B2B CONSTRUCTION | $500 MN |
| INDIQUBE | 2015 | REAL ESTATE TECH | $45 MN |
| innoviti | 2002 | FINTECH | $87 MN |
| ofbusiness | 2015 | E-COMMERCE | $878 MN |
| OLA CONSUMER | 2011 | CONSUMER SERVICES | $3.84 BN |
| PURE | 2015 | ELECTRIC VEHICALE(EV) | $14 MN |
| PHYSICS WALLAH | 2020 | EDTECH | $312 MN |
| ULLU | 2018 | CONSUMER INTERNET | NA |
| SMARTWORKS | 2016 | COWORKING | $41 MN |
| REBEL FOODS | 2011 | FOODTECH | $563 MN |
| Zappfresh | 2015 | E- COMMERCE | $14.5 MN |
| zepto | 2021 | CONSUMER SERVICES | $1.60 BN |
| ZETWERK | 2018 | E- COMMERCE | $793 MN |

R.N.I.NO. 61862/97



દેશનું નં.૧ અને સૌપ્રથમ ગુજરાતી આર્થિક સાપ્તાહિક | બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટસ

# ફિરંગીઓની છૂટા હાથની વેચવાલી વચ્ચે ગોથાં ખાતો જીડીપી અને તળિયાં દેખાડતું ફોરેક્સ રિઝર્વ વચ્ચે આવતું સપ્તાહ અનેક લોકોને લાલ પાણીએ નવરાવતુ જોવામાં આવે

સ્ટોક સ્પેસિફિક રિઝલ્ટ અને ઈન્સાઈડર ની પોજીશન મુજબ સારાં રિઝલ્ટે ઊધી અને ખરાબ રિઝલ્ટે સિદ્ધી સરકીટો જોવામાં આવે. ઈન્વેસ્ટરો એ નવું ખરીદવામાં કે વેચવામાં થોભો અને રાહ જુઓ ખરાબ સમય લાંબો ટકતો નથી.

પૂર્ણ થયેલા અઠવાડિયામાં સ્મોલ-કેપ્સને ભારે નુકસાનઃ આ પૂર્ણ થયેલા અઠવાડિયા દરમિયાન બજારોના બેરોમીટરમાં ૨-અઠવાડિયાનો ઉછાળો ધોવાઈ ગયો; નિફ્ટી ૨૩,૪૫૦ની નીચે બંધ થઈ; રૂપિયો એક અઠવાડિયામાં બે વાર રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો ભારતીય ઈક્વિટી બજારો ગયા અઠવાડિયે નીચા સ્તરે બંધ થયા હતા, જેમાં નિફ્ટી-ફીફટી ૫૭૩ પોઈન્ટ અથવા ૨.૩૯% ઘટ્યો હતો અને સેન્સેક્સ ૨.૩૩% ઘટ્યો હતો. પરંતુ વાસ્તવિક નુકસાન મિડ-, સ્મોલ- અને માઈક્રો-કેપ શેરોને થયું હતું. આ બધા સેગમેન્ટનું પ્રતિનિધિત્વ કરતા સૂચકાંકો અઠવાડિયા દરમિયાન ૬% ઘટ્યા હતા - બે વર્ષમાં સૌથી મોટા ઘટાડામાંનો એક. બજારની ભાવના બહુવિધ પરિબળો દ્વારા નબળી પડી હતી, જેમાં આર્થિક વૃદ્ધિ ધીમી પડી રહી છે અને ઉચ્ચ મૂલ્યાંકનને ડી-રેટિંગના જોખમમાં મૂકી રહી છે તે અનુભૂતિનો સમાવેશ થાય છે. શ્વસન બિમારીના કેસોમાં વધારો, ખાસ કરીને માનવ મેટા ન્યુમો વાયરસ (HMPV) સાથે સંકળાયેલા કેસોના પ્રતિભાવમાં, રાજ્ય સરકારોએ દેખરેખ વધારી છે. ચીનમાં HMPV ના તાજેતરના ફાટી નીકળવાથી સંભવિત આરોગ્ય કટોકટી અંગે ચિંતા વધી ગઈ છે. ભારતમાં, HMPV ના ઓછામાં ઓછા આઠ કેસોની પુષ્ટિ થઈ છે.

માર્વેલસ રિસર્ચ
લલિત શાહ
098250 56396

ફિરંગી સંસ્થાકીય રોકાણકારો (FII) એ ૯ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ રૂ.૭,૧૭૦.૮૭ કરોડનું વેચાણ કરીને તેમનો વેચાણનો દોર જાળવી રાખ્યો હતો, જાન્યુઆરીના પહેલા છ ટ્રેડિંગ સત્રોમાં કુલ રૂ.૧૮,૮૮૫ કરોડ બજારમાં થી બહાર કાઢયા હતા. રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ પદ સંભાળવા માટે તૈયાર છે. તાજેતરના અહેવાલો સૂચવે છે કે તેમની ટીમ તેમના વ્યાપક પ્રચાર રેટરિકથી અલગ થઈને, આવશ્યક આયાત પર કેન્દ્રિત સાર્વત્રિક ટેરિફ દરખાસ્તો પર વિચાર કરી રહી છે.

રાષ્ટ્રીય આંકડાકીય કાર્યાલય (NSO) ના પ્રથમ એડવાન્સ અંદાજ (FAE) નાણાકીય વર્ષ ૨૪-૨૫ માટે ભારતના વાસ્તવિક કુલ સ્થાનિક ઉત્પાદન (GDP) વૃદ્ધિ દર ૬.૪ % રહેવાનો અંદાજ લગાવે છે, જે પાછલા નાણાકીય વર્ષ માટે ૮.૨% કરતા નોંધપાત્ર રીતે ધીમો છે.(CRISIL) ક્રિસિલ રેટિંગ્સ અનુસાર, નાણાકીય એકત્રીકરણ,વ્યાજ દરમાં વધારો અને લાંબા સમય સુધી ઊંચા ખાદ્ય ફુગાવાને કારણે આ વર્ષે અર્થતંત્ર પર ભારે ભાર પડ્યો. એક અહેવાલમાં, રેટિંગ એજન્સીએ જણાવ્યું છે કે, "સરકારી મૂડી ખર્ચ માં ઘટાડો અને ખાનગી રોકાણોમાં ઘટાડો વચ્ચે નબળા રોકાણો આ ઘટાડાનું મુખ્ય કારણ છે.જોકે ગયા નાણાકીય વર્ષના નબળા પ્રદર્શન પછી ખાનગી વપરાશમાં નોંધપાત્ર વધારો થવાની ધારણા છે."

ઘરેલું ઈક્વિટી બેન્ચમાર્કે આ અઠવાડિયે નોંધપાત્ર નુકસાન નોંધાવ્યું હતું, જે મુખ્યત્વે નબળા આર્થિક ડેટાને કારણે હતું. ભારતના વિદેશી વિનિમય પ્રદર્શન અને જીડીપી વૃદ્ધિના અંદાજો અંગેની ચિંતાઓ ચાર વર્ષના નીચલા સ્તર તરફ નિર્દેશ કરે છે જે બજારની ભાવના પર વધુ ભાર મૂકે છે. દરમિયાન, ચીનમાં ગ્રાહક ભાવમાં વધારો અને યુરો ક્ષેત્રમાં વાર્ષિક ફુગાવાને કારણે વૈશ્વિક બજારની ચિંતામાં વધારો થયો. ભારતીય રૂપિયો બે વાર તેના સૌથી નીચા સ્તરે પહોંચ્યો, જ્યારે જાપાનીઝ યેન પણ યુએસ ડોલર સામે નબળો પડ્યો. વ્યાપક બજાર સૂચકાંકોમાં તીવ્ર ઘટાડો થયો, જેમાં ભૂ-રાજકીય અસ્થિરતા એકંદર બજારની અસ્થિરતાને વધારે છે.

**સપ્તાહના વેપાર દરમિયાન મુખ્ય સૂચકાંકોના વલણો નીચે આપેલ છેઃ** શુક્રવાર, ૧૦ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ પૂરા થયેલા સપ્તાહમાં,બીએસઈ સેન્સેક્સ ૧,૮૪૪.૨૦ પોઈન્ટ અથવા ૨.૩૩% ઘટીને ૭૭,૩૭૮.૯૧ પર બંધ થયો. નિફ્ટી-ફીફટી ૫૭૩.૨૫ પોઈન્ટ અથવા ૨.૩૯% ઘટીને ૨૩,૪૩૧.૫૦ પર બંધ થયો. બીએસઈ મિડ-કેપ ઈન્ડેક્સ ૫.૭૪% ઘટીને ૪૪૨૪૦.૮૯ પર બંધ થયો. બીએસઈ સ્મોલ-કેપ ઈન્ડેક્સ ૬.૦૪% ઘટીને ૫૨,૭૨૨.૩૪ પર બંધ થયો.

**સાપ્તાહિક ઈન્ડેક્સ મૂવમેન્ટ :** સોમવારે હેડલાઈન ઈક્વિટી બેન્ચમાર્કમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો.બીએસઈ સેન્સેક્સ ૧,૨૫૮.૧૨ પોઈન્ટ અથવા ૧.૫૯% ઘટીને ૭૭,૯૬૪.૯૯ પર બંધ થયો. નિફ્ટી-ફીફટી ૩૮૮.૭૦ પોઈન્ટ અથવા ૧.૬૨% ઘટીને ૨૩,૬૧૬.૦૫ પર બંધ થઈ.

મંગળવારે સ્થાનિક ઈક્વિટી સૂચકાંકોમાં સુધારો જોવા મળ્યો, જે સતત બે દિવસના ઘટાડા પછી સામાન્ય વધારા સાથે સમાપ્ત થયો.બીએસઈ સેન્સેક્સ ૨૩૪.૧૨ પોઈન્ટ અથવા ૦.૩૦% વધીને ૭૮,૧૯૯.૧૧ ઉપર બંધ થયો. નિફ્ટી-ફીફટી ૯૧.૮૫ પોઈન્ટ અથવા ૦.૩૯% વધીને ૨૩,૭૦૭.૯૦ ઉપર બંધ થઈ.

બુધવારના ટ્રેડિંગ સત્રનો અંત મુખ્ય ઈક્વિટી બેન્ચમાર્ક્સે નાના ઘટાડા સાથે કર્યો.બીએસઈ સેન્સેક્સ ૫૦.૬૨ પોઈન્ટ અથવા ૦.૦૬% ઘટીને ૭૮,૧૪૮.૪૯ ઉપર બંધ થયો. નિફ્ટી-ફીફટી ૧૮.૯૫ પોઈન્ટ અથવા ૦.૦૮% ઘટીને ૨૩,૬૮૮.૯૫ ઉપર બંધ થઈ.

ગુરુવારે સ્થાનિક ઈક્વિટી બેન્ચમાર્ક્સમાં ઘટાડો થયો, જે બજારમાં સાવચેતીભર્યું વલણ દર્શાવે છે કારણ કે (TCS) ટીસીએસના ત્રિમાસિક પરિણામો પહેલા રોકાણકારોએ શ્વાસ રોકી રાખ્યા હતા. બીએસઈ સેન્સેક્સ ૫૨૮.૨૮ પોઈન્ટ અથવા ૦.૬૮% ઘટીને ૭૭,૬૨૦.૨૧ ઉપર બંધ થયો. નિફ્ટી-ફીફટી ૧૬૨.૪૫ પોઈન્ટ અથવા ૦.૬૯% ઘટીને ૨૩,૫૨૬.૫૦ પર બંધ થઈ.

ફિરંગી સંસ્થાકીય રોકાણકારો (FII) ની વેચવાલી અને ચાલુ વૈશ્વિક અનિશ્ચિતતાને કારણે શુક્રવારે ફ્રન્ટલાઈન સૂચકાંકો મર્યાદિત નુકસાન સાથે બંધ થયા.બીએસઈ સેન્સેક્સ ૨૪૧.૩૦ પોઈન્ટ અથવા ૦.૩૧% ઘટીને ૭૭,૩૭૮.૯૧ પર બંધ થયો. નિફ્ટી-ફીફટી ૯૫ પોઈન્ટ અથવા ૦.૪૦% ઘટીને ૨૩,૪૩૧.૫૦ પર બંધ થઈ.

**અર્થતંત્રઃ** એચએસબીસી ઈન્ડિયા સર્વિસીસ પીએમઆઈ નવેમ્બરમાં ૫૮.૪ થી વધીને ડિસેમ્બરમાં ૫૯.૩ પર પહોંચી ગયો, જે ચાર મહિનામાં સૌથી મજબૂત વિસ્તરણ દર્શાવે છે. સાથે જ, એચએસબીસી ઈન્ડિયા કમ્પોઝિટ આઉટપુટ ઈન્ડેક્સ, જે સંયુક્ત ઉત્પાદન અને સેવાઓ પ્રવૃત્તિને પ્રતિબિંબિત કરે છે, તે પણ મજબૂત બન્યો, નવેમ્બરમાં ૫૮.૬ થી વધીને ડિસેમ્બરમાં ૫૯.૨ પર પહોંચી ગયો, જે ચાર મહિનામાં સૌથી મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.

દરમિયાન,૨૭ ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન ભારતના વિદેશી હૂંડિયામણ (ફોરેક્સ) અનામત ૪.૧૧૨ બિલિયન ડોલર ઘટીને ૬૪૦.૨૭૯ બિલિયન ડોલર ના આઠ મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયા, એમ રિઝર્વ બેંકના તાજેતરના આંકડા દર્શાવે છે.

દરમિયાન, પ્રથમ આગોતરા અંદાજ મુજબ, ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૫) માં ભારતનો જીડીપી વૃદ્ધિ દર ધીમો પડીને ચાર વર્ષના નીચલા સ્તરે ૬.૪% રહેવાનો અંદાજ છે. રાષ્ટ્રીય આંકડા કાર્યાલય દ્વારા આ ઘટાડો અપેક્ષિત વૃદ્ધિ અને રોકાણ પ્રવૃત્તિમાં નબળાઈને કારણે થયો છે. આ અંદાજ ભારતીય રિઝર્વ બેંકના અંદાજ (૬.૬%) અને સરકારના અંદાજ (૬.૫-૭%) બંને કરતા ઓછો છે. વર્ષના બીજા ભાગમાં વૃદ્ધિમાં સુધારો થવાની ધારણા છે, પરંતુ પ્રારંભિક મંદી એકંદર વૃદ્ધિના આંકડાને અસર કરે તેવી શક્યતા છે. આગામી કેન્દ્રીય બજેટ ઘડવામાં સરકારને મદદ કરવા માટે આ અંદાજ વહેલા જાહેર કરવામાં આવ્યા છે.

## સ્પોટલાઇટમાં સ્ટોક્સઃ સમાચાર

**ઇન્ડિયન ઓવરસીઝ બેંકે** પોર્ટફોલિયો ધોરણે ઓપન ઓક્શન પદ્ધતિ હેઠળ ઇ-ઓક્શન દ્વારા એસેટ રિકન્સ્ટ્રક્શન કંપનીઓ (ARCs) ને તેની રૂ.૧૧,૫૦૦ કરોડની નોન-પર્ફોર્મિંગ એસેટ્સ (NPAs) વેચવાની યોજના બનાવી છે. (IDFC) આઈ.ડી.એફ.સી.ફર્સ્ટ બેંકે ભારત સરકારના સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ (CBDT) વતી ડાયરેક્ટ ટેક્સ વસૂલવા માટે આવકવેરા પોર્ટલ સાથે તેનું સંકલન પૂર્ણ કર્યું.

**ઝાયડસ લાઇફસાયન્સે** તેની ટેમ્પ્લેટ ફોર્મ્યુલરીમાં ઝિટુવિઓ, ઝિટુવિમેટ અને ઝિટુવિમેટ ઠઇ (સિટાગ્લિપ્ટિન / સિટાગ્લિપ્ટિન અને મેટફોર્મિન હાઇડ્રોક્લોરાઇડ) ટેબ્લેટ ઉમેરવા માટે સીવીએસ હેલ્થ કંપની સીવીએસ કેરમાર્ક સાથે કરાર કર્યો છે. સીવીએસ કેરમાર્ક કંપનીના ઝિટુવિઓ અને કોમ્બિનેશન પ્રોડક્ટ્સને તેના ટેમ્પ્લેટ ફોર્મ્યુલરીમાં ઉમેરશે.આઈક્યુવીયા (મેટ ઓગસ્ટ-૨૦૨૩) અનુસાર,ડીપીપી ઈન્હિબિટર્સ અને તેમના સંયોજનો માટે યુએસ બજાર ૧૦ બિલિયન ડોલર નુ છે.

**ટાટા ટેક્નોલોજીસે** સીઈએસ ૨૦૨૫ માં એક વ્યાપક ઓટોમોટિવ સેમિકન્ડક્ટર સોલ્યુશન્સ કંપની ટેલિચિપ્સ સાથે ભાગીદારી કરી હતી જેથી આગામી પેઢીના સોફ્ટવેર-વ્યાખ્યાયિત વાહનો (SDVs) માટે વાહન સોફ્ટવેર સોલ્યુશન્સ નવીન કરી શકાય. સાથે મળીને, કંપનીઓ એડીએએસ પ્લેટફોર્મ, ઓટોમોટિવ કોકપીટ ડોમેન કંટ્રોલર્સ અને સેન્ટ્રલ અને ઝોનલ ગેટવે કંટ્રોલર્સ માટે નવીન ઉકેલો વિકસાવવાનું લક્ષ્ય રાખે છે જે કનેક્ટેડ, ઓટોનોમસ અને ઈલેક્ટ્રિક ગતિશીલતાના પાયાના પથ્થર, સોફ્ટવેર-વ્યાખ્યાયિત વાહનો (SDVs) ના અમલીકરણને વેગ આપશે.

**લુપિનને યુનાઇટેડ** સ્ટેટ્સ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (યુએસ એફડીએ) તરફથી તેના પીથમપુર યુનિટ-૧ મેન્યુફેક્ચરિંગ સુવિધા માટે સ્થાપના નિરીક્ષણ અહેવાલ (EIR) મળ્યો, જે સક્રિય ફાર્માસ્યુટિકલ ઘટકો (API) અને ફિનિશ્ડ ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે.૧૬થી૨૭ સપ્ટેમ્બર ૨૦૨૪ દરમિયાન સુવિધાના નિરીક્ષણ પછી સ્વૈચ્છિક કાર્યવાહી સૂચક (VAI) ના નિરીક્ષણ વર્ગીકરણ સાથે EIR જારી કરવામાં આવ્યો હતો.

**એનટીપીસી ગ્રીન એનર્જી** (એનજીઈએલ) ની સંપૂર્ણ માલિકીની પેટાકંપની - એનટીપીસી રિન્યુએબલ એનર્જી (એનટીપીસી આરઈએલ) - એ ગાંધીધામ (ગુજરાત) માં દીનદયાળ પોર્ટ ઓથોરિટી (ઙૅછ દીપીએ) સાથે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા. આ સમજૂતી કરાર દિપીએ અને ખાસ કરીને ગ્રીન હાઈડ્રોજન મોબિલિટી પ્રોજેક્ટ હેઠળ કંડલા પોર્ટમાં ગ્રીન એનર્જી ટેકનોલોજીને આગળ વધારવાનો હેતુ ધરાવે છે.

**કમાણી :** ઈરેડા એ કયુ-૩ એફવાય-૨૪-૨૫ માટે તેના ચોખ્ખા નફામાં ૨૬.૭૮% નો વધારો નોંધાવ્યો છે જે અગાઉના વર્ષના સમાન ત્રિમાસિક ગાળા માટે રૂ.૩૩૫.૫૩ કરોડ હતો. કંપનીની કુલ આવક કયુ-૩ એફવાય-૨૪-૨૫ માટે ૩૫.૫૭% વધીને રૂ.૧,૬૯૮.૯૮ કરોડ થઈ છે જે અગાઉના વર્ષના સમાન ત્રિમાસિક ગાળા માટે રૂ.૧,૨૫૩.૧૯ કરોડ હતી.

**ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર (ભારત):** નાણાકીય વર્ષ ૨૪-૨૫ ના ત્રીજા ક્વાર્ટરમાં, વેચાણ વાર્ષિક ધોરણે ૫૧.૪% વધીને રૂ.૫૫૯ કરોડ થયું. ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૫૩% વધીને રૂ.૫૫.૫ કરોડ થયો.

**ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ** (TCS) નો ૪.૦૫% વધારો થયો. ડિસેમ્બર ક્વાર્ટરમાં કંપનીના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે ૧૨% વધારો થયો, જે રૂ.૧૨,૩૮૦ કરોડ થયો. આ ક્વાર્ટરમાં તેની આવક રૂ.૬૩,૯૭૩ કરોડ રહી, જે વાર્ષિક ધોરણે ૫.૬% નો વધારો (કોન્સ્ટન્ટ કરન્સીમાં ૪.૫%) દર્શાવે છે. ઓપરેટિંગ માર્જિન ૨૪.૫% હતું, જે વાર્ષિક ધોરણે ૫૦ બેસિસ પોઈન્ટનો ઘટાડો દર્શાવે છે પરંતુ ૪૦ બેસિસ પોઈન્ટનો ક્રમિક સુધારો દર્શાવે છે. આ ક્વાર્ટર માટે ચોખ્ખો માર્જિન ૧૯.૪% હતો. દરમિયાન, કંપનીએ પ્રતિ શેર કુલ રૂ.૭૬ ડિવિડન્ડની જાહેરાત કરી, જેમાં પ્રતિ શેર રૂ.૬૬ નો ખાસ ડિવિડન્ડનો સમાવેશ થાય છે. ડિવિડન્ડ માટેની રેકોર્ડ તારીખ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ છે અને ચુકવણીની તારીખ ૩ ફેબ્રુઆરી, ૨૦૨૫ છે.

**ટાટા એલેક્સીએ** ૯.૬૯% ઘટાડો કર્યો છે. ડિઝાઈન-આગેવાની હેઠળની ટેકનોલોજી સેવા પ્રદાતાએ નાણાકીય વર્ષ ૨૫ ના ત્રીજા ક્વાર્ટરમાં નાણાકીય વર્ષ ૨૪ ના ત્રીજા ક્વાર્ટરમાં કામગીરીમાંથી આવકમાં ૨.૭૨% વધારો થતાં ચોખ્ખા નફામાં ૩.૫૯% ઘટાડો થયો છે, જે રૂ.૧૯૯ કરોડ થયો છે. ત્રિમાસિક-દર-ત્રિમાસિક ધોરણે, કંપનીનો ચોખ્ખો નફો અને આવક અનુક્રમે ૧૩.૨૬% અને ૧.૬૬% ઓછી હતી.

**ટાટા મોટર્સે** ૨.૦૧% ઘટાડો કર્યો છે. કંપનીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૫ ના ત્રીજા ક્વાટ-'રમાં તેનું વૈશ્વિક જથ્થાબંધ વેચાણ, જેમાં જગુઆર લેન્ડ રોવરનો સમાવેશ થાય છે, ૩,૪૧,૭૯૧ યુનિટ હતું, જે નાણાકીય વર્ષ ૨૪ ના ત્રીજા ક્વાટ-'રની તુલનામાં ૧% વધુ છે. દરમિયાન, કંપનીએ જણાવ્યું હતું કે તેની સંપૂર્ણ માલિકીની પેટાકંપની, જગુઆર લેન્ડ રોવર (યુકે) એ નાણાકીય વર્ષ ૨૫ ના ત્રીજા ક્વાર્ટરમાં જથ્થાબંધ વેચાણમાં ૩% નો વધારો નોંધાવ્યો હતો, જે નાણાકીય વર્ષ ૨૪ ના ત્રીજા ક્વાર્ટરમાં ૧,૦૧,૦૪૩ યુનિટ હતો.

**એચડીએફસી બેંકમાં** ૫.૨૬% ઘટાડો થયો હતો.૩૧ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ બેંકની સરેરાશ

અનુસંધાન આગળના પાને...

**અનુસંધાન પાછળના પાનાનું...**

થાપણો રૂ.૫૪,૫૨,૭૦૦ કરોડ હતી, જે ૨૦૨૩ માં ૩૧ ડિસેમ્બરના રોજ રૂ.૨૧,૧૭,૧૦૦ કરોડની સરખામણીમાં લગભગ ૧૫.૯% ની વૃદ્ધિ નોંધાવી હતી.

**જેએસડબ્લ્યુ સ્ટીલે** ૧.૬૭% ઘટાડો કર્યો. કંપનીએ નાણાકીય વર્ષ ૨૦૨૫ ના ત્રીજા ક્વાર્ટરમાં ૭.૦૩ મિલિયન ટનનું અત્યાર સુધીનું સૌથી વધુ કોન્સોલિડેટેડ ક્રૂડ સ્ટીલ ઉત્પાદન નોંધાવ્યું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૪ ના ત્રીજા ક્વાર્ટરમાં ૬.૮૭ મિલિયન ટનની સરખામણીમાં ૨% વધારે છે.

**ટાટા સ્ટીલમાં** ૭.૮૮% ઘટાડો થયો. કંપનીએ માહિતી આપી હતી કે નાણાકીય વર્ષ ૨૦૨૫ ના ત્રીજા ક્વાટર્રમાં તેનું ભારતમાં ક્રૂડ સ્ટીલ ઉત્પાદન ૫.૬૮ મિલિયન ટન (MT) રહ્યું હતું, જે નાણાકીય વર્ષ ૨૦૨૪ ના ત્રીજા ક્વાટર્રમાં ૫.૩૫ MT ની સરખામણીમાં ૬% વધુ છે.

## વૈશ્વિક બજારો:

મજબૂત સ્થાનિક માંગને કારણે ડિસેમ્બરમાં ચીનના સેવા ક્ષેત્રનો વિસ્તરણ સાત મહિનામાં સૌથી ઝડપી ગતિએ થયો.કૈએકસિન સેવાઓ પીએમઆઈ ૫૨.૨ પર પહોંચ્યો, જે બજારની અપેક્ષાઓ ૫૧.૪ અને નવેમ્બરના ૫૧.૫ ના વાંચન બંને કરતાં વધી ગયો. આ દરમિયાન, ડિસેમ્બરમાં ચીનનો ગ્રાહક ભાવ ફુગાવો નવેમ્બરમાં ૦.૨% થી ઘટીને ૦.૧% પર પહોંચી ગયો, નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સના ડેટા દર્શાવે છે.

ડિસેમ્બર ૨૦૨૪ માં યુરો ક્ષેત્રનો વાર્ષિક ફુગાવો ૨.૪% પર આવ્યો, જે નવેમ્બર ૨૦૨૪ માં ૨.૨% હતો.

લેબર ડિપાર્ટમેન્ટના બ્યુરો ઓફ લેબર સ્ટેટિસ્ટિક્સે તેના જોબ ઓપનિંગ્સ એન્ડ લેબર ટર્નઓવર સર્વે અથવા JOLTS રિપોર્ટમાં જણાવ્યું હતું કે નવેમ્બરના છેલ્લા દિવસ સુધીમાં નોકરીની તકો, જે શ્રમની માંગનું માપ છે, ૨,૫૯,૦૦૦ વધીને ૮.૦૯૮ મિલિયન થઈ ગઈ છે. દરમિયાન, યુ.એસ. સર્વિસ સેક્ટરનો પીએમઆઈ નવેમ્બરમાં ૫૨.૧ થી ડિસેમ્બરમાં ૫૪.૧ થયો છે.

## આગામી સપ્તાહમાં

કયુ-૩ કમાણીની મોસમ દરમિયાન આવતા અઠવાડિયે બજારની અસ્થિરતાની અપેક્ષા ધરેલું ઈક્વિટીમાં આવતા અઠવાડિયે અસ્થિર વેપાર થવાની સંભાવના છે કારણ કે રોકાણકારો મુખ્ય કંપનીઓના કયુ-૩ કમાણીના પ્રકાશનની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.

ઈન્ફોસિસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એવન્યુ સુપર માર્ટ્સ (DMart), એચસીએલ ટેક્નોલોજીસ, એચડીએફસી એએમસી, એચડીએફસી લાઈફ ઈન્શ્યોરન્સ કંપની અને એક્સિસ બેંક જેવા અગ્રણી નામો આવતા અઠવાડિયે તેમના નાણાકીય પરિણામો જાહેર કરવાના છે.

ફિરંગીઓ (એફઆઈઆઈ) અને દેશીઓ (ડીઆઈઆઈ) વચ્ચે ચાલી રહેલા સંઘર્ષથી બજારના સેન્ટિમેન્ટ પર પણ અસર પડશે. ફિરંગીઓ (એફઆઈઆઈ) ચોખ્ખા વેચાણકર્તા રહ્યા છે, પરંતુ દેશીઓ (ડીઆઈઆઈ) સક્રિયપણે ભારતીય ઈક્વિટી એકઠા કરી રહ્યા છે.

કયુ-૩ કમાણીની મોસમ પછી, રોકાણકારોનું ધ્યાન ભારતના આગામી કેન્દ્રીય બજેટ (અમોને છેલ્લા ૧૦-૧૧ બજેટ જોતાં આ સરકાર કે નાણાં પ્રધાન થી પૈઈભાર ની અપેક્ષા નથી. બરડો માલિસ કરાવી રાખવો હંટરવાલી ના હંટર ખમવા.) અને યુનાઈટેડ સ્ટેટ્સમાં નવા ટ્રમ્પ વહીવટીતંત્રના નીતિગત નિર્ણયો તરફ જવાની ધારણા છે.નજીકના ભવિષ્યમાં આ ઘટનાઓ બજારના વલણો પર નોંધપાત્ર અસર કરે તેવી ધારણા છે.

ડિસેમ્બર માટે ભારતનો છૂટક ફુગાવો (CPI પર આધારિત) ડેટા સોમવાર,૧૩ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર થશે. ભારતમાં વાર્ષિક ફુગાવાનો દર નવેમ્બર ૨૦૨૪ માં ઘટીને ૫.૪૮% થયો જે પાછલા મહિનામાં ૬.૨૧% હતો, જે કેન્દ્રીય બેંકની ૪% થી ૨ ટકા પોઈન્ટ દૂરની મર્યાદાની નજીક રહ્યો.

ડિસેમ્બર માટે ભારતનો હોલસેલ પ્રાઈસ-આધારિત જથ્થાબંધ ફુગાવો મંગળવાર,૧૪ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર થશે. નવેમ્બર ૨૦૨૪ માં ભારતના જથ્થાબંધ ભાવમાં વાર્ષિક ધોરણે ૧.૮૯% નો વધારો થયો છે, જે ઓક્ટોબરમાં ૨.૩૬% નો વધારો હતો, જે ખાદ્યપદાર્થોના ભાવમાં નરમ વધારાને કારણે થયો હતો.

ડિસેમ્બર માટે ભારતના વેપાર સંતુલન ડેટા બુધવાર,૧૫ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર થશે. ભારતમાં વેપાર ખાધ નવેમ્બર ૨૦૨૪ માં ૩૭.૮ બિલિયન ડોલર હતી, જે રેકોર્ડ પર સૌથી વધુ છે, જે પાછલા વર્ષના સમાન સમયગાળાની ૨૦.૬ બિલિયન ડોલર ની ખાધથી તીવ્ર રીતે વિસ્તૃત છે.

## વૈશ્વિક સંકેતો:

ચીનનો ડિસેમ્બર માટેનો વેપાર સંતુલન ડેટા સોમવાર, ૧૩ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર થશે. ચીનનો વેપાર સરપ્લસ નવેમ્બર ૨૦૨૪ માં વધીને ૯૭.૪૪ બિલિયન ડોલર થયો જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૬૯.૪૫ બિલિયન ડોલર હતો. ડિસેમ્બર માટે યુનાઈટેડ સ્ટેટ્સ પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ફ્લેશન ડેટા મંગળવાર, ૧૪ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર થશે. નવેમ્બર ૨૦૨૪ માં યુ.એસ. માં ફેક્ટરી ગેટ ભાવ મહિના-દર-મહિના ૦.૪% વધ્યા, જે ઓક્ટોબરમાં સુધારેલા ૦.૩% થી વધુ અને બજારના ૦.૨% ના અનુમાન કરતા બમણા હતા. ડિસેમ્બર માટે યુનાઈટેડ સ્ટેટ્સ કોર ફુગાવાનો દર ડેટા બુધવાર,૧૫ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર થશે. યુનાઈટેડ સ્ટેટ્સમાં વાર્ષિક કોર ગ્રાહક ભાવ ફુગાવાનો દર, જેમાં ખોરાક અને ઊર્જા જેવી વસ્તુઓનો સમાવેશ થતો નથી, નવેમ્બર ૨૦૨૪ માં ૩.૩% ની ત્રણ મહિનાની ઊંચી સપાટીએ રહ્યો, જે ઓક્ટોબર અને સપ્ટેમ્બરથી યથાવત રહ્યો. ડિસેમ્બર માટે યુ.એસ. રિટેલ વેચાણ ડેટા ગુરુવાર,૧૬ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર થશે. ઓક્ટોબરમાં સુધારેલા ૦.૫% વધારા બાદ, નવેમ્બર ૨૦૨૪ માં યુ.એસ. માં રિટેલ વેચાણ ૦.૭% વધ્યું.

ચીનના કયુ-૪ જીડીપી વૃદ્ધિના આંકડા શુક્રવાર, ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર થશે. ૨૦૨૪ ના ત્રીજા ત્રિમાસિક ગાળામાં ચીનના અર્થતંત્રમાં વાર્ષિક ધોરણે ૪.૬% નો વધારો થયો હતો, જ્યારે કયુ-૨ માં ૪.૭% નો વધારો થયો હતો. સતત મિલકત નબળાઈ, અસ્થિર સ્થાનિક માંગ, ડિફ્લેશન જોખમો અને પશ્ચિમ સાથેના વેપાર ઘર્ષણ વચ્ચે, તે કયુ-૧ ૨૦૨૩ પછીનો સૌથી ધીમો વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવે છે.

ચીનના ડિસેમ્બર માટે ઔદ્યોગિક ઉત્પાદન ડેટા શુક્રવાર, ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર થશે.ચીનના ઔદ્યોગિક ઉત્પાદનમાં નવેમ્બર ૨૦૨૪ માં વાર્ષિક ધોરણે ૫.૪% નો વધારો થયો હતો, જે બજારના અંદાજો કરતાં થોડો વધારે હતો અને ઓક્ટોબરમાં વૃદ્ધિ દર ૫.૩% હતો, જે મુખ્યત્વે ઉત્પાદનમાં ઝડપી વૃદ્ધિ ઓક્ટોબરમાં ૬.૦% વિરુદ્ધ ૫.૪% દ્વારા સમર્થિત હતો.

ડિસેમ્બર માટે ચીનના છૂટક વેચાણના ડેટા શુક્રવાર, ૧૭ જાન્યુઆરી ૨૦૨૫ ના રોજ જાહેર થશે. નવેમ્બર ૨૦૨૪ માં ચીનના છૂટક વેચાણમાં વાર્ષિક ધોરણે ૩% નો વધારો થયો છે, જે પાછલા મહિનામાં ૪.૮% વૃદ્ધિથી ધીમો છે.

**સેન્સેક્સ સોનું અને ડોલર** સોનું અને ડોલરની કિંમતમાં એક દશાંશ બિંદુ ઉમેરો થતો અમે જોઈ એ છીએ સેન્સેક્સ માટે

**નીચે આપેલા સૂચકાંકો:-**

**સેન્સેક્સ (૭૭,૩૭૮.૯૧)**
સેન્સેક્સનો ૭૮,૨૬૫-૭૯૨૮૦ પ્રતિકાર લેવલો છે અને ઉછાળે ભારે વેચાણ જોવાની શક્યતા ૭૦,૨૩૫-૭૦,૧૦૦ ઉપર સપોર્ટ છે

**નિફ્ટી (૨૩,૪૩૧.૫૦)**
૨૩,૬૩૭-૨૪૦૪૫ નિફ્ટીનો પ્રતિકાર લેવલો છે. અને ઉછાળે ભારે વેચાણ જોવાની શક્યતા છે

૨૧,૨૮૦-૨૧૦૯૫ ઉપર સપોર્ટ છે.

**બેંક નિફ્ટી (૪૮,૭૩૪.૧૫)** બેંક નિફ્ટીનો પ્રતિકાર ૫૦,૮૪૦-૫૦૯૯૦ અને ઉછાળે ભારે વેચવાલી જોવાની શક્યતા સપોર્ટ ૪૬૦૭૭-૪૫૩૭૦

## અમારા રડારમાં સ્ટોક્સ

**ગુફિક બાયો (રૂ.૪૬૮.૪૦)** સ્ટોક ૫૦૫ ને પાર થવાની શક્યતા છે અને ૫૪૫-૫૫૦ નો ટેસ્ટ આવી શકે છે

**બાલ્ફાર્મા (રૂ.૧૧૮.૭૨)**
એચએમપીવી નો ફેલાવો ઓલ ટાઈમ હાઈ થઈ શકે છે

**રેડિંગ્ટન (રૂ.૨૦૪.૧૦)** સ્ટોક ૨૩૯-૨૭૭ નો ટેસ્ટ આવી શકે છે

**લ્યુપિન લિ. (રૂ.૨૧૯૧.૧૦)** હું ૨૭૦૦-૨૭૫૦ પસંદ કરીશ

**મઝદા લિ. (રૂ.૧૯૬૯.૯૦)** સ્ટોક સ્પ્લિટ રૂ.૧૦ થી રૂ.૨ રેકોર્ડ તારીખ. સ્ટોક ૨૩૦૦-૨૬૦૦ ટેસ્ટ થવાની શક્યતા છે. એક્સ સ્પ્લિટ ૨૭૫-૩૦૦નો વેપાર કરી શકે છે

**હિન્દ ઓઈલ એક્સપ્લોરેશન (રૂ.૧૮૯.૭૫)** સ્ટોક ૨૭૦-૩૦૦ માટે શ્રેષ્ઠ દેખાવ કરે તેવી શક્યતા છે

**૬૩ મૂન્સ (રૂ.૮૫૭.૭૫)** હું મારા ૩૦૦૦ ના લાંબા ગાળાના ગોલ માટે દરેક ઘટાડા પર સ્ટોક એકઠો કરીશ

**ડીકાલ (રૂ.૨૬૬.૧૦)** દરેક ઘટાડો મારા માટે તક છે

**ડેટામિક્સ ગ્લોબલ (રૂ.૬૪૬.૩૫)** મને સંપૂર્ણ આશા છે ????-????

એચએફસીએલ (રૂ. ૧૦૦.૪૦) ખૂબ જ આકર્ષક સ્તરે સ્ટોક ટ્રેડિંગ. હું મારા લાંબા ગાળાના ગોલ માટે ????-????? એકત્ર કરવા માંગુ છું.

**ટ્રાઈડેન્ટ લિ.(રૂ. ૩૧.૪૦)** હું સારા પરિણામ અને એક રૂપિયાના ડિવિડન્ડની અપેક્ષા રાખું છું. કંપનીએ તેના શેરધારકોને ૫૦% ડિસ્કાઉન્ટ પણ ઓફર કર્યું છે જેથી તેઓ તેમની લાઈફ સ્ટાઈલને વર્લ્ડ ક્લાસ લાઈફ સ્ટાઈલ તરીકે અપગ્રેડ કરી શકે. મને આમાં એક મલ્ટી બગર દેખાય છે. આ સિવાય બીજા અનેક શેરો વર્તમાન મેલ્ટડાઉન મા મફતના ભાવે મળી રહ્યા છે. જેના ઉપર મારું લાંબા ગાળાનુ ફોકસ રહેશે જે સહેજે.

વર્તમાન સમયમાં બેક ફિકસ્ડ ડિપોઝીટ અને વાસ્તવિક ફૂગાવો તેમ જ ટેકસ ટેરરિઝમ જોતાં સ્ટોક માર્કેટ માં ઈન્વેસ્ટમેન્ટ સિવાય બે ટાન્ગા ભેગા થાય એમ નથી. પ્રોપર્ટી માર્કેટ આમ સામાન્ય માનવી ની પહોંચ બહાર અને કૃત્રિમ ઉચાભાવો જોતા ઓછા મા ઓછું ૩૦-૪૦% ઘટવું જોઈએ. એવું મારું માનવું છે.

ઉપર આપેલા ઈન્ડેક્સ ના સપોર્ટ પાસે જોરદાર ખરીદી સંભવી શકે છે.

---અમારું ફોકસ નીચે ના ભવિષ્યમાં મલ્ટી બેગર જેવું તગડું રીટર્ન આપે તેવા શેરો ઉપર રહેશે.જેવા કે ડિકાલ, સ્પાર્ક, નેશનલ એલ્યુમિનિયમ, એપોલો ટાયર, હુડકો, પીસીબીએલ, રેડિગટન, એલટીએફ, આઈઈએકસ, જેવા સેફ ઝોન ના સ્ટોક પર રહેશે. અત્યારે અમારો સ્ટડી ભવિષ્યમાં આવનારા ૫-૨૦ વર્ષે તગડું મલ્ટી બેગર રિટર્ન આપી શકે એવા હાઈ રિસ્ક હ્યુઝ રિટર્ન ના શેરોમાં છે.

**અમારા રેગ્યુલર વાચકોને યાદ હશે કે ૨૦૦૮ ના ક્રેસ પછી દિવાળી ઉપર ઈન્ડેકસમાં ૨૦૨૪-૨૬ વચ્ચે ૧૦૦૦૦૦ અને નિફ્ટી-ફીફટી ૩૫૦૦૦-૪૫૦૦૦ ની પોસિબીલીટી અમે દેખાડેલી. વચ્ચે વચ્ચે નોટબંધી કોરોના જેવા અવરોધ આવતા ટાઈમ ફ્રેમ એક-બે વર્ષ આઘીપાછી થાય. સરકાર કોઈ પણ હોય તેને પાછલી સરકારોના પદ્ચિહ્ન પર ચાલવું પડે છે. આધાર કે એફડીઆઈ નો રાજકીય વિરોધ કરનાર સત્તામાં આવતા લાગુ કરી તેના ફાયદા ગણાવે છે. આર્થિક સાયકલ ઊર્ધ્વગામી હોય છે.**

**(ખાસ નોંધ)** શેરબજારમાં રોકાણ કે ટ્રેડિગ ૧૦૦% રિસ્ક ધરાવે છે. તો શેર બજાર જે એવી જગ્યા છે કે જયાં એફડી ના ૧૨-૧૫ વર્ષે બમણા ની જગ્યાએ ૧ વર્ષ થી ૨૦ વર્ષના ગાળામાં ૧૦૦૦ થી ૧૦૦૦૦ તો કોઈક શેરોમાં ૫૦૦૦૦ થી ૧,૦૦,૦૦૦ ટકા ઓવર એ પીરિયડ મલી શકે છે. માટે રોકાણ કે ડે-ટ્રેડિગ યોગ્ય સ્ટોપલોસથી કરવું જોઈએ. ઉપર જે કાઈ પણ બજાર કે સ્ક્રિપ ની ચર્ચા કરી છે. તે કોઈ જ લેવા કે વેચવા ની સલાહ રુપે નથી. કોઈ પણ વ્યાપાર એકશન લેતા પહેલા તમારા બ્રોકર કે સલાહકાર ની સલાહ મુજબ ચાલવું. મગજમાં એક વાત નોંધી રાખો રિસ્ક તમારું પોતાનું છે.- આખરે રિસ્ક હૈ તો ઈસ્ક હૈ. હેપ્પી ઈન્વેસ્ટિંગ!

## હજુ પણ દરેક તબક્કે વેચવાલી જોવાઈ શકે છે... પ્રોફીટ બુકીંગ કરવું જ...



બાજ નજરે
પારસ કે ઘેલાણી, જામનગર
90990 10827

**હોટ વીકલી સ્ટોક ફયુચર્સ**

**સેઈલ (૧૦૬.૪૦)** : રૂ. ૧૦૨ સ્ટોપલોસ નજીકમાં ૧૧૭ થી ૧૨૬

**એનસીસી (૨૫૦.૭૦)** : રૂ. ૨૪૨ સ્ટોપલોસ નજીકમાં ૨૭૦ થી ૨૮૮

**અશોક લેલેન્ડ(૨૧૦.૧૫)** : રૂ. ૨૦૬ સ્ટોપલોસ નજીકમાં ૨૧૬ થી ૨૨૫

**બાયોકોન (૩૬૧.૬૫)** : રૂ. ૩૫૦ સ્ટોપલોસ નજીકમાં ૩૬૯થી ૩૭૮

**આરઈસી (૪૬૧)** : રૂ. ૪૫૨ સ્ટોપલોસ નજીકમાં ૪૬૮થી ૪૭૭

**રિલાયન્સ (૧૨૪૫.૫૦)** : રૂ. ૧૨૨૬ સ્ટોપલોસ નજીકમાં ૧૨૬૯ થી ૧૨૮૭

**ઓએનજીસી (૨૬૩.૮૫)** : રૂ. ૨૫૮ સ્ટોપલોસ નજીકમાં ૨૭૦થી ૨૭૯

**હોટ શોર્ટ-ટર્મ ડિલેવરીબેઈઝ રોકાણ**

**ડેન નેટવર્ક** (૪૧) : રૂ. ૩૮ સ્ટોપલોસ નજીકમાં ૪૮થી ૫૪

**આઈઓબી (૪૮.૧૧)** : રૂ. ૪૬ સ્ટોપલોસ નજીકમાં ૫૪ થી ૬૩

**ડીસીડબલ્યુ (૮૩.૮૧)** : રૂ. ૭૮ સ્ટોપલોસ નજીકમાં ૯૦થી ૯૯

**કોન્ફીન્સ પેટ્રો (૬૯.૬૮)** : રૂ. ૬૫ સ્ટોપલોસ નજીકમાં ૮૧થી ૯૦

**પશુપતી (૪૨.૭૧)** : રૂ. ૪૦ સ્ટોપલોસ નજીકમાં ૪૮થી ૫૪

**એચસીસી (૩૪.૪૮)** : રૂ. ૩૨ સ્ટોપલોસ નજીકમાં ૩૯થી ૪૫

**મોઈલ (૩૫૨.૭૦)** : રૂ. ૩૪૦ સ્ટોપલોસ નજીકમાં ૩૬૯ થી ૩૭૮



## ટેકનિકલ એનાલિસીસ

જયદીપ જોષી - 09898863553

# HMPV ભય અને શેર બજાર: HMPV ઈમ્પેક્ટ ડીકોડેડ

૨૦૨૫ ની શરૂઆતમાં, HMPV-હ્યુમન મેટાપ્યુમો વાયરસે ભારતીય નાગરિકો અને બજારોમાં ભયનું વાતાવરણ ઊભું કર્યું હતું. ચીન અને ભારતમાં વધતા જતા કેસોએ રોકાણકારોમાં ગભરાટ ફેલાવ્યો છે, જેના કારણે ૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ શેરબજારમાં તીવ્ર ઘટાડો થયો હતો. આના પરિણામે રોકાણકારોને હજારો કરોડ રૂપિયાનું જંગી નુકસાન થયું હતું. ૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ, ભારતીય શેરબજારના મુખ્ય સૂચકાંકો, સેન્સેક્સ અને નિફ્ટી ૫૦, સતત બે દિવસના ઘટાડા પછી મજબૂતી દર્શાવે છે. અગાઉ, બે સીધા સત્રોમાં, સેન્સેક્સ અને નિફ્ટી ૫૦ બંનેમાં ૨% થી વધુનો ઘટાડો નોંધાયો હતો. આ ઘટાડો વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) દ્વારા ભારે વેચાણ, યુ.એસ.માં બોન્ડની ઉપજમાં વધારો અને HMPV વાયરસના વધતા કેસોને આભારી છે. ચીનમાં HMPV ના ફાટી નીકળવાથી વૈશ્વિક ચિંતા વધી છે, ભારત જેવા દેશો તેના ફેલાવા પર નજીકથી નજર રાખે છે. મલેશિયામાં પણ HMPV કેસોમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ભારતમાં, નાગપુરે બાળકોમાં એચએમપીવી ચેપના બે કેસની પુષ્ટિ કરી, જે દેશમાં કુલ કેસોની સંખ્યા સાત પર લાવી. બજારની સ્થિરતાની સંભાવના અત્યારે ઓછી દેખાય છે. ભારતના ઊંડ પરિણામો, ૨૦ જાન્યુઆરીએ ટ્રમ્પ દ્વારા નવી વેપાર નીતિઓની જાહેરાત અને વાયરસના કેસોના વધતા દરને લઈને અનિશ્ચિતતા યથાવત છે. આવા સંજોગોમાં લાંબા ગાળાના રોકાણકારો માટે ધીરજ રાખવાનો અને તેમના પોર્ટફોલિયોમાં વ્યૂહાત્મક અભિગમ અપનાવવાનો સમય આવી ગયો છે.

## સાપ્તાહિક અપડેટ્સ

માઈક્રોસોફ્ટ આગામી ૨ વર્ષમાં ભારતમાં $3 બિલિયનનું રોકાણ કરશે. આ રોકાણ ક્લાઉડ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં થશે. ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડમાં ચોખ્ખો પ્રવાહ વાર્ષિક ધોરણે ૧૪૨% વધીને ડિસેમ્બર ૨૪માં રૂ. ૪૧,૧૫૬ કરોડ થયો હતો. ડેટ મ્યુચ્યુઅલ ફંડ્સમાં રૂ. ૧.૨૭ લાખ કરોડનો ચોખ્ખો પ્રવાહ જોવા મળ્યો હતો (ડિસેમ્બર ૨૩માં રૂ. ૭૫,૫૬૦ કરોડનો આઉટફ્લો). વૈશ્વિક બજારો: યુએસ અને મોટાભાગના યુરોપિયન બજારો સપાટ હતા. મોટાભાગના એશિયન બજારો નકારાત્મક રીતે બંધ થયા હતા. ૩ જાન્યુઆરીએ પૂરા થયેલા સપ્તાહ દરમિયાન ભારતનું ફોરેક્સ રિઝર્વ ઈ૫.૬૯ બિલિયન ઘટીને $634.59 બિલિયન થયું હતું. ગયા અઠવાડિયે માત્ર IT શેરો વધ્યા હતા. મીડિયા શેરો અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો. ભારતનું ઔદ્યોગિક ઉત્પાદન નવેમ્બરમાં વાર્ષિક ધોરણે ૫.૨% વધ્યું (ઓક્ટોબરમાં ૩.૭% વિરુદ્ધ). ઉત્પાદન ૫.૮% (વિરુદ્ધ ૪.૪%), વીજળી ૪.૪% (વિરુદ્ધ ૨%), અને ખાણકામ ૧.૯% (વિરુદ્ધ ૦.૯%) વધ્યું. ચીનનો વાર્ષિક ફુગાવાનો દર ડિસેમ્બરમાં ઘટીને ૦.૧% થયો (નવેમ્બરમાં ૦.૨% વિરુદ્ધ), માર્ચ ૨૦૨૪ પછીનો સૌથી નીચો દર. નેશનલ સ્ટોક એક્સચેન્જએ ૨૦૦ થી વધુ નવા રેક્સ ઉમેરીને તેની કુલ ક્ષમતા વધારીને ૧,૨૦૦ રેક્સથી વધુ કરીને મુંબઈમાં તેની કોલોકેશન સુવિધાનો વિસ્તાર કર્યો છે. કોલોકેશન સુવિધા વેપારીઓને તેમના કોમ્પ્યુટરને NSEની સિસ્ટમની નજીક મૂકવાની મંજૂરી આપે છે, જે ઉચ્ચ-આવર્તન અને આર્બિટ્રેજ ટ્રેડિંગ જેવી પ્રેક્ટિસને ઝડપી બનાવે છે. ભારતનો ઈંધણનો વપરાશ વાર્ષિક ધોરણે ૨.૧% વધીને ૨૦.૬૭ મિલિયન ટન થયો છે, જે ડિસેમ્બરમાં સાત મહિનાની ટોચે પહોંચ્યો છે. પેટ્રોલનું વેચાણ ૧૦.૮% વધીને ૩.૩૧ મિલિયન ટન થયું છે. ડીઝલનું વેચાણ ૬% વધીને ૮.૧ મિલિયન ટન થયું છે. સરકારે સ્પેશિયાલિટી સ્ટીલ માટે પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ સ્કીમ (PLI) ૧.૧ શરૂ કરી છે. ભારતમાં રિટેલ ઓટોમોબાઈલ વેચાણ ૨૦૨૪માં ૯.૧% વધીને ૨.૬૧ કરોડ વાહનો પર પહોંચ્યું. સેન્ટ્રલ બેંકોએ નવેમ્બર ૨૦૨૪માં તેમના અનામતમાં ૫૩ ટન સોનું ઉમેર્યું. ભારતે ૮ ટન ઉમેર્યા: વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ. નવું વર્ષ તમારા નાણાકીય સ્વાસ્થ્યનું પુનઃમૂલ્યાંકન કરવાની તક છે. ૨૦૨૪ માં, બજારની અસ્થિરતાએ જોખમો અને પુરસ્કારો બંને ઓફર કર્યા, જે પુનઃસંતુલનને એક મહત્વપૂર્ણ પગલું બનાવે છે. નિયમિત પોર્ટફોલિયો રિબેલેન્સિંગ તમારા રોકાણોને શિસ્તબદ્ધ અને હેતુ આધારિત રાખે છે, જે સમૃદ્ધ ૨૦૨૫ માટે માર્ગ મોકળો કરે છે.

## સ્ટોક્સ સમાચાર:-

**ટાટા સ્ટીલ:** ઑક્ટો-ડિસેમ્બર ક્વાર્ટરમાં ક્રૂડ સ્ટીલના ઉત્પાદનમાં વાર્ષિક ધોરણે ૬%નો વધારો કરીને ૫.૬૮ મિલિયન ટન નોંધાયું છે. સ્ટીલની ડિલિવરી ૮% વધીને ૫.૨૯ મિલિયન ટન થઈ છે.

**એનટીપીસી:** કંપનીના પરમાણુ ઉર્જા વ્યવસાય માટે સંપૂર્ણ માલિકીની નવી પેટાકંપની એનટીપીસી પરમાનુ ઊર્જા નિગમ લિમિટેડ'ની રચના કરી.

**ટીસીએસ:** ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૧.૯૬% વધીને રૂ. ૧૨,૩૮૦ કરોડ થયો છે. વચગાળાનું ડિવિડન્ડ જાહેર કર્યું: શેર દીઠ રૂ. ૧૦, સ્પેશિયલ ડિવિડન્ડ: શેર દીઠ રૂ. ૬૬. રેકોર્ડ તારીખ: ૧૭ જાન્યુઆરી. તેણે ટાટા રિયલ્ટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ૨ પેટાકંપનીઓના રૂ. ૧,૬૨૫ કરોડના સંપાદનને પણ મંજૂરી આપી છે.

**જેએસડબલ્યુ સ્ટીલ:** ઑક્ટો-ડિસેમ્બર ૨૦૨૪માં સૌથી વધુ ત્રિમાસિક ક્રૂડ સ્ટીલનું ઉત્પાદન ૭.૦૩ મિલિયન ટન નોંધાયું છે, જે વાર્ષિક ધોરણે ૨% વધારો છે.

**લ્યુપિન:** ૧૦.૫૫ કરોડમાં સનસુર સોલરપાર્ક (એક રિન્યુએબલ એનર્જી ફર્મ)માં ૪૨.૬૧% હિસ્સો ખરીદ્યો. ભેલ: ફ્યુઅલ સેલ, ઈલેક્ટ્રોલાઈઝર અને બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ સહિત રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ વિકસાવવા માટે ONGC સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા.

**ઈન્ડિયન ઓવરસીઝ બેંક:** ઈ-ઓક્શન દ્વારા રૂ. ૧૧,૪૩૩.૭૨ કરોડના મૂલ્યના ૪૬ નોન-પર્ફોર્મિંગ એસેટ એકાઉન્ટ્સ વેચશે. હિન્દુસ્તાન ઝિંક: ઈનપુટ ટેક્સ ક્રેડિટ માટે ઉદયપુર (રાજસ્થાન) માં રાજ્ય કર સત્તાવાળાઓ પાસેથી રૂ. ૩૫.૩૫ કરોડનો દંડ મેળવ્યો.

**વોડાફોન-આઇડિયા:** તેના પ્રમોટર્સ, ઓમેગા ટેલિકોમ હોલ્ડિંગ્સ અને ઉષા માર્ટિન ટેલિમેટિક્સને પ્રેફરન્શિયલ શેર ઈશ્યૂમાંથી રૂ. ૧,૯૦૯.૯૫ કરોડ ઊભા કર્યા.

**સ્પાઇસજેટ :** એપ્રિલ ૨૦૨૫ના મધ્ય સુધીમાં ૪ બોઈંગ ૭૩૭ મેક્સ પ્લેન સહિત ૧૦ વધુ એરક્રાફ્ટનું સંચાલન ફરી શરૂ કરશે. કંપની પાસે હાલમાં ૨૮ એરક્રાફ્ટનો કાફલો છે.

**શ્રીરામ ફાઇનાન્સ:** આવતીકાલે સ્ટોક સ્પ્લિટ જોવા મળશે જેમાં કંપનીનો ૧ શેર ૫ સમાન શેરમાં વિભાજિત થશે. સ્વિગી: તેની ઝડપી વાણિજ્ય સેવા, ઈન્સ્ટામાર્ટ માટે એક અલગ એપ્લિકેશન લોન્ચ કરશે. કંપનીએ દેશભરના ૭૬ શહેરોમાં ઈન્સ્ટામાર્ટના વિસ્તરણની જાણ કરી છે.

**લાંબાગાળાના રોકાણની દૃષ્ટિ માટે યુએનઓ મિંડા લિમિટેડ (૧૧૦૫), અપાર ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (૧૦૫૭૦), આઈ.ટી.આઈ લિમિટેડ (૪૪૩), વિશાલ મેગા માર્ટ લિમિટેડ (૧૦૮), મોતીલાલ ઓસ્વાલ ફાયનાન્સિયલ સર્વિસીસ લિમિટેડ (૮૭૮) અને એસએમસી ગ્લોબલ સિક્યોરિટીઝ લિમિટેડ લિમિટેડ (૧૨૯) છે.**

**ટાટા એલ્ક્સસી:** ઓક્ટોબર-ડિસેમ્બર ક્વાર્ટરમાં ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૫.૦૫% ઘટીને રૂ. ૧૯૯ કરોડ થયો છે.

**એનટીપીસી:** રાજસ્થાન સરકાર સાથે એક નવું સંયુક્ત સાહસ એનટીપીસી રાજસ્થાન ગ્રીન એનર્જી'ની રચના કરી. તે ૨૫ GW નો રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ અને ૧ મિલિયન ટન ગ્રીન હાઈડ્રોજન અને તેના ડેરિવેટિવ્ઝનો વિકાસ કરશે. એનટીપીસી ગ્રીન સંયુક્ત સાહસમાં ૭૪% હિસ્સો ધરાવે છે.

**ભેલ:** ભારત અને ભૂટાની સરકારો વચ્ચેના દ્વિપક્ષીય કરારના ભાગરૂપે, ભૂટાનમાં ૨ (૬માંથી) ૧૭૦ મેગાવોટના એકમો પુનાતસાંગછુ -II હાઈડ્રોઈલેક્ટ્રિક પ્રોજેક્ટ (PHEP-II) શરૂ કર્યા.

**એલ એન્ડ ટી:** ઑક્ટો-ડિસેમ્બર ક્વાર્ટરમાં નોંધપાત્ર ઓર્ડર (રૂ. ૧,૦૦૦ કરોડથી રૂ. ૨,૫૦૦ કરોડ) મેળવ્યા. તેમાં યુએસએમાં એલએનજી સાધનો, તુર્કીમાં રિએક્ટર અને સાઉદી અરેબિયા અને કુવૈતમાં તેલ અને ગેસ પ્રોજેક્ટ્સનો સમાવેશ થાય છે. સ્થાનિક રીતે, તેને ૩ યુરિયા રિએક્ટર માટે ઓર્ડર મળ્યા હતા.

**એમ એન્ડ એમ:** રૂ. ૪,૫૦૦ કરોડના રોકાણ સાથે ચાકન, પુણે ખાતેના તેના પ્લાન્ટમાં નવી ઈ.વી ઉત્પાદન અને બેટરી એસેમ્બલી સુવિધાનું અનાવરણ કર્યું.

**આરવીએનએલ:** GCC દેશોમાં સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં કામ કરવા માટે દુબઈ સ્થિત ફર્મ GBH ઈન્ટરનેશનલ કોન્ટ્રાક્ટિંગ ન્ઝ સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા. ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલ તેના સભ્યો તરીકે બહેરીન, કુવૈત, ઓમાન, કતાર, સાઉદી અરેબિયા અને યુએઈ નો સમાવેશ કરે છે.

**લ્યુપિન:** સપ્ટેમ્બર ૨૦૨૪ માં નિરીક્ષણ કર્યા પછી તેના પીથમપુરા યુનિટ-૧ ઉત્પાદન સુવિધા માટે યુએસ એફડીએ તરફથી સંતોષકારક અહેવાલ પ્રાપ્ત થયો.

**ઓલા ઈલેક્ટ્રીક:** સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા પહેલા તેના રોકાણકારોને કંપની અપડેટ્સ જાહેર કરવામાં નિષ્ફળ રહેવા બદલ સેબી તરફથી વહીવટી ચેતવણી પ્રાપ્ત થઈ છે.

**ઈન્ડિગો:** કસ્ટમ વિભાગે કંપની પર ૨.૧૭ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. અશોકા બિલ્ડકોન: પશ્ચિમ બંગાળમાં ચાર-માર્ગીય આર્થિક કોરિડોર માટે કરાર પર હસ્તાક્ષર કર્યા. કોન્ટ્રાક્ટ રૂ. ૧,૩૯૧ કરોડનો છે.

**L&T:** કંપનીના પાવર ટ્રાન્સમિશન અને ડિસ્ટ્રિબ્યુશન બિઝનેસને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં મોટા ઓર્ડર મળ્યા છે. L&Tના કિસ્સામાં, 'મોટા ઓર્ડર' રૂ. ૨,૫૦૦ કરોડથી રૂ. ૫,૦૦૦ કરોડની રેન્જમાં છે.

**પારસ ડિફેન્સ:** ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) તરફથી લાઈટ મશીન ગન (LMGs) બનાવવાનું લાઈસન્સ મેળવ્યું.

**આઇટીસી:** કંપનીનો હોટેલ બિઝનેસ આજે એક અલગ એન્ટિટી, 'આઈટીસી હોટેલ્સ' માં વિભાજિત થયો હતો. આ કારણે આઈટીસી ના શેરના ભાવમાં ૨% થી વધુનો ઘટાડો થયો છે.

**નિફ્ટી** ૨૩૫૨૩ ની ઉપરની રહેતો વધુમા ૨૩૭૦૦, ૨૩૮૭૭ અને ૨૪૦૫૪ આવી શકે છે. જો ૨૩૪૮૫ ની નીચે રહે તો ૨૩૩૦૦, ૨૩૧૧૫ અને ૨૨૯૩૦ આવી શકે છે.

**બેંકનિફ્ટી** ૪૮૮૯૬ ની ઉપરની રહેતો વધુમા ૪૯૬૬૧, ૫૦૪૨૬ અને ૫૧૧૯૧ આવી શકે છે. જો ૪૮૮૪૧ ની નીચે રહેતો ૪૮૦૭૪, ૪૭૩૦૭ અને ૪૬૫૪૦ આવી શકે છે.

**સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા** ૭૪૯ ની ઉપરની રહેતો વધુમા ૭૬૩, ૭૭૯ અને ૭૯૭ આવી શકે છે. જો ૭૪૨ ની નીચે રહેતો ૭૨૬, ૭૦૮ અને ૬૯૨ આવી શકે છે.

**બાટા ઈન્ડિયા લિમિટેડ** ૧૪૩૪ ની ઉપરની રહેતો વધુમા ૧૪૮૨, ૧૫૩૪ અને ૧૫૮૨ આવી શકે છે. જો ૧૪૨૫ ની નીચે રહેતો ૧૩૭૭, ૧૩૨૫ અને ૧૨૭૭ આવી શકે છે.

**એસઆરએફ લિમિટેડ** ૨૬૧૪ ની ઉપરની રહેતો વધુમા ૨૭૨૨, ૨૮૪૮ અને ૨૯૭૫ આવી શકે છે. જો ૨૬૦૧ ની નીચે રહેતો ૨૪૯૩, ૨૩૭૭ અને ૨૨૬૮ આવી શકે છે.

**એલટીઆઈ માઇન્ડટ્રી લિમિટેડ** ૬૧૪૨ ની ઉપરની રહેતો વધુમા ૬૨૮૭, ૬૪૪૨ અને ૬૬૦૭ આવી શકે છે. જો ૬૧૨૩ ની નીચે રહેતો ૫૯૭૮, ૫૮૨૩ અને ૫૬૫૮ આવી શકે છે.

**ટેક મહિન્દ્રા લિમિટેડ** ૧૭૧૨ ની ઉપરની રહેતો વધુમા ૧૭૬૧, ૧૮૧૪ અને ૧૮૭૧ આવી શકે છે. જો ૧૭૦૧ ની નીચે રહેતો ૧૬૪૮, ૧૫૯૯ અને ૧૫૪૨ આવી શકે છે.

**સીજી પાવર એન્ડ ઇન્ડસ્ટ્રીયલ સોલ્યુશન્સ લિમિટેડ** ૬૫૬ ની ઉપરની રહેતો વધુમા ૬૮૨, ૭૧૦ અને ૭૪૨ આવી શકે છે. જો ૬૫૦ ની નીચે રહેતો ૬૨૩, ૫૯૪ અને ૫૬૩ આવી શકે છે.

**બિરલાસોફ્ટ લિમિટેડ** ૫૫૮ ની ઉપરની રહેતો વધુમા ૫૭૭, ૫૯૮ અને ૬૨૧ આવી શકે છે. જો ૫૫૨ ની નીચે રહેતો ૫૨૬, ૪૯૮ અને ૪૬૬ આવી શકે છે.

**ઈન્ડિયન રેલવે કેટરિંગ એન્ડ ટુરિઝમ કોર્પોરેશન લિમિટેડ** ૭૮૪ ની ઉપરની રહેતો વધુમા ૮૧૫, ૮૫૯ અને ૮૮૯ આવી શકે છે. જો ૭૭૭ ની નીચે રહેતો ૭૫૩, ૭૧૮ અને ૬૮૫ આવી શકે છે.

**મેક્સ હેલ્થકેર ઇન્સ્ટિટ્યૂટ લિમિટેડ** ૧૧૫૬ ની ઉપરની રહેતો વધુમા ૧૨૦૩, ૧૨૫૪ અને ૧૩૧૧ આવી શકે છે. જો ૧૧૪૭ ની નીચે રહેતો ૧૦૯૬, ૧૦૪૭ અને ૯૯૮ આવી શકે છે.

**એચસીએલ ટેક્નોલોજીસ લિમિટેડ** ૧૯૯૧ ની ઉપરની રહેતો વધુમા ૨૦૩૭, ૨૦૯૬ અને ૨૧૬૧ આવી શકે છે. જો ૧૯૮૦ ની નીચે રહેતો ૧૯૨૯, ૧૮૮૦ અને ૧૮૨૭ આવી શકે છે.

**ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિમિટેડ** ૪૨૨૫ ની ઉપરની રહેતો વધુમા ૪૩૩૦, ૪૪૫૦ અને ૪૫૮૫ આવી શકે છે. જો ૪૨૦૮ ની નીચે રહેતો ૪૧૦૩, ૩૯૯૩ અને ૩૮૭૮ આવી શકે છે.

**પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ લિમિટેડ** ૬૨૨૧ ની ઉપરની રહેતો વધુમા ૬૪૭૭, ૬૬૩૪ અને ૬૭૯૦ આવી શકે છે. જો ૬૨૦૧ ની નીચે રહેતો ૬૦૪૪, ૫૮૮૭ અને ૫૭૩૦ આવી શકે છે.

**એમપીઆહસીસ લિમિટેડ** ૨૯૪૩ ની ઉપરની રહેતો વધુમા ૩૦૨૦, ૩૧૦૧ અને ૩૧૮૬ આવી શકે છે. જો ૨૯૨૯ ની નીચે રહેતો ૨૮૫૨, ૨૭૭૧ અને ૨૬૮૬ આવી શકે છે.

# નિર્માણ એગ્રીજિનેટિક્સ : અનેકવિધ નવા ડેવલોપમેન્ટ થકી નવા માઈલસ્ટોન સાથે હરણફાળ ભરી રહેલ કંપનીના શેરમાં મધ્યમથી લાંબાગાળાનું રોકાણ ડાર્ક હોર્સ બને


નિર્માણ એગ્રીજિનેટિક્સ લિમિટેડ હાઈબ્રિડ બિયારણ, જંતુનાશક દવાઓ, મકાઈ, સનફ્લાવર, કોટન, ડાંગર, જુવાર વગેરે પાક માટેના બાયોઓર્ગેનિક્સના પ્રોડક્શન, પ્રોસેસિંગ અને માર્કેટિંગ સાથે સંકળાયેલી કંપની છે. તાજેતરમાં જ કંપનીએ બાયો પ્રોડક્ટ્સ અને માઈક્રો ન્યુટ્રીઅન્ટ્સના બિઝનેસમાં એન્ટ્રી લીધી છે. કંપની ડાંગરના નોન હાઈબ્રિડ બિયારણનું ઉત્પાદન પણ કરે છે. કંપની સારી ખેતઉપજ આપે તેવા શ્રેષ્ઠ ગુણવત્તાવાળા બિયારણ બનાવવાના ઉદ્દેશને પાર પાડવા માટે કામ કરી રહી છે. દુષ્કાળના સમયમાં પણ છોડ ટકી રહે અને રોગચાળા તથા જંતુનાશક દવાઓના છંટકાવને પણ સહન કરી શકે તેવા બિયારણ વિકસાવવાનું કામ કરી રહી છે.

નિર્માણ એગ્રીજિનેટિક્સ ખેડૂતોની દરેક સમસ્યાનું સમાધાન શોધી આપવા પ્રયત્નશીલ કંની છે. સારી ખેત ઊપજ આપતા બિયારણ, માઈક્રોન્યુટ્રીઅન્ટ્સ મારફતે ક્રોપ મેનેજમેન્ટ કરતા અને બાયોપ્રોડક્ટ્સ તૈયાર કરવાનું કામ કંપની કરે છે. ઉપરોક્ત તમામ બાબતને વાસ્તવમાં ઉપયોગી બનાવવા માટે જરૂરી સંશોધન અને વિકાસની કામગીરી કંપની કરે છે.

કંપનીના પ્રોડક્ટ્ પોર્ટફોલિયોમાં હાઈબ્રિડ વેજિટેબલના બિયારણ ઉપરાંત જંતુનાશકો અને રાસાયણિક ખાતરનો પણ સમાવેશ થાય છે. કંપનીનો ઉદ્દેશ કરોડો ખેડૂતોના જીવનની સમસ્યાઓ ઉકેલીને તેમના જીવનને સરળ બનાવવા માટે કૃષિકાર્યમાં ટેકો આપવાની કામગીરી નિર્માણ એગ્રીજિનેટિક્સ કરે છે. તેની સાથે જ કૃષિ ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન લાવીને તેના થકી ખેડૂતોની આવક વધારવા પર અને અપૂરતા પોષણની સમસ્યા ઉકેલવાની સાથે સાથે જ રોજગારીની નવી તક નિર્માણ કરવામાં તેમને મદદરૂપ થવાનો પણ ઉદ્દેશ છે. ઔદ્યોગિક મોરચે આગળ વધેલા દેશો પણ કૃષિક્ષેત્રમાં મોટા પરિવર્તન લાવીને અર્થતંત્રને નવી ઊંચાઈએ લઈ જવાનો પ્રયાસ કરે જ છે. કૃષિ ક્ષેત્રમાં બહુવિધ પરિવર્તન લાવીને આ કામ પાર પાડે છે. તેને માટે ખેડૂતોને શાણપણ ભર્યા અને સમસ્યાનો ઉકેલ આપે તેવા નિર્ણયો લેવા તરફ દોરી જવાનું કામ પણ કરે છે. આમ ખેડૂતોને વધુ સારી આવક મેળવવા તરફ દોરી જવાનું કામ કરે છે.

ભારતના જીડીપી-કુલ રાષ્ટ્રીય ઉપજમાં કૃષિ ક્ષેત્રના ફાળાની સરખામણીમાં કૃષિ ધિરાણ અને ઈન્વેસ્ટમેન્ટનું પ્રમાણ ખાસ્સુ ઓછું છે. તેથી જ ખેડૂતોની નાણાકીય સમસ્યાનો ઉકેલ લાવવાની જરૂર ઊભી થાય છે. આ જરૂરિયાતનો લાંબાગાળાનો ઉકેલ લાવવા માટે લાંગાગાળાનું ધિરાણ આપવાનું નિર્માણ એગ્રીજિનેટિક્સ વિચારી રહી છે.

નિર્માણ એગ્રીટેક ખેડૂતો બહુરાષ્ટ્રીય કંપની સાથે ભાગીદારી કરે અને તેના માધ્યમથી કૃષિ ઊપજ માટે વધુ સારા માર્જિન મેળવતા થાય તે માટેના પ્રયત્નો પણ કરી રહી છે. આજે ખેડૂતો તેમના પોતાના હિતમાં ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓર્ગેનાઈઝેશનનો હિસ્સો બનતા થઈ ગયા છે. આ એફપીઓ બહુરાષ્ટ્રીય કંપનીઓ સાથે બિઝનેસ કરવા તત્પર છે. બહુરાષ્ટ્રીય કંપનીઓની રોકાણ કરવાની મજબૂત ક્ષમતાનો લાભ લેવા એફપીઓ ઉત્સુક છે. બહુરાષ્ટ્રીય કંપનીઓને ભારતની બહારના કયા દેશમાં કઈ કૃષિ ઉપજની ડિમાન્ડ વધુ છે તે અંગેની સારામાં સારી સમજણ ધરાવે છે. ખેડૂતોને સરળાતથી સારા બિયારણ, ઉપકરણો, કૃષિ ઊપજ વધારવા માટેની પદ્ધતિની સમજણ મળતી થાય તે માટેના પ્રયત્નો નિર્માણ એગ્રિજિનેટિક્સ કરી રહી છે.




**નિર્માણ એગ્રીટેક :** એસએમઈ પ્લેટફોર્મ ઉપર એનએસઈ પ્લેટફોર્મ ઉપર લીસ્ટ થયેલ આ એસએમઈ ઈસ્યુના શેરનો ભાવ ૩૯૮.૭૦ જેવો છે. ૫૨ સપ્તાહમાં ઉંચામાં ૪૮૪.૪૦ અને નીચામાં ૩૮૯.૫૦નો ભાવ જોવાયો છે. માર્કેકેપ ૩૧૯ કરોડ છે. અને બુકવેલ્યુ ૧૦૭.૭૬ છે. ૩૦૦ શેરોનો લોટ છે. આ શેર ૨૨.૩૯ની શેરદીઠ કમાણી સામે ૧૭.૮૧ના પીઈથી તેમજ ૧૦૭.૭૬ની બુકવેલ્યેમાં માત્ર ૩.૭૦ ગણા ભાવે આ શેર મળે છે. છેલ્લા એક વર્ષમાં આ કંપનીના શેરમાં ૩૭.૯૬ ટકાનું રિટર્ન આપેલ છે. આરઓસીઈ ૩૩.૮ ટકા અને આરઓઈ ૩૨.૪ ટકા છે. કંપની ડેબ્ટ ફ્રી છે. અને છેલ્લા ૩વર્ષની આરઓઈ ૩૫.૧ ટકાની વૃદ્ધિ દર્શાવી છે. સપ્ટે. ૨૪ વેચાણો પર નેટનફો ૬.૪૨ કરોડનો થયો છે. ૨૦૨૪ના પુરા થયેલ વર્ષમાં ૧૫૨ કરોડના વેચાણ પર નેટનફો ૧૮ કરોડનો થયો છે. કંપનીની કુલ ઈકવીટી ૮ કરોડ અને કંપની ૯૦ કરોડનું જંગી રિટર્ન ધરાવે છે. ફન્ડામેન્ટલી મજબૂત અને ઉંચો ગ્રોથ ધરાવતી આ કંપનીના શેરમાં મધ્યમગાળાનું રોકાણ કરનારને નવા નવા ઉંચા ભાવો સાથે અણધાર્યું રિટર્ન મળે. પ્રમોટર્સ ૫૭.૮૧ ટકા, એફઆઈઆઈ ૦.૦૩ ટકા, પબ્લિક ૪૨.૧૬ ટકા હોલ્ડીંગ ધરાવે છે.

આ સાથે જ સારી કૃષિ ઊપજ લેવા માટે ઓછામાં ઓછો ખર્ચ કઈ રીતે કરવો તેની સમજણ પણ તેમને આપવાનો પ્રયાસ કંપની કરી રહી છે. આ વ્યવસ્થાને કારણે ખેડૂતો અને બજાર વચ્ચેના વચેટિયાઓ ખસી જતાં ખેડૂતોને તેમની ઉપજના સારા દામ મળતા તેમની નફાકારકતા વધે તે માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. આ વ્યવસ્થાને પરિણામે નાના ખેડૂતો બજારમાં સ્પર્ધા પણ કરી શકે છે અને સારો નફો પણ મેલવી શકે છે. તેને માટેની લોન લઈને બહુ ઊંચું વ્યાજ ચૂકવવાની ખેડૂતોને ફરજ પણ ન પડે તે માટેના કામ નિર્માણ એગ્રીજિનેટિક્સ કરી રહી છે.

સલાહસૂચન મળતા ખેડૂતો આકવનો કાયમી સ્રોત ઊભો કરી શકશે. ગ્રામીણ વિસ્તારમાં રોજગારી નિર્માણ કરવાની નવી તક પણ ઊભી થશે. ખેતી કામ કરવા બદલ અને તે સિવાયના કામ કરવા બદલ ખેડૂતોને ચોક્કસ રકમની ચૂકવણી પણ કરવામાં આવે છે. તેમ કરવાથી રાજ્યસરકાર અને કેન્દ્ર સરકારની સંસ્થા પરના સલાહસૂચન આપવાના બોજાઓ હળવા થાય છે. બીજું, ખેડૂતો બજારની જરૂરિયાત પ્રમાણે પાક લેતા થાય છે. સલાહ સૂચનના આ માધ્યમથી નિર્માણ એગ્રીજિનેટિક્સ ખેડૂતોને પાક લેવા માટેની નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં પણ કરે છે. તેનાથી ખેડૂતોમાં નવી કુશળતા આવવા માંડે છે. પાકના વેચાણ માટે અગાઉથી કરાર કર્યા હોવા છતાંય પાક લેવાનો આવે ત્યારે તેના નીચા ભાવ આપવામાં આવતા હોવાનું જોવા મળે છે. આ સમસ્યાનો પણ ઉકેલ આવી જાય છે. તદુપરાંત ખેડૂતોને તેમની ઊપજ વેચવા માટે નવા બજાર પણ ઉપલબ્ધ થાય છે.

નિર્માણ એગ્રી જિનેટિક્સ ખેડૂતોની ઊપજ પોતાની બ્રાન્ડથી વેચતી હોવાથી ખેડૂતોને સારા ભાવ મળી શકે છે. કંપનીની બ્રાન્ડથી માર્કેટિંગ થતું હોવાથી ખેડૂતની માર્કેટમાંની પહોંચ પણ વધે છે. આ જ રીતે માર્કેટની પહોંચ વધતા વધતા ખેડૂતોની ઉપજો વિદેશના બજાર સુધી પહોંચે છે. વિદેશના બજારમાં પ્રવેશવાથી ખેડૂતો વધુ સારી રીતે સ્પર્ધા કરતાં થઈ શકે છે. તેનાથી કસ્ટમર્સની ડિમાન્ડ પણ સંતોષી શકાશે. તેમ જ વિદેશના માર્કેટમાં પ્રવેશવાને કારણએ ખેડૂતોને તેમની ઊપજ માટેના નવા ગ્રાહકો મળતા થશે. તેમનું વેચાણ અને નફો બંને વધશે.

નિર્માણ એગ્રીજિનેટિક્સ વધુ મૂલ્ય આપતા સેગમેન્ટમાં જવાનું સાહસ કરે છે.સંશોધન અને વિકાસના માધ્યમથી સારામાં સારી ઊપજ આપતા બિયારણથી મકાઈ, સૂરજમુખી, કપાસ અને ડાંગરની ની ખેતી કરાવ્યા બાદ કંપની સારામાં સારા ભાવ અપાવી શકે તેવા માર્કેટમાં પ્રોડક્ટ્સ લઈને પ્રવેશી રહી છે. તેનાથી કંપનીના માર્જેનમાં વધારો થઈ શકે છે. કંપની પરંપરાગત પ્રોડક્ટ્સની ઉપર ઊઠીને નવા પ્રોડક્ટ્સની ખેતી તરફ પણ ખેડૂતોને વાળી રહી છે. તેમ જ ખેડૂતોના પાકને નવા ભૌગોલિક વિસ્તાર સુધી લઈ જવાનું કામ પણ કરે છે.

આમ ખેડૂતોની કૃષિ ક્ષેત્રની તમામ જરૂરિયાતોને પૂરી કરવામાં મદદ કરીને તેમાં આવતા અવરોધો દૂર કરવાનું કામ નિર્માણ એગ્રીજિનેટિક્સ કરે છે. ખેડૂતોના પ્રોડક્ટ્સનું પોતાની બ્રાન્ડ નેમથી માર્કેટિંગ કરીને એપીએમસી, છૂટક ગ્રાહક, ડીલર અને હોલસેલરની ચેઈન તોડીને વધુ સારા ભાવ મેળવવાનું કામ કરે છે.

નિર્માણ એગ્રીટેકે ૪૮ પ્રોડક્ટ્સને રક્ષણ આપે તેવા જંતુનાશકો તૈયાર કરીને માર્કેટિંગ કરવા માટે અલગ ડિવિઝન પણ શરૂ કર્યું છે. આ સાથે જ કંપની આખા ભારતમાં તેના જંતુનાશકો વેચતી થશે. તેથી કંપનીના કામકાજમાં અને નફામાં વધારો થશે. તમામ કૃષિ કામ મશીનથી જ થાય તે માટે નિર્માણ એગ્રીટેકે રૂ. ૨ કરોડના ખર્ચે કૃષિ મશીનરી ખરીદી છે. તેથી કૃષિ ઉપજ વધવાનો માર્ગ ખૂલ્લો થયો છે. આ સ્થિતિમાં નિર્માણ એગ્રીજિનેટિક્સે મેન્યુફેક્ચરિંગ અ પ્રોસેસિંગની સુવિધા પણ ઊભી કરવા માંડી છે. રૂ. ૨ કરોડના ખર્ચ મશીનરીની ખરીદી કરવાનું પગલું પણ આ જ દિશામાંનું એક મહત્વનું પગલું છે. અત્યાર સુધીમાં નિર્માણ એગ્રીટેકે મહારાષ્ટ્રના જુદાં જુદાં વિસ્તારમાં ૩૦૦ એકર જમીનની માલિકી ધરાવતા ખેડૂતો સાથે પાક લેવા અને પ્રોસેસિંગ કરીને તેનું માર્કેટિંગ કરવા માટેના કરાર કર્યા છે. તેનાથી સારી ક્વોલિટીનો વધુ પાક થશે. તેનાથી કંપનીની આવકમાં ને નફામાં વધારો થશે.

## નવી કંપનીઓ સાથે જોડાણ કરતાં ફાયદો થશે

નિર્માણ એગ્રીજિનેટિક્સે એગ્રોગ્રીન ક્રોપ સાયન્સના ૧૦૦ ટકા શેર્સ ખરીદી લેવા માટેના સમજૂતી કરાર કર્યા છે. એગ્રોકેર ગ્રીનક્રોપ સાયન્સ કૃષિ ઉત્પાદન, પ્રોસેસિંગ અને કેમિકલ પેસ્ટિસાઈડ્સ તથા સીડ્સ-બિયારણના પેકેજિંગના બિઝનેસ સાથે સંકળાયેલી કંપની છે. આ કંપની હસ્તગત કરી હોવાથી તમામ પ્રકારના જંતુનાશકોનું નિર્માણ એગ્રીજિનેટિક્સ પોતે ઉત્પાદન કરી શકશે. તેનાથી કંપનીના માર્જેનમાં વધારો થશે. નિર્માણ એગ્રીજિનેટિક્સે તાજેતરમાં યુનાઈટેડ ફોસ્ફરસ લિમિટેડ સાથે પણ કરાર કર્યા છે. તેનો લાભ પણ નિર્માણ એગ્રીટેકને મળશે. તોશાન સીડ્સ પ્રાઈવેટ લિમિટેડ સાથે પણ નિર્માણ એગ્રીજિનેટિક્સે સમજૂતી કરાર કર્યા છે. તેનાથી કંપનીના પોર્ટફોલિયામાં વધારોથશે. તેથી નવા બજારમાં કંપની પ્રવેશી શકશે. આ સમજૂતી કરારથી કંપનીના કામકાજમાં ઓછામાં ઓછો રૂ.૩૦ કરોડનો વધારો થવાનો અંદાજ કંપની મૂકી રહી છે.

નિર્માણ એગ્રીજિનેટિક્સે સંશોધન કરીને ૪૭ વરાયટીઓ ડેવલપ કરેલી છે.આ વરાયટીઓ માટે મધ્યપ્રદેશની સરકારે નિર્માણ એગ્રીજિનેટિક્સના લાઈસન્સ પણ આપ્યું છે. નિર્માણ એગ્રીજિનેટિક્સે ઈન્ડિયન કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચર રિસર્ચ સાથે વેજિટેલબના બિયારણની નવી ટેક્નોલોજીના લાયસન્સ આપવા માટે કરાર કર્યા છે. તેથી રોગચાળાનો પ્રતિકાર કરી શકે તેવા ક્વોલિટી સીડ્સના માર્કેટમાં કંપની પ્રવેશી શકશે. તેને માટેનું પાંચ વર્ષ સુધીનું લાયસન્સ પણ કંપનીએ મેળવી લીધું છે. નિર્માણ એગ્રીજિનેટિક્સ નવા પ્રોડક્ટ્સ વધારી રહી હોવાથી તેના કસ્ટમર્સમાં વધારો થશે અને નફામાં પણ વધારો થશે. તેથી જ આજે કંપની પાસે કરોડોના ઓર્ડર છે. ભૂતકાળમાં કંપનીને મેસર્સ સપ્તશ્રુંગી કૃષિ સેવા કેન્દ્ર તરફથી રૂ. ૧.૦૧ કરોડનો અને શેતકરી એગ્રો પાસેથી રૂ. ૩૮.૯૫ લાખના બિયારણની ખરીદીનો ઓર્ડર મળ્યો હતો.

## કંપનીના પ્રમોટર

કંપનીના પ્રમોટર પ્રણવ કૈલાસ બાગલ છે. તેઓ કંપનીના મેનજિંગ ડિરેક્ટર તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે જૂન ૨૦૨૩માં કંપનીના ૧૦,૮૦૦ ઈક્વિટી શેર્સ ઓપન માર્કેટમાંથી ખરીદ્યા હતા. ૨૦૨૩-૨૪ના વર્ષમાં કંપનીની કુલ આવક રૂ. ૨૮૬૦.૮૯ લાખ અને વેરા પછીનો નફો રૂ. ૪૦૦.૫૫ લાખનો થયો હતો. ૨૦૨૪-૨૫ના પહેલા છ માસને અંતે કંપનીની આવક રૂ. ૨૩૯૮.૪૮ લાખની અને નફો રૂ. ૩૯૨.૫૦ લાખનો થયો છે. ૨૦૨૨-૨૩માં કંપનીની વાર્ષિક આવક રૂ. ૧૩૪૮.૯૧ લાખ, ૨૦૨૩-૨૪માં કંપનીની વાર્ષિક આવક રૂ. ૨૮૬૦.૮૦ લાખ અને ૨૦૨૪-૨૫ના પહેલા છ માસિક ગાળાને અંતે કંપનીની આવક રૂ.૨૩૯૮.૪૮ લાખને આંબી ગઈ છે. આમ કંપનીની આવક અને નફો વધી રહ્યા છે. ૨૦૨૪-૨૫ના પહેલા ત્રિમાસિક ગાળાને અંતે કંપનીની આવક ૧૮૧.૩૭ લાખ અને બીજા ત્રિમાસિક ગાળાને અંતે કંપનીની આવક રૂ.૨૧૦.૭૧ લાખની થઈ છે. સમગ્રતયા કંપની ટકાઉ વિકાસને વરેલી છે. નવા નવા પ્રોડક્ટ્સ સાથે બજારમાં આવવાની નેમ ધરાવે છે. ખેતી કરવા માટેની આધુનિક ટેકનોલોજીને અપનાવતી થઈ છે. નિર્માણ એગ્રીજિનેટિક્સ વચેટિયાઓને ચાતરીને સીધા ગ્રાહક સુધી પહોંચી જઈને ખેડૂતોને સારુ મૂલ્ય અપાવી રહી છે. કંપનીના માર્જિન વધી રહ્યા છે. કંપનીની બ્રાન્ડ લોયલ્ટી વધી રહી છે. આગામી દિવસોમાં કંપની ખેડૂતોને સ્માર્ટ ફાર્મર બનાવવા માટે અલગથી એપ બનાવીને તેના કામકાજનું ફલક વિસ્તારવા માગે છે. તેની મદદથી ખેડૂતોને રોજરોજના આબોહવાના પરિવર્તનની માહિતી પૂરી પાડવા માગે છે. પાક લેતા પહેલાની સ્થિતિ અને પાક લણી લીધા પછીની સ્થિતિનો પણ કંપની ટ્રેક રાખવા માગતી હોવાથી જ આ એપડેવલપ કરી રહી છે.

# મારવાડી ચંદારાણા ગ્રુપની જ્વલંત સફળતાની યશગાથા

## ભારતના ટોપ-૧૦ શેરબ્રોકર્સમાં અદ્વિતીય નામના ધરાવતું મારવાડી ચંદારાના ગ્રુપની મર્ચન્ટ બેકીંગ ક્ષેત્રે ધમાકેદાર એન્ટ્રી સાથે નવી ઉડાન ભરવા સજ્જ

MARWADI CHANDARANA GROUP



ભારતના પ્રથમ ટોપ-૧૦ શેરબ્રોકર્સમાં આગવું નામ અને શાખ ધરાવતા રાજકોટ સ્થિત મારવાડી ચંદારાના ગ્રુપની મારવાડી ફાઈનાન્સીયલ સર્વિસ, ચંદારાના ઈન્ટરમીડીયટરીસ બ્રોકર્સ પ્રા. લિ. ૩૦ વર્ષથી વધુ સમયગાળાથી ભારતીય શેરબજારમાં ફાઈનાન્સીયલ સર્વીસ સેકટરમાં પાયોનીયર છે અને રોકાણકારોનો એફીલ ટાવર જેવો ઉચો વિશ્વાસ અને નામના ધરાવે છે. ઈકવીટી ટ્રેડીંગ, વેલ્થમેનેજેમન્ટ, ફાઈનાન્સીયલ પ્લાનીંગમાં રોકાણકારોને અવિરત સેવાઓ આપવામા માટેનો છે. ૪૫૦થી વધુ સબબ્રોકર્સ, ૧૦૪થી વધુ શાખાઓ, ૪.૧ લાખથી વધુ રોકાણકારો અને ૮૦૦થી વધુ કર્મચારીઓ દ્વારા અજોડ નેટવર્ક સાથે રોકાણકારોને સેવાઓ પુરી પાડતું અજોડ ગ્રુપની કોર્પોરેટ ઓફિસ રાજકોટ ખાતે તથા રજીસ્ટર્ડ ઓફિસ ગીફટ સીટી ગાંધીનગર ખાતે આવેલ છે. ૧૯૯૨માં સ્થપાયેલ મારવાડી શેર્સ એન્ડ ફાઈનાન્સ લિ. સ્ટોક બ્રોકીંગ ક્ષેત્રે સંપૂર્ણ સેવાઓ આપતી વિશ્વનીય અગ્રણી ફર્મ છે. જે ઈન્વેસ્મટેન્ટ મેનેજમેન્ટ, ઈન્વેસ્ટમેન્ટ રિપોર્ટ, મ્યુ.ફંડ, વેલ્થ મેનેજમેન્ટ, શેર ટ્રેડીંગ, કોમોડીટીઝ ટ્રેડીંગ, ડિયોઝરી સર્વીસીસ, આઈપીઓ ડીસ્ટ્રીબ્યુશન જેવી મોબાઈલ ટ્રેડીંગ, ઓનલાઈન ટ્રેડીંગ, પાનકાર્ડ સર્વિસ, સબબ્રોકર્સ વિગેરે વનસ્ટોપ સેવાઓ આપવામાં મોખરાનું તથા લોકપ્રિય સ્થાન ધરાવે છે.

મારવાડી ચંદારાના ગ્રુપના ચેરમેને અને મેનેજીંગ ડિરેક્ટર શ્રી કેતન મારવાડી છે જેઓના નેતૃત્વ હેઠળ મારવાડી ચંદારાના ગ્રુપ સફળતાની નવી ઉંચાઈઓ હાંસલ કરી રહેલ છે.

મારવાડી ચંદારાના ઈન્ટરમીડીયટરીસ બ્રોકર્સ પ્રા. લિ. ફર્મના ઈન્વેસ્ટમેન્ટ બેકીંગની પ્રેસીડન્ટ બિપીન ભાનુશાળીના નેતૃત્વ હેઠળ પ્રાયમરી માર્કેટના પ્રર્વતતા સુવર્ણયુગને પગલે ફર્મના મર્ચન્ટ બેકીંગ ડિવીઝનના આરંભ સાથે પ્રાયમરી માર્કેટમાં નવા માઈલસ્ટોનો સ્થાપવાની ધોરણાએ નવી ઉડાન ભરવા મારવાડી ચંદારાના ઈન્ટરમીડીયટરીઝ બ્રોકર્સ પ્રા. લિ.ની ધમાકેદાર એન્ટ્રી થઈ છે.

તાજેતરમાં મારવાડી ચંદારાના ઈન્ટરમીડીયરીઝ બ્રોકર્સ પ્રા. લિ.એ લીડ મેનેજર્સની ભૂમિકામાં અંકલેશ્વર સ્થિત કંપની હેમ્પસ બાયો સાયન્સ લિ.નો બીએસઈ-એસએમઈ પ્લેટફોર્મ ઉપર તેનો પ્રથમ ઈસ્યુ આવ્યો હતો અને તે ઈસ્યુને તમામ કેટેગરીમાં જંગી પ્રતિસાદ સાંપડ્યો હતો. આ ઈસ્યુ હાઈનેટવર્થમાં ૭૫૮.૨૭ ગણો તથા રીટેલમાં ૧૩૪૨.૦૪ ગણો ભરાવા સાથે ઈસ્યુ કુલ ૧૦૫૭ ગણો ભરાયો હતો. એટલું જ નહિં પરંતુ આ ઈસ્યુના શેરનું લીસ્ટીંગ ૯૦ ટકાના પ્રિમીયમે થવા સાથે રોકાણકારોને આ ઈસ્યુમાં પ્રથમ દિવસથી જ ભારે રિટર્ન આપ્યું છે અને હાલ આ ઈસ્યુના શેરની ઓફર પ્રાઈસ રૂ. ૫૧ સાથે રૂ. ૭૨ આસપાસ પ્રવર્તે છે. આમ મારવાડી ચંદારાના ઈન્ટરમીડીયરીઝ બ્રોકર્સ પ્રા. લિ. તેની લીડ મેનેજર્સની ભૂમિકામાં પ્રથમ ઈસ્યુથી જ નવો માઈલસ્ટોન સ્થાપીને અનેરી વૃદ્ધિ સાથે તેમના નવા અધ્યાયના શ્રીગણેશ થવા પામેલ છે. અને હવે તેમની આ નવી સફરની વધુ ઉડાન ભરવા સજ્જ થયેલ છે. લીડ મેનેજર્સની ભૂમિકા અદા કરી રહેલા મારવાડી ચંદારાના ઈન્ટરમીડીયરીઝ બ્રોકર્સ પ્રા. લિ. દ્વારા અમદાવાદ સ્થિત ખૂબ જ નામના ધરાવતી કંપની કાબ્રા જ્વેલર્સના એનએસઈ-એસએમઈ ઈસ્યુ ભરવાના આરંભ કરીને તેના નવા અભિયાનની યશ કલગીમાં વધુ એક મોરનું પીછું રોપી રહી છે.

કે કે જ્વેલર્સના નામે ઓળખાતી ક્રાબા જ્વેલર્સ લિ.નો ઈસ્યુ તા. ૧૫ જાન્યુ.એ ખુલીને ૧૭ જાન્યુ.એ બંધ થનાર છે. કંપની રૂ. ૧૦ની કિંમતના એક એવા ૩૧,૨૫૦૦૦ ઈકવીટી શેરો રૂ. ૧૨૧ થી ૧૨૮ના પ્રાઈસ બેન્ડની ઓફર કરીને રૂ. ૪૦ કરોડનું ભંડોળ એકત્ર કરશે. આ ઈસ્યુની લોટ સાઈઝ ૧૦૦૦ શેરોની છે અને આ ઈસ્યુના શેરનું લીસ્ટીંગ ૨૨ જાન્યુ. ૨૦૨૫ના રોજ થનાર છે.

### મારવાડી ચંદારાણા ગ્રૂપ વિશે

**મારવાડી ફાયનાન્સિયલ સર્વિસીસ લિ.**

ગ્રુપની ફ્લેગશિપ કંપની - એક ટોચની રેક્ફિંગ સ્ટોક બ્રોકરેજ ફર્મ જે સમગ્ર દેશમાં ફેલાયેલી વ્યક્તિઓ અને સંસ્થાઓના વિવિધ ગ્રાહકોને નાણાકીય સેવાઓની વ્યાપક શ્રેણી પૂરી પાડે છે.

**ચંદારાણા ઇન્ટરમીડિયરીઝ બ્રોકર્સ પ્રા. લિ.**

તમામ નાણાકીય બજાર સેવાઓને લગતી પ્રવૃત્તિઓ થકી બદલાતા અને જટિલ બજાર માળખાને સફળતાપૂર્વક નેવિગેટ કરવામાં મદદ કરીને નાણાકીય લક્ષ્યોને પૂર્ણ કરવા માટે ઊંડી પ્રતિબદ્ધ સંસ્થા, CIBPL સક્રિયપણે કાર્યરત છે.

**મારવાડી ચંદારાણા ઈન્ટરમીડીયરીઝ બ્રોકર્સ પ્રા. લિ.**

ટેકનિકલ, માલિકી અને આર્બિટ્રેજ ટ્રેડિંગમાં સ્થાપિત કુશળતા સાથે અગ્રણી શેરબજાર સહભાગી, લોખંડથી સજ્જ નિયમનકારી માળખા દ્વારા પાલન માટે સુવર્ણ ધોરણ નક્કી કરે છે.

**ફાઈનાન્સ**

એક રિઈમેજિનેડ નાણાકીય સંસ્થા કે જે વ્યક્તિગત નાણાકીય આયોજન કરવા અને નાણાકીય સ્વતંત્રતા હાંસલ કરવા માટે લાયક, નિષ્પક્ષ અને કસ્ટમાઇઝ્ડ સલાહ આપીને વપરાશકર્તાને તેના મૂળ સ્થાને રાખે છે.

**મારવાડી યુનિવર્સિટી**

આ યુનિવર્સિટી શિક્ષણ, સંશોધન અને તાલીમ દ્વારા બૌદ્ધિક જોડાણ અને સશક્તિકરણના વાતાવરણને ઉત્તેજન આપે છે - વ્યક્તિઓને વિકાસ માટે સાધનો સાથે સજ્જ કરે છે અને તેઓ પોતાને શોધી શકે તેવા કોઈપણ વાતાવરણમાં મૂલ્ય ઉમેરે છે.

**પિક્સન**

Pixon કુદરતની શક્તિનો ઉપયોગ કરીને આપણા સમયની સૌથી મહત્વની ચિંતાને ઉકેલવામાં યોગદાન આપવા માટે કાર્યક્ષમ સૌર ઉર્જા ઉકેલોને પ્રોત્સાહન આપે છે અને પ્રદાન કરે છે.

**ઈશાન**

ઈશાન એ અગ્રણી ICT ગ્રુપ છે જે સમગ્ર ઉદ્યોગ ક્ષેત્રોમાં ફેલાયેલી પ્રખ્યાત સંસ્થાઓ અને સંસ્થાઓના કેટલાક અત્યંત જટિલ વ્યવસાયિક પડકારો માટે નવીન અને સરળ ટેકનોલોજી સોલ્યુશન્સ પ્રદાન કરવામાં રોકાયેલ છે.

## રોકાણકારોને કવોલીટી ઈસ્યુ, વ્યાજબી વેલ્યુએશને અને સંપત્તિ વૃદ્ધિ કરાવે તેવા ઈસ્યુઓ લાવવાનું 'અમારું વીઝન અને મીશન રહેશે' - બિપીન ભાનુશાળી



પ્રેસિડેન્ટ, ઈન્વેસ્ટમેન્ટ બેંકિંગ - મારવાડી ચંદારાણા ઈન્ટરમીડીયરી બ્રોકર્સ પ્રા.લિ.

ચંદારાના ઈન્ટરમીડીયટરીઝ બ્રોકર્સ પ્રા. લિ.ના ઈન્વેસ્ટમેન્ટ બેકીંગ પ્રેસીડન્ટ બિપીન ભાનુશાળીએ બ્લુચીપ ઈન્વેટસમેન્ટસ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, અમારા આ ક્ષેત્રે પ્રદાન માટેનો ધ્યેય અને લક્ષ્ય માત્રને માત્ર કવોલીટી ઈસ્યુઓ લાવવાનું, રોકાણકારોને વ્યાજબી અને આકર્ષક વેલ્યુએશને તેમજ તેમની સંપત્તિની વૃદ્ધિ થાય તેવા જ ઈસ્યુઓ પર ફોકસ કેન્દ્રિત કરી રહ્યા છે. હાલમાં અમોએ બે ઈસ્યુઓના પ્રોપ્સેકટસ ફાઈલ કર્યા છે. અને ૩ જેટલા મેઈનબોર્ડના તેમજ ૨૦ જેટલા એસએમઈ ઈસ્યુઓ અમારી પાઈપલાઈનમાં છે જે માટે અમારું મર્ચન્ટ બેકીંગ ડિવીઝનના ભગીરથ પ્રયાસો થકી આગળ વધી રહ્યા છે જેને પગલે આગામી સમયમાં ચંદારાના ઈન્ટરમીડીયટરીઝ બ્રોકર્સ પ્રા. લિ.ના મર્ચન્ટ બેકીંગ ડિવીઝનને ઉચી ઉડાનો ભરવા સજ્જ થઈ રહેલ છે. હજારો - લાખો રોકાણકારોને તેમના રોકાણ માટેની ઉત્તમ તક કવોલીટી ઈસ્યુઓ થકી આપવાનું અમારું મીશન રહેશે.


પ્રાયમરી માર્કેટમાં આઈપીઓ ભરવાના ટોચના પાંચ રાજ્યોમાં ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તામિલનાડુ અને દિલ્હીનો સમાવેશ થાય છે. પ્રાયમરી માર્કેટમાં પ્રવર્તતા બૂમ પિરીયડને પગલે રોકાણકારોમાં દેશમાં ૨૦ કરોડ ડિમેટ ખાતા ખુલી ગયા છે. મજાની વાત એ છે કે ગુજરાતમાં રોકાણકારો દ્વારા ડિમેટ ખાતા ખોલવા માટે રાફડો જોવાઈ રહ્યા છે. પ્રાયમરી માર્કેટમાં ગુજરાતીઓનો દબદબો જોવાઈ રહ્યો છે. કહેવામાં અતિશયોકતી નથી કે ગુજરાતીઓ એ નવો બિઝનેસ પ્રાયમરી માર્કેટમાં આઈપીઓ ભરવાનો અપનાવી લીધો છે. નાના-મોટા શહેરો થઈ રોજના ૧૦ થી ૧૧ હજાર ડિમેટ ખાતાઓ ખુલી રહ્યા છે. સેબીના રિપોર્ટમાં આશ્ચર્યની વાત એ છે કે રિટેલ કેટેગરીમાં સૌથી વધુ શેરો એલોટ થવામાં ગુજરાત પ્રથમ સ્થાન ધરાવે છે. આઈપીઓના કુલ રોકાણમાં ગુજરાત અગ્રણી સ્થાને છે. માત્ર મોટા શહેરો, મેટ્રો શહેરો જ નહિં પરંતુ નાના-મોટા ગામોમાં પ્રાયમરી માર્કેટમાં રોકાણ કરવાનો ક્રેઝ વધી રહ્યો છે જે પ્રાયમરી માર્કેટની વધતી બોલબાલા દર્શાવે છે. અને આગામી પાંચ વર્ષમાં ભારતમાં ડિમેટ ખાતાઓની સંખ્યા અનંતગતિ વધી જશે. હાલમાં મહારાષ્ટ્રમાં ૩.૯૬ કરોડ, ઉત્તરપ્રદેશમાં ૨.૮૮ કરોડ, ગુજરાતમાં ૧.૫૫ કરોડ અને રાજસ્થાનમાં ૧.૨૩ કરોડ અને પશ્ચિમ બંગાળમાં ૧.૩૬ કરોડ ડિમેટ ખાતાઓ છે. આમ પાંચ રાજ્યોમાં સૌથી વધુ ડિમેટ ખાતાઓ ધરાવે છે.

તેમણે વધુ વાતચીતમાં કહ્યું હતું કે હાલમાં પ્રાયમરી માર્કેટમાં પ્રવેશતા ઈસ્યુનો ભરણા ઉડીને આંખે વળગે તેવા અનેક ગણા ભરાતા હોવાથી રોકાણકારોને એલોટમેન્ટમાં શેરોની ફાળવણી મુશ્કેલ બનતી હોવાથી શાણા રોકાણકારો ગ્રે માર્કેટમાં બોલાતા પ્રિમીયમમાં શેરો ખરીદતા હોય છે જેના પગલે અમદાવાદ, રાજકોટ, જયપુર વિગેરે શહેરો પ્રિમીયમ માર્કેટમાં હબ બન્યા છે અને રાતના મોડા સુધી સોદાઓમાં કામકાજ થતા રહ્યા છે જે પ્રાયમરી માર્કેટમાં રોકાણકારોનું અતિ આકર્ષણનું પ્રતિબિંબ પુરું પાડે છે. રોકાણકારોએ લીસ્ટીંગ ગેઈન્સમાં નફો મેળવીને હળવા થઈ જવાને બદલે કવોલીટી અને આકર્ષક ઈસ્યુ ધરાવતા ઈસ્યુઓમાં લાંબાગાળાનું રોકાણકારોનો અભિગમ અપનાવો જોઈએ.

## Management



**Ketan H. Marwadi**
Chairman and Managing Director



**Jitubhai Chandarana**
Co-Founder & Vice Chairman



**Deven H. Marwadi**
Director



**Sandeep H. Marwadi**
Director

**ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.એ** ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા સ્ટેન્ડઅલોન ત્રિમાસિક પરિણામ માં રૂ.૧૧,૮૩૨ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૧૦,૭૫૩ કરોડ થયો હતો. કુલ આવક રૂ.૫૬,૦૦૧ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૫૨,૬૫૩ કરોડ થઈ હતી. કોન્સોલિડેટેડ ત્રિમાસિક પરિણામ ગ્રુપને રૂ.૧૨,૪૪૪ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૧૧,૦૯૭ કરોડ થયો હતો. ગ્રુપની કુલ આવક રૂ.૬૫,૨૧૬ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૬૧,૪૪૫ કરોડ થઈ હતી. ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ લિ.ની બોર્ડ મીટિંગ ૯ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળી હતી જેમાં ઈક્વિટી શેરદીઠ રૂ.૧૦ ના ત્રીજા વચગાળાના ડિવિડંડની તેમ જ ઈક્વિટી શેરદીઠ રૂ.૬૬ ના સ્પેશિયલ ડિવિડંડની જાહેરાત કરવામાં આવી હતી.

**ટાટા એલેક્સી લિ.ને** ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૧૯૯ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૨૦૬ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૯૪૯.૧૬ કરોડથી વધીને રૂ.૯૭૯.૦૨ કરોડ થઈ છે.

**જના સ્મોલ ફાઈનાન્સ બેંક** લિ.ની ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**હાઉસિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.ની** બોર્ડ મીટિંગ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**મારિકો લિ.ની બોર્ડ** મીટિંગ ૩૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**એવેન્યુ સુપરમાર્ટ્સ લિ.ની** બોર્ડ મીટિંગ ૧૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**હીરો મોટોકોર્પ લિ.એ** જણાવ્યું છે કે કંપનીએ કેલેન્ડર વર્ષ (જાન્યુઆરીથી ડિસેમ્બર, ૨૦૨૪)માં મોટરસાયકલ અને સ્કૂટરોના કુલ ૫૯,૧૧,૦૬૫ યુનિટ્સનું વેચાણ કર્યું છે, જ્યારે ગત વર્ષના સમાનગાળામાં ટુ-વ્હીલર્સના ૫૪,૯૯,૫૨૪ યુનિટ્સનું વેચાણ કર્યું હતું.

**ફોર્સ મોટર્સ લિ.એ** જણાવ્યું છે કે કંપનીએ ડિસેમ્બર, ૨૦૨૪માં ૧,૯૮૫ વાહનોનું સ્થાનિક વેચાણ કર્યું છે, જ્યારે ડિસેમ્બર, ૨૦૨૩મા ૨૧૫૯ વાહનો અને ૧૫ ટ્રક્ટરોનું સ્થાનિક વેચાણ કર્યું હતું. કંપનીએ ડિસેમ્બર, ૨૦૨૪માં ૫૧ વહાનનો નિકાસ કર્યા છે, જ્યારે ડિસેમ્બર, ૨૦૨૩માં ૩૨૬ વાહનો નિકાસ કર્યા હતા.

**એક્સિસ બેંક લિ.ની** બોર્ડ મીટિંગ ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**સિપ્લા લિ.ની** બોર્ડ મીટિંગ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**લોરસ લેબ્સ લિ.ની** બોર્ડ મીટિંગ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં

# માર્કેટ અપડેટ્સ

ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269



આવશે.

**હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિ.ની** બોર્ડ મીટિંગ ૨૪ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**સ્ટરલાઈટ ટેક્નોલોજીસ લિ.ની** બોર્ડ મીટિંગ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**વિપ્રો લિ.ની** બોર્ડ મીટિંગ ૧૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**એલએન્ડટી ફાઈનાન્સ હોલ્ડિંગ્સ લિ.ની** બોર્ડ મીટિંગ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા** લિ.એ અખબારી યાદી દ્વારા જણાવ્યું છે કે કંપનીએ ભારત મોબોલિટી ગ્લોબલ એક્સ્પો ૨૦૨૫ ખાતે બહુ-અપેક્ષિત હ્યુન્ડાઈ ઈલેક્ટ્રિક ક્રેટા લોન્ચ કરી છે.

**એલટીઆઈમાઈન્ડટ્રી લિ.ની** ૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**કેન ફિન હોમ્સ** લિ.ની ૧૮ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**યસ બેંક લિ.ની** ૨૫ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**ડેલ્ટા કોર્પ લિ.ની** બોર્ડ મીટિંગ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**અશોક બિલ્ડકોન લિ.ની** સંપૂર્ણ માલિકીની સબસિડિયરી કંપની અશોક બોવચંડી ગુસ્કરા રોડ પ્રા.લિ.ને ૯ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ નેશનલ હાઈવેઝ ઓથોરિટી ઓફ ઈન્ડિયા પાસેથી રૂ.૧,૩૯૧ કરોડનો પ્રોજેક્ટ મળ્યો છે.

**ટાટા મોટર્સ લિ.ની** બોર્ડ મીટિંગ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**શોપર્સ સ્ટોપ લિ.ની** બોર્ડ મીટિંગ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અન-ઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

## MAIN BOARD IPO DETAILS

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | SHARES | AMOUNT ₹ |
|---|---|---|---|---|---|---|---|
| LAXMI DENTAL LIMITED | 13/1 | 15/1 | UPCOMING Retail (Min) | 407 - 428 | 1 | 33 | 14,124 |
| | | | Retail (Max) | | 14 | 462 | 1,97,736 |
| | | | S-HNI (Min) | | 15 | 495 | 2,11,860 |
| | | | B-HNI (Min) | | 71 | 2343 | 10,02,804 |

## SME IPO DETAILS

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | AMOUNT ₹ |
|---|---|---|---|---|---|---|
| SAT KARTAR SHOPPING LIMITED | 10/1 | 14/1 | CURRENT | 77 - 81 | 1600 | 1,29,600 |
| BARFLEX POLYFILMS LIMITED | 10/1 | 15/1 | CURRENT | 57 - 60 | 2000 | 1,20,000 |

## IPO - SME ની GREY MARKET ની વધારા - ઘટાડા વિશે માહિતી.

| COMPANY NAME | GMP |
|---|---|
| STANDARD GLASS LINING TECHNOLOGY LIMITED | 85 – 87 PER SHARE (+62.14%) |
| QUADRANT FUTURE TEK LIMITED | 194 – 196 PER SHARE (+67.59%) |
| DELTA AUTOCORP LIMITED | 115 – 117 PER SHARE (+90.00%) |
| B.R.GOYAL INFRASTRUCTURE LIMITED | 50 – 51 PER SHARE (+37.78%) |
| SAT KARTAR SHOPPING LIMITED | 23 – 25 PER SHARE (+30.86%) |

**બાયોકોન લિ.ની** બોર્ડ મીટિંગ ૩૦ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**ટીવીએસ મોટર કંપની લિ.ની** બોર્ડ મીટિંગ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**કેઈસી ઈન્ટરનેશનલ લિ.એ** જણાવ્યું હતું કે કંપનીને ઈન્ટરનેશનલ ટ્રાન્સમિશન એન્ડ ડિસ્ટ્રીબ્યુશન વેપારમાં રૂ.૧,૦૯૭ કરોડના નવા ઓર્ડર્સ મળ્યા છે.

**હિન્દુસ્તાન યૂનિલિવર લિ.ની** બોર્ડ મીટિંગ ૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**બાટા ઈન્ડિયા લિ.ની** બોર્ડ મીટિંગ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**કોટક મહિન્દ્રા બેંક** લિ.ની બોર્ડ મીટિંગ ૧૮ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**ઈન્ડસ ટાવર્સ લિ.ની** ૨૩ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**ઈન્ફોસિસ લિ.ની ૧૬** જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ મળનારી બોર્ડ મીટિંગમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

**હ્યુન્ડાઈ મોટર ઈન્ડિયા લિ.એ** અખબારી યાદી દ્વારા બીએસઈને જણાવ્યું હતું કે કંપની તેના ત્રણ લોકપ્રિય મોડલ્સ જેમ કે વેન્યુ, વર્ના અને ગ્રાન્ડ આઈ૧૦ માટે નવા વેરિએન્ટ્સ અને ફીચર અપગ્રેડ્સ રજૂ કરીને તેની પ્રોડક્ટ લાઈનઅપને વધારી રહી છે. મહત્વાકાંક્ષી ખરીદદારોની જરૂરિયાતોને પહોંચી વળવા માટે રચાયેલ આ ઉન્નતિકરણો અદ્યતન ટેક્નોલોજી પૂરી પાડે છે.

**એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિ.ને** ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ) પાસેથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર કામકાજ માટે રૂ.૧,૦૮૪.૫૪ કરોડનો ઓર્ડર મળ્યો છે.

**ટ્રાન્સફોર્મર્સ એન્ડ રેક્ટિફાયર્સ (ઈન્ડિયા)** લિ.ને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૫૫.૪૮ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૧૫.૭૨ કરોડનો થયો હતો. કંપનીની કુલ આવક રૂ.૩૭૧.૦૨ કરોડથી વધીને રૂ.૫૬૮.૩૨ કરોડ થઈ છે.

**પેજ ઈન્ડસ્ટ્રીઝ લિ.ની** બોર્ડ મીટિંગ ૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટે અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા અને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે ત્રીજા વચગાળાના ડિવિડંડની વિચારણા કરવામાં આવશે.

**આનંદ રાઠી વેલ્થ લિ.ની** બોર્ડ મીટિંગ ૧૩ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ મળશે જેમાં બોનસ શેર્સ ઈશ્યુ કરવાની વિચારણા કરવામાં આવશે.

**DISCLAIMER** - અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પૂરતું છે. રોકાણ કરતાં પહેલાં આપના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

# બજારની મંદી તરફી ચાલમાં રોકાણની તક ઝડપી લેવાય તેવા મજબુત શેરો

રોકિંગ ટિપ્સ
આશિષ નાયક
93769 88765 | Nayakone@Twitter.Com

**હિંમતસીંગા સીડ (૧૭૯) લાંબાગાળાના લક્ષાંક રૂ ૨૩૨ થી રૂ ૨૭૧**

હિંમતસીંગા સીડ વૈશ્વિક ટેક્સટાઈલ ઉદ્યોગમાં એક અગ્રણી ખેલાડી છે, જે હોમ ટેક્સટાઈલ ઉત્પાદનોની વિશાળ શ્રેણીની ડિઝાઈન, વિકાસ, ઉત્પાદન અને વિતરણમાં વિશેષતા ધરાવે છે. હિમાત્સિક્રા સીડે ઘરના કાપડની વ્યાપક શ્રેણીનું ઉત્પાદન કરે છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ બેડિંગ પ્રોડક્ટ્સ, બાથ પ્રોડક્ટ્સ ડ્રેપરી અને અપહોલ્સ્ટરી ફેબ્રિક્સ, ફાઇન-કાઉન્ટ કોટન યાર્ન૧૨. **ઉત્પાદન ક્ષમતાઓ:** કંપની કર્ણાટક, ભારતમાં ચાર અદ્યતન ઉત્પાદન સુવિધાઓ ચલાવે છે, જે તેમની સંબંધિત ઉત્પાદન શ્રેણીઓ માટે વિશ્વમાં સૌથી મોટી છેઃ

**કોટન સ્પિનિંગ પ્લાન્ટઃ** ૨૧૧,૫૮૪ સ્પિન્ડલ્સની ક્ષમતા. પથારી માટે સંકલિત શીટીંગ પ્લાન્ટ: વાર્ષિક ૬૧ મિલિયન મીટર સુધી ઉત્પાદન કરે છે. **ટેરી ટુવાલ પ્લાન્ટઃ** વાર્ષિક ૨૫,૦૦૦ ટનની ક્ષમતા. વૈશ્વિક હાજરી અને બ્રાન્ડ પોર્ટફોલિયોઃ હિમાત્સિક્રા સીડે કેલ્વિન ક્લેઈન, ટોમી હિલફિગર અને કેટ સ્પેડ જેવી અનેક પ્રતિષ્ઠિત વૈશ્વિક બ્રાન્ડ્સ માટે વિશિષ્ટ લાઇસન્સ ધરાવે છે. વધુમાં, તેઓએ વોલ્ટ ડિઝની કંપની સાથે તેના પાત્રો અને ફ્રેન્ચાઇઝીસથી પ્રેરિત હોમ ટેક્સટાઈલ બનાવવા માટે ભાગીદારી કરી છે.

**હિંમતસીંગા સીડ દ્વારા ઉત્પાદિત બ્રાન્ડ્સઃ**

**કેલ્વિન ક્લેઈનઃ** હોમ ટેક્સટાઈલ માટે વિશિષ્ટ લાઈસન્સ.

**ટોમી હિલફિગરઃ** આ આઈકોનિક બ્રાન્ડ હેઠળ હોમ ટેક્સટાઈલ ઉત્પાદનોની શ્રેણી ઓફર કરે છે. **કેટ સ્પેડઃ** આ બ્રાન્ડ હેઠળ ડિઝાઈન કરાયેલ હોમ ટેક્સટાઈલ ઉત્પાદનો. **રોયલ વેલ્વેટઃ** તેના વૈભવી પથારી અને સ્નાન ઉત્પાદનો માટે જાણીતું છે. **બાર્બરા બેરીઃ** હાઈ-એન્ડ હોમ ટેક્સટાઈલ. **વેવરલીઃ** હોમ ટેક્સટાઈલ્સમાં ક્લાસિક અને કન્ટેમ્પરરી ડિઝાઈન ઓફર કરે છે. **ડિઝનીઃ** માર્વેલ અને પિક્સાર સહિત ડિઝની પાત્રો અને ફ્રેન્ચાઈઝીસ દ્વારા પ્રેરિત થીમ આધારિત હોમ ટેક્સટાઈલ બનાવવા માટેનો લાઇસન્સિંગ કરાર. કુલ મળીને, હિમાત્સિક્રા સીડે આ વ્યૂહાત્મક ભાગીદારી દ્વારા ખાસ કરીને ઉત્તર અમેરિકા અને યુરોપમાં તેની બજાર હાજરીમાં વધારો કરીને ૧૨ થી વધુ વૈશ્વિક બ્રાન્ડ્સ માટે ઉત્પાદનોનું ઉત્પાદન કરે છે.

**માર્ચ ૨૦૨૪ માટે નાણાકીય વિશેષતાઓ :**

**ચોખ્ખો નફોઃ** ૨૩.૭૪ કરોડ, માર્ચ ૨૦૨૩માં રૂા.૨૨.૩૫ કરોડથી વધુ. **ચોખ્ખું વેચાણઃ** માર્ચ ૨૦૨૩માં ૬૮૯.૬૫ કરોડની સરખામણીમાં ૬૯૬.૮૭ કરોડ. **ઓપરેટિંગ પ્રોફિટ માર્જિન (OPM):** પાછલા વર્ષના ૧૭.૭૦% થી વધીને ૨૦.૭૫% થયો. વ્યાજ, કર, અવમૂલ્યન અને ઋણમુક્તિ પહેલાની કમાણી **(EBITDA):** ૧૫૦.૫૫ કરોડ, ૨૧.૧૨% નો વધારો દર્શાવે છે. શેર દીઠ મૂળભૂત કમાણી **(EPS):** વાર્ષિક ધોરણે ૨.૨૭ થી વધીને ૨.૪૧ થઈ.

**વાર્ષિક નાણાકીય કામગીરી ઝાંખીઃ**

માર્ચ ૨૦૨૪ ના રોજ પૂરા થતા સંપૂર્ણ નાણાકીય વર્ષ માટેઃ

**કુલ ચોખ્ખો નફોઃ** ૧૧૨.૮૨ કરોડ, પાછલા નાણાકીય વર્ષમાં ૬૪.૦૮ કરોડની ચોખ્ખી ખોટમાંથી નોંધપાત્ર વસૂલાત. **કુલ વેચાણઃ** FY23 માં ૨,૬૭૭.૭૪ કરોડથી ૬.૧૧% વધીને ૨,૮૪૧.૪૫ કરોડ થયું. મેમ્બર્સ અને મારી પાસે આ શેર નીચા ભાવ થી રોકાણ માટે જાળવી રાખેલ છે જેમાં ૪૫ થી ૫૫ ટકા ઉપર નું વળતર લાંબાગાળે મળે તેવું દેખાઈ રહેલ છે. શેર માં ઘટાડે રૂ ૧૫૦, રૂ ૧૩૭ અને રૂ ૧૨૦ નજીક રોકાણ કરી શકાય. લાંબાગાળે શેર માં રૂ ૨૨૧ થી રૂ ૨૫૬ ઉપર ના ટાર્ગેટ માટે રોકાણ કરવું.

**નેશનલ ફૅર્ટીલાઇઝર (૧૧૧) લાંબાગાળાનો લક્ષાંક રૂ ૧૪૯થી રૂ ૨૦૧**

નેશનલ ફર્ટિલાઇઝર્સ લિમિટેડ (NFL) એ એક અગ્રણી ભારતીય જાહેર ક્ષેત્રનું ઉપક્રમ છે, જે ભારતમાં યુરિયા ખાતરના સૌથી મોટા સરકારી માલિકીના ઉત્પાદક તરીકે ઓળખાય છે. ૨૩ ઓગસ્ટ, ૧૯૭૪ ના રોજ સ્થપાયેલ, NFL રસાયણ અને ખાતર મંત્રાલયના વહીવટી નિયંત્રણ હેઠળ કાર્ય કરે છે અને તેની નફાકારક કામગીરી અને ખાતર ક્ષેત્રમાં નોંધપાત્ર યોગદાનને કારણે તેને નવરત્નનો દરજ્જો આપવામાં આવ્યો છે.

**ઉત્પાદનો અને સેવાઓઃ** NFL વિવિધ ખાતરો અને કૃષિ ઉત્પાદનોના ઉત્પાદન અને માર્કેટિંગમાં નિષ્ણાત છે, જેમાં નીચેનાનો સમાવેશ થાય છેઃ

**યુરિયાઃ** નીમ કોટેડ યુરિયા સહિત પ્રાથમિક ઉત્પાદન, જે જમીનની ઉત્પાદકતા વધારવામાં તેની અસરકારકતા માટે ઓળખાય છે.

**બાયો-ફર્ટિલાઇઝર્સઃ** ઘન અને પ્રવાહી બંને સ્વરૂપો, જેમાં રાઇઝોબિયમ અને ફોસ્ફેટ સોલ્યુબિલાઇઝિંગ બેક્ટેરિયા (PSB).

**ઔદ્યોગિક ઉત્પાદનોઃ** એમોનિયા, નાઈટ્રિક એસિડ, એમોનિયમ નાઈટ્રેટ, સોડિયમ નાઈટ્રેટ અને સોડિયમ નાઈટ્રેટ.

**કૃષિ સેવાઓઃ** NFL તેના કિસાન સુવિધા કેન્દ્રો (KSKs)ના નેટવર્ક દ્વારા ખેડૂતોને ખાતરોના ન્યાયપૂર્ણ ઉપયોગ અને ખેતીની સુધારેલી પદ્ધતિઓ પર શૈક્ષણિક સેવાઓ પણ પૂરી પાડે છે.

**ઉત્પાદન ક્ષમતાઃ** NFL પાંચ ગેસ-આધારિત એમોનિયા-યુરિયા પ્લાન્ટનું સંચાલન કરે છે જેમાં સ્થિત છેઃ નાંગલ, પંજાબ, ભટિંડા, પંજાબ, પાણીપત, હરિયાણા વિજયપુર, મધ્યપ્રદેશ (બે છોડ)

**કુલ ક્ષમતાઃ** આ પ્લાન્ટ્સમાં યુરિયા ઉત્પાદન માટેની કુલ વાર્ષિક સ્થાપિત ક્ષમતા આશરે ૩૫.૬૮ લાખ મેટ્રિક ટન (LMT) છે. તાજેતરના વર્ષોમાં, NFL એ ૧૨૨% ના ક્ષમતા ઉપયોગ દર સાથે ૨૦૨૨-૨૩ નાણાકીય વર્ષ દરમિયાન ૩૯.૩૫ ન્રૂ ના રેકોર્ડ ઉત્પાદન સહિત નોંધપાત્ર ઉત્પાદન સીમાચિહ્નો હાંસલ કર્યા છે.

**જૈવિક ખાતરો :** એનએફએલ વિજયપુર ખાતે ૬૦૦ થી ૭૦૦ ટનની વાર્ષિક ક્ષમતા સાથે બાયો-ફર્ટિલાઇઝર્સ પ્લાન્ટ પણ ચલાવે છે, જે વિવિધ જાતો જેમ કે રાઇઝોબિયમ અને ફોસ્ફેટ સોલ્યુબિલાઇઝિંગ બેક્ટેરિયા (PSB) ઉત્પન્ન કરે છે.

**નાણાકીય કામગીરીઃ કુલ આવકઃ** NFL એ નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે રૂા.૨૩,૬૨૦ કરોડની કુલ આવક નોંધાવી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૩ માં રૂા.૨૯,૫૮૭ કરોડની સરખામણીમાં ઘટાડો દર્શાવે છે. **ચોખ્ખો નફોઃ** કંપનીએ રૂા.૧૫૦.૦૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો, જે અગાઉના વર્ષના રૂા.૪૫૮ કરોડથી નોંધપાત્ર ઘટાડો થયો હતો. **શેર દીઠ કમાણી (EPS):** વર્ષ માટે EPS રૂા.૩.૦૬ હતી, જે FY ૨૦૨૩ માં રૂા.૯.૩૪ થી ઘટીને રૂા.૩.૦૬ હતી.

**ત્રિમાસિક હાઇલાઇટ્સઃ** તાજેતરના ક્વાર્ટરમાં (Q1 FY 2025), જે ૩૦ જૂન, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થાય છેઃ **કામગીરીમાંથી ચોખ્ખું વેચાણ/આવકઃ** રૂા.૫,૦૯૧.૭૮ કરોડ, જે અગાઉના ક્વાર્ટરમાં રૂા.૫,૨૮૪.૨૪ કરોડથી થોડું ઓછું છે. **કર પહેલાં નફો/નુકશાનઃ** કંપનીએ ગયા વર્ષના સમાન ત્રિમાસિક ગાળામાં રૂા.૨૪૨.૪૭ કરોડના નફાની સરખામણીમાં રૂા.૫૩.૯૨ કરોડના કર પહેલાં નુકસાનનો સામનો કરવો પડ્યો હતો. **ચોખ્ખો નફો/નુકસાનઃ** Q1 FY 2025 માટે રૂા.૪૧.૩૩ કરોડની ચોખ્ખી ખોટ નોંધવામાં આવી હતી.

**તાજેતરના કેપેક્સ પહેલઃ રોકાણ યોજનાઓઃ**

NFL નવા પ્લાન્ટ્સ અને ઊર્જા બચત પ્રોજેક્ટ્સ પર આગામી બે વર્ષમાં અંદાજે રૂા.૧,૨૫૦ કરોડનું રોકાણ કરવાની યોજના ધરાવે છે. આમાં તેલંગણાના રામાગુંડમમાં બંધ યુરિયા પ્લાન્ટને પુનર્જીવિત કરવાનો સમાવેશ થાય છે, જેની અંદાજિત કિંમત રૂા.૫,૩૦૦ કરોડથી વધુની અન્ય સંસ્થાઓ સાથે સંયુક્ત સાહસમાં છે.

**ઉર્જા કાર્યક્ષમતા પ્રોજેક્ટ્સઃ**

કંપનીએ ઉર્જા કાર્યક્ષમતા કેપેક્સ પ્રોજેક્ટ્સ પૂર્ણ કર્યા છે, જેને સરકારી પહેલ દ્વારા સમર્થન મળ્યું હતું. આ પ્રોજેક્ટ્સનો હેતુ તેની સમગ્ર સુવિધાઓમાં ઉર્જાનો વપરાશ ઘટાડવાનો છે અને ઓપરેશનલ ખર્ચ ઘટાડવામાં આશાસ્પદ પરિણામો દર્શાવ્યા છે.

**ઉત્પાદન ક્ષમતા વિસ્તરણઃ** NFL એ ૨૦૨૨-૨૩ નાણાકીય વર્ષ દરમિયાન ૩૯.૩૫ લાખ MT યુરિયાનું વિક્રમી ઉત્પાદન હાંસલ કર્યું હતું, જે ૧૨૨% ની એકંદર ક્ષમતાનો ઉપયોગ દર્શાવે છે. આ ઉત્પાદન ક્ષમતાઓને વધારવામાં તેમના ચાલુ રોકાણોની અસરકારકતાને પ્રતિબિંબિત કરે છે.

**ભાવિ કેપેક્સ યોજનાઓઃ** FY23 માટે, NFL એ તેની ઔદ્યોગિક પ્રોડક્ટ લાઇનના વિસ્તરણ અને હાલની સુવિધાઓમાં સુધારો કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને, વધુ કેપેક્સ માટે આશરે રૂા.૨ બિલિયનની ફાળવણી કરી છે. શેર માં રૂ ૯૦, રૂ ૭૯ અને રૂ ૬૫ ના સપોર્ટ ને ધ્યાન માં લઈ ઘટાડે રોકાણ કરી શકાય છે. લાંબાગાળે શેર માં ૫૦ થી ૬૦% ટકા ઉપર ના વળતર ની અપેક્ષા છે. અમારા મેમ્બર્સ અને મારી પાસે આ શેર રૂ ૪૨ અને રૂ ૫૫ ના ભાવ થી હજુ પણ પોર્ટફોલીયા માં જાળવી રાખેલ છે.

**આઇઓસી (૧૩૦.૬૧) લાંબાગાળા નો લક્ષાંક રૂ ૧૮૮ થી રૂ ૨૩૦**

ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (IOCL), જે સામાન્ય રીતે ઈન્ડિયન ઓઈલ તરીકે ઓળખાય છે, તે એક અગ્રણી ભારતીય બહુરાષ્ટ્રીય તેલ અને ગેસ કંપની છે. તે ભારત સરકારની માલિકી હેઠળ કાર્ય કરે છે અને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલય દ્વારા સંચાલિત થાય છે.

**બિઝનેસ ઓપરેશન્સઃ** ઈન્ડિયન ઓઈલની કામગીરી સમગ્ર હાઈડ્રોકાર્બન વેલ્યુ ચેઈનને સમાવે છેઃ **રિફાઇનિંગઃ** ભારતની ૨૩ રિફાઇનરીઓમાંથી ૧૧નું સંચાલન કરે છે. **પાઇપલાઇન્સઃ** ક્રૂડ ઓઇલ અને તૈયાર ઉત્પાદનોના પરિવહન માટે ૧૩,૦૦૦ કિલોમીટરથી વધુના વિશાળ નેટવર્કનું સંચાલન કરે છે. **માર્કેટિંગઃ** ઇંધણ અને લુબ્રિકન્ટ્સ સહિત પેટ્રોલિયમ ઉત્પાદનોના માર્કેટિંગમાં રોકાયેલા છે. **સંશોધન અને ઉત્પાદનઃ** પેટ્રોલિયમ અને કુદરતી ગેસની શોધ અને ઉત્પાદનમાં સામેલ. **રિન્યુએબલ એનર્જીઃ** તેના પોર્ટફોલિયોમાં વૈવિધ્ય લાવવા માટે રિન્યુએબલ એનર્જી પહેલ કરવાનું સાહસ કર્યું છે.

IOCL સમગ્ર ભારતમાં વ્યૂહાત્મક રીતે સ્થિત નવ રિફાઇનરીઓનું સંચાલન કરે છે, જે દેશની વધતી જતી ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળવા માટે અભિન્ન છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં, IOCL એ ૭૩.૩ મિલિયન મેટ્રિક ટનના દ્વારા રેકોર્ડ રિફાઇનિંગ હાંસલ કર્યું, જે ૧૦૪% થી વધુ ક્ષમતાના ઉપયોગનો દર દર્શાવે છે.**ભાવિ વિસ્તરણ યોજનાઓઃ** IOCL તેની રિફાઇનિંગ ક્ષમતાને નોંધપાત્ર રીતે વિસ્તૃત કરવાની મહત્વાકાંક્ષી યોજના ધરાવે છેઃ ૨૦૨૫ સુધીમાં, કંપની તેની ગુવાહાટી, બરૌની, ગુજરાત, પાણીપત અને દિગબોઈમાં સ્થિત વિવિધ વિસ્તરણ પ્રોજેક્ટ્સ દ્વારા તેની ક્ષમતાને 107 MTPA સુધી વધારવાનું લક્ષ્ય ધરાવે છે. લાંબા ગાળાના ધ્યેયમાં ૨૦૫૦ સુધીમાં ક્ષમતા વધારીને 88 MTPA કરવાનો સમાવેશ થાય છે, જે ૨૦૨૩માં ૫.૪ મિલિયન બેરલ પ્રતિ દિવસથી ૮.૩ મિલિયન બેરલ પ્રતિ દિવસની ભારતની તેલ માંગમાં અંદાજિત વધારા સાથે સંરેખિત છે.

**મુખ્ય નાણાકીય હાઇલાઇટ્સઃ કામગીરીમાંથી આવકઃ** IOC એ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે રૂા.૮,૬૬,૩૪૫ કરોડની આવક નોંધાવી હતી, જે નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રૂા.૯,૩૪,૯૫૩ કરોડથી ઓછી હતી. ઊ૪ ૨૦૨૩-૨૪ માટે, આવક રૂા.૨,૧૯,૮૭૬ કરોડ હતી, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં રૂા.૨,૨૬,૪૯૨ કરોડ કરતાં થોડી ઓછી હતી. **ચોખ્ખો નફોઃ** ચોખ્ખો નફો વધીને રૂા.૩૯,૬૧૯ કરોડ થયો, જે અગાઉના નાણાકીય વર્ષમાં રૂા.૮,૨૪૨ કરોડથી નોંધપાત્ર વધારો થયો છે. ઊ૪ ૨૦૨૩-૨૪ માં, ચોખ્ખો નફો રૂા.૪,૮૩૮ કરોડ નોંધાયો હતો, જ્યારે ઊ૪ ૨૦૨૨-૨૩ માં રૂા.૧૦,૦૫૯ કરોડ હતો. આ વધારો વર્ષ ૧ દરમિયાન ઊંચા માર્કેટિંગ માર્જિનને આભારી છે. **ડિવિડન્ડઃ** બોર્ડ ઓફ ડિરેક્ટર્સે વર્ષ ૧ માં અગાઉ ચૂકવેલ ઈક્વિટી શેર દીઠ રૂા.૫.૦૦ ના વચગાળાના ડિવિડન્ડ ઉપરાંત, રૂા.૭.૦૦ પ્રતિ ઈક્વિટી શેરના અંતિમ ડિવિડન્ડની દરખાસ્ત કરી છે.

શેર માં રૂ ૧૪૦,૧૨૯ અને રૂ ૧૧૫ ના સપોર્ટ ને ધ્યાન માં લઈ ઘટાડે ખરીદારી કરી શકાય છે. શેર માં રૂ ૧૮૮ થી રૂ ૨૩૦ ઉપર લક્ષાંકો ધ્યાન માં લઈ શકાય છે. રૂ ૭૫ થી રૂ ૯૨ નજીક ના ભાવ ચાલી રહેલ ત્યાંથી આ શેર માં રોકાણ કરવાની ભલામણ આપી રહેલ છું જેમાં ૧૦૦ ટકા ઉપર નો ઉછાળો જોવા મળેલ છે. બજારમાં જોવા મળેલ ઐતિહાસીક તેજી તરફી ચાલ વચ્ચે પણ કેટલાક સ્ટોકસના ભાવ ખુબ જ અન્ડર વેલ્યુ ચાલી રહેલ છે જેમાં મધ્યમથી લાંબાગાળે ૩૦૦ થી ૬૦૦ ટકા ઉપરનુ વળતર મળે તેવી ધારણા છે. આગામી સમયગાળામાં કેટલાક વેલ્યુબાય સ્ટોકસ હુ અને અમારા પેઈડ મેમ્બર્સ પોર્ટફોલીયામાં ઉમેરવાના છીએ. પીએમએસ અને ટ્રેડીંગ મેમ્બર્સશીપ ની દિવાળી ની ઓફર્સ ચાલી રહેલ છે જેમાં જે વાચકોએ જોડાવુ હોય તેમણે આપેલ મોબાઈલ નંબર પર વોટસએપ મેસેજ અથવા ઈમેલ કરી વધુ માહીતી લઈ શકે છે. ઘણા બ્રેકઆઉટ સ્ટોક્સ અમે અમારા ટવીટર હેન્ડલ (Nayakone) અને ટેલીગ્રામ ચેનલ (RockingInvestment19) ઉપર પણ સમયસર મુકેલ છે જે આપ વાચકમિત્રો જોઈ શકો છો અને ટવીટર / ટેલિગ્રામ માં ફ્રી માં જોડાઈ શકો છો.

**સ્ટીલ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (ખરીદો) (૧૦૬) મધ્યમ થી લાંબાગાળા નો લક્ષાંક રૂ ૧૩૧ થી રૂ ૧૫૮**

સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ (SAIL) એ ભારતની સૌથી મોટી સ્ટીલ બનાવતી કંપનીઓમાંની એક છે અને દેશના સેન્ટ્રલ પબ્લિક સેક્ટર એન્ટરપ્રાઈઝિસના મહારત્નોમાંની એક છે. SAIL પાંચ સંકલિત પ્લાન્ટ અને ત્રણ ખાસ સ્ટીલ પ્લાન્ટમાં લોખંડ અને સ્ટીલનું

અનુસંધાન આગળના પાને...

**અનુસંધાન પાછળના પાનાનું...**

ઉત્પાદન કરે છે, જે મુખ્યત્વે ભારતના પૂર્વ અને મધ્ય પ્રદેશોમાં સ્થિત છે અને કાચા માલના સ્થાનિક સ્ત્રોતોની નજીક સ્થિત છે. SAIL સ્ટીલ ઉત્પાદનોની વ્યાપક શ્રેણીનું ઉત્પાદન અને વેચાણ કરે છે. ૩૧ માર્ચ ૨૦૨૨ના રોજ અનુક્રમે વાર્ષિક ૧૯.૬૩ મિલિયન ટન અને વાર્ષિક ૧૮.૫૪ મિલિયન ટનની કુલ ક્રૂડ સ્ટીલ અને વેચાણક્ષમ સ્ટીલની ક્ષમતા સાથે, કંપની ભારતમાં સૌથી મોટી સ્ટીલ ઉત્પાદકોમાંની એક છે. SAIL ને INR ૬0000 મિલિયન ના મૂડીરોકાણની અપેક્ષા છે, FY23 માં 000 મિલિયન-INR80,000 મિલિયન. કંપનીના ભાવિ કેપેક્સને ૫૦:૫૦ રેશિયોમાં દેવું અને આંતરિક ઉપાર્જન દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવશે. ૧ જાન્યુઆરી ૨૦૨૧ના રોજ ચેરમેનની નિમણૂક: સુશ્રી સોમા મંડલ, નિયામક (વાણિજ્યિક), સ્ટીલ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ, SAIL ના ચેરમેન તરીકે જોડાયા છે.

**આયર્ન ઓરનું વેચાણ** : ખાણ મંત્રાલય, GoI એ SAIL ને તેના કુલ આયર્ન ઓર ઉત્પાદનનો ૨૫% વેચાણ કરવાની મંજૂરી આપી છે. ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ, કંપનીએ આયર્ન ઓરના ભાવમાં સાધારણ ઘટાડો થવાને કારણે FY22 (FY21: 4mt) માં હાલની આયર્ન ઓર ફાઈન ઈન્વેન્ટરીનું વેચાણ ઘટાડીને ૨.૫ મેટ્રિક ટન (mt) કર્યું. આયર્ન ઓરના ભાવ સુધર્યા પછી કંપની હાલની 40mmt ઈન્વેન્ટરીને ફડચામાં લેવાનું વિચારશે અથવા તે નીચા-ગ્રેડના દંડને કેપ્ટિવ વપરાશ માટે પેલેટમાં રૂપાંતરિત કરી શકે છે. શેર માં મજબૂત સુધારા તરફી ચાલ પછી કન્સોલિડેશન સાથે નફારૂપી વેચવાલી જોવા મળી રહેલ. ટૂંકા થી માધ્યમગાળા ના રોકાણકારોએ શેર માં રૂ ૧૨૦, ૧૧૧ અને રૂ ૧૦૩ ના સપોર્ટ ને ધ્યાન માં લઈ તેજી નો વેપાર રૂ ૧૪૫,૧૫૭ અને રૂ ૧૭૧ ના ટાર્ગેટ માટે બનાવી શકાય છે. લાંબાગાળે શેર માં ૩૦ થી ૪૦ ટકા ઉપર ના સુધારા ની શક્યતા દેખાઈ રહેલ છે.

**મહિન્દ્રા હોલિડેઝ એન્ડ રિસોર્ટ્સ ઈન્ડિયા લિ (ખરીદો) (૩૫૭) મધ્યમ થી લાંબા ગાળાનો લક્ષાંક રૂ ૪૪૧ થી રૂ ૫૩૩**

મહિન્દ્રા હોલિડેઝ એન્ડ રિસોર્ટ્સ ઈન્ડિયા લિ. (MHRIL), મહિન્દ્રા ગ્રુપના લેઝર અને હોસ્પિટાલિટી સેક્ટરનો એક ભાગ છે, જે મુખ્યત્વે વેકેશન ઓનરશિપ મેમ્બરશિપ દ્વારા કૌટુંબિક રજાઓ ઓફર કરે છે. ૧૯૯૬ માં શરૂ થયેલી, કંપનીની ફ્લેગશિપ બ્રાન્ડ 'ક્લબ મહિન્દ્રા'ના ૨૫૦,૦૦૦ થી વધુ સભ્યો છે. વેકેશન ઓનરશિપ બિઝનેસમાં 'ક્લબ મહિન્દ્રા' એ કંપનીની મુખ્ય પ્રોડક્ટ છે, જે તેના સભ્યોને ૨૫ વર્ષના સમયગાળા માટે દર વર્ષે એક સપ્તાહની રજા માટે હકદાર બનાવે છે. તે તેની સબસિડિયરી એચસીઆર દ્વારા ૭૦ રિસોર્ટ્સ અને ૩૩ વધારાના રિસોર્ટ્સની ઍક્સેસ પ્રદાન કરે છે, આમ સભ્યોને ભારત, એશિયા, યુરોપ અને યુએસએમાં ૧૦૦ રિસોર્ટ્સની ઍક્સેસ પ્રદાન કરે છે.'ક્લબ એમ સિલેક્ટ" જે એક સબસ્ક્રિપ્શન પ્રોગ્રામ છે જે નોંધાયેલા સભ્યોને ભારત અને વિશ્વભરમાં ચાર લાખથી વધુ હોટેલ્સ, ૭૦,૦૦૦થી વધુ આંતરરાષ્ટ્રીય પ્રવાસો અને વિવિધ લક્ઝરી લાઈફસ્ટાઈલ ઑફર્સ જેવી કે ગોરમેટ ડાઈનિંગ, મૂવી પાસ વગેરેની મંજૂરી આપે છે.'ડ્રીમસ્કેપ્સ', એક ઓનલાઈન પ્લેટફોર્મ જે સભ્યો માટે ક્યુરેટ કરેલ ૬૦ શહેરોમાં ૨૮૦૦ ઈન-સિટી અનુભવો પ્રદાન કરે છે. "બ્લિસ" એ પરિવર્તનક્ષમ પોઈન્ટ-આધારિત ઉત્પાદન છે જે ૫૦ વર્ષથી વધુ વય જૂથને લક્ષ્યાંકિત કરે છે જે દર વર્ષે ૧૦ વર્ષ માટે એક અઠવાડિયાની રજા આપે છે.

**-- બ્રાન્ડ પ્રતિષ્ઠા--**

તેણે ફેમિલી હોલિડે બિઝનેસમાં માર્કેટ લીડર તરીકે પોતાની જાતને સ્થાપિત કરી છે.વેકેશન ઓનરશીપ મેમ્બર બેઝ ૨,૫૦,૦૦૦ સીમાચિહ્નને વટાવી ગયો છે. તે તેની સબસિડી હોલીડે ક્લબ રેસ દ્વારા ફિનલેન્ડમાં લેઝર હોટેલ્સની સૌથી મોટી ઓપરેટર અને યુરોપમાં સૌથી મોટી વેકેશન ઓનરશીપ કંપની છે. તેની ૧૨૦ શાખા કચેરીઓ, વેચાણ કચેરીઓ અને ચેનલ ભાગીદારો છે અને લીડ્સ ડિજિટલ રૂટ, રેફરલ્સ વગેરે દ્વારા જનરેટ થાય છે. તે ૧૦૦ સ્થળો પર ૧૯૨ પાર્ટનર્સ હોટેલ્સ પણ ધરાવે છે. ૧૨૦૦ કરોડના મૂડીખર્ચ માટે તેણે બે પ્રોજેક્ટ હાથ ધર્યા છે, અસાનોરા (ગોવા) ખાતે ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ અને અષ્ટમુડી (કેરળ) ખાતે વિસ્તરણ પ્રોજેક્ટ. આનો તબક્કાવાર અમલ કરવામાં આવી રહ્યો છે અને ૨૦૨૦-૨૧માં લગભગ ૧૫૦ એકમો ઉમેરવામાં આવે તેવી અપેક્ષા છે. ઉપરાંત, કંડાઘાટ (હિમાચલ પ્રદેશ) ખાતે ૧૪૦ એકમોના વિસ્તરણ પ્રોજેક્ટ અને થિયોગ (હિમાચલ પ્રદેશ) અને ઉંડી (ગણપતિપુલે, મહારાષ્ટ્ર)માં બે નવા ગ્રીનફિલ્ડ પ્રોજેક્ટ મંજૂરીના તબક્કામાં છે.

ટેક્નિકલી શેર માં ૨૦૦ ડીએમએ અને ૫૦ ડીએમએ સપોર્ટ ઉપર ભાવ ટકી રહેલ છે જે ટૂંકા થી લાંબા ગાળા ની ચાલ માટે સકારત્મક ગણી શકાય. લાંબા ગાળા ના રોકાણકારોએ શેર માં રૂ ૧૭૦ અને રૂ ૧૪૦ ના સપોર્ટ ને ધ્યાન માં રાખી રોકાણ નો વ્યૂહ અપનાવવો. રોકાણકારો શેર માં ૩૦ થી ૫૦% ઉપર ના વળતર માટે રોકાણ કરી શકાય છે. આ શેરમાં ટ્રેડીંગ કરવાની ભલામણ રૂ ૨૩૭ આસપાસ ટવીટર અને ટેલીગ્રામ ચેનલમાં તારીખ ૧ એપ્રિલ ૨૦૨૨ ના રોજ કરેલ જેમાં રૂ ૫૦૫ ઉપરના ઓલ ટાઈમ હાઈ ભાવ જોવા મળેલ. શેર માં ૧૦૦ ટકા ઉપર નું રીટર્ન પહેલા મળી ગયેલ છે.

ઉપર આપેલ તમામ શેર માં ઘટાડે રોકાણ કરી શકાય છે જેમાં ૫૦ થી ૭૦ ટકા વળતર મળે તેવી ધારણા છે. આગામી સમયગાળા માં પણ સ્મોલ અને મીડ કેપ મજબૂત શેરો અમારા વાચકો ને જણાવતા રહીશું તો આવનારા એનાલિસિસ લેખ વાંચવાનું ભૂલતા નહિ.

કાનુની નોધ -- શેર અને શેર બજારનુ વિશ્લેષણ,સુચના અને અન્ય માહીતી અમારા પધ્ધતિસરના ટેકનીકલ અને ફંન્ડામેન્ટલ અભ્યાસ પર આધારીત છે પરંતુ તેમાં ભુલો હોવાની શકયતા નકારી શકાય નહી. વિશ્લેષણ અથવા અન્ય માહીતીના ઉપયોગથી થતા સારા કે ખરાબ પરિણામ માટે લેખક કે પ્રકાશક જવાબદાર નથી.

દેશનું નં.૧ અને સૌપ્રથમ ગુજરાતી આર્થિક સાપ્તાહિક
બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટસ

ઈન્વેસ્ટરો માટે કુબેરના ભંડાર જેવું અસાધારણ માહિતી,સચોટ આગાહી માટે અગ્રેસર ગુજરાતી ભાષામાં પ્રગટ થતું મેગેઝીન બ્લુચીપ ઈન્વેસ્ટમેન્ટની નકલ મેળવવા માટે સંપર્ક કરો.

અમદાવાદ : પોકેટ બુક સેન્ટર
જ્યોતિ સંઘની સામે, રિલીફ રોડ, અમદાવાદ સંદિપભાઈ : મો.૦૯૮૨૪૦ ૭૭૬૬૮, ૦૭૯-૨૫૫૦૮૭૩૨

| City | Agent's Name | Mobile No. | Landline No. |
|---|---|---|---|
| Baroda | SAINATH News paper | 98795 65684 | |
| Baroda | A.G. Vora & Co. | 98240 95716 | - |
| Bhavnagar | Prem News Agency | 94289 90615 | - |
| Jamnagar | Paras News Agency | 9426453636 | 2679597 |
| Navsari | Jaydeep News Agency | 98983 59235 | - |
| Rajkot | Thakkar News Aghency | 99241 33518 | 0281-2233518 |
| Surat | Surat Book Centre | 98790 44220 | 0261-2431158 |

MUMBAI : NOVELTY BOOK AGENCY
146, DR. D.N. ROAD, GROUND FLOOR, MAHENDRA CHAMBERS, FORT, MUMBAI-400001.
DINDAYAL GUPTA M. : 9821492813

| Agent's Name | CENTRE | Mobile No. |
|---|---|---|
| DATTA MERTRY RAUT | DAHISOR | 8108945937 |
| AFROJ | BORIVALI | 8779696074 |
| UDAY | MALAD | 9820967789 |
| JEEVAN | ANDHERI | 9619338214 |
| C.V. | DADAR | 9323220417 |
| DEEPAK | MULUND | 9967990991 |
| RAJESH | GHATKOPOR | |
| CHANDRAKANT SAKPAL | DOMBIVALI | 9270039761 |
| MOHANBHAI CHIRABAZAR | 876741748 | |
| ASHOK GOVEKOR | GIRGOAN | 9323599102 |

ધનવર્ષા ફીનકેપ પ્રા. લિ.
૨૭, અશોક નગર સોસાયટી, લીટલ ફ્લાવર સ્કુલ સામે, ભઠ્ઠા, પોસ્ટ આનંદનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

અમે અમારી વેબસાઇટ
WWW.MYLOSTSHARE.COM લોન્ચ કરી છે

જે રોકાણકારોને પોતાના શેરો વિવિધ કારણોસર સરકારમાં ગયા હોય તો તે પાછા લાવવા અને તેની માહિતી મેળવવા માટે ઉપયોગી નીવડશે.

- *We are helping our investors to Search and get back their hidden treasures from all types of investments viz. physical shares, shares transferred to IEPF.*
- *We specializes in search and claim of shares & dividends transferred to IEPF Authority.*
- *Our team can take care of all the process and documentation for IEPF claims, transfer / transmission of shares. All we need is you full name and address (Present and Past, if any) to find shares gone to IEPF.*
- *We feel immensely grateful to our clients for trusting us with opportunity to assist them in recovery of their lost investments and hope to serve you also to find your unclaimed investment.*

શેર INVESTOR EDUCATION PROTECTION માં જવા માટેના કારણો....

(૧) જો શેર હોલ્ડરે સતત ૭ વર્ષ સુધી ડિવીડંડ જમા કરાવ્યું ન હોય તો. (૨) શેરહોલ્ડર પાસે શેર હોય પણ ખોવાઈ ગયા હોય અથવા તો ગેરવલ્લે મૂકાઈ ગયા હોય અને તેને પરિણામે ડિવીડંડ ભરવાનું રહી ગયેલ હોય. (૩) મોટાભાગના કેસોમાં વ્યક્તિનું રહેઠાણનું સરનામું બદલાઈ ગયું હોય અને કંપનીના રેકોર્ડમાં જૂનું સરનામું જ બોલતું હોય. (૪) વ્યક્તિનું અવસાન થયું હોય તો તેને કારણે ડિવીડંડ ન ભરાયું હોય. (૫) વ્યક્તિ વિદેશમાં સ્થાયી થઈ ગયેલ હોય અને તેના શેર દેશના સરનામાએ ચાલતા હોય અને ડિવીડંડ બેંક એકાઉન્ટમાં ભરાયું ન હોય. (૬) શેર ખોવાઈ ગયા હોય અથવા તો વેચી નાખ્યા હોય અને જેને વેચ્યા હોય તેને તે શેરો જ્યારે ફિઝીકલ સ્વરૂપમાં હોય ત્યારે ટ્રાન્સફર કરાવ્યા ન હોય. (૭) શેરો ત્રીજી પાર્ટીના નામે ભૂતકાળમાં આઈ.પી.ઓ.માં ભરેલ હોય કે જે પાર્ટીનું હકીકતમાં કોઈ અસ્તિત્વ ન હોય અને ડિવીડંડ પણ બેંકમાં ન ભરાયું હોય. (૮) શેર ડિમેટમાં હોય પણ ડિમેટમાં બેંક એકાઉન્ટ નંબર ખોટો હોય અથવા તો જૂનો નંબર હોય. જેને કારણે ડિવીડંડ બેંક એકાઉન્ટમાં ક્રેડિટ ન થયું હોય.

*આવા વિવિધ કારણોસર શેરો ૭ વર્ષથી વધુ ડિવીડંડ ન ભરવાને કારણે - IEPF FUNDમાં જતા રહે અને આવા જતા રહેલા શેરોનું કુલ મૂલ્ય ૫.૨૫ લાખ કરોડ અને અનક્લેઇમ ડિવીડંડનું મૂલ્ય ૫૦ હજાર કરોડ જેટલું છે. દર વર્ષે આ રકમ વધતી જાય છે. સરકાર જો આ અનક્લેઇમ શેરો ૩ વર્ષ કે તેથી વધુ સમય સુધી કોઈ અનક્લેઇમ ડિવીડંડ કાયમ માટે પોતાના હસ્તક લઇ લે તેવી પૂરી શક્યતા છે. જેથી દરેક રોકાણકારોએ આ બાબતમાં સાવચેતી રાખવાની જરૂર છે. જે રોકાણકારોને આવા કોઈ શેરની સમસ્યા હોય તેઓ અમારો સંપર્ક કરી શકે છે.*

જો ૩૧મી માર્ચ, ૨૦૨૫ પહેલા આપના ફિઝીકલ શેરો માટે કોઈ પગલા લેવામાં નહીં આવે તો આ શેરો બેનામી પ્રોપર્ટી એક્ટ હેઠળ સરકાર ટાંચમાં લેવાની પ્રક્રિયા શરૂ કરશે.

જો આપના શેરો IEPFમાં ગયા હોય અને તે પાછા લાવવા માટે અરજી કરી હોય તો તે અરજીના SRN નંબરને લગતા કોઈપણ પ્રશ્નના ત્વરિત ઉકેલ માટે સંપર્ક કરો.

E-mail : dhanvarshafincap@gmail.com • Website : www.dhanvarshaindia.com
ફોન : (૦૭૯) ૨૬૫૮ ૪૦૭૬ / ૨૬૫૮ ૨૨૭૬ • મો. ૯૨૨૭૨ ૦૪૦૭૬ / ૮૮૬૬૦ ૦૪૦૭૬

# THE HEDGE CLUB



CA DEVAGNAYA R SHAH | SEBI REGISTERED INVESTMENT ADVISER | | REG NO. : INA000018531
MOB - +91 9428404540 | Email : devagnaya@gmail.com

## AUBANK- 575

સ્ટ્રેટેજી January 25

| PARTICULARS | Rs. |
|---|---|
| SELL - 610 CE | 4.55 |
| SELL - 530 PE | 4.00 |
| NET PREMIUM RECEIVED | 8.55 |
| LOT SIZE | 1000 |
| NET PREMIUM RECEIVED | 8550 |
| MARGIN REQUIRED | 99,000 |
| ROI EXPECTED | 9% |
| PUT CALL RATIO | 0.90 |
| TREND | SIDEWAYS |
| PROBABILITY OF PROFIT | 72.00% |




## TATACOMM- 1719

સ્ટ્રેટેજી January 25

| PARTICULARS | Rs. |
|---|---|
| SELL - 1800 CE | 23.35 |
| SELL - 1620 PE | 16.10 |
| NET PREMIUM RECEIVED | 39.45 |
| LOT SIZE | 250 |
| NET PREMIUM RECEIVED | 9862.5 |
| MARGIN REQUIRED | 76,600 |
| ROI EXPECTED | 13% |
| PUT CALL RATIO | 0.80 |
| TREND | SIDEWAYS |
| PROBABILITY OF PROFIT | 67.00% |




## BHARTIARTL- 1616

સ્ટ્રેટેજી January 25

| PARTICULARS | Rs. |
|---|---|
| SELL - 1680 CE | 9.65 |
| SELL - 1540 PE | 8.20 |
| NET PREMIUM RECEIVED | 17.85 |
| LOT SIZE | 475 |
| NET PREMIUM RECEIVED | 8478.75 |
| MARGIN REQUIRED | 1,32,000 |
| ROI EXPECTED | 6% |
| PUT CALL RATIO | 0.50 |
| TREND | SIDEWAYS |
| PROBABILITY OF PROFIT | 70.00% |




# રિખવ સીક્યુરીટીઝ લિ.નો અતિ આકર્ષક BSE-SME ઈસ્યુ મુડીબજારમાં - ભરી દેવાય

## રિખવ સીક્યુરીટીઝ

| | |
|---|---|
| ઈસ્યુ ખુલશે | રૂ. ૧૫ જાન્યુઆરી |
| ઈસ્યુ બંધ થશે | રૂ. ૧૭ જાન્યુઆરી |
| ફેસ વેલ્યુ | રૂ. ૫ |
| પ્રાઈસબેન્ડ | રૂ. ૮૨ થી ૮૬ |
| લોટ સાઈઝ | ૧૬૦૦ શેરો |
| ઈસ્યુ સાઈઝ | ૮૮ .૮૨ કરોડ |
| કુલ ઓફર શેરો | ૧,૦૩,૨૮૦૦૦ શેરો (૭૧.૬૨ કરોડના) |
| ફ્રેશ ઈસ્યુ | ૮૩,૨૮૦૦૦ શેરો (૧૭.૨૦ કરોડ) |
| લીસ્ટીંગ | બીએસઈ-એસએમઈ |
| પ્રિ-ઈસ્યુ શેરહોલ્ડીંગ | ૨,૨૯,૬૪૦૦૦ શેરો |
| ઈસ્યુ બાદ હોલ્ડીંગ | ૩,૮૨,૯૨૦૦૦ |
| માર્કેટ મેકર્સ | ૫,૨૪,૮૦૦ શેરો શ્રેણી શેર્સ લિ. |



**Hitesh Himatlal Lakhani**
CMD & Designated Director



**Monil Rajendra Shah**
Executive Director & Designated Director



**Rajendra Navalchand Shah**
Executive Director (Whole time Director)



**Bharti Hitesh Lakhani**
Non-Executive Director



**Manish Lalitkumar Jain**
Independent Director



**Tarang Madanjit Mehta**
Independent Director

RIKHAV SECURITIES LTD
Growth, Returns and Security

### એપ્લીકેશન કેવી રીતે કરશો

| એપ્લીકેશન | લોટ્સ | શેર્સ | રકમ (રૂપિયા) |
|---|---|---|---|
| રીટેલ મીનીમમ | ૧ | ૧૬૦૦ | ૧,૩૭,૬૦૦ |
| રીટેલ મહત્તમ | ૧ | ૧૬૦૦ | ૧,૩૭,૬૦૦ |
| હાઈનેટ મીનીમમ | ૨ | ૩૨૦૦ | ૨,૭૫,૨૦૦ |

૧૯૯૫માં સ્થપાયેલ રિખવ સીક્યુરીટીઝ લિ. ભારતમાં ફાયનાન્સીયલ સર્વીસીસ પૂરી પાડતી અગ્રણી કંપની છે. કંપની બ્રોકરેજ, રોકાણ માટેની અને બેકીંગ સર્વીસીસ પુરી પાડે છે. કંપની સેબી રજીસ્ટર્ડ છે. તેમજ બોમ્બે સ્ટોક એક્ષચેન્જ (બીએસઈ), નેશનલ સ્ટોક એક્ષચેન્જ (એનએસઈ)માં મલ્ટી કોમોડીટીઝ એક્ષચેન્જ (એમસીએક્સ)ની મેમ્બરશીપ ધરાવે છે. કંપની તેની સર્વીસીસમાં ઈકવીટી બ્રોકીંગ, કેશ ડીલીવરી, ઈન્ટ્રા ડે ટ્રેડીંગ, ફ્યુચર્સ એન્ડ ઓપ્શન ટ્રેડીંગની સુવિધા પુરી પાડે છે. કંપની વિવિધ પ્રકારના ડેરીવેટીવ્ઝ અને કોમોડીટીઝ વિભાગો ધરાવે છે. કંપની ઈન્ડીયન કલીયરીંગ કોર્પોરેશન અને એનએસઈ કલીયરીંગના સેલ્ફ-કલીયરીંગ મેમ્બર તરીકે કાર્યરત છે. કંપની આઈપીઓના રોકાણ માટે તેના ગ્રાહકોને સહારૂપ રહેવા સાથે ડિમેટ એકાઉન્ટ પણ પ્રોવાઈડ કરે છે. કંપની મ્યુ. ફંડ એડવાઈઝર્સ દ્વારા કંપની તેના ગ્રાહકોને વિવિધ રોકાણ માટે માર્ગદર્શન આપે છે.

કંપની તેના ગ્રાહકો સાથે લાંબાગાળાના સુમેળ ભર્યા સંબંધો ધરાવે છે. અને ઈન્ટીગ્રેટેડ ફાયનાન્સીયલ સર્વીસીસ માટે પ્લેટફોર્મ ધરાવે છે. કંપની અનુભવી મેનેજમેન્ટ ટીમ ધરાવે છે. જે તેના મજબૂત પાયા છે.

### સંભવિત ટાઈમટેબલ

| | |
|---|---|
| એલોટમેન્ટ | ૨૦ જાન્યુઆરી |
| રિફંડ | ૨૧ જાન્યુઆરી |
| ડિમેટ ક્રેડિટ | ૨૧ જાન્યુઆરી |
| લીસ્ટીંગ | ૨૨ જાન્યુઆરી |

### શેરહોલ્ડીંગ પેટર્ન

| | |
|---|---|
| ઈસ્યુ પૂર્વે | ૯૮.૫૫ ટકા |
| ઈસ્યુ બાદ | ૬૫.૩૩ ટકા |

### મુખ્ય ઈન્ડીકેટર્સ

| | |
|---|---|
| આરઓઈ | ૩૬.૬૦ ટકા |
| આરઓસીઈ | ૨૯.૪૮ ટકા |
| ડેબ્ટ ઈકવીટી | ૦.૩૫ ટકા |
| RONW | ૩૦.૮૯ ટકા |
| નેટનફો માર્જીન | ૪૦.૯૪ ટકા |
| બુકવેલ્યુ સામે ભાવ | ૧.૮૭ ગણો |

**પ્રમોટર્સ** : હિતેશ હિંમતલાલ લાખાણી, રાજેન્દ્ર એન. શાહ, શ્રીમતી ભારતી હિતેશ લાખાણી, શ્રીમતી વૈશાલી આર. શાહ, દિપ હિતેશ લાખાણી, મોનીલ રાજેન્દ્ર શાહ અને મેમર્સ હિતેશ હિંમતલાલ લાખાણી એચયુએફ કંપનીના પ્રમોટર્સ છે.

**ઈસ્યુ ઉદ્દેશ** : કંપની ઈસ્યુ ફંડનો ઉપયોગ વધતી જતી વર્કીંગ કેપીટલ જરૂરિયાતો માટે કંપની જ રૂરી ખર્ચની જરૂરિયાતો મીટીંગ, આઈટી સોફટવેર, કોમ્પ્યુટર્સ અને લેપટોપ ખરીદી માટે તેમજ જનરલ કોર્પોરેટ હેતુઓ માટે કરશે.

**ઈસ્યુ માળખુ** : કંપનીએ શેરમાં ભાવોભાવ શેરો ઈસ્યુ કર્યા બાદ જુલાઈ ૨૦૦૬ અને માર્ચ ૨૦૨૧ સુધીના ગાળામાં રૂ ૫ની ફેસ વેલ્યુ ધરાવતા શેરો રૂ. ૧૫ થી ૭૫ના ભાવે ઈસ્યુ કર્યા હતા. કંપનીએ એપ્રિલ ૨૦૨૨માં એક શેરે બે બોનસ શેર ઈસ્યુ કર્યા હતા. કંપનીના પ્રર્મોટર્સની એવરેજ પડતર કિંમત શેરદીઠ રૂ. ૩.૩૦, રૂ. ૩.૮૧, રૂ. ૫, રૂ. ૬.૪૩, રૂ. ૭.૬૬, રૂ. ૭.૭૪, રૂ. ૧૩.૫૭, રૂ. ૧૮.૨૦ અને રૂ. ૨૪.૮૦ શેરદીઠ છે. ઈસ્યુ બાદ કંપનીની હાલની પેઈડઅપ કેપીટલ ૧૪.૯૮ કરોડની વધીને રૂ. ૧૯.૧૫ કરોડની થશે.

**નાણાકીય પરિણામો** : કંપનીએ ત્રણ નાણાકીય વર્ષ દરમ્યાન વર્ષ ૨૦૨૨માં રૂ. ૪૨.૯૮ કરોડની આવક પર નેટનફો રૂ. ૧૭.૬૩ કરોડ દર્શાવેલ છે. ૨૦૨૩ના વર્ષમાં રૂ. ૫૪.૫૨ કરોડની આવક પર નેટનફો રૂ. ૧૯.૫૭ કરોડ, ૨૦૨૪ના વર્ષમાં રૂ. ૧૧૧.૩૪ કરોડની આવક પર નેટનફો ઉછળીને ૪૨.૬૫ કરોડનો થયો છે. ૨૦૨૫ના ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન પ્રથમ અર્ધ વાર્ષિક ગાળામાં રૂ. ૯૬.૧૬ કરોડની આવક પર રૂ. ૫૦.૩૭ કરોડનો બમ્પર નેટનફો થયો છે.

### નાણાકીય પરિણામો (રકમ લાખમાં)

| | ૩૦ સપ્ટે.૨૦૨૪ | ૩૧ માર્ચ ૨૦૨૪ | ૩૧ માર્ચ ૨૦૨૩ | ૩૧ માર્ચ ૨૦૨૨ |
|---|---|---|---|---|
| એસેટ | ૩૩,૭૯૧.૪૯ | ૩૦,૨૦૬.૮૨ | ૧૮,૭૭૨.૦૧ | ૧૮,૦૭૦.૬૯ |
| રેવન્યુ | ૯,૬૧૫.૮૩ | ૧૧,૧૩૪.૨૬ | ૫,૪૫૨.૪૩ | ૪,૨૯૮.૩૧ |
| નફો (ટેક્ષ પછી) | ૫,૦૩૭.૩૨ | ૪,૨૬૪.૬૩ | ૧,૯૧૦.૨૭ | ૧,૭૬૨.૪૭ |
| નેટવર્થ | ૧૮,૮૪૫.૦૬ | ૧૩,૮૦૭.૭૪ | ૯,૪૯૬.૨૧ | ૭,૫૮૫.૯૪ |
| વધારાની આવક | ૧૭,૩૪૬.૮૬ | ૧૨,૩૦૯.૫૪ | ૭,૯૯૮.૦૧ | ૭,૦૮૬.૫૪ |
| ટોટલ દેવું | ૨,૫૯૮.૦૬ | ૪,૮૦૬.૧૧ | ૯૯૪.૨૭ | ૧,૫૦૬.૧૨ |



કંપનીએ છેલ્લા ત્રણ નાંણાકીય વર્ષ દરમ્યાન શેરદીઠ એવરેજ આવક ૧૦.૨૨ અને એવરેજ રિટર્ન ઓન નેટવર્થ ૨૬.૦૨ કરોડ રહેલ છે. ૩૦ સપ્ટે. ૨૦૨૪ આખરે પુરા થતા વર્ષ દરમ્યાન કંપનીની બુકવેલ્યુ રૂ. ૬૨.૮૯ની સામે કંપની ૧.૩૭ ગણા ભાવે શેરો ઓફર કરી રહી છે. આઈપીઓ બાદ બુકવેલ્યુ ૬૫.૬૪ સામે ૧.૩૧ ગણા ભાવે શેરો ઓફર થઈ રહ્યા છે.

**પ્રોફીટ માર્જીન** : કંપનીએ ૨૦૨૨ના વર્ષ દરમિયાન ૪૯.૬૫ ટકા, ૨૦૨૩ના વર્ષમાં ૩૯.૫૬ ટકા, ૨૦૨૪ના વર્ષમાં ૪૦.૯૪ ટકા અને ૨૦૨૫ના વર્ષષના અર્ધ વાર્ષિક ગાળા દરમિયાન પ્રોફીટ માર્જીન ૫૪.૨૫ ટકા દર્શાવેલ છે. આરઓસીઈ માર્જીન અનુક્રમે ૨૮.૦૭ ટકા, ૨૬.૬૮ ટકા, ૨૯.૪૮ ટકા અને ૩૦.૬૬ ટકા દર્શાવેલ છે.

### કંપનીના મજબૂત પાસાં

કંપની પાસે વૈશ્વિક વિઝન છે, અને ભારતીય વારસાના મૂલ્યો માટે અપાર વિશ્વાસ અને આદર પણ ધરાવે છે. કંપની માને છે કે તેનો ઉદેશ્ય અલગ છે કારણ કે તે પોતાના ક્લાયન્ટ્સને એક ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓફર કરી રહી છે અને કંપનીની પ્રતિબદ્ધ વ્યક્તિઓની ટીમ પણ ક્લાયન્ટ્સને તેમના નાણાકીય પોર્ટફોલિયો અંગે મદદ કરે છે. કંપની તકનીકી રીતે મોબાઈલ ટેકનોલોજી જેવું કામ કરી રહી છે અને સમસ્યા હલ કરવા માટે ક્લાયંટ આધારિત અભિગમ અપનાવી રહી છે. કંપની પાસે મજબૂત ગ્રાહક બેઝ છે. પ્રમોટરોને વિશ્વાસ છે કે કંપનીની સેવાઓ અને ઉકેલોએ તેના ગ્રાહકોના જીવનમાં મૂલ્ય ઉમેર્યું છે. ગ્રાહક હતો, છે અને હંમેશા કંપનીની પ્રાથમિકતા રહી છે અને તેથી ગ્રાહકો દ્વારા પ્રાપ્ત ગ્રાહક સેવાના ધોરણોમાં ઉત્કૃષ્ટતા લાવવા માટે સતત કામ કરી રહસ છે. કંપનીનું સ્લોગન છે, 'રિસર્ચ ડિલિવર્સ અને રિસર્ચ ડિફરેન્ટિએટ્સ.'

### વ્યાપાર વ્યૂહરચના

કંપનીનો ઉદ્દેશ્ય સંપૂર્ણ-સેવા બ્રોકરેજ હાઉસ પ્રદાન કરવામાં અગ્રેસર બનવાનો છે - ક્લાયન્ટને વ્યાપક સલાહકારી સેવાઓ પ્રદાન કરવી અને તેમની નાણાકીય આયોજન જરૂરિયાતોનું સંપૂર્ણ સંચાલન પ્રદાન કરવું. કંપનીનું મુખ્ય બિઝનેસ ફોકસ શાખાઓ અને ફ્રેન્ચાઈઝીના નેટવર્ક દ્વારા આર્બિટ્રેશન, HNI ક્લાયન્ટ્સ અને રિટેલ ક્લાયન્ટ્સના વિકાસ પર છે. કંપની IPO અને રિટેલ બિઝનેસની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા નવી શાખાઓ અને ફ્રેન્ચાઈઝી નેટવર્ક ખોલવાની દરખાસ્ત કરે છે. હાલમાં, કંપનીની મુખ્ય શક્તિઓમાંની એક તેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા રાખવામાં આવેલા વિવિધ પોર્ટફોલિયો છે - જેમાંથી કેટલાકમાં કેપિટલ માર્કેટની રોકડ અને ડેરિવેટિવ્ઝ બાજુ, IPOમાં રોકાણ વગેરેનો સમાવેશ થાય છે.

કંપનીએ તમામ શાખાઓને જોડતી અત્યાધુનિક ટેકનોલોજી સાથે કોમ્પ્યુટરાઈઝ્ડ કામગીરીનું આધુનિકીકરણ કર્યું છે. અમારા ગ્રાહકોને ઈક્વિટી અને ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ઈન્ટરનેટ આધારિત ક્લાયન્ટ-ટ્રેડિંગ સેવાઓની પણ ઍક્સેસ છે. વ્યાવસાયિકોનું કંપનીનું જૂથ ટ્રેડિંગ, ડિપોઝિટરી, ઑનલાઈન બેક ઓફિસ વગેરે માટે શ્રેષ્ઠ ઉપલબ્ધ સેવાઓની ખાતરી કરે છે.

### મિશન

રિખવ સિક્યોરિટીઝ એ એક નવીન નાણાકીય સેવા કંપની છે જે સ્પર્ધાત્મક ભાવે વિતરિત બ્રોકરેજ, રોકાણ અને બેંકિંગ સંબંધિત સોલ્યુશન્સનો સંપૂર્ણ સ્યુટ ઓફર કરે છે. રિખવ સિક્યોરિટીઝનો હેતુ ટેકનોલોજી અને માનવ સંસાધનોના કાર્યક્ષમ અને શ્રેષ્ઠ મિશ્રણનો ઉપયોગ કરીને અમારા ક્લાયન્ટ પોર્ટફોલિયોમાં સતત મૂલ્ય ઉમેરવાનો છે. દાયકાઓથી જાણીતી ફર્મ છે. કંપનીની કામગીરીનો ટ્રેકરેકોર્ડ ઘણો ઉચો રહ્યો છે. પ્રોફીટ માર્જીન સતત વૃદ્ધિ કરી રહ્યું છે. કંપની માર્કેટ મેકર્સ રજીસ્ટ્રેશન ધરાવે છે. અને અત્યાર સુધીમાં એસએમઈ પ્લેટફોર્મ ઉપર ૬૬ જેટલા ઈસ્યુઓમાં માર્કેટ મેકર્સ તરીકે કામગીરી દર્શાવી છે. આ સેગમેન્ટને કારણે કંપનીની આવક નોંધપાત્ર વધી રહી છે.

**ભલામણ** : સુંદર પરિણામોનો ટ્રેક-રેકોર્ડી દાયકાઓના અનુભવ ધરાવતી કંપની અને કંપની માત્ર ૩.૨૪ના પીઈથી ઓફર કરી રહેવા આ શેરમાં લીસ્ટીંગ ગેઈન્સ તથા મધ્યમથી લાંબાગાળાનું રોકાણ કરી શકાય.